
શ્રી થાણા તીર્થોદ્ધાર ગ્રંથમાળા સચિત્ર પ્રકાશન ૧૦ મું

# સમ્રાટ્ વિક્રમાદિત્ય

યાને

અવંતિનો

# સુવર્ણયુગ



લેખકઃ-
શ્રી મંગળદાસ ત્રિકમદાસ ઝવેરી-થાણા

પ્રકાશકઃ-પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય
મૂલ્ય રૂા. ૭-૮-૦ થાણા [ G. I. P. Ry ]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હરેક વાચક મહાશયને વિજ્ઞપ્તિ એટલી જ કે તેઓ થાણાના નૂતન ઐતિહાસિક જિનાલયના દર્શનનો તેમજ તેમાં યથાર્થ મદદ કરવાનો અવશ્ય લાભ લે.

---

આ ગ્રંથમાં આવેલા હરેક ચિત્રોનું કલામય કોતરકામ શ્રી થાણાના નવપદ જિનાલયમાં કોતરવામાં આવેલ છે. આ ચિત્રો કોતરકામ માટે તૈયાર કરાવેલા હોવાથી આધુનિક નથી, આ હરેક ચિત્રોને જીવંત સ્વરૂપ આપવા માટે આ ગ્રંથ પ્રકાશનમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.


---

જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય ઉત્તમ જહાં વિચાર
એ ભાવે શુભ ભાવના તે ઉતરે ભવપાર

વીર સં. ૨૪૭૩
વિક્રમ સં. ૨૦૦૩

મુદ્રક: શેઠ ગુલાબચંદ દેવચંદ
આનંદ પ્રેસ=ભાવનગર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




આચાર્ય શ્રી
વિજયપ્રીતિસૂરીશ્વરજી
સંસ્થાના પ્રોત્સાહક
ને સહાયક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com


વેરાવળ-પ્રભાસપાટણમાં શાસનપ્રભાવના અર્થે નીકળેલ રથયાત્રાના
ભવ્ય વરઘોડા પ્રસંગે પ્રભુજીના રથના સારથી તરીકે બિરાજેલા
શેઠ લીલાધરભાઇ ગુલાબચંદ તેમ જ તેમના ધર્મપત્ની અ. સૌ. મીઠીબેન.



આ દંપતી ધર્મોદ્યોતના દરેક કાર્યોમાં ઉલટભેર ભાગ લઈ પોતાની સુકૃતની કમાણીનો
સુવ્યય કરી રહ્યા છે. અમારી સાહિત્ય સંસ્થાના તેઓ એક પ્રેરક ને સહાયક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat
www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## શ્રીમાન્ શેઠ માણેકલાલ ચુનીલાલ શાહ જે. પી.

શેઠ માણેકલાલનું સ્થાન વિવિધ વ્યાપારી ક્ષેત્રમાં તેમજ લક્ષ્મીનંદનોમાં પણ મોખરે છે.

વ્યાપારી ધંધામાં ઘણી નાની વયે પ્રવેશ કરી વિદ્યુતવેગે જેમણે પોતાની નામના અમર કરી છે.

આ ભાગ્યશાલીનો જન્મ સને ૧૯૦૫ માં માર્ચ માસની ૨૦ મી તારીખે શેઠ ચુનીલાલ નથુભાઈ નામના કાપડના વેપારીને ત્યાં અમદાવાદમાં થયો હતો. જેમણે પોતાનો અભ્યાસ અમદાવાદમાં ચાલુ કર્યો તેમાં ઇંગ્લીશ અભ્યાસની શરૂઆતમાં જ તેઓએ સ્કુલ મૂકી દીધી ને વેપારમાં ચિત્ત પરોવ્યું. અમદાવાદની એક કાપડની દુકાને ટૂંકા પગારથી નોકરી મેળવી પણ જેના નસીબમાં ભાગ્યાત્મા તરીકે લક્ષ્મીનંદન તરીકે લક્ષ્મીદેવીની પ્રસન્નતા છે તે કીશોર યુવક માટે નોકરી તે કેટલા વખતની હોય ? તે માત્ર કર્મબંધનો ખપાવવા પૂરતી જ.

તેમણે ટૂંક સમયમાં જ નોકરી મૂકી દીધી અને સુતરની દલાલીનું કામ ચાલુ કર્યું. આ ક્ષેત્ર પણ તેમને માટે સંકુચિત બન્યું અને શેરબજારની એક પેઢીમાં ભાગીદાર તરીકે જોડાયા. જેમાં તેમને સારો ચાન્સ મલ્યો અને તેઓ સ્વતંત્ર પેઢીની સ્થાપના કરવા ભાગ્યશાલી થયા. દિવસે દિવસે વેપારી ક્ષેત્રમાં ચાણાક્ય બુધ્ધિશાલી શેઠશ્રી માટે અમદાવાદનું ક્ષેત્ર પણ સંકુચિત બન્યું અને તેઓ અલબેલી મુંબઈ નગરીએ આવ્યા, અહીં તેઓ મહાજન એસોસીએશનમાં એક પેઢીના ભાગીદાર બન્યા. કાબેલ, હિંમતબાજ આ શાહસોદાગરે મુંબઈગરાના દીલ ટુંક સમયમાં જીતી લીધા અને તેઓ પોતાના નામથી ખુલ્લા હાથે વેપારી ક્ષેત્રમાં વેગવંત બન્યા. વખતના વહેવા સાથે શેઠ માણેકલાલને જ્યાં જ્યાં તક મલી ત્યાં ત્યાં તેઓ ભાગ્યદેવીને અજમાવતા જ રહ્યા. પરિણામે ભરયુવાન વયમાં ચમત્કારિકતાથી કરોડપતીની હરોળમાં તેઓ જોતજોતામાં જઈ પહોંચ્યા.

તેઓ ઈસ્ટ ઈંડીયા કોટન એસોસીએશન અને બુલીયન એકસચેંજના મેમ્બર બન્યા તેમજ લીવરપુર અને અમેરીકન રૂ બજારમાં પણ તેઓ મેમ્બર બન્યા અને જ્યાં જ્યાં સિદ્ધિની શકયતા લાગી ત્યાં ત્યાં તેઓએ શાહ સોદાગર તરીકે અમર નામના પ્રાપ્ત કરી. ડાયરેકટર તરીકે નીચેની કુંપનીઓને તેમનો લાભ મળતો રહેતો. આજે તેઓની બુધ્ધિમત્તાનો લાભ, એસોસીએશન બેકીંગ કોરપોરેશન, યુનીયન લાઇફ ઈન્સ્યુરન્સ કું. લીમીટેડ, સંદેશ લીમીટેડ, એલફીસ્ટન મીલ્સ કું લીમીટેડ, ઇન્ડીયન સ્ટોક એકસચેન્જ વિગેરે કુંપનીઓને મલી રહેલ છે. ધી નેપચ્યુન ઇન્સ્યુરન્સ કું. લીમીટેડના તેઓ વાઇસચેરમેન અને બોમ્બે ટોકીઝ લીમીટેડના તેઓ ચેરમેન છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેજ માફ ફીલ્મ ઉદ્યોગમાં ધી સ્વસ્તિક ઈન્ડીયા લીમીટેડ, શેઠ માણેકલાલ ચુનીલાલ લીમીટેડ (ફીલ્મ ડીવીઝન) સંસ્થાઓના તેઓ સ્થાપક છે તેમજ કોલ્હાપુર અને બેંગલોર સુધીની ફીલ્મ કુંપનીઓમાં તેમનાં શેકાણો છે.

આજે આ ક્ષેત્રમાં પણ આ ભાગ્યાત્માને સારો ચાન્સ મલ્યો છે.

આ પ્રમાણે કરોડપતિની મીલ્કત અને સાહ્યબી ધરાવતા શેઠ માણેકલાલ સ્વભાવે મીલનસાર, હસમુખા અને ધાર્મિક કાર્યોમાં પૂરતા મદદગાર રહ્યા છે અને તેમનો અમી ઝરતો દાન–પ્રવાહ જૈન સમાજ માટે તો શું પણ સમસ્ત ભારત માટે ગૌરવશાલી બનેલ છે. દેહરાસરો, વિદ્યાલયો, ઉપાશ્રયો, અનાથાલયો, ગુરૂકુલો, પૌષધશાળાઓ, અન્નક્ષેત્રો, પાંજરાપોળો, સેનેટેરીયમો વગેરે બનાવી આપવામાં માણેકલાલ શેઠનો ફાળો અગ્રસ્થાને ગુંજારવ કરતો હોય જ તેમજ ગુપ્ત દાનોમાં તેઓએ કમાલ જ કરી છે.

તેની સાથે સાહિત્યકારોની કદર કરવામાં પણ કચાશ રાખી નથી.

આજે અનેક જ્ઞાનમંદિરો, સાહિત્ય સંસ્થાઓને પણ તેમની તરફથી સુંદર સહકાર મલ્યો છે ને મળે છે.

તેમના જેવા જ ઉદારચિત્ત અને માયાળુ અને હસમુખા સ્વભાવના તેમના ધર્મપત્ની અ. સૌ. કુસુમ બહેન પણ શેઠ માણેકલાલભાઇના સત્કાર્યોમાં અને સેવાભાવી ક્ષેત્રમાં સારો લાભ ઉઠાવી રહેલ છે.

આજે શેઠ માણેકલાલભાઈના દાનનો આંકડો સમજવો ઘણો જ મુશ્કેલ છે, કારણ જ્યાંથી નિત્ય દાનનો અમીપ્રવાહ ઝરતો હોય ત્યાં દાનેશ્વરી આ ભાગ્યાત્માના દાનનો આંકડો કોણ અને કઈ રીતે તારવી શકે? આવા દાનેશ્વરી કદરદાન ભાગ્યાત્માને સરકારે જે. પી. નો ઈલકાબ અર્પણ કર્યો છે તેમજ તેમણે "દયાવારિધિ" ની પુન્ય પદવી (બીરૂદ) પણ પ્રાપ્ત કરી છે

નાની વયમાં આ પ્રમાણે કરોડો રૂ. પ્રાપ્ત કરી પરમાર્થે વાપરી જાણનાર તેમના જેવી અદ્દભુત વ્યકિતઓ પણ ઓછી જ હશે.

પરમાત્મા આવા અનેક કામો કરવા તેમને દીર્ઘાયુ અર્પો. પાણા ૧-૧૮-૪૭

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## કચ્છનું ગૌરવ.



શ્રીમાન શેઠ હાથીભાઇ ગલાલચંદ અને તેમના ધર્મપત્ની
સૌ. ચંદનબહેન જેમના તરફથી સાહિત્યખાતાને
સુંદર સહાયતા મળી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ચુસ્ત રાષ્ટ્રવાદી સખાવતે બહાદુર

# શેઠ હાથીભાઇ ગલાલચંદનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

**રત્નાગર સાગરના કૃપાવંત આ શાહ સોદાગરનો જન્મ (કચ્છ) મુદ્રા ખાતે**

( કચ્છ ) મુદ્રાખાતે શા. ગલાલચંદ આશકરણ નામના વેપારીને ત્યાં વીશા ઓસવાલ ( ગુર્જર ) જ્ઞાતિમાં તા. ૧૫ મી અક્ટોબર ૧૯૦૦ માં થયો હતો.

બચપણથી જ હિંમતબાજ, કુશળ, નીડર અને બુદ્ધિશાળી, હાથીભાઈએ, સામાન્ય ગ્રામ્ય કેળવણી, યુવાવસ્થાના પગથીએ ચઢતા સુધીમાં પ્રાપ્ત કરી હતી.

૧૭ વર્ષની યુવાન અવસ્થાએ "બાહુબળે ભાગ્યપરીક્ષા" અર્થે તેમની નજર અલબેલી મુંબઇ તરફ વળી અને તેઓ મુંબઈ આવ્યા.

આ કાળે ભાગ્યાત્માઓ માટે મુંબઇનું શેર બજાર, બુલિયન, કોટન મારકેટ, શીડસબજાર વગેરે બજારો ઊંચ કોટીના સ્થાન તરીકે પ્રખ્યાતિને પામેલ હતા, જ્યાંથી સેંકડો ભાગ્યાત્માઓએ પોતપોતાના પુન્ય અનુસાર લક્ષ્મીદેવીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી ને કરે છે.

જેમને અનંતા જન્મોના ભાથાનો સાથ આ જન્મમાં મળેલ છે, એવા આ ભાગ્યાત્માને ઉપરોક્ત બજારોમાં હીંમત અને ગણત્રીથી તક સાધતા, વેપારમાં ભાગ્યદેવીએ એવી તો સુંદર યારી આપી કે, જોતજોતામાં તેઓ શાહ સોદાગરોનો સાથ અને પ્રેમ સંપાદન કરવા ભાગ્યશાલી થયા તેમજ વિશ્વભરના બજારોની માહિતી અને વેપારનું માર્ગદર્શન લેવા ને કરવા શક્તિશાળી બન્યા.

નિરભિમાની, હસમુખા અને પ્રેમાળ સ્વભાવી હાથીભાઇને ત્યાં શ્રીમંત અને મધ્યમ વર્ગના વેપારીઓનો સુંદર સમુદાય રાજવંશી ડાયરાની માફક નિત્ય પ્રભાતથી તે મોડી સાંજ સુધી જામતો જ રહ્યો. તેમના ગૃહ આંગણે રત્નાગર સાગરની લહેરોની માફક, કુબેર ભંડારીસમ ધન સંચય ભરતી અને ઓટની સમ એવી રીતે થવા લાગ્યો કે જાણે તેઓ મહાન ભાગ્યાત્મા લક્ષ્મીનંદન ન હોય ?

એક મહાન અર્થશાસ્ત્રીની માફક, આ બુદ્ધિશાળી સહાસિક વેપારીએ જોબર (ખેલાડી) તરીકે, નિયમિતતાની હજારોની ઉથલપાથલથી મુંબઇના બજારોમાં ઊંચ કોટીનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ' **એવા શ્રી હાથીભાઈના વર્તમાન જીવનની સંક્ષિપ્ત ઝાંખી અમો અતિશયોક્તિ વિના રજુ કરીએ છીએ. કે જેનું અવલોકન અમોએ જાતે કરેલ છે.**

મુંબઈમાં ચોપાટી સીવ્યુ પરના રત્નાગરસાગરની છત્રછાયાવાળા તેમના આલીશાન વૈભવી ભવનની પેઢીમાં, નિત્ય પ્રભાતથી તે મોડી સાંજ સુધીમાં વિશ્વભરના બજારોના તેમજ વેપારને લગતા સંદેશાઓની લેતીદેતી, અનેક ફોનોદ્વારા ગુંજારવ કરતી જ હોય છે. તેમના ખાસ ' ચેમ્બરરુમમાં ' મુંબઇના અગ્રગણ્ય બુદ્ધિશાળી ખેલાડીઓનો રાજવંશી ડાયરો જામેલો જ હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિશ્વભરના બજારોની શેત્રંજની રાજરમતનું અહીં બુદ્ધિપ્રભાએ અવલોકન થાય છે. અને અહીંથી બજારોના રૂપરંગની લાઇનદોરી દોરાય છે, શ્રી હાથીભાઇના ત્યાંની શેત્રંજની સોગઠીઓમાંથી કોઇ અશ્વની ચાલથી, તો કોઇ ઉંટની ચાલથી તો કોઇ પ્રધાનની ચાલથી, તો કોઇ રાજવંશી માફક સંગીન ચાલથી બજારોમાં ચારે દિશાએથી સફળ સુકાનીની સલાહ માફક દાવ વહેતા મૂકે છે. તેમાં દરેકને પોતપોતાની પુન્યાઇ અનુસાર ફળની પ્રાપ્તિ થાય છે. જેમાં આજે શ્રી હાથીભાઇનું ચોપાટી પરનું ભાગ્યભવન ખરેખર ભાગ્યાત્માઓના મહાન ઘડતરનું સ્થાન બન્યું છે. તેમાં જરાપણ શંકાને સ્થાન નથી.

શ્રી હાથીભાઇની લેતીદેતીની ચાલને, તેમજ સોદાઓને સમજનારા સેંકડો નાના-મોટા વેપારીઓ પોતપોતાના કર્માનુસારે ફલની પ્રાપ્તિ કરે છે.

શાહ સોદાગર શ્રી હાથીભાઇએ પૂર્વજન્મના ભાથાનો આજ સુધીમાં પૂરતો ઉપભોગ કરી લીધો છે ને લે છે, અને આજીવન ભોગવવાના છે. તેમને ભાવિ જન્માંતરોના ભાથા તરીકે, દાનપ્રવાહ પણ ચાલુ રાખેલ છે. જેમના દાનનો આંકડો આજે સાત આંકડાએ પહોંચેલ છે, છતાં તેમાં ખૂબી તો ત્યાં જ છે કે, કીર્તિદાન કરતાં ગુપ્તદાનમાં મહત્તા માની પોતાની ઊંચ કોટીની લાખ્ખોની સખાવતોને તેમને પ્રસિદ્ધિમાં આવવા જ દીધી નથી

'આનું નામ તે સેવા'

શ્રી હાથીભાઇના સહવાસમાં આવતા તેમનું ઊંચ કોટીનું ખાનદાની ખમીર, તેમનો ધર્મ તેમજ સ્વામીભાઇ પ્રત્યેનો પ્રેમ અને પ્રાચીન સાહિત્ય સંશોધન અને પ્રકાશન પ્રત્યે તેમની ભાવવાહી લાગણીનો અનુભવ અમોને થએલ છે. 'સાહિત્ય સંશોધન પ્રત્યે' તેમના ઊંચ કોટીના વિચારો અને સહકાર માટે અમો તેમને ધન્યવાદ આપીએ છીએ. અમોને આશા છે કે તેઓ આ દિશાએ પણ સુંદર રીતે સાર્થકતા કરી શકશે.

તેમના જેવા જ સરલસ્વભાવી હસમુખા અને લક્ષ્મી-દેવીના સાક્ષાત્ અવતારરૂપ તેમના ભાગ્યાત્મા ગૃહદેવી સૌ. ચંદનબ્હેનના સદ્‌ગુણોની પણ અમો મુક્તકંઠે પ્રશંસા કરીએ છીએ.

પરમ કૃપાળુ શાસનદેવ આ ભાગ્યાત્મા દંપતી અને તેમના કુટુંબને તેમજ તેમના સહકારીઓની સદા ચઢતી રાખે તેવો સુયશ લઇ મનુષ્યજન્મની સાર્થકતા એવી રીતે કરે કે જાણે કોઇ ભાગ્યાત્માનો જન્મ ધર્મ, સાહિત્ય અને દેશોધ્ધાર માટે ન થયો હોય?

અમોને ખાતરી છે કે શેઠ હાથીભાઇની રાષ્ટ્રધર્મ તેમજ સાહિત્યની સેવા પણ અમરત્વને પામે તેવી થવાની જ છે.

'આનું નામ તે જીવનની સાર્થકતા'

અહીં ભાગ્ય અને પુરુષાર્થ અંગે એક કહેતી અમો નીચે પ્રમાણે રજૂ કરીએ છીએ.

ભાવિ અશુભ સુધારવા, પુરુષાર્થ જે પ્રાણી કરે;
પામે અતિશય સંપત્તિ, સુખમાં તે સંચરે.
પુરુષાર્થને વળી કર્મકેશા, વાદમાં જે શ્રેષ્ઠ છે;
ભાવી 'પ્રબળ' છે હા ખરે (પણ) પુરુષાર્થ કરવો ઇષ્ટ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



## શ્રીયુત મોહનલાલ તારાચંદ શાહ

ફીલ્મ પ્રોડયુશર્સ, ડીસ્ટ્રીબ્યુટર્સ અને એકઝીબિટર્સ

"સિને જગત"માં શ્રીયુત મોહનલાલભાઈનું નામ મશહૂર છે. આજથી વીશ વર્ષ પહેલાં જ્યારે ફિલ્મ–ઉદ્યોગ જાગૃતાવસ્થામાં હતો ત્યારે તેમણે આ ઉદ્યોગમાં ઝંપલાવ્યું અને જોત–જોતામાં પ્રથમ પંક્તિનું સ્થાન પ્રાપ્ત કરી લીધું.

માત્ર તેઓ સાહસિક ઉદ્યોગપતિ છે એટલું જ નહીં પણ ધર્મપ્રેમી અને કેળવણીપ્રિય પણ છે. ઢાસા (કાઠિયાવાડ)માં તેમની માતુશ્રીના નામથી ધાર્મિક પાઠશાળા ચલાવી રહ્યા છે તેમજ તળાજા વિદ્યાર્થીગૃહ અને મહાવીર જૈન વિદ્યાલયને પણ તેઓએ સુંદર સહાય કરી છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી

આ વયોવૃદ્ધ પુણ્યાત્માએ પોતાના જીવનનો ⅘ ભાગ જૈન શાસનની સેવામાં અર્પિત કીધો છે.

જેમના જીવનની શરૂઆતમાં પોતે ૧૭ વર્ષની અવસ્થાએ મેટ્રિકની પરીક્ષા પાસ કીધી. આ અવસરે મેટ્રિકની પરીક્ષા પાસ કરનાર યુવક માટે ઘણો જ સારો ચાન્સ મલતો જેમાં તે સમયે મુંબઈ અને અમદાવાદખાતેનો મીલ ઉદ્યોગ સૂર્યોદયે પહોંચેલ હતો એટલે તેમની દ્રષ્ટિ તે તરફ દોરાણી. તેઓએ પોતાની ઉન્નતિ માટે અમદાવાદ કરતાં મુંબઈને વધુ પસંદ કર્યું અને પોતાના પિતાશ્રી સાથે મુંબઈ આવ્યા.

ત્યાં તેમને રે મીલની સરવીસમાં સારો ચાન્સ મળ્યો. લગભગ પાંચેક વર્ષ સુધી સરવીસ કરતાં આ ભાગ્યાત્માની નજર શેર બજાર તરફ ખેંચાઈ અને તેઓએ સરવીસ છોડી શેર બજારમાં કામકાજ શરૂ કર્યું જેમાં ટંક સમયમાં તેમને નસીબે યારી આપી અને જોતજોતામાં તેઓ શેર બજારના બ્રોકર થયા. આ કાળે મુંબઈનું શેર બજાર આજના જેવું ભયંકર સટ્ટાની બદીમાં ફસાએલું નહોતું પરંતુ સંગીન અને નિયમિત અંકુશમય વેપારની ખીલવણીમાં રોકાએલ હતું જેથી શ્રીયુત મોહનકાકાને નીતિમય દલાલીમાં ઘણો જ સારો લાભ થતો રહ્યો અને જોતજોતામાં તેઓ લખોપતિની ગણતરીમાં આવી રહ્યા.

આ ધર્મિષ્ઠ, નિખાલસ અને ભદ્રિક પુણ્યાત્માએ જગતની લીલીસુકી અને ચડતીપડતીના અનેક પ્રસંગો અનુભવેલા હોવાથી ખાનદાન કુટુંબના કુટુંબીઓ કોઈક સમયે ભવિતવ્યતાના યોગે આર્થિક સંકડામણમાં આવતા તેઓની, તેમના કુટુંબ અને બાલબચ્ચાઓની કેવી દુઃખમય હાલત થાય છે તેનો ખ્યાલ તેમના નજર સામે અનેક વખત તરી આવતો જેથી તેની અસર તેમના હૃદય ઉપર આઘાતમય રીતે થતી. પરિણામે તેઓએ પોતાની ઊગતી જીવનપ્રભાના સમયથી આજસુધીમાં લગભગ ચારથી પાંચ લાખ રૂપિયાનો સદ્‌વ્યય આ પ્રમાણે સંકડામણમાં આવેલ સ્વામિભાઈની મદદ અર્થે કર્યો છે તે જ માફક તેઓ સર કીકાભાઈ પ્રેમચંદ તરફથી ચાલતી શેઠ પ્રેમચંદ રાયચંદ ચેરીટીઝ ટ્રસ્ટમાં શેઠ કીકાભાઈ સાથે આ બાબતમાં અનુભવી સલાહકાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરીકે સાથે રહી માસિક ઘણી જ સારી રકમનો સદ્વ્યય દુઃખથી સિઝાતા કુટુંબોના પોષણાર્થે કરાવતા. આ પ્રમાણે સેંકડો જૈન કુટુંબોના રક્ષણાર્થે મદદગાર બનેલ આ શેઠ મોહનલાલ હેમચંદ્ર સ્થિતિસંપન્ન હોવા છતાં તદ્દન નિરાભિમાની, મલતાવડા સ્વભાવના, હસમુખા અને દુઃખીઓની દાઝ જાણવામાં ખરેખર પ્રભુતામય પદને ધારણ કરનારા બન્યા છે. જેથી તેઓની આ પ્રકારની સેવા ખરેખર અનુકરણીય ગણાય. આ પ્રમાણેની ગુપ્ત સેવાઓ વર્ષો સુધી કરવા છતાં તેમણે કોઇ પણ જાતનાં માનચાંદ મેળવવાની કે ઇલ્કાબ ધારણ કરવાની આજસુધીમાં આશા રાખી નથી. જ્યારે જ્યારે દુઃખીઓને મદદ કરવાના પ્રસંગોનો લાભ તેમને પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે તેઓ આંખના પલકા-શામાં ઉદારતાથી સહાયક બને છે. આનું નામ તે સમાજસેવા, અનેક સંસ્થાઓ સાથે તેઓનો સંબંધ.

મુંબઈની જૂનામાં જૂની "જૈન એસોશિઅશન ઓફ ઈન્ડીયા" નામની સંસ્થાના તેઓ હાર્દિક આત્મા તુલ્ય હતા. શ્રી શાન્તિનાથજી મહારાજ જૈન દેરાસર અને જૈન વિદ્યાશાળાના તેઓ ખાસ ટ્રસ્ટી હતા. શ્રી દેવસુર જૈન સંઘના શ્રી ગોડી પાર્શ્વનાથજી દેરાસરજીના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે તેઓએ ઘણા વર્ષો સુધી જાતે સવારના બે કલાક હાજર રહી અપૂર્વ સેવા બજાવી છે. પોતાની અશકત તબીયતના કારણે તેઓ લગભગ ૧૦ વર્ષ છૂટા થયા હતા. સ્વર્ગસ્થ આ ભાગ્યાત્માના સ્થૂલ આત્માને સદા શાંતિ અને ઊંચગતિ પ્રાપ્ત થાય એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરી વિરમું છું.

મંગળદાસ ઝવેરી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અર્પણ–

## સ્વ૦ શાહ પ્રેમચંદ રાયચંદ સરવૈયા

ઘોઘાની નજીક થોરડી નામના ગામમાં તેમનો વિ. સં. ૧૯૬૩ ના કાર્તિક શુદ ૧૩ ના રોજ તેમનો જન્મ થયેલો. "પુત્રના લક્ષણ પારણામાં" એ કહેવત પ્રમાણે તેઓ જન્મથી જ નીડર અને કુશળ હતા. સામાન્ય ગ્રામ્ય-કેળવણી લીધા પછી વધુ જ્ઞાન-પિપાસા માટે તેમની દૃષ્ટિ ભાવનગર પર પડી, અને અગિયાર વર્ષની વયે તેઓ "દક્ષિણામૂર્તિ ભવન" માં દાખલ થયા. આ લઘુ વયમાં જ તેઓએ માત-પિતાનું છત્ર ગુમાવ્યું. દક્ષિણામૂર્તિના અઢી વર્ષના અભ્યાસકાળ દરમ્યાન તેમનું સવિશેષ લક્ષ વ્યાપારી લાઇન તરફ જ હતું અને પંદર વર્ષની વયે તેઓ મુંબઈ ગયા. અને અત્યારે વડગાદી પર ચાલતી ચંદુલાલ એન્ડ. કું. ની ઉજ્જવળ કારકીર્દી તેમના પ્રયાસને આભારી છે.

વ્યાપારમાં જ રસિક હતા તેટલું જ નહીં પરન્તુ ભક્તિ, નિયમ-ધારણ ને ગુપ્તદાન એ એમના સ્વાભાવિક ગુણો હતા. મિલનસારપણું અને હસમુખાપણાને લીધે તેઓ સૌ કોઇની સાથે ક્ષીર-નીરની માફક હળીમળી જતાં.


ભાગ્યવશાત્ સં. ૧૯૯૯ ના ભાદરવા વદિ ૭ ના રોજ બાળ બચ્ચાં સાથે ફરવા જતાં તેમની વિકટોરિયા સાથે મોટર એકસીડન્ટ થયો અને તેમને ગંભીર ઇજા પહોંચી. પૂરતી સારવાર છતાં આસો શુદિ ૭ ના રોજ તેમના પુણ્યાત્માએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. સદ્દગતે નીચે પ્રમાણે સખાવતો કરી હતી.

- ૩૫૦૦) થોરડીમાં નિશાળ માટે મકાન.
- ૨૫૧) તળાજા જૈન ભોજનશાળા કાયમી તીથિ.
- ૧૨૫) ,, ધર્મશાળા જીર્ણોધ્ધાર.
- ૫૧) ,, આયંબિલ ખાતામાં.
- ૧૦૧) અગાશી ખાતે કાચના કામમાં.
- ૧૬૧) કરાંચી પાઠશાળામાં.
- ૫૦૩) ગોડીજી ખાતે જલમંદિરની રચનામાં.
- ૨૫૧) થાણા સાહિત્યમંદિર વિગેરે વિગેરે.

તેમના અનેક ગુણોથી આકર્ષાઇ આ મહામૂલા ગ્રંથનું અર્પણ તેમના સ્વર્ગવાસી આત્માને કરતા હું કૃતકૃત્યતા અનુભવું છું.

મંગળદાસ ઝવેરી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**સ્વ. શાહ પ્રેમચંદ રાયચંદ સરવૈયા**

જન્મઃ સં. ૧૯૬૩ ના કારતક શુદ ૧૩

સ્વર્ગવાસઃ સં. ૧૯૯૯ ના આસો શુદ ૭

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**શેઠ પદમશી પ્રેમજીના વયોવૃદ્ધ માતુશ્રી કંકુમા**

સ્વર્ગવાસ ૨૦૦૧ના પોષ વદિ ૪ ને મંગળવાર

શેઠ પદમશીભાઈના આ વયોવૃદ્ધ માતુશ્રી શ્રદ્ધાળુ, ક્રિયાપ્રેમી હતા. શુભકાર્યોમાં સુકૃતની લક્ષ્મી વાપરવા માટે અવારનવાર પ્રેરણા કરતા. તેઓ એંશી વર્ષની વયે સ્વર્ગવાસી થતાં શેઠ પદમશીભાઈએ પુણ્યકાર્યોમાં સારો વ્યય કર્યો હતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**શેઠ લખમશી પાલણ. કચ્છ–બીદડાવાળા**

કચ્છના આ વ્યાપારકુશળ વેપારીએ સાહિત્ય અને ધર્મપ્રેમી તરીકે પણ સારી નામના મેળવી છે. આ સંસ્થાના સાહિત્ય પ્રાકશનના કાર્યમાં તેઓશ્રીનો યોગ્ય સહકાર મળતો રહે છે એ બદલ અમો આભારી છીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**સ્વ. શેઠ ભવાનજી વર્દ્ધમાન કચ્છ સુજાપુરવાલા**

જન્મે ગર્ભશ્રીમંત હોવા છતાં યુવાવસ્થામાં પ્રવેશતાં જ ભાગ્યચક્રે પલટો લીધો, છતાં પણ ધીરજ ને મક્કમતા જાળવી રાખી તેઓએ નજીવા પગારે નોકરી સ્વીકારી. દીર્ઘદ્રષ્ટિ, કુનેહ અને વ્યાપારી ડહાપણના કારણે તેઓએ પોતાની પ્રતિષ્ઠા પુનઃ જમાવી લીધી.

કચ્છી દશા ઓશવાળ કોમમાં તેઓનું આગળ પડતું સ્થાન હતું. દીનજનો પ્રત્યે તેમને હંમેશા અનુકંપા રહેતી અને "ગુપ્ત-દાતા" તરીકે ખ્યાતિ સારી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



શેઠ રતિલાલ લક્ષ્મીચંદ કુવાડિયા વઢવાણકેમ્પ

એકનિષ્ઠા અને ખંતથી જ આગળ વધી શકાય છે, તેના શ્રીયુત રતિલાલ લક્ષ્મીચંદભાઇ આદર્શ દૃષ્ટાંતરૂપ છે. ૨૦ વર્ષની વયે ૧૯૭૦માં તેઓએ મુંબઇમાં પગ મૂકયો અને જોતજોતામાં તેઓએ "શાહ સોદાગર" તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી. અત્યારે તેઓ મારબલ ટાઇલ્સના પ્રખ્યાત વેપારી અને એસોસીએશનના આગળ પડતા કાર્યકર્તા છે.

નીંગાળા કોન્ફરંસ વખતે તેઓએ સારી જહેમત ઉઠાવી હતી. કેળવણી ને સાહિત્ય પ્રત્યેનો તેમનો પ્રેમ જાણીતો છે. અમારી સંસ્થાના તેઓ શુભેચ્છક છે.


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સ્વર્ગસ્થ શિશુકુમાર **પ્રદીપ**

જન્મ સંવત ૧૯૯૬ ના ભાદરવા શુદ ૨ ને મંગળવાર

અવસાન સંવત ૨૦૦૦ ના અષાડ વદી ૧ ને શુક્રવાર



સંવતના ૨૦૦૦ અષાડ વદી ૧ ના દિવસે આ દીવ્ય કાંતિમાન શિશુકુમારનો ચાર વર્ષની અલ્પવયમાં જ સ્વર્ગવાસ થતાં તેના પિતાશ્રી ગાંધી વાડીલાલ ચતુર્ભુજે તેના સ્મરણાર્થે રૂા. ૩૦૦૦૦) ની સખાવત કરી અલ્પજીવી બાળકુમારનાં જીવનની સાર્થકતા કરી છે. જેનાં નામની પવિત્ર યાદગીરી નિમિત્તે આ ગ્રંથના પ્રકાશનમાં રૂા. ૧૦૧) ની મદદ કરી છે તેની માફક શ્રી થાણા દેહરાસરજીમાં કોતરેલા શ્રી કાપરડાજી તીર્થના તીર્થપટ ઉપર શિશુકુમારના નામની તખતી ચોડી તેનું જીવન ચિરંજીવી બનાવવામાં આવ્યું છે જેને માટે અમો તેમને અત્યંત ધન્યવાદ આપીએ છીએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સ્વ. વિનયચંદ ચત્રભુજ ગાંધી



જન્મ વિ. સં. ૧૯૭૨ અશાડ વદ ૧૧ મંગળવાર બગડાણા (કાઠીયાવાડ)
સ્વર્ગવાસ વિ. સં. ૧૯૯૦ વૈશાખ વદી ૮ રવિવાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાઈ વિનયચંદ્રનો જન્મ સંવત્ ૧૯૭૨ના અશાડ વદ ૧૧ મંગળવાર; તા. ૨૫ જુલાઈ ૧૯૧૬ને રોજ બાઈ અંજવાળીની કુક્ષીએ થયો હતો. બગડાણા એની જન્મભૂમિ.

તેઓ સ્વભાવથી જ સંસ્કારી હતા. પ્રકૃતિએ શરમાળ અને બહુ ઓછાબોલા હતા.

અઢાર વર્ષની ઉમરે એમણે પોતાની જીવનયાત્રા સંકેલી લીધી. એટલા ટૂંકા ગાળામાં પણ એમણે ઘણી સુવાસ ફેલાવી. સાહિત્ય, વૈદક અને જ્યોતિષ તરફ એમને ખાસ અનુરાગ અથવા શ્રદ્ધા હતી.

સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ પ્રત્યે એમને અનન્ય ભક્તિભાવ હતો. ગુરુભક્તિની કોઈ તક એમણે નકામી નથી કાઢી. જે વખતે બીજા બાળકો ખાનપાનની મોજ માણતા હોય તે વખતે તેમણે રાત્રિભોજન નહીં કરવાનું વ્રત લીધેલું. તેઓ રોજ સામાયિક અને દેવપૂજા પણ નિયમિતપણે કરતા.

એમને વિષે સગાં-સંબંધી વિગેરેએ ઘણી ઘણી મોટી આશાઓ રાખેલી. બાળપણથી જ જેનામાં ધાર્મિકતાના રંગ પૂરાયા હોય તે મોટી વયે ધર્મના ઘણા મોટાં કામ કરી શકત એવી આશા રાખેલી પણ એ કુમળી કળી પુષ્પ બને તે પહેલાં જ ખરી પડી !

એમના સ્વચ્છ મને આગામી મૃત્યુના ભણકાર સાંભળ્યા—એમને પોતાના અંતદિવસની જાણ થઈ. અઠવાડીયાની જ માંદગી ભોગવી તે દેવલોક પામ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## સમ્રાટ્ વિક્રમાદિત્યની જન્મકુંડલી




પંડિતશ્રી હરગોવીંદદાસ રામજીએ આ જન્મ-
કુંડલી પોતાના સંગ્રહમાંથી પ્રકાશન
અર્થે અમને આપી ઉપકૃત કર્યાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના

વિ. સં. ૨૦૦૦ માં ભારતવર્ષમાં સ્થળે સ્થળે " વિક્રમ-દ્વિસહસ્રાબ્દિ મહોત્સવ " ઉજવાયો અને ઘણી સંસ્થાઓએ " વિક્રમ-વિશેષાંકો " બહાર પાડ્યા તેમજ કેટલાક અગ્રગણ્ય વર્તમાનપત્રોએ " વિક્રમ "ને લગતાં લેખો પ્રકટ કર્યાં.

આ સમયે પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે જેના નામનો સંવત્સર પ્રવર્તી રહ્યો છે, તે " વિક્રમ " નામની કોઇ વ્યક્તિ થઈ છે કે કેમ ? સાક્ષરવર્ગમાં આ સંબંધે મતભેદ પ્રવર્ત્યો. કેટલાકોએ પ્રતિપાદન કર્યું કે " વિક્રમ " નામનો રાજવી અવંતિની ગાદીએ થઇ ગયો છે; જ્યારે કેટલાકો " વિક્રમ"નું અસ્તિત્વ જ કબૂલ કરવા નારાજ હતા.

આ ચર્ચાસ્પદ વિષયનું નિરાકરણ કરવા માટે પ્રસ્તુત ગ્રંથનું આલેખન નથી કારણ કે અમે તો " વિક્રમ " નું અસ્તિત્વ સ્વીકારીએ જ છીએ. આવો ગોટાળો ઉપસ્થિત થવાનું કારણ અમોને તો એ જણાય છે કે-વિક્રમાદિત્ય તરીકે ખ્યાતિ પામનાર ઘણા રાજાઓ થઇ ગયા છે; જેવા કે–પાર્થિયન રાજા અઝીઝ, વશિષ્ઠપુત્ર શાતકર્ણી, શુંગવંશીય રાજા અગ્નિમિત્ર, કુશાનવંશીય રાજા કનિષ્ક, ભરુચના રાજા બલમિત્ર, ગૌતમીપુત્ર શાલિવાહન, સમ્રાટ્ સમુદ્રગુપ્ત, ગુપ્તવંશીય બીજો ચંદ્રગુપ્ત, સ્કંદગુપ્ત, કનોજરાજ હર્ષવર્ધન વિગેરે...

વિવિધ તીર્થકલ્પના પ્રતિષ્ઠાનપુરકલ્પ અને પ્રબંધકોષના સાતવાહન પ્રબંધના આધારે એ વાતનો નિર્ણય થાય છે કે-વિક્રમ વૃદ્ધ થયો ત્યારે પેઠણ( પ્રતિષ્ઠાનપુર )માં શાલિવાહન નામનો રાજા થયો હતો અને તેની સાથેના યુદ્ધમાં વિક્રમને સંધિ કરવી પડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતી અને એ સંધીની શરતે વિક્રમ તાપીની ઉત્તરનો પ્રદેશ અને શાલિવાહન તાપીની દક્ષિણના પ્રદેશનો ભોગવટો કરતા હતા.

જૈન સાહિત્યમાં વિક્રમ સંબંધી પુષ્કળ ઉલ્લેખો મળી આવે છે અને તેને લગતાં પુસ્તકો પણ સારી સંખ્યામાં ઉપલબ્ધ છે; જેવાં કે વિક્રમકુમાર રાસ, વિક્રમાદિત્યખાપરારાસ, વિક્રમસેન રાસ, વિક્રમરાસ, વિક્રમપંચદંડ રાસ, વિક્રમાદિત્ય ચરિત્ર, વિક્રમ ચોપાઇ, વિક્રમસેન રાસ, વિક્રમાદિત્ય પંચદંડ રાસ, શનિશ્ચર વિક્રમચોપાઇ, વિક્રમ કનકાવતી રાસ, વિગેરે વિગેરે.

વિક્રમનું જીવંત સ્મારક ઉજ્જૈનની વેધશાલા છે, જે ભૂગોળ તેમજ જ્યોતિષશાસ્ત્રના અભ્યાસી તેમજ વિદ્વાનોને માટે અત્યુપયોગી છે.

જૈનોએ વિક્રમ સંવતને સો કરતાં વિશેષ અપનાવ્યો છે, કારણ કે વિક્રમની સાહસિકતાની એ કદર છે.

વિક્રમ તેની ઉત્તરાવસ્થામાં ચુસ્ત જૈન ધર્માનુયાયી હતો. વિક્રમનો જે પરંપરામાં જન્મ થયો હતો તે જૈન સંસ્કારોથી વાસિત હતા, વળી વિક્રમને જૈનાચાર્યોનો ચિર-પરિચય થયો હતો અને શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિના ઉપદેશથી તેણે ભરુચમાં "શકુનિકાવિહાર" નો ઉધ્ધાર કરાવ્યો હતો, જેને લગતો ઉલ્લેખ નીચે પ્રમાણે છે—

श्रीसिद्धसेनसूरेर्दिवाकराद् बोधमाप्य तीर्थेऽस्मिन् ।
उद्धारं ननु विदधे राजा श्रीविक्रमादित्यः ॥ १ ॥

ઉજ્જૈનના કેટલાએક સિક્કા એવા મળી આવ્યા છે તે જેમાં વેધશાલાના ચિહ્ન ઉપરાંત ँ ચંદ્રબિંદુ અને 卐 સ્વસ્તિકના ચિહ્ન છે. આ ચિહ્નો ઉપરથી પણ વિક્રમાદિત્ય જૈન ધર્માનુયાયી હતો એ સાબિત થઇ શકે છે; કારણકે ँ અને 卐 આ બંને ચિન્હો જૈન ધર્મના પ્રતીકો છે. ँ આ ચિહ્ન સિધ્ધશિલાનું દ્યોતક છે જ્યારે 卐 ચાર ગતિનું દ્યોતક છે.

કેટલાક પંડિતો એવી માન્યતા ધરાવે છે કે-કા. શુ. ૧ ના રોજ વિક્રમનો રાજ્યાભિષેક થયો ત્યારથી "વિક્રમ સંવત" ની શરૂઆત થઈ જ્યારે કેટલાકો એવો અભિપ્રાય દર્શાવે છે કે-કા. શુ. ૧ વિક્રમનો જન્મદિવસ હોવાથી સંવતનો શરૂઆત ત્યારથી થઇ.

અમોએ પ્રસ્તુત ગ્રંથમાં વિક્રમના પૂર્વજ, કાલકાચાર્ય સાથેનો તેમનો સંબંધ, શકલોકોનું આગમન, વિક્રમનું પરિભ્રમણ, વિક્રમના સાહસ-પરાક્રમો ને વિક્રમનું રાજ્ય-સંચાલન વિગેરે પૂરતી જ હકીકત આલેખી છે અને કેટલીક ઉપયોગી અને દંતકથારૂપ હકીકત પરિશિષ્ટમાં દર્શાવી છે. ગ્રંથની સફળતા કેટલી છે? તેનો નિર્ણય વાચકવર્ગ પર છોડીએ છીએ. બીજાઓને વિશેષ સંશોધન માટે અમારો આ ગ્રંથ ભૂમિકારૂપ નીવડશે તો પણ અમે અમારો પ્રયાસ સફળ થયો ગણીશું. ૐ શાંતિઃ ૧

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આમુખ

લેખક શ્રી ઝવેરીની દેખરેખ નીચે થાણાખાતે તૈયાર થએલ શ્રી નવપદજી જિનાલયમાં રજુ થએલ જૈન સાહિત્યના ૨૫૦ ચિત્રોમાં શ્રીપાળ ચરિત્ર, મુનિસુવ્રતસ્વામી ચરિત્ર; સતી સુદર્શના ચરિત્ર, સ્થૂલિભદ્ર ચરિત્ર તેમજ આ ગ્રંથના ૪૪ ચિત્રોનું ભવ્ય પ્રદર્શન આકર્ષક શિલ્પના આદર્શ નમૂનારૂપ-શિલ્પકાર શ્રી નાનાલાલ ઇચ્છારામ સોમપુરા વઢવાણવાળા હસ્તક કોતરાયું છે. તેમ જ ચિત્રકાર ગોપાળરાવ દુષાણેએ તેમાં રંગકાર તેમજ ચિત્રકામ કરવામાં પણ પૂરતા ભાવોનું દર્શન કરાવેલ છે. થાણા તીર્થોધ્ધારક સ્મારક ગ્રંથમાળાનું આ પ્રકાશન ઐતિહાસિક તેમજ ધાર્મિક સાહિત્યના આધારે અનેક પ્રાચીન મહત્વતાભર્યા ગ્રંથો, શિલાલેખો, સ્તૂપો, પુરાતત્વકારોના નિવેદનો તેમજ ચાલુ વિક્રમ સંવત ૨૦૦૩ ના દર્શનીય પુરાવાના આધારે આ ગ્રંથની સંકલના-લેખકે-" સત્યશોધક " તરીકે ઇતિહાસકારને છાજતી રીતે સાત ખંડમાં કરી છે, સાથોસાથ ખાસ પરિશિષ્ટો પણ મહત્વતાભરી સામગ્રીને અંગે દાખલ કર્યાં છે.

જૈન ઇતિહાસકારો માટે મતભેદક કાલગણના સાહિત્ય સંકલનામાં એવો તો ગુંચવાડો ઊભો કરે છે કે જેના યોગે સાચી વસ્તુ, સત્ય સંશોધન અંધારામાં ઝોલા ખાય છે.

જેવી રીતે નંદવંશની ઉત્પત્તિ વીર નિર્વાણ પછી ૧૫૦ જોઇએ તેને બદલે ૧૫૫ ને ૯૫ નજર સામે ચમકવા લાગ્યા. મૌર્યવંશના ૧૬૦ ના બદલે ૧૦૮ ના આંકે સમ્રાટ્ સંપ્રતિ જેવાનું અસ્તિત્વ શંકાસ્પદ બન્યું. જેના ઘટસ્ફોટનાર્થે આ જ લેખકે "સમ્રાટ્ સંપ્રતિ" નામનો ૪૫૦ પાનાના ક્રાઉન આઠપેજી સાઈઝનો ગ્રંથ બહાર પાડી સમાજને ખાતરી કરી આપી કે સમ્રાટ્ સંપ્રતિનું અસ્તિત્વ હતું અને તેમણે અનેક કાર્યો કર્યાં હતાં. મૌર્યવંશના ૧૬૦ ના બદલે ૧૦૮ લેવામાં આવેલ છે, જેને અંગે સમ્રાટ્ સંપ્રતિ સંબંધી ગોટાળો થયો.

સમ્રાટ્ સંપ્રતિનું પ્રકાશન સંવત ૧૯૯૬ માં બહાર પડયું જેને આજે સાત વર્ષો થવા આવ્યા છે છતાં તેમાં દર્શાવેલ કાળગણનાને લગતા વિધાનો તેમજ મૌર્યવંશને લગતી વર્ષગણત્રી પ્રમાણેની કાળગણનાનો કોઇ વિરોધ કરી શકયું નથી પરંતુ તેની સમર્થ સૂરીશ્વરો, સાક્ષરો તેમજ ઇતિહાસકારોમાં મુક્ત કંઠે પ્રશંસા થઇ. તેજ દૃષ્ટિએ આ ગ્રંથકારે વિક્રમાદિત્ય ચરિત્રના સાહિત્યના સમુદ્ર સમ મંથન કરતા સાહિત્યસાગરમાંથી સાચું પારદર્શીક પ્રમાણિક કયું સાહિત્ય માનવું તેજ વસ્તુ ગુંચવાડામય બની પરંતુ પરમકૃપાળુ-અધિષ્ઠાયકોની સહાયતાથી માર્ગદર્શક જેટલું સાહિત્ય નજર સામે આવ્યું તેમાંથી તત્વગ્રહણ તરીકે મહત્વનું તારવી આ ગ્રંથમાં માખણતુલ્ય રજુ કર્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાચું તે જ મારૂં, અને લઘુતામય ભાવોથી સંશોધિત થએલ સાહિત્ય ગ્રંથ જરૂર ગ્રંથ લેખકના પ્રયાસને પાછલા સમયમાં વારસાતુલ્ય બનાવે છે તે હકીક્તમાં ધ્યાન આપી ગ્રંથકારે તો માત્ર પોતાની ફરજ બજાવી છે.

જૈન ઇતિહાસકારો માટે અત્યારે સ્કોપ નથી. ઇતિહાસકારો સાહિત્યરસિક વાંચન પૂરું ન પાડતા હોવાથી અત્યારના નોવેલ શોખીન જમાનામાં ઇતિહાસકારોને પ્રોત્સાહન ન મળે તે સ્વાભાવિક છે. અને પૂરતા રાજ્યાશ્રય જેવા પીઠબળ વગર આવા મહત્વતાભર્યાં પાને પાને નુતન સંશોધન ધરાવનાર ગ્રંથો ઇતિહાસકાર કઇ રીતે સમાજને ચરણે ધરી પણ શકે ?

જો કે આ પ્રશ્ન સરસ્વતી ઉપાસક મસ્ત સાહિત્યકાર માટે ઘણો જ મહત્વનો છે જેમાં ધીરજ, શાંતિ અને એકનિષ્ઠતાથી સેવાભાવી ગ્રંથકાર અને સંસ્થાની વર્ષગણત્રી પછી પણ કદર થાય છે. ઇતિહાસકારના આ જીવનમાં તેના મીઠા ફળો ચાખવાનો સમય ભલે ન મળે કે જે પ્રમાણે સ્વ૦ સાહિત્યકાર સાક્ષરવર્યશ્રી મોહનલાલ દલીચંદ દેશાઈ જેવા જૈન સાહિત્યકારને અંગે બન્યું તેમ.

ચરિત્ર ગ્રંથ પ્રકાશક લોકોપયોગી સંસ્થાઓ અનેક લોકપ્રિય લેખકોની સહાયતાથી એક વર્ષમાં અનેક પ્રકાશનો બહાર પાડી, જૈન ધાર્મિક સાહિત્યનું લોકપ્રિય સર્જન કરી શકે છે-આગળ વધી શકે છે ને સમાજમાં જોતજોતામાં અતિલોકપ્રિય પણ થઇ શકે છે. ત્યારે ઇતિહાસકારની બીચારાની સ્થિતિ ગોકળ ગાયની ગતિએ એક પાના પર અને પ્રકરણ તેમજ વાકયરચના પર એવી તો સમુદ્રમંથન સમ ગંભીર સ્થિતિ બનેલ હોય છે કે-જેને એક ગ્રંથનું એક પાનું અથવા તો એક પ્રકરણ લખતાં નવનેજા થાય છે ને તેને માટે આ ગ્રંથ જેવો ગ્રંથ સમુદ્રમંથન સમ દેખાય છે ને ગ્રંથકારને ગ્રંથની સંકલના પૂરી કરતાં તેની જીવનનૈયા ઝોલાં ખાતી હોય છે.

જ્યારે નોવેલકારો, અનુવાદકો અને અન્ય દૃષ્ટીએ સાહિત્ય રચનારાઓ માટે મુલાયમ માર્ગ રેલના પાટાની જેમ સરલ રહે છે કે જેને લેખક પોતાની ખીલેલ મગજશકિત પ્રમાણે રસ ઝરતા સાહિત્યથી દહીંવડા અને રસગુલ્લાનો જેમ સ્વાદીષ્ટ બનાવી રસથાળ પીરસી શકે છે.

અનેક જ્ઞાનભંડારો, ગ્રથો, પ્રતો મેળવવામાં પણ પૂરતી મુશ્કેલી રહે છે, આ સ્થિતિએ મોંઘવારીના શિખરે ચઢેલા કાળમાં ઇતિહાસકારો તે કયાંથી સાહિત્ય સર્જન પ્રમાણિકતાથી કરી શકે ? શાસ્ત્રીઓ, પંડિતો અને સાહિત્યનો અણમોલ ખજાનો સંગ્રહી ગ્રંથો તૈયાર કરી શકે ?

સાચા ઇતિહાસકાર માટે બીજી દુર્ઘટમય સ્થિતિ એ છે કે તેને કોઇપણ પણ સંસ્થા અથવા આશ્રયે રહી ગ્રંથરચના થઇ શકે નહિ કારણ એક ગ્રંથને બનાવતા વિશેષ સમય લાગે. વળી આખો ગ્રંથ પૂરો થયા પછી પણ અનેક વખત સંકલના ફેરવવાનો સમય આવી ઊભો રહે છે તેમજ જ્યાં સુધી ગ્રંથપ્રકાશન સહસ્ર મુખે પ્રમાણિક ન ઠરે ત્યાં સુધી રચના માટે ગ્રંથકારને સમાજનું જોખમ પણ માથે લેવાનું રહે છે.

અનેક વખત ગ્રંથસંકલનાને સુધારતા તૈયાર કરતાં અતિતાંતણે તાંતણે બલીયાની જેમ ઐતિહાસિક ગ્રંથ તૈયાર કરતાં ઇતિહાસકાર લેખકને ગ્રંથમાં માત્ર સાહિત્યસેવાનો જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાભ ઉઠાવવાનો રહે છે. અમારા તરફથી પ્રગટ થયેલ દલદાર સાઠ ફરમાના સચિત્ર સમ્રાટ સંપ્રતિના ગ્રંથમાં અમોને પૂરતો અનુભવ થએલ છે કે જેમાં ગ્રંથકારને વર્ષગણત્રીની સાહિત્ય સેવાનો બદલો પૂરતી નુકશાનીમાં ભોગવવો પડ્યો.

દલદાર પ્રમાણિક ગ્રંથ સમાજને ચરણે ધર્યે આજ સાત વર્ષ થયા, જેની કીમત માત્ર પ્રચાર અર્થે સેવાભાવે રૂ. ૫. રાખી છતાં હજુ છપાવેલ ૧૦૦૦ નકલોમાંથી ૨૫૦ કોપીઓ શીલકમાં છે. આના કરતા કઈ જાતના ઇતિહાસકારની દુર્ઘટનાની વાત કરવી ?

છતાં હીમતથી સંગૃહીત સાહિત્યને પ્રકાશિત કરવાની તીવ્ર સદ્‌ભાવનાથી આ વિક્રમાદિત્યનું પ્રકાશન પણ લેખકની સેવાની સાચી લાગણીનું દર્શન કરાવશે જ.

## હવે પછીના પ્રકાશનો

હવે પછીના પ્રકાશનોમાં પણ આ જ દૃષ્ટિએ પ્રમાણિક સાહિત્યસાગરમાંથી નીચેના ગ્રંથોનું સર્જન તૈયાર છે તે ક્રમશઃ વાંચક સમક્ષ ગ્રંથકાર સ્વસ્થાપિત સાહિત્ય મંદિર–દ્વારા પ્રકાશિત કરવાની પૂરતી યોજના મુજબ તૈયારીઓ ચાલુ કરેલ છે. જેમાં નીચેના ગ્રંથો જેમ બનશે તેમ જલદીથી વાંચકોના હાથમાં રજૂ કરવા સંસ્થા પૂરતો પ્રયાસ કરશે.

**૧. અધૂરી રમત**

આ ગ્રંથમાં અમાત્યપુત્ર સ્થૂલિભદ્રનું જીવનચરિત્ર પૂરતી ઐતિહાસિક સામગ્રી સાથે રજુ થએલ છે.

**૨–૩ ગુજરાતનો સુવર્ણયુગ** (ભાગ ૧–૨)

૧ લો ભાગ મહારાજા સિદ્ધરાજ જયદેવ અને શ્રી હેમચંદ્રાચાર્યને લગતા પ્રસંગોથી ભરપૂર અને વ્યાકરણ રચનાને અંગે મહત્વતાભર્યા છે.

૨ જો ભાગ–મહારાજા કુમારપાળને લગતું અદ્‌ભુત વર્ણન, તેમજ શ્રી કલિકાલસર્વજ્ઞના અંતિમકાળ સુધીના રોમાચક પ્રસંગોને આ ગ્રંથમાં લેવામાં આવેલ છે.

**૪. લાઇટ ઓફ ઇન્ડીયા–પ્રભુ મહાવીર**

આ ગ્રંથમાં પ્રભુ મહાવીરની જીવનપ્રભા–આધુનિક સાહિત્યકારોને રૂચે ને માન્ય રહે તેવી રીતે લેવામાં આવેલ છે.

**૫. મગધનો નાથ–**

આ ગ્રંથમાં મહારાજા શ્રેણિક, પ્રભુ મહાવીર, મહાત્મા ગૌતમ, બુદ્ધ, તેમજ શ્રેણિક રાજકુટુંબને લગતા રોમાંચક પ્રસંગ રજુ કરવામાં આવેલ છે. ગ્રંથરચનામાં બૌધ સાહિત્યમાં રહેલ સ્ખલનાનો સમન્વય સુંદરતાથી કરવામાં આવેલ છે.

**૬. મહારાજા શ્રીપાળકુમાર–**

મુંબઇ સમાચારની રવિવારની ૧૮ આવૃત્તિઓમાં આ ચરિત્રે ૧૯૪૬ ની સાલમાં ગુજરાતી વાંચક આલમનું ધ્યાન આ ચરિત્ર પર કેન્દ્રિત કર્યું હતું એટલું જ નહિ પણ સમર્થ સૂરીશ્વરો અને સાક્ષરોએ મુક્તકંઠે પ્રશંસા કરી હતી તે ચરિત્ર આબાળવૃધ્ધ સર્વે માટે તેમજ શિક્ષણ અને ગૃહકુટુંબમાં આદર્શ શિક્ષકની ગરજ સારનાર બનેલ છે.

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# આભાર દર્શન

પ્રસ્તુત ગ્રંથમાં નીચેના સાહિત્યપ્રેમી ગૃહસ્થો તરફથી પ્રોત્સાહનાર્થે મદદ મળી છે, જેનો આ સ્થળે આભાર માનીએ છીએ.

શેઠ વાડીલાલ ચત્રભુજ ગાંધી મુંબઈ
શેઠ ચત્રભુજ મોતીલાલ ગાંધી મુંબઈ
સ્વ૦ શેઠ ભવાનજી વર્ધમાનના ધર્મપત્ની
શેઠ લખમશી પાલણુ કચ્છ-બીદડાવાળા
શેઠ લીલાધર ગુલાબચંદ વેરાવળવાળા
શેઠ રમણીકલાલ મોહનલાલ (મોહન પીકચર્સવાળા)
શેઠ પદમશી પ્રેમજી ઝવેરી કચ્છ-મુદ્રાવાળા
શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરી મુંબઈ
સ્વ૦ શેઠ શાંતિલાલ જમનાદાસ મોરારજીના પુણ્યાર્થે તેમના ધર્મપત્ની
શેઠ રતીલાલ લખમીચંદ લાદીવાળા વાંકડીયા
શેઠ રતનશી પાલન સોજપાલ કચ્છ-લાયજાવાળા

આ ઉપરાંત આચાર્યશ્રી વિજયપ્રીતિસૂરીશ્વરજીની આ સાહિત્ય-સંસ્થા પરત્વે ઉમદા લાગણી છે અને તેઓશ્રી વારંવાર પ્રકાશનોના કાર્યને વેગવંત બનાવવામાં અમને સહાયરૂપ નીવડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વિષયાનુક્રમ

## :ખંડ ૧ લો:


| | |
|---|---|
| પ્રકરણ ૧ લું: નિમિત્તવેત્તા દ્વિતીય કાલકાચાર્ય: સાધુજીવન | ૩ |
| પ્રકરણ ૨ જું: મગધ સામ્રાજ્યનો પૂર્વ ઇતિહાસ | ૭ |
| પ્રકરણ ૩ જું: નંદવંશના ઇતિહાસની સમાલોચના | ૧૧ |
| પ્રકરણ ૪ થું: નંદવંશ ( ચાલુ ) | ૧૫ |


## :ખંડ ૨ જો:


| | |
|---|---|
| પ્રકરણ ૧ લું: મૌર્યવંશની પર્યાલોચના | ૨૩ |
| પ્રકરણ ૨ જું: ચંદ્રગુપ્ત મૌર્યનું પૂર્વજીવન | ૩૦ |
| પ્રકરણ ૩ જું: કાળગણનાની ભૂલનું દિવ્ય દર્શન | ૩૩ |


## :ખંડ ૩ જો:


| | |
|---|---|
| પ્રકરણ ૧ લું: સાધ્વી સરસ્વતીનું અપહરણ | ૩૮ |
| પ્રકરણ ૨ જું: શ્રી કાલકાચાર્યની ભીષ્મ પ્રતિજ્ઞા | ૪૪ |
| પ્રકરણ ૩ જું: કોણ વિક્રમાદિત્ય ? | ૪૭ |
| પ્રકરણ ૪ થું: સરસ્વતીનું સંરક્ષણ | ૪૯ |
| પ્રકરણ ૫ મું: પારસ સરદારના પ્રદેશમાં | ૫૧ |
| પ્રકરણ ૬ ઠું: શક જાતિની સમાલોચના | ૫૬ |


## :ખંડ ૪ થો:


| | |
|---|---|
| પ્રકરણ ૧ લું: શક લોકોનું ભારતભૂમિમાં આગમન | ૫૮ |
| પ્રકરણ ૨ જું: ઉજ્જૈનીનો ઘેરો | ૬૩ |
| પ્રકરણ ૩ જું: અર્ધાંગનાનું કર્તવ્ય | ૬૫ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## :ખંડ ૫ મો:


| | |
|---|---|
| પ્રકરણુ ૧ લું: શક જાતિનો પૂર્વ ઇતિહાસ | ૬૮ |
| પ્રકરણુ ૨ જું: ગર્દભીલની વિદ્યાસાધના | ૭૬ |
| પ્રકરણુ ૩ જું: ગંધર્વસેનનો વિનાશ ને ચષ્ટણુ વંશની સ્થાપના | ૭૯ |
| પ્રકરણુ ૪ થું: અવંતીનો વારસ કોણુ ? | ૮૩ |


## :ખંડ ૬ ઠ્ઠો:


| | |
|---|---|
| પ્રકરણુ ૧ લું: ચષ્ટન વંશનો ઇતિહાસ | ૮૬ |
| પ્રકરણુ ૨ જું: સુદર્શન તળાવ | ૧૦૧ |
| પ્રકરણુ ૩ જું: શિલાલેખ અને અનુવાદો | ૧૦૪ |


## :ખંડ ૭ મો:


| | |
|---|---|
| પ્રકરણ ૧ લું: ભાગ્ય પરીક્ષા | ૧૧૨ |
| પ્રકરણુ ૨ જું: શ્રી સિધ્ધસેનસૂરિનો સંસર્ગ ને ઋણમુક્તિ | ૧૧૬ |
| પ્રકરણુ ૩ જું: મહારાજા વિક્રમનો પૂર્વભવ | ૧૨૧ |
| પ્રકરણુ ૪ થું: સુવર્ણ પુરુષ ને પૂતળીની પ્રાપ્તિ | ૧૨૩ |
| પ્રકરણુ ૫ મું: પુરુષાર્થીની પરીક્ષા | ૧૨૬ |
| પ્રકરણુ ૬ ઠું: મહારાજા વિક્રમની નગરચર્યા | ૧૨૯ |


## : પરિશિષ્ટ ૧ :


| | |
|---|---|
| વિક્રમની ખોપરી | ૧૩૨ |
| વિક્રમાદિત્યનો દાનપ્રભાવ | ૧૩૪ |



## : પરિશિષ્ટ ૨ :


| | |
|---|---|
| ભારતવર્ષના ભિન્ન ભિન્ન સંવતો | ૧૩૭ |
| વિક્રમાદિત્ય સંબંધી જૈન સાહિત્ય | ૧૪૬ |
| વિક્રમાદિત્ય અને જૈન સાહિત્ય | ૧૫૨ |
| વિક્રમાદિત્યની યશોગાથા ( બત્રીશ પૂતળીનું વૃત્તાંત ) | ૧૬૦ |


## : પરિશિષ્ટ ૩ :


| | |
|---|---|
| શ્રી અવંતિ પાર્શ્વનાથનું પ્રકટીકરણુ | ૧૬૭ |
| શાલિવાહન સાથે સંધિ | ૧૬૯ |


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**મંગળદાસ ત્રિકમદાસ ઝવેરી**

સમ્રાટ્ સંપ્રતિ, શ્રીપાલકુમાર શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર, મંત્ર સંગ્રહ વિગેરે ગ્રંથોના લેખક, ઇતિહાસકાર અને સામાજિક કાર્યકર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ૧ ભગવાન શ્રી પાર્શ્વનાથ

ભારતના પૂર્વકાલીન ઈતિહાસ તરફ દષ્ટિપાત કરતાં સમજાય છે કે ઇ. સ. પૂર્વે આઠમા સદીમાં ધર્મ નિમિત્તે અસંખ્યાતા પશુયજ્ઞો ચારે દિશામાં થતા હતા.

ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનો જન્મ અવધિજ્ઞાન સહિત ઇ. સ. પૂર્વે ૮૭૭ માં થયો. જેમના જીવન સંબંધે શ્રી પાર્શ્વનાથ ચરિત્ર તેમજ કલ્પસૂત્રમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવેલ છે.

શ્રી પાર્શ્વનાથનો જન્મ જૈન ધર્મના અવસર્પિણી કાળના ચોથા આરામા ત્રેવીસમા તીર્થંકર તરીકે તારણહાર વિભૂતિ તરીકે થએલ હોવાથી તેમના દ્વારા પશુયજ્ઞનો નિષેધ ફરમાવાયો અને ભારતમાં જ્યાં જ્યાં તેઓશ્રી વિચરી શકયા ત્યાંત્યાં તેમના ઉપદેશની અસર સચોટ થઇ અને અસંખ્યાતા નિર્દોષ પશુઓનું રક્ષણ થયું. યજ્ઞકાંડ કરનારાઓ પશુને બદલે યજ્ઞમાં શ્રીફળનો હોમ કરી સફળતા માનવા લાગ્યા.

ઇક્ષ્વાકુ વંશમાં કાશીનરેશની ગાદી પર આવનાર અશ્વસેન રાજાના પાટવીકુંવર શ્રી પાર્શ્વનાથે ૩૦ વર્ષની અવસ્થાએ સંસાર ત્યાગ કર્યો. ૭૦ વર્ષ સુધી સાધુજીવન ગાળી નિર્વાણપદની પ્રાપ્તિ પ્રભુ શ્રી મહાવીર પૂર્વે ૨૫૦ વર્ષે કરી.

## ૨ શુભદત્ત ગણધર

પ્રભુ પાર્શ્વનાથના નિર્વાણ બાદ તેમની પાટ ઉપર શુભદત્ત નામના જૈનાચાર્ય થયા, જેઓ શ્રી પાર્શ્વનાથના ગણધરોમાં મોટા ગણધર હતા.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ તેઓ શાસનપ્રભાવનાર્થે ભવ્ય જીવોના ઉદ્ધારક તરીકે પોતાના બહોળા શિષ્ય સમુદાય સાથે પ્રબળ પુરૂષાર્થી બન્યા હતા. તેમનો શિષ્ય સમુદાય પણ વિશાળ, જ્ઞાની અને શાસન હિતચિંતક હતો. તેઓએ અંતિમ સમયે પોતાના શિષ્ય સંઘાડાનો ભાર શ્રી હરિદત્તસૂરિ નામના આચાર્યને અર્પિત કરી, શ્રી સિદ્ધાચળ તીર્થ પર એક માસનું અનશન કરી મોક્ષગતિને પ્રાપ્ત થયા.

## ૩ શ્રી હરિદત્તસૂરિ

તેઓશ્રી શ્રુતસમુદ્રના પારગામી, વચનલબ્ધિ, અમૃતતુલ્ય દેશના આપનાર, ઉપશાંત, યશસ્વી, પરોપકારી વિગેરે અનેક ગુણોથી ભૂષિત હતા. તેમના મિલનસાર સ્વભાવથી યજ્ઞકાંડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રખર પંડિતો સાથેના વાદવિવાદમાં તેઓ સદાય વિજેતા બનતા રહ્યા. પરિણામે અસંખ્ય, પશુયજ્ઞો પર કંઇક અંકુશ આવ્યો, પરન્તુ જ્યાં તેઓ અને તેમનો શિષ્ય સમુદાય વિચર્યો ન હતો. એવા પ્રદેશોમાં પશુયજ્ઞોમાં વૃધ્ધિ થવા લાગી

તેઓ શ્રાવસ્તિ નગરીના ઉદ્યાનમાં ત્યાંના અદિનશત્રુ નામના રાજાને નગરજનો સહ ધર્મોપદેશ આપી શ્રોતાઓ પર અહિંસા ધર્મની ઉચ્ચકોટીની છાપ પાડી રહ્યા હતા. તેવામાં સંજોગવશાત પરિવ્રાજક લોહિતાચાર્ય નામના સંન્યાસી પોતાના બહોળા શિષ્ય સમુદાય સાથે એ ઉદ્યાનમાં આવી ચઢ્યા.

અહીં બંને વચ્ચે ધર્મવાદ થયો. ધર્મવાદના શોખીન રાજવીએ વાદી પ્રતિવાદી ધર્માચાર્યોને તાત્ત્વિકવાદમાં પૂરતો સાથ આપ્યો, જેમાં શ્રી હરિદત્તસૂરિએ પ્રાચીન વેદાંતિક શ્રુતિઓના આધારે યજ્ઞક્રિયામાં પશુબલિદાનનો કોઇપણ સ્થળે ઉલ્લેખ નથી એ પ્રમાણે સિધ્ધ કરી આપ્યું. તેજ માફક જૈન ધર્મના કર્મવાદી સિધ્ધાંતોની સૂક્ષ્મતાથી શાંતિપૂર્વક સમજ આપી પરિણામે સંપૂર્ણ શાંતિથી શ્રી લોહિતાચાર્યે પોતાનાં ૧૦૦૦ સાધુઓ સહિત સદ્જ્ઞાનની પ્રાપ્તિ થતાં હરિદત્તસૂરિ પાસે જૈન દીક્ષા ગ્રહણ કરી.

ત્યારબાદ શ્રી લોહિતાચાર્ય પોતાના ૧૦૦૦ શિષ્યો સહિત મારૂ પ્રદેશથી વિહાર કરી દક્ષિણ તરફ પશુવધનાં પ્રતિબંધાર્થે અને જૈન ધર્મના પ્રચાર અર્થે વિચર્યા.

અહીં તેઓએ અનેક ભવ્ય આત્માઓને પ્રતિબોધી અને ધર્મ પ્રભાવનામાં શાસનની ઉન્નતિ કરતાં શિષ્ય સમુદાયની વૃધ્ધિ કરી. જૈન ધર્મને તેઓ દીપાવવા લાગ્યા.

બીજી બાજુ તેમના પૂજ્ય ગુરૂ શ્રી હરિદત્તસૂરિ તે કાળે પોતાનો અંતિમ સમય નજદીક જણાતાં તેઓએ પોતાની પાટ પર આર્યસમુદ્ર નામનાં વિદ્વાન શિષ્યની સ્થાપના કરી, એકવીશ દિવસનું અનશન કરી વૈભારગિરિ પર સમાધિપૂર્વક સ્વર્ગે સિધાવ્યા.

## ૪. શ્રી આર્યસમુદ્રસૂરિ

પ્રભુ પાર્શ્વનાથના ત્રીજા પટ્ટધર શ્રી આર્યસમુદ્રસૂરિ પ્રભાવિક વિદ્યાઓના જ્ઞાતા, શ્રુતજ્ઞાની તેમજ હૈત્યસ્વરૂપે પ્રસરેલ પશુયજ્ઞક્રિયાકાંડનાં પ્રખર વિરોધી હતા. તેઓ ધર્મના નામે માંસ, મદિરા આદિ અત્યાચારો કદાપિ કાળે નભાવી ન જ લેવાય તેવું દૃષ્ટિબિંદુ ધરાવતા હતા.

આ આચાર્યશ્રીનો મુનિસંપ્રદાય વિશાળ હતો તેમજ એવા પ્રદેશોમાં પુરૂષાર્થથી વિચરનાર હતો કે જયાં હિંસાદિનો પ્રચાર વેગવંતો હતો. બંગાલ, ઓરિસ્સા, પંજાબ, મુલતાનાદિ દેશોના તેઓ ખાસ વિહારી હતા. ઉપરોક્ત પ્રદેશોમાં વિચરતા આ મુનિરાજ અને તેમના શિષ્ય સંપ્રદાયે અપાર સંકટો સહન કરી, અનેક રાજસભાઓમાં "અહિંસા પરમો ધર્મ"નું સૂક્ષ્મ તત્ત્વ રાષ્ટ્રીયકરણ સાથે સંકલિત રીતે સમજાવી અનેક જીવોને જૈનધર્મી બનાવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી.

બીજી બાજુ દક્ષિણ કર્ણાટક તરફ હરિદત્તસૂરિના સમુદાયમાંથી વિહાર કરી ગએલ શ્રી લોહિતાચાર્ય અને તેમના શિષ્ય સમુદાયે દક્ષિણ કર્ણાટક, તેલંગ, મહારાષ્ટ્રાદિ દેશોમાં વિહાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરી લગભગ ૬૦૦૦ જેટલા શિષ્ય સમુદાયની પ્રાપ્તિ કરી હતી. આ અવિરત પુરૂષાર્થી આચાર્યશ્રીના પ્રયાસોના સુંદર ફળ તરીકે ઉપરોક્ત દેશો પણ અહિંસા ધર્મવાદી બન્યા હતા; આ આચાર્યશ્રીની માન્યતા એટલી સુંદર અને તેમનું વર્ચસ્વ એટલું બધું પ્રબળ બન્યું હતું કે જેના યોગે દક્ષિણ ભારતમાં લોહિત ( લોહિતાચાર્યના નામથી ) શાખા સ્થાપિત થઇ હતી.

ઉત્તર અને દક્ષિણ પ્રદેશોના વિશાળ શિષ્ય સમુદાય ધરાવનારા આ બંને ધર્મક્રાંતિકારી આચાર્યો તથા તેમના શિષ્ય સમુદાયનાં યોગે એવું એક પણ ગામ અને શહેર તેમના વિહાર વગરનું તથા શિષ્ય સમુદાય વગરનું બાકી રહ્યું હશે નહિં. જે પ્રમાણે "બાર ગાઉએ બોલી બદલે અને તરૂવર બદલે શાખા" એ પ્રમાણે અહિંસા ધર્મનો પ્રચાર સ્થળે સ્થળે થઈ ગયો હતો.

શ્રી આર્યસમુદ્રસૂરિના શિષ્યસમુદાયમાં વિદેશી નામના એક પ્રભાવિક વક્તા-જ્ઞાની મુનિરાજ હતા. જેઓએ ૫૦૦ શિષ્ય સમુદાય સાથે અવન્તિ તરફ વિહાર કર્યો. અને ઉજ્જૈનીના ઉદ્યાનમાં પધાર્યા; જ્યાં રાજા જયસેન રાજ્યગાદી પર વિરાજમાન હતા.

આ રાજવીને કેશીકુમાર નામનો એક બુદ્ધિશાળી પાટવી રાજકુંવર હતો જે ઊગતી યુવાનીમાં શ્રી વિદેશી મુનિરાજ અને તેમના શિષ્ય સમુદાયનાં સમાગમમાં આવ્યા. મુનિરાજશ્રીની પ્રથમ દેશનામાં જ આ યુવરાજને વૈરાગ્યની પ્રાપ્તિ થઇ. પરિણામે માતાપિતાની આજ્ઞા મેળવી આ કુમારે બાળબ્રહ્મચારી સ્થિતિએ જ દીક્ષા અંગીકાર કરી અને તેઓ કેશીકુમાર ગણધર નામથી સુપ્રસિધ્ધિને પામ્યા.

વિનયગુણધારક કેશીકુમારે જ્ઞાનસ્મૃતિનાં કારણે ઉચ્ચકોટીનો અલ્પ સમયમાં શાસ્ત્રાભ્યાસ કર્યો. અને તેઓ શ્રુતપારગામી બન્યા. જેમના દાદાગુરુ શ્રી આર્યસમુદ્રસૂરિના સમાગમમાં આવતા આ બાળબ્રહ્મચારી વિનયી શ્રુતગામી પ્રશિષ્યને તેમણે પોતાના પટધર બનાવી વયોવૃધ્ધાવસ્થાએ આ સૂરિએ શ્રી સિદ્ધક્ષેત્ર પર સંલેખનાપૂર્વક પંદર દિવસનું અનશન કરી સ્વર્ગારોહણ કર્યું.

## ૫ આચાર્ય શ્રી કેશીકુમાર ગણધર

અવંતીના પાટવી કુંવર બાળબ્રહ્મચારી કેશીકુમાર ગણધરે અનેક વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી અને નિર્મળ જ્ઞાનના પ્રભાવે સૂર્યસમાન પોતાનું જીવન પ્રકાશિત બનાવ્યું હતું.

દક્ષિણવિહારી શ્રી લોહિતાચાર્યના સ્વર્ગવાસ બાદ તેઓનો વિશાળ શિષ્ય સમુદાય વાદવિવાદમાં પ્રખર શક્તિશાળી બન્યો હતો, છતાં આ સમુદાયમાં ( શ્રી લોહિતાચાર્યના સ્વર્ગવાસ બાદ ) કંઇક શિથિલતાપણું તથા રાજામહારાજાઓનાં બહુમાનથી આડંબરતા પ્રાપ્ત થઇ હતી. પરિણામે દક્ષિણ પ્રદેશમાં હિંસાવૃત્તિ જાગ્રત થવા લાગી, જેના સમાચાર ઉત્તર ભારતમાં વિહાર કરતા શ્રમણાચાર્ય શ્રી કેશીકુમારને પહોંચ્યા. તરત જ તેમણે પોતાના વિદ્વાન શિષ્યોને દક્ષિણમાં મોકલી શ્રી લોહિતાચાર્યના દક્ષિણવિહારી શિષ્યોમાંથી થોડા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિદ્વાન શિષ્યોને પોતાની પાસે બોલાવી અને તેમની સાથે રહી, આ સુજ્ઞ સૂરિજીએ બગડી બાજી પ્રેમથી સુધારી લીધી.

આ કાલે જગતોદ્ધારક, કરુણાસિંધુ શાંતિસાગર ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનો જન્મ ધર્મોદ્ધારક તરીકે ઓરિસ્સા પ્રાંતનાં ક્ષત્રિયકુંડ નગરમાં મહારાજા સિધ્ધાર્થને ત્યાં ત્રિશલા-દેવીની કુક્ષીએ ઇ. સ પૂર્વે ૪૯૯ માં ચૈત્રી શુદિ ૧૩ ને દિવસે ત્રિકાળજ્ઞાની તરીકે થયો, જેમણે ૩૦ વર્ષની યુવાવસ્થાએ સંસારનો ત્યાગ કરી સાડાબાર વર્ષની ઉગ્ર તપશ્ચર્યા પછી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. કેવળી તીર્થંકર તરીકે પ્રભુ મહાવીર જૈન ધર્મના પ્રબળ પુરૂષાર્થી અને પ્રચારક બન્યા. અને પૂર્વ તેમજ ઉત્તર ભારતમાં જૈન ધર્મનો વિજયધ્વજ ફરકાવ્યો.

બીજી બાજુ શ્રી પાર્શ્વનાથનાં સંતાનીયામાં તેમના ચતુર્થ પટધર તરીકે શ્રી કેશીકુમાર શ્રમણાચાર્યે પોતાના પ્રભાવશાળી શિષ્યસમુદાય સાથે ગામોગામ વિરાટ સભાઓ ભરી સમસ્ત માલવ, મારવાડ, પંજાબ, મુલતાનાદિ પ્રદેશોને ચુસ્ત જૈન ધર્માનુરાગી બનાવવામાં જીવનની સાર્થકતા કરી. જેમના પુરુષાર્થથી પ્રયાસથી શ્રમણસંઘમાં આવેલ શિથિલતા વિનાશ પામી અને ફરીથી દક્ષિણવિહારી મુનિરાજો ઉપરોકત પ્રદેશોના ધર્મપ્રચારી બન્યા, જેને લગતી નોંધ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

**શ્રી વૈકુંઠાચાર્ય કર્ણાટકના વતની હતા. તેઓએ ૫૦૦ શિષ્ય સમુદાય સહિત કર્ણાટક તરફ વિહાર કર્યો. શ્રી કાલિકાચાર્યે ૫૦૦ શિષ્ય સમુદાય સાથે મહારાષ્ટ્ર તરફ વિહાર કર્યો.**

શ્રી ગંગાચાર્યે ૫૦૦ શિષ્ય સમુદાય સાથે સિંધ સૌવીર તરફ વિહાર કર્યો.

શ્રી ચવાચાર્યે કાશી કોશલ તરફ ૫૦૦ શિષ્ય સમુદાય સાથે વિહાર કર્યો.

શ્રી અર્હન્નાચાર્યે અંગ, વંગ અને બંગ તરફ ૫૦૦ શિષ્યો સાથે વિહાર કર્યો.

શ્રી કાશ્યપાચાર્યે ૫૦૦ શિષ્ય સમુદાય સાથે સંયુક્ત પ્રાંત તરફ વિહાર કર્યો.

શ્રી શિવાચાર્યે ૫૦૦ શિષ્ય સમુદાય સાથે અવંતી તરફ વિહાર કર્યો.

શ્રી કેશીકુમાર ગણધર અને તેમનાં જ્ઞાનીમુનિઓનાં ઉપદેશના ફળ તરીકે મહારાજા ચેટક, દધિવાહન, સિધ્ધાર્થ, વિજયસેન, ચંદ્રપાલ, અદિનશત્રુ, પ્રસેનજિત, ઉદાયી, ધર્મશીલ, શતાનિક, જયકેતુ, દશાર્ણભદ્ર અને પ્રદેશી આદિ અનેક રાજવીઓ તેમજ જનતા જૈન ધર્મ પાલક બની હતી. શ્રી કેશીકુમારે જૈનધર્મની ઉચ્ચકોટીની સેવા બજાવી. તેઓએ અંતિમ અવસ્થાએ પોતાની પાટ ઉપર સ્વયંપ્રભસૂરિ નામના મુનિને સ્થાપિત કરી એક માસના અન-શનપૂર્વક સમેતશિખર તીર્થ પર સ્વર્ગવાસ કર્યો. આ પ્રમાણે પ્રભુની ચોથી પાટ સુધીની ગણના થઇ.

## ૬ સ્વયંપ્રભસૂરિ

સ્વયંપ્રભસૂરિ વિચરતા વિચરતા અને અનેક ભવ્ય જનો પર ઉપકાર કરતાં કરતાં શ્રી-માળનગરનાં ઉદ્યાનમાં પધાર્યા. તે સમયે શ્રીમાળનરેશ તરફથી અશ્વમેઘ યજ્ઞની તૈયારી થઇ રહી હતી. દેશ વિદેશથી હજારો મનુષ્યો અહીં એકત્રિત થયા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉદ્યાનમાં પધારેલ સૂરિશ્રીનાં કેટલાક શિષ્યો ગોચરી અર્થે નગરમાં ગયા. નગરચર્યા દેખતાં જેમના હ્રદયમાં કારુણ્ય ભાવ ઉદ્દ્ભવેલ છે એવો શિષ્ય સમુદાય ભિક્ષા ગ્રહણ કર્યા વિના પાછો ફર્યો અને નગરની સ્થિતિનું બ્યાન ગુરુજીને જણાવ્યું કે જૈન સાધુઓની ભિક્ષા માટે આ નગર યોગ્ય નથી. ખુદ સૂરિજી થોડા વિદ્વાન શિષ્યો સહિત રાજસભામાં પધાર્યા કે જ્યાં યજ્ઞની તૈયારીઓ થઇ રહી હતી. સૂરિશ્રીએ રાજવી તેમજ નગરજનોને પ્રતિબોધી સાચી સ્થિતિનું દિગ્દર્શન કરાવ્યું. રાજા વિગેરેને જૈનધર્માનુરાગી બનાવ્યા.

સ્વયંપ્રભસૂરિના વિચરણ સમયે મરૂપ્રદેશમાં વામમાર્ગીઓનું જોર જામ્યું હતું જેમાં દુરાચાર અને મદિરાપાનનું જોર વધવા લાગ્યું. આચાર્યશ્રીએ આ વામમાર્ગીઓનું જોર તોડવા પોતાના શિષ્ય સમુદાયને તે તે સ્થળોમાં વિહાર કરાવ્યો અને પરિણામે તેઓએ અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી.

## ૭. શ્રી રત્નપ્રભસૂરિ

આચાર્યશ્રી રત્નપ્રભસૂરિ સૂર્યપ્રકાશ સમ અનેક પ્રકારની વિદ્યાઓના જ્ઞાતા હતા. તેમણે અનેક રાજામહારાજાઓને જૈન ધર્માનુરાગી બનાવ્યા હતા. તેમણે રજપુતાના–મરૂસ્થલ વિગેરે સ્થળોએ વિહાર કર્યો હતો.

એમના સમયમાં આચાર્યોની આજ્ઞાથી અનેક મુનિપુંગવો ઠેકઠેકાણે વિહાર કરી જૈન ધર્મનો પૂરતો પ્રચાર કરતા હતા. યજ્ઞ કર્મકાંડીઓનું જોર નરમ પડ્યું હતું; પરન્તુ કોઇકોઈ ઠેકાણે બૌધ્ધ ધર્મનો પ્રચાર વધતો જતો હતો. જેથી ઘણાંઓએ બૌધ્ધ ધર્મનો સ્વીકાર કર્યો હતો છતાં જૈન ધર્મી પ્રજા વિશાળ હતી; કારણ કે જૈનોનું તત્વજ્ઞાન, આચાર અને વ્યવહાર ઉચ્ચકોટીના હતા. જેમાં કોઇ કોઈ સમયે તેઓને બૌદ્ધો સાથે વિવાદમાં ઉતરવું પડતું હતું.

આચાર્યશ્રીએ પોતાના સંઘ સહિત. સિધ્ધાચળની યાત્રા કરી હતી અને ત્યાંથી તેઓ અર્બુદાચલ પધાર્યા હતા. જ્યાંની પ્રજાને પોતાના સદુપદેશથી તમણે જૈનધર્માનુરાગી બનાવી હતી અહીંથી તેઓ મરુભૂમિ ( મારવાડ ) તરફ વિહાર કરી ગયા હતા.

આ પ્રદેશમાં વિહાર કરતાં કરતાં આચાર્યશ્રી ઉપકેશપટ્ટન નામના નગરમાં પધાર્યા. અહીં શિવમાર્ગી તથા વામમાર્ગીઓનું જોર વિશેષ હતું. આચાર્યશ્રીએ અહીં એક માસની તપશ્ચર્યા કરી. પારણા સમયે મુનિઓ નગરમાં ભિક્ષા માગવા ગયા, પરન્તુ મુનિઓને શુધ્ધ ભિક્ષા નગરમાંથી ન મળી ત્યારે પોતાના થોડા શિષ્યો સાથે નગરમાં પ્રવેશ કરી ત્યાંના રાજવી ઊત્પલદેવને ઉપદેશ આપી ચુસ્ત અહિંસા પરમો ધર્મી બનાવ્યો અને અહીંના દરેક ઘરોમાં જૈનધર્મ પ્રવર્તાવ્યો.

તેમજ આ નગરમાં પ્રભુ મહાવીરના મંદિરની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી તેઓ કોરંટ-પુર તરફ વિહાર કરી ગયા. આ કોરંટપુરમાં તેમણે મહાજનની સ્થાપના કરી. ત્યાંથી તેઓ રાજગૃહીમાં પધાર્યા. અહી વીરધવલ ઉપાધ્યાયને સદુપદેશ આપી જૈનધર્મની દીક્ષા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપી અને યક્ષદેવસૂરિ નામ આપવામાં આવ્યું. ત્યારબાદ આચાર્યપદની યોગ્યતા તેનામાં હોવાથી તેમને તે પદવી આપી પોતે અન્તિમ સમયે સિધ્ધાચલ પર જઇ, અનશન કરી, સમાધિપૂર્વક નાશવંત શરીરનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યા.

## ૮ શ્રી યક્ષદેવસૂરિ

આચાર્યશ્રી યક્ષદેવસૂરિ પોતાના વિશાળ શિષ્ય સમુદાય સાથે કોરંટપુર, ભીનમાલ, ચંદ્રાવતી અને પદ્માવતી વિગેરે સ્થળોએ વિહાર કરી. શાસનની સેવા બજાવતા અર્બુદાચલની આસપાસનાં પ્રદેશમાં વસતા હજારો મનુષ્યોને અમૃત તુલ્ય દેશનાથી પ્રતિબોધ આપતા અને મહાજનની ( સંઘ ) સ્થાપના કરતા વિચરતા હતા અને અહિંથી તેઓ પાછા કોરંટપુર પધાર્યા. અહીં શ્રી કનકપ્રભસૂરિ સાથે ઘણો સમય તેઓ રહી મિથ્યાત્વનો નાશ અને સમ્યકત્વનો ઉદ્યોત કરતા. જૈનધર્મની ચારે દિશામાં વૃધ્ધિ કરવા લાગ્યા. ત્યારબાદ આચાર્યશ્રી કોરંટપુરથી વિહાર કરી ઉપકેશપુરમાં પધાર્યા.

આ નગરમાં રાજા તથા પ્રજાજનોને પોતાના સાહિત્યપૂર્ણ વકતૃત્વની મીઠાશથી પ્રતિબોધી તેઓના અંતઃકરણમાં જૈન ધર્મપ્રત્યે પૂર્ણ ભકિતભાવની સ્થાપના કરી અને તેઓને તેમાં અનુરાગી બનાવ્યા.

બાદ સિંધ પ્રાંત તરફ તેઓ ૧૦૦ મુનિઓ સહિત વિહાર કરી ગયા. અહીં પાખંડ મતવાદીઓનું ઘણું જોર હતું. અહીં આવી પ્રતિદિન વ્યાખ્યાનમાં રાજા, રાજકુમાર, મંત્રી, પ્રજા વિગેરેને દેવ, ગુરૂ અને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. અને સાધારણ આચાર તેમજ વ્યવહારથી નવા શ્રાવકોને સંસ્કારી બનાવ્યા. જૈન ધર્મમાં તેઓની શ્રધ્ધા અને રુચિ વધારી.

## ૯. આચાર્યદેવ શ્રી કકવસૂરિજી

ઊગતી યુવાનીમાં સમસ્ત રાજ્યવૈભવનો ત્યાગ કરનાર શિવપુર નગરનાં મહારાજાના પાટવીકુંવરે આચાર્યદેવ શ્રી યક્ષદેવસૂરિનાં પ્રતિબોધે નગરનાં ૧૫૦ નરનારી સહિત દીક્ષા ગ્રહણ કરી. કકવમુનિ તરીકે અનેક વિદ્યાઓ તથા સ્વમત અને પરમતનું જ્ઞાન ગુરુદેવની સેવાભક્તિમાં રહી પ્રાપ્ત કર્યું હતું. અને માતૃભૂમિમાં ચારે દિશાઓમાં વિહાર કરી જૈન ધર્મનો પ્રચાર કર્યો હતો. તેમજ આચાર્યદેવે પોતાની વિદ્વત્તાથી સમસ્ત દુરાચારરૂપી અંધકારનો નાશ કર્યો હતો.

પોતાના પુરૂષાર્થ અને પ્રયત્નવડે એમણે જૈન ધર્મનો પ્રચાર સારાયે સિંધ દેશમાં કર્યો જેથી તેઓ શાસનના અદ્વિતીય "વીર" અને મારવાડમાં શાસનનો રથ ચલાવનાર "વૃષભ" ગણાતા હતા. એમના ધર્મોપદેશથી આ પ્રાંતોમાં જૈન જનતા તથા સાધુ-સાધ્વીઓની સંખ્યામાં ઘણો જ વધારો થયો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચાર્યદેવે કચ્છ પ્રાંતમાં ૨૫૦ મુનિઓ સાથે વિહાર કર્યો હતો. આ કચ્છ દેશમાં મનુષ્યનું બલિદાન, દુરાચાર અને પાખંડનું જોર તે સમયે હતું. આચાર્યદેવે અહીં આવી પ્રતિદિન વ્યાખ્યાનો આપી જનતાને જૈન ધર્માનુરાગી બનાવી.

## ૧૦ આચાર્યદેવ શ્રી દેવગુપ્તસૂરિજી

ભદ્રાવતી નગરીના રાજવી શિવદત્તના લઘુપુત્ર દેવગુપ્તને એક વખતે મારાઓ દેવીના બલિદાન માટે બલિ તરીકે દેવીમંદિરમાં મારવાની તૈયારી કરી રહ્યા હતા. તે સમયે આચાર્યશ્રી કકવસૂરિજીએ મારાઓને નિડરતાપૂર્વક અહિંસા પરમો ધર્મના સદુપદેશથી પ્રતિબોધી દેવગુપ્તને બચાવી લીધા હતા. તે જ દેવગુપ્તે જૈન દીક્ષા લઇ કચ્છદેશ જઇ ત્યાંની કુપ્રથાઓમાંથી પોતાની અમૃતમય દેશનાથી કચ્છનો ઉધ્ધાર કર્યો હતો; આ પ્રમાણેના શાસનોધ્ધારક કાર્યોથી શ્રી કકવસૂરિજીએ મુનિ દેવગુપ્તને યોગ્ય સમજી આચાર્ય પદ અર્પણ કર્યું હતું, અને ત્યારબાદ આચાર્ય શ્રી દેવગુપ્તસૂરિએ કચ્છ તેમજ સિંધ પ્રાંતમાં હજારો મુનિયોના સંઘ સહિત વિચરી જૈન ધર્મની વિજય પતાકા ફરકાવી હતી.

એક વખત આચાર્યદેવ સિંધ પ્રાંતમાં વિહાર કરતા હતા તે સમયે ત્યાં કર્માશાહ નામના પંજાબના એક જૈન વ્યાપારી સૂરિશ્રીના દર્શનાર્થે આવ્યા અને તેમણે સૂરિશ્રીને વિનંતી-પૂર્વક પંજાબનાં વર્તમાન જણાવતાં કહ્યુ કે "ભગવન ! સિધ્ધપુત્ર નામનો એક ધર્મ પ્રચારક યજ્ઞાદિ ધર્મનું જોશથી પ્રચારકાર્ય કરી રહેલ છે અને તે થોડા સમયમાં આ પ્રાંતમાં પણ આવી લાગશે."

આચાર્યશ્રી સિધ્ધપુત્રને મળ્યા અને તેની સાથે વાદવિવાદ કર્યો. પરિણામે સિધ્ધપુત્રની હાર થઇ. તેણે જૈનદીક્ષા સ્વીકારી.

આ પ્રમાણે સમર્થ જૈનાચાર્યોએ ભારતના ખૂણે-ખૂણામાં વિહાર કરી, લોકોમાં રૂઢ થઇ ગયેલ જડતા, અજ્ઞાનતા, વિ. દૂર કરવા ભગીરથ પ્રયાસ કર્યો અને સ્થાપિત હિતો સામે મજબૂત રીતે બાથ ભીડી. જો કે આ કાર્યોમાં તેઓને ઘણા ઉપસર્ગો અને કષ્ટોનો સામનો કરવો પડ્યો હતો, જે વસ્તુની ખાતર તેમણે ભેખ સ્વીકાર્યો હતો તેને ખાતર હસ્તે મુખડે મૃત્યુને સ્વીકારતાં પણ જૈન શ્રમણો કદીય અચકાતા નહીં.

આ હકીકત જણાવવાનો આશય એ હતો કે ભગવાન પાર્શ્વનાથ અને શ્રી મહાવીરના સમયમાં આર્યાવર્ત અંધાધુંધીમાં અટવાયું હતુ. કોઇ સાચો માર્ગદર્શક નહોતો. નિર્નાયક ટોળાની માફક જનતાને જેમ ફાવે તેમ કરતા અને એને પરિણામે સ્વાર્થી લોકો પોતાનો કક્કો ખરો જણાવવા જનતાને ઊંધા પાટા બંધાવતા. ભગવાન અને તેમના પટ્ટધરોએ આ અંધકાર ઉલેચવામાં પ્રબળ પુરુષાર્થ દાખવ્યો અને જનતા સાચા માર્ગે ચઢી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ગ્રંથ–સહાય

કાલક કથાકલ્પસૂત્ર.
પ્રભાવિક ચરિત્ર.
વિવિધ તીર્થકલ્પ.
ગુપ્તવંશકા ઇતિહાસ.
ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય.
બૌધકાલીન ભારત
પાણિની
સમ્રાટ્ સંપ્રતિ યાને પ્રાચીન ઈતિહાસની પ્રામાણિકતા.
ચંદ્રગુપ્તમૌર્ય–જયસુખરામ જોશીરામ
સમુદ્રગુપ્ત.
હિન્દુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ.
મહાભારત.
પરિશિષ્ટપર્વ ભાષાંતર.
મહાક્ષત્રપ રાજા રૂદ્રદામા
જૈનરૌપ્ય મહોત્સવ અંક.
પુરાતત્વ પુસ્તક ૧.
પુરાતત્વ પુસ્તક ૨.
બુધ્ધિપ્રકાશ.
કુંડલી સંગ્રહ અંક.
ત્રિષષ્ટિ–શલાકાપુરૂષ.
આચારાંગ સૂત્ર.
કથાવલી.
કલ્પકિરણાવલી.
કલ્પસૂત્ર.
શ્રી કાલકાચાર્ય કથા.
કાલકસમિકા ટીકા.
જૈન સાહિત્ય સંશોધક.
અમરકોષ.
શ્રી પ્રશ્નોત્તરચિંતામણિ
ઉત્તર હિંદમાં જૈન ધર્મ.
જૈનમતપતાકા.
જૈનમતપ્રભાકર.
જૈન સત્ય પ્રકાશ.
વિક્રમાદિત્ય અંક–૨૦૦૦
દર્શનસાર.
શ્રીનંદી થિરાવલી.
બૃહત્કલ્પ.
બૃહત્કથા કોષ.
બ્રહ્માંડ પુરાણ.
યુગપ્રધાન પટ્ટાવલી.
વાયુ પુરાણ.
વિક્રમ પ્રબંધ.
હ્યુએનસંગકા ભારતભ્રમણ
ભારતમાં અંગ્રેજી રાજ્ય
જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ
ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ
ટોડ રાજ્યસ્થાન.
શાળોપયોગી ગુજરાતી ઇતિહાસ

આ ઉપરાંત ચાલીશ જેટલા અંગ્રેજી ગ્રંથો તેમજ સંસ્કૃત ગ્રંથોનો આ પુસ્તક-પ્રકાશનમાં સહાય તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સમ્રાટ્ વિક્રમાદિત્ય

યાને

# અવંતિનો સુવર્ણયુગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૧ લું.

## નિમિત્તવેત્તા દ્વિતીય કાલિકાચાર્ય : સાધુજીવન

**આ**ધુનિક બિહારપ્રાંતની જૈન ધર્મની જન્મભૂમિ, પોષણભૂમિ અને ઐશ્વર્યભૂમિ તરીકે જૈનશાસ્ત્રોમાં ગણના થવા પામી છે. પૂર્વકાળમાં તેની મગધસામ્રાજ્ય તરીકે વિશ્વભરમાં અતિ ખ્યાતિ હતી. જૈન શાસનના સ્તંભ સરખા તીર્થંકર ભગવંતો તેમજ સમર્થ પ્રભાવિક સૂરિવરોએ તેને પોતાની પદરેણુથી અનેક વાર પવિત્ર બનાવી છે. ચરમ તીર્થંકર અને આસન્નોપકારી શ્રી વર્દ્ધમાનસ્વામીનો જન્મ આ ભૂમિ પર થયેલ અને પોતાની શ્રમણાવસ્થાના ૪૨ વર્ષો પૈકી વિશેષ સમય આ ભૂમિ પર જ વ્યતીત થયેલ. આવા પવિત્ર પુરુષવર્યના પ્રતાપે આ ભૂમિએ ઉચ્ચ સંસ્કારો ઝીલી વિશ્વમાં પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી આપી હતી.

વીરનિર્વાણ સંવત ૪૫૦થી ૪૫૩ના અરસામાં શ્રીમાન કાલિકાચાર્ય આ ભૂમિને પવિત્ર કરી રહ્યા હતા. કાલકાચાર્યનો પૂર્વ વૃત્તાંત નીચે પ્રમાણે છે.—

આ ધર્મભૂમિમાં ધારાવાસ નામે એક નગર હતું. પોતાની અપાર સમૃદ્ધિ અને ઉત્તુંગ પ્રાસાદોથી તેની સરખામણી સ્વર્ગપુરી સાથે થતી. તેની કીર્તિપતાકા દશે દિશામાં ફરી વળી હતી.

અમૃતરૂપી ધર્મસિંચનથી અલંકૃત થએલ આ નગરમાં પોતાના અસાધારણ પરાક્રમથી પ્રખ્યાતિ પામેલ **વીરસિંહ** નામે રાજા હતો. તેને શીલગુણાલંકૃત **સુરસુંદરી** નામે મહારાણી હતી. આ રાજદંપતીને અતિશય પ્રભાવશાળી **કાલક** નામે કુમાર અને **સરસ્વતી** નામે રૂપમાં રંભાને પણ તિરસ્કારી કાઢનારી રાજકુમારી હતી.

આ કાલકકુમાર બાલ્યાવસ્થાથી જ અતિશય જનવલ્લભ બન્યો હતો. બંને ભાઈબહેનો ઇંદ્રને જેમ જયંત અને સમુદ્રને જેમ શશાંક અતિ વલ્લભ હતા તેમ રાજદંપતીને અતિશય વહાલાં હતાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આઠ વર્ષની યોગ્ય ઉંમરે માતાપિતાએ કાલકકુમારને વિદ્વાન્ કલાચાર્ય પાસે વિદ્યાભ્યાસ માટે મૂકયો. તીક્ષ્ણ બુદ્ધિશાળી રાજકુમારે ટૂંક સમયમાં જ અનેક કળાઓને, જાણે પૂર્વની શિક્ષિત હોય તેમ, પ્રાપ્ત કરી લીધી. અશ્વપરીક્ષા ને બાણવિદ્યામાં તો આ કાલકકુમારની સ્પર્ધા કોઈ પણ કરી શકતું નહિ. તેમની બંને વિદ્યા સંબંધી પ્રાવીણ્યતા ભલભલાને મુગ્ધ કરી દેતી.

કાલકકુમાર હવે સોળ વર્ષની વયે પહોંચ્યો. રાજ્યપદને યોગ્ય તેની ઉમર થઈ ગઈ. એક વખત વીરસિંહ (વજ્રસેન) રાજવીએ ખોરાસાન(અફઘાનિસ્તાન)થી ભેટમાં આવેલ ઘોડાઓની પરીક્ષા કરવાનું કાર્ય તેને સુપ્રત કર્યું. કાલકકુમાર સમાન વયવાળા ૫૦૦ મિત્રોને લઈ વનમાં અશ્વ-પરીક્ષાર્થે ગયો. ઉપરોક્ત ૫૦૦ અશ્વો તૂરી જાતિના વેગવંત અને ઉચ્ચ કોટીની ઓલાદના હતા. તે રાજ્યની અશ્વશાળાને માટે ખાસ ભેટ દાખલ આવેલ હતા. ધોરીતક, લુપ્ત, વલ્ગિત, ઉત્તેજિત, અલસ અને ઉત્તરિત વિગેરે ગતિથી અશ્વોને ચલાવી પરીક્ષક રાજકુમારે તેને અત્યંત શ્રમિત કર્યાં.

લગભગ છ સાત ઘડીની એક સરખી અશ્વસ્વારીથી શ્રમિત થએલ રાજકુમારે થાકને ઉતારવા આંબાના વિશાળ વૃક્ષની છાયા નીચે આશ્રય લીધો.

વૃક્ષ નીચે વિશ્રાંતિ લેતાં રાજ્યકુમારને કાને આ સમયે નજદીકના ઉપવનમાંથી અત્યંત કોમળ અને મીષ્ટ ધ્વનિ સંભળાયો. કુમારે એક સુભટને પૂછયું કે–"આ નિર્જન જેવા જણાતા ઉપવનમાં આવો શાંત અને કર્ણપ્રિય અવાજ કોનો આવે છે ?"

સુભટને ઉપરોક્ત વનમાં તપાસ કરતાં જણાયું કે પ્રશાંત અને પવિત્ર મૂર્તિને ધારણ કરનાર ગુણાકરસૂરિ નામના આચાર્ય અનેક સાધુઓના પરિવાર સહિત વૃક્ષ નીચે બિરાજેલા છે. તેઓ શિષ્યસમુદાયને સંબોધીને વ્યાખ્યાન આપી રહ્યા છે. મધુર વ્યાખ્યાનનો ધ્વનિ શુદ્ધ સ્વરૂપમાં કુમારને સંભળાય છે. સુભટે આવી ઉપરોક્ત હકીકત જણાવી.

દૂર દૂરથી સંભળાતા વ્યાખ્યાનના મધુર રસથી આકર્ષાએલ કુમાર ત્યાંથી ઊભો થયો અને પોતાના પરિવારને સંબોધી તેણે કહ્યું કે–"ચાલો, આપણે તે સંતપુરુષ પાસે જઇએ અને વાર્તાલાપદ્વારા આપણો થાક ઉતારીએ."

મહારાજા વજ્રસેને રાજકુમારના રક્ષણાર્થે પોતાના વયોવૃદ્ધ મંત્રીને સાથે રખેલ હતો. તેમને કુમારનું કહેવું રુચ્યું. ૫૦૦ સુભટોના પરિવાર સહિત ઉપરોક્ત ઉદ્યાનમાં કુમાર આવી પહોંચ્યો.

ગુરુ સમક્ષ આવતાં જ રાજકુમારે આચાર્યદેવને તેમજ સાધુ સમુદાયને વંદન કર્યું અને યોગ્ય આસને બેઠક લીધી. સાથે તેમનો પરિવાર પણ બેઠો. કુમારનું ભવ્ય લલાટ, તેજસ્વી મુખમંડળ, હસ્તપાદાદિની ઉચ્ચ રેખાઓ વિ૦ જોતાં ગુણાકરસૂરિ ચિત્તમાં ચમત્કાર પામ્યા.

તરત જ જ્ઞાનનો ઉપયોગ મૂકી મહાન્ સૂરીશ્વરે જાણી લીધું કે-ભવિષ્યમાં આ રાજ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat     www.umaragyanbhandar.com

પુત્ર સમર્થ આચાર્ય થશે. તેમનાથી જૈન શાસનનો સારો પ્રભાવ વિસ્તરશે. તેનો દીક્ષાયોગ અને સુયોગ્ય કાળ પણ આ સમયે છે. જ્ઞાનબળે જોનાર ગુણાકરસૂરિએ રાજકુમારના હૃદયમાં સચોટપણે અસર કરે એવી રીતે નીચે પ્રમાણે વૈરાગ્યવાહિની દેશના આપી.

" હે મહાનુભાવો,

આ અસાર સંસાર-સાગરનું ફળ ધર્મકરણી છે. એક તો માનવ જન્મ મળવો મુશ્કેલ છે, તેમાં પણ આર્યક્ષેત્ર મળવું મુશ્કેલ છે, આર્યક્ષેત્ર મળવા છતાં પણ સુકુળ મળવું દુર્લભ છે. ભાગ્યયોગે આ બધા પ્રકાર મળવા છતાં પણ જૈન ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે. કહ્યું છે કે-

मानुष्यं दुर्लभं प्रोक्तमार्यक्षेत्रं ततोऽपि च।
ततोऽपि सुकुलं तत्र, जिनधर्मः सुदुर्लभः ॥१॥

આ સંસાર એ મોહરાજાની રંગભૂમિ છે. તે જીવોને પોતાના વશમાં લઇ પોતાના મનમાન્યા પ્રમાણે નચવે છે. પંડિત પુરુષો મોહરાજાની જાળમાં ફસાતા નથી. આ સંસાર ખરેખર ભય, ચિંતા, વ્યાધિ, આધિને ઉપાધિથી પરિપૂર્ણ છે. કહ્યુ છે કે-

न चेन्द्रस्य सुखं किञ्चिन्न चापि चक्रवर्तिनः।
सुखमस्ति विरक्तस्य मुनेरेकान्तजीविनः ॥१॥

ઇંદ્ર મહારાજા કે ચક્રવર્તી જેવાને પણ આ સંસારમાં સુખ નથી; ફક્ત વૈરાગ્યવાસિત સાધુપુરુષ જ નિજાનંદમાં મસ્ત રહે છે; કારણ કે-

श्रियो दोलालोला विषयजरसा प्रान्तविरसा,
विपद्गेहं देहं महदपि धनं भूरिनिधनम्।
बृहच्छोको लोकः सततमबला दुःखबहुला-
स्तथाप्यस्मिन् घोरे पथि बतहता हन्त कुधियः॥

લક્ષ્મી હીંચકા સમાન ચપળ છે, વિષયવિલાસો છેવટે વિરસ છે, શરીર વ્યાધિના-આપત્તિના સ્થાનરૂપ છે, ધન મૃત્યુનું કારણ છે, સ્ત્રી દુઃખ દેવાવાળી છે-આ પ્રમાણે સ્થિતિ હોવા છતાં, ખરેખર આશ્ચર્યની વાત છે કે દુર્બુદ્ધિ લોકો આ સંસારમાં આસક્તિ ધરાવે છે."

આ પ્રમાણે ભવનિર્વેદ પ્રગટાવતી વૈરાગ્યવતી દેશનાની અસર કુમારના હૃદય ઉપર સચોટ થઈ.

દેશના શ્રવણ કર્યા બાદ ગુરુદેવને કુમારે કહ્યું કે-" હે ભગવન્ ! આપના આ ઉપદેશથી મારો આત્મા પ્રસન્ન થયો છે. આપે દીક્ષાને નૌકાતુલ્ય જણાવી તે યોગ્ય છે, જેનો આશ્રય લઇ મોક્ષગતિ પ્રાપ્ત કરવાની હું ઇચ્છા ધરાવું છું, માટે હે ભગવન્ ! વડિલોની આજ્ઞા લઈ હું આપની પાસે આવું ત્યાં સુધી આપ અહિં જ બિરાજશો, એવી મારી પ્રાર્થના છે."

સાથે રહેલ વયોવૃદ્ધ અમાત્ય અને સેવકોને પાટવી કુંવરની આ જાતની વાણીથી આશ્ચર્ય થયું. તેઓ રાજકુમારને સંબોધી કાંઇક કહે ત્યાર પૂર્વે જ રાજકુમારે ત્વરિત ગતિએ રાજમહેલ તરફ પ્રયાણ કર્યું.

ધારાવાસ જેવા વિશાળ રાજ્યના લોકપ્રિય પાટવીકુંવર અને એકના એક લાડકવાયા રાજપુત્રે માતા-પિતા સન્મુખ જઈ, અતિશય વિનયપૂર્વક ચારિત્ર અંગીકાર કરવાની પોતાની ભાવના દર્શાવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અચાનક વજ્રપાત જેવી કુમારની વાણી સાંભળી માતાપિતાને પુત્રપ્રેમને અંગે ઘણું જ લાગી આવ્યું, છતાં પુત્રમાં ઉચ્ચ કોટીનો વૈરાગ્ય જોઇ સંસ્કારિક માતાપિતાએ તેના આત્મકલ્યાણના માર્ગમાં અનુમતિ આપી.

ધારાવાસ નગરમાં જ આચાર્યદેવની પધરામણી સાધુ સંપ્રદાય સાથે ઉત્સાહભેર કરવામાં આવી. રાજપુત્રનો દીક્ષા મહોત્સવ પણ ઘણી જ સારી રીતે ઉજવવામાં આવ્યો.

પોતાના વડિલ ભ્રાતાને દીક્ષિત થવાની પવિત્ર અભિલાષાવાળો જાણી નાની બહેન સરસ્વતીએ પણ દીક્ષા માટે અનુમતિ માંગી.

વૃદ્ધ માતા પિતા માટે પોતાના લાડકવાયા બંને તનુજોથી આ પ્રમાણે વિખૂટા પડવાનો પ્રસંગ એ કેવો દુર્ઘટ સમય હશે? તેમાં વળી રાજ્યપદને લાયક બાહોશ, પરાક્રમી અને બુદ્ધિશાળી પુત્ર તેમજ રૂપસંપન્ન અને કળાવાન રાજકુમારી.

આ પ્રમાણેના લાડકવાયા તનુજોને આત્મકલ્યાણ અર્થે સંસાર અને રાજ્યવૈભવનો ત્યાગ કરી વનવાસી સાધુપણાને પ્રાપ્ત કરતાં જોઈ માતાપિતાને તથા કુટુંબીઓને બેહદ લાગી આવ્યું, છતાં મોહમાયામાં મસ્ત રહેવામાં તેમજ તેને જીતવામાં પણ શૂરા એવા સંસ્કારી અને ધર્મિષ્ઠ રાજવીએ અંતે અનુમતિ આપી.


આ પ્રમાણે રાજપુત્ર કાલક અને સાધ્વી સરસ્વતીની દીક્ષા, જે ઉપવનમાં આચાર્યદેવે કાલકકુમારને વૈરાગ્યવાસિત બનાવ્યો હતો તે જ ઉપવનમાં અને તે જ આસોપાલવના વૃક્ષ નીચે થઈ.

નવદીક્ષિત મુનિનું નામ કાલક મુનિ રાખવામાં આવ્યું. બહેનના રક્ષણનો ભાર કાલક મુનિ પર મૂકી સાધ્વી સરસ્વતીને કાલક મુનિને સોંપવામાં આવી.

થોડાં જ વર્ષોમાં આજ્ઞાંકિત અને વિનયશીલ શ્રી કાલક મુનિએ અને સાધ્વી સરસ્વતીએ આચાર્ય ગુણાકરસૂરિ અને સંઘાડાના સાધુઓના સત્સંગમાં રહી, વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, અલંકાર, છંદ, જ્યોતિષ અને મંત્ર-તંત્ર-વિદ્યામાં સારામાં સારી નિપુણતા પ્રાપ્ત કરી.

વયોવૃદ્ધ અવસ્થાએ પહોંચેલ શ્રી. ગુણાકરસૂરિએ પોતાના સંઘાડાનો ભાર કાલક મુનિ પૂરેપૂરો સંભાળી શકશે એમ લાગવાથી જ્ઞાની ગુરુમહારાજે શ્રી કાલક મુનિની આચાર્યપદે સ્થાપના કરી. અને શ્રી કાલક મુનિ કાલિકાચાર્યના નામથી પ્રસિદ્ધિ પામ્યા.

ટૂંક સમયમાં જ ગુણાકરસૂરિએ પરલોકની સાધના કરી, એટલે સાધુ સંઘાડાનો આખો ય ભાર શ્રી કાલિકાચાર્યના શિરે આવ્યો, જે ભાર, એક સમર્થ રાજવી રાજ્યનો ભાર સારી રીતે વહન કરે તેમ સારી રીતે સંભાળી લીધો.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૨ જું

## મગધ સામ્રાજ્યનો પૂર્વ ઇતિહાસ

આચાર્યપદની પ્રાપ્તિ બાદ તે શ્રી કાલિકાચાર્યજી બિહારથી વિહાર કરતા સાધુ-સંપ્રદાય સહિત અવંતિ(ઉજ્જૈન)માં આવી પહોંચ્યા. ઉજ્જૈનની બહાર શીપ્રા નદીના કાંઠા પરની પૌષધશાળામાં સ્થિરતા કરી.

બીજી બાજુએ ભાઇના રક્ષણમાં રહેલ સાધ્વી સરસ્વતીએ પણ પાછળથી પોતાના પરિવાર સહિત બિહારથી વિહાર કરી ઉજ્જૈન નગરીના ઉપાશ્રયમાં સ્થિરતા કરી.

મૌર્યસમ્રાટ સંપ્રતિના સમયથી જૈન ધર્મ-વાસિત બનેલી અવન્તીની પ્રજા અદ્યાપિ પર્યંત ધર્મ અને સાધુ સંપ્રદાય પ્રત્યેની ભાવનાઓનું પૂરેપૂરું સેવન કરી રહી છે.

ઉજ્જૈનીના રાજ્યવહિવટમાં મહાજનનું પૂરેપૂરું ચલન હોવાના કારણે અને લોક-સભાના નિયમાનુસાર ચાલતા રાજ્યવહિવટ-માં કોઈ પણ જાતનો ફેરફાર થએલો ન હોવાને લીધે સમ્રાટ્ સંપ્રતિ પછીના ૨૦૦ વર્ષના ગાળાબાદ પણ અવન્તી જૈન ધર્મની સુવાસથી સુવાસિત જ હતી.

**પૂર્વકાલીન ઇતિહાસની સમાલોચના**

**અવંતીની** રાજ્યસત્તામાં મહારાજા સંપ્રતિના સ્વર્ગવાસ બાદ લગભગ ૫૦ વર્ષે કુટુંબકલહના કારણે ફેરફાર થયો હતો. અવન્તીની રાજ્યગાદી ગર્દભીવંશી ત્રંબાવતીના ક્ષત્રિય રાજવી દર્પણના હાથમાં તલવાર અને ગર્દભી વિદ્યાની દૈવિક શક્તિના કારણે જઇ ચઢી હતી. ઐતિહાસિક કાળગણના પ્રમાણે વીર નિર્વાણનો ૩૮૦ નો ગાળો રાજ્ય-તંત્રના ફેરફારમાં ઉપલબ્ધ થાય છે.

મગધ સામ્રાજ્ય ઉપર મૌર્યવંશની રાજ્યસત્તાની સ્થાપના વીર નિર્વાણ ૨૧૦માં થઇ હતી.

મૌર્યવંશના નવ રાજવીઓએ નીચે પ્રમાણે ક્રમશઃ રાજ્યસત્તા ભોગવી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| નામ | વીર નિર્વાણ | ઈ. સ. પૂ. | વર્ષ |
|---|---|---|---|
| ૧ મહારાજા ચંદ્રગુપ્ત | ૨૧૦ થી ૨૩૪ | ૩૨૨ થી ૨૯૮ | ૨૪ |
| ૨ મહારાજા બિંદુસાર | ૨૩૪ થી ૨૫૯ | ૨૯૮ થી ૨૭૩ | ૨૫ |
| ૩ ,, અશોક | ૨૫૯ થી ૨૯૫ | ૨૭૩ થી ૨૩૭ | ૩૬ |
| ૪ A સંપ્રતિ | ૨૯૫ થી ૩૨૯ | ૨૩૭ થી ૨૦૩ | ૩૪ |
| B અવન્તીપતિ તરીકે સમ્રાટ સંપ્રતિ મગધના પાટવીકુમાર તરીકે | ૨૭૦ થી ૩૨૩ ( ૫૩ વર્ષ ) ૨૭૦ થી ૨૯૫ | | ( મગધ-સામ્રાજ્યના ) |
| ૫ મહારાજા દશરથ (સંપ્રતિના પ્રતિનિધિ તરીકે ૨૯૫ થી ૩૨૩) | ૩૨૩ થી ૩૩૮ | ૨૦૩ થી ૧૮૮ | ૧૫ |
| ૬ ,, શાલીશૂક | ૩૩૮ થી ૩૪૭ | ૧૮૮ થી ૧૭૯ | ૯ |
| ૭ ,, દેવવર્મા | ૩૪૭ થી ૩૫૫ | ૧૭૯ થી ૧૭૧ | ૮ |
| ૮ ,, શતધનુષ્ય | ૩૫૫ થી ૩૬૩ | ૧૭૧ થી ૧૬૩ | ૮ |
| ૯ ,, બૃહદ્રથ | ૩૬૩ થી ૩૭૦ | ૧૬૩ થી ૧૫૬ | ૭ |
| | | કુલ વર્ષ | ૧૬૦ |

આ પ્રમાણે મૌર્યવંશે મગધ સામ્રાજ્ય ઉપર ૧૬૦ વર્ષ રાજ્ય કર્યું જેમાં પ્રભુ મહાવીરના સમકાલીન ને મગધ સામ્રાજ્ય ઉપર રાજ્ય કરતા શિશુનાગવંશી મહારાજા ભંભાસાર ઊર્ફે મહારાજા શ્રેણિક અને તેના સમસ્ત રાજ્યકુટુંબે જૈન ધર્મનું પાલન ઘણી જ સુંદર રીતે કર્યું હતું. મગધસામ્રાજ્ય ઉપર બાવન વર્ષ સુધી રાજ્ય કરનાર મહારાજા શ્રેણિકના સમકાલીન થએલ પ્રભુ મહાવીરના ચૌદ ચાતુર્માસો રાજગૃહી નગરીના નાલંદા નામના પાડામાં થયા હતા જેમના પ્રતિબોધથી અને સત્સંગથી મગધનું પાટનગર રાજગૃહી તે કાળે જૈન ધર્મના પ્રચારનું કેન્દ્રસ્થાન બન્યું હતું. રાષ્ટ્રધર્મ તરીકે જૈન ધર્મે અગ્રસ્થાન મેળવ્યું હતું.

પ્રભુ મહાવીરના સમાગમના કારણે મહારાજા શ્રેણિક અને તેમનું કુટુંબ જૈન ધર્મમાં એટલી હદ સુધી ઓતપ્રોત થયું હતું કે ખુદ મહારાજા શ્રેણિક સમકિતધારી પરમાર્હંત્ શ્રાવક બન્યા હતા. એટલું જ નહિ પરન્તુ ઉત્કૃષ્ટ ભાવનાના યોગે તેઓ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરવા ભાગ્યશાળી થયા હતા, જેઓ ઉત્સર્પિણી કાળની આગામી ચોવીશીના પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થવાના છે.

પ્રભુ મહાવીરના પ્રતિબોધે અને સત્સમાગમે રાજ્યકુટુંબમાંથી શ્રેણિકની તેર રાણીઓએ તેમની પરવાનગીથી પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી.

૧ સુનંદા ( અભયકુમારની માતા ), ૨ નંદમતિ, ૩. નંદોત્તરા, ૪. નંદસેના, ૫. મહત્તા, ૬. સમુરુતા, ૭. મરુદેવા, ૮. ભદ્રા, ૯. સુભદ્રા, ૧૦. સુજાતા, ૧૧. સુમનાનિ, ૧૨, મહામરુતા ૧૩. ભૂદીસા.

ઈ. સ. પૂર્વે ૫૨૮ મહારાજા શ્રેણિકનો સ્વર્ગવાસ થતાં તેમની પશ્ચાત્ પ્રભુ મહાવીર પાસે નીચેની દશ રાણીઓએ પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી, જેમના નામ નીચે પ્રમાણે–

૧. કાલી, ૨. સુકાલી, ૩. મહાકાલી, ૪. કૃષ્ણા, ૫. સુકૃષ્ણા, ૬. મહાકૃષ્ણા, ૭.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વીરકૃષ્ણા ૮. રામકૃષ્ણા, ૯. પિતૃસેના અને ૧૦. મહાસેના.

આ સર્વે રાણીઓને લગતું વૃત્તાંત અંતગડદશાંગ સૂત્રના વર્ગ ૭ માના નવમા અધ્યયનમાં છે. જાતિસ્મરણજ્ઞાનવાળી દુર્ગંધા નામે મહારાજા શ્રેણિકની અતિપ્રિય રાણીએ પણ મહારાજાની આજ્ઞા મેળવી પ્રવજ્યા અંગીકાર કરી હતી.

આ પ્રમાણે મહારાજા શ્રેણિકના રણવાસમાંથી ૨૪ રાણીઓએ પ્રવજ્યા ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધ્યું હતુ.

મહારાજા શ્રેણિકના દશ પુત્રોએ પણ પ્રભુ મહાવીરની પાસે પ્રવજ્યા ગ્રહણ કરી હતી. એમના નામો નીચે મુજબ છે.

૧. જાલી, ૨. મયાલી, ૩. ઉવયાલી, ૪. પુરુષસેન, ૫. વારિસેન, ૬. દુર્ગંદત્ત, ૭. લષ્ટદંત, ૮. વિહલ, ૯. વિહાંસ, ૧૦. પાટવીપુત્ર અભય.

આ દશ પુત્રોમાંથી પ્રથમના આઠ પુત્રો મહારાણી ધારિણીના હતા. નવમો પુત્ર વિહાસ ચિલણાનો હતો અને પાટવીપુત્ર અભય સુનંદાનો પુત્ર હતો.

આ સિવાયના બીજા તેર પુત્રો કે જેઓ ધારિણીના પુત્રો હતા. તેઓએ આત્મકલ્યાણ માટે દીક્ષા લીધી હતી. આને લગતું વૃત્તાંત અનુત્તરોપપાતિક નામના, નવમા અંગના ૧ લા વર્ગમાં આપેલું છે.

શ્રેણિક મહારાજાના દીક્ષિત થએલ ૨૩ પુત્રોના લગ્નો એક કરતાં અધિક રાજપુત્રી સાથે થયા હતા. તેમની રાણીઓએ પણ તપ–જપ આદિ ક્રિયાથી આત્મકલ્યાણ સાધ્યું હતું, જેને લગતું વૃત્તાંત પણ ઉપરોક્ત ગ્રંથમાં આપેલું છે.

આ સિવાય મેઘકુમાર કે જે ધારિણી રાણીનો પ્રથમ કુમાર હતો તેણે પણ દીક્ષા અંગીકાર કરી હતી. જેનું રસિક વૃત્તાંત કલ્પસૂત્ર તેમજ ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્રમાં આપવામાં આવ્યું છે. તેવી જ રીતે શ્રેણિક મહારાજાના નંદીષેણ નામના પુત્રે પાંચશે રાણીનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરીને આત્મકલ્યાણ સાધ્યું હતું.

પ્રભુ મહાવીરના ઉપદેશથી નીચે પ્રમાણે દેશના રાજાઓએ જૈન ધર્મ અંગીકાર કરી પોતાના પ્રાંતમાં વીરધર્મનો ફેલાવો કર્યો હતો.

સાહિત્યપ્રેમી પ્રાતઃસ્મરણીય વિજયાનંદસૂરિ મહારાજે જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તરી નામના ગ્રંથમાં નીચે પ્રમાણે દર્શાવેલ છે. તેઓના જણાવવા મુજબ નીચેના રાજાઓમાંથી ઘણા રાજાઓ પૂર્વકાળે સનાતનધર્મી હતા. તદ્‌પશ્ચાત્‌ ગૌતમબુદ્ધના પરમ ભકત બન્યા હતા, પરન્તુ પાછળથી પ્રભુ મહાવીરનો ઉપદેશ સાંભળી તેઓએ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો; કારણ કે પ્રભુ મહાવીર નિર્વાણના લગભગ ૧૬ વર્ષ પૂર્વે ગૌતમબુદ્ધે કાળ કર્યો હતો. શ્રી ગૌતમબુદ્ધના નિર્વાણ બાદ પ્રભુ મહાવીર કેવળજ્ઞાની તરીકે વિચરતા હતા, જેમના ઉપદેશથી બૌદ્ધધર્માનુરાગી બનેલ રાજાઓએ જૈન ધર્મ અંગીકાર કર્યો હતો.

૧. મગધ (રાજગૃહી) મહારાજા શ્રેણિક, ૨. ચંપાનગરીના રાજા, શ્રેણિકનો પુત્ર અશોકચંદ્ર જેનું પ્રસિદ્ધ નામ કોણિક, ૩. વૈશાલિના રાજા ચેટક અને તેના સામંતો મળી ૨૧ રાજાઓ, ૪. કાશીદેશના મલ્લકી જાતિના નવ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat  www.umaragyanbhandar.com

માંડલિક રાજાઓ, ૫. કોશલ દેશના લીચ્છવી જાતિના નવ રાજાઓ, ૬. અમલકલ્પાનગરીના શ્વેત નામના રાજા, ૭. સિંધ સૌવીર વીતભયપટ્ટનના ઉદાયન રાજા, ૮. કૌશંબી નગરીના ઉદાયન વત્સરાજા, ૯. ક્ષત્રિયકુંડગ્રામ નગરના નંદિવર્ધન રાજા, પ્રભુ મહાવીર વડિલ ભ્રાતા, ૧૦. માલવદેશના મહારાજા ચંડપ્રદ્યોત, ૧૧. હિમાલય પર્વતની ઉત્તર તરફ પૃષ્ઠચંપાના રાજા શાલ અને મહાશાળ નામના બે ભાઈઓ, ૧૨. પોલાસપુર નગરના વિજય નામના રાજા, ૧૩. પ્રતિષ્ઠાનપુરના પ્રસન્નચંદ્ર રાજવી, ૧૪. હર્ષશીર્ષ નગરના આદિનશત્રુ રાજા, ૧૫. વૃષભપુરના ધનાવહ રાજા, ૧૬. વીરપુર નગરના વીર કૃષ્ણુમિત્ર રાજા, ૧૭. વિજયપુરના પ્રિયચંદ્ર રાજા, ૧૮. મહાપુરના બળરાજા, ૧૯. ચંપાનગરીના દત્તરાજા અને ૨૦. સાકેતપુરના મિત્રનંદી રાજા.

આ ઉપરાંત અનેક નાના મોટા રાજવીઓએ, સરદારોએ તેમજ ઉપરોક્ત દેશની વિવિધ પ્રજાઓએ જૈન ધર્મ સ્વીકાર્યો હતો. જૈન ધર્મ રાષ્ટ્રધર્મ તરીકે પ્રચલિત થયો હતો.

પ્રભુ મહાવીરનું નિર્વાણુ પાવાપુરીમાં ઈ. સ. પૂર્વે ૫૨૭માં આશ્વિન વદ ૦))ની પાછલી રાત્રિએ સ્વાતિ નક્ષત્રના યોગમાં થયું હતું. સંયોગવશાત્ તે જ રાત્રીએ અવન્તીના રાજા ચંડપ્રદ્યોતનો પણ સ્વર્ગવાસ થયો.

વીર નિર્વાણુ કાળગણુનામાં સંકળાએલ નોંધ પ્રબંધ ચિંતામણી નામના ગ્રંથમાં વિક્રમની ૧૪ મી સદીમાં થએલ શ્રી મેરુતુંગાચાર્યે લેતાં જણાવ્યું છે કે "ઉજ્જૈનીપતિ મહારાજા ચંડપ્રદ્યોતનો સ્વર્ગવાસ થતાં તેના પુત્ર પાલકને અવન્તીની રાજ્યગાદી મળી."

પાલકે અવન્તીપતિ તરીકે ૬૦ વર્ષ રાજ્ય ભોગવ્યું.

વીરનિર્વાણુ ૬૦ મા અવન્તીપતિ મહારાજા પાલકનો સ્વર્ગવાસ થયો. તે જ રાત્રીએ મગધાધિપતિ મહારાજા ઉદાયન નિર્વંશ સ્વર્ગવાસી થતાં મગધની ગાદીના નૂતન રાજવીની શોધ પંચદિવ્ય વસ્તુ સહિત ફરતા પટ્ટહસ્તિ સહ રાજ્ય અમલદારો અને મહાજનોએ કરી. નાપિત પુત્ર નંદીવર્દ્ધન ઉપર પટ્ટહસ્તિએ સૂઢમાં રહેલ અમીરસથી ભરેલ કુંભનો અભિષેક કર્યો. આ સમયે સાથે રહેલ અશ્વે પણ શરદૃઋતુના મેઘના ધ્વનિ સમાન હેષારવ કર્યો. તુરત જ દૈવી કૃતિમાં શ્રદ્ધા ધરાવનાર પ્રધાન આદિ પુરુષો, નગરજનો અને દેશવાસી જનોએ નાપિત પુત્ર નંદ કે જેનો જન્મ એક વેશ્યાના પેટથી થયો હતો તેનો રાજા તરીકે સ્વીકાર કર્યો.

મહારાજા નંદના નામની ઉદ્‌ઘોષણા કરવામાં આવી અને ચામરધારીઓએ મહારાજા નંદને ચામર વીંઝવા શરૂ કર્યા. મહારાજા નંદનો તે જ દિવસે રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

આ પ્રમાણે શૂદ્રવંશી નાપિત પુત્ર નંદને મગધની મહામૂલી રાજગાદી દૈવયોગે પ્રાપ્ત થઈ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૩ જું

## નંદ વંશના ઇતિહાસની સમાલોચના

**વીર નિર્વાણ ૬૦માં એટલે ઇ. સ. પૂર્વે ૪૬૭માં મગધ સામ્રાજ્ય ઉપર નાપિત પુત્ર નંદના નિમિત્તે શુદ્રવંશની સ્થાપના થઇ.**

રાજ્યગાદી ઉપર આવનાર નંદનો રાજ્યાભિષેક પાટલીપુત્રની પ્રજાએ અને રાજ્યઅમલદારોએ ઉત્સાહથી ઉજવ્યો. ઉચિત સમયે રાજ્યાભિષેકનો દરબાર ભરવામાં આવ્યો.

રાજ્યગાદી ઉપર આવેલ રાજવીને સલામી ભરવાની પ્રાચીન પ્રથા હતી તે પ્રમાણે આ નૂતન રાજવીને સલામી આપવાનો સમય ઉપસ્થિત થતાં શુદ્ધ ક્ષત્રિયવંશી રાજયસત્તામાં મહત્તા માનનાર ઘણા ઉચ્ચ અમલદારોએ નૂતન રાજવીને સલામી આપવામાં આનાકાની કરી.

જ્યારે રાજ્યના ઉચ્ચ અધિકારીઓ નંદને નમવાથી આનાકાની કરવા લાગ્યા ત્યારે માંડલિક રાજાઓ તો સલામી આપવાની વાત જ શા માટે સ્વીકારે ? આ પ્રમાણે રંગમાં ભંગ પડે તેવો પ્રસંગ ઉપસ્થિત થયો.

નંદ વેશ્યાપુત્ર હતો તે સાથે દુનિયાની નવી જૂની તેણે અનુભવી લીધી હતી. ચમત્કાર વિના નમસ્કાર નથી એમ તે માનતો હતો. એણે પોતાનો મીજાજ ખોયો અને કોઇપણ જાતના સારાસારનો વિચાર કર્યા વિના કમરમાંથી તલવાર ખેંચી કાઢી અને જે વયોવૃદ્ધ અમાત્યો અને અમલદારોએ અદ્યાપિપર્યન્ત વફાદારીથી રાજ્યસેવા બજાવી હતી તેઓના મસ્તકો ઘાસના પૂળાની માફક ક્રૂરતાથી કાપી નાખ્યા.

રાજ્યસભામાં જે સમયે આનંદોત્સવ ઉભરાવો જોઇએ ત્યાં હોહાકાર મચી રહ્યો. સમજુ ને શાણા પુરુષો રાજવીની ક્રૂર આંખ નીરખી ગયા અને ખૂન ઉપર ચઢેલ આ નૂતન રાજવીને તુરતજ સમજાવવામાં આવ્યો. તેનો રોષ શાંત થતાં રાજ્યદરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજી બાજુ મહાજન, રાજ્ય અમલદારો અને માંડલિક સરદારોની એક ખાસ સભા ગુપ્ત રીતે એકત્ર થઇ છે. રાજ્યગાદી ઉપર આવનાર નાપિત પુત્રની વીરતાના એકતરફી વખાણ કરવામાં આવ્યા. અને આવો જ વીર પુરુષ રાજ્યની ગૌરવતા વધારી શકશે એવી સૌને ખાત્રી થઈ.

મહારાજા નંદને આ સમાચાર પહોંચાડવામાં આવ્યા અને તેને અતીવ આનંદ થયો. પુનઃ રાજ્યદરબાર ભરવાનો નિર્ણય થયો.

બીજા દિવસનો રાજ્યદરબાર ગત દિવસના રાજ્યદરબાર કરતાં વિશેષ મહત્ત્વતાભર્યો નીવડયો. જે રાજ્ય અમલદારો અને માંડલિક સરદારોએ વર્ષો દરમ્યાનમાં પણ હાજરી આપી ન હતી તેવા અમલદારોએ આજના દરબારમાં હાજરી આપી.

મહારાજા નંદે રાજ્યસભાને સંબોધી દરેકના મનને સંતોષ થાય એવી રીતનું દિલાસારૂપ પ્રવચન કરી, પોતાને હાથે બનેલ અત્યિચારી ઘટના અંગે દિલગીરી જાહેર કરી, અને જણાવ્યું કે—

શિશુનાગવંશી રાજવીઓને પગલે ચાલી, કોઈપણ રીતની ધાર્મિક સ્વતંત્રતામાં વિઘ્નરૂપ ન બનતાં હું દરેક રીતે પ્રજાને મદદગાર બનીશ.

મહારાજા નંદનું આ સમયનું પ્રવચન સૌને રુચક બન્યું. મહાઅમાત્યની ખાલી પડેલ જગ્યા ઉપર નાગરવંશી **શકડાલ** નામના બુદ્ધિમાન, ગૌરવશાળી અને પ્રતિભાવાન પુરુષની અમાત્ય તરીકે નિમણૂક કરવામાં આવી.

આ અમાત્યના કુટુંબે નંદ વંશની સ્થાપનાની શરૂઆતથી તે મૌર્યવંશની સ્થાપના પર્યન્ત રાજ્યની અપૂર્વ રીતે સેવા બજાવી. વીર નિર્વાણ ૧૪૬ માં ( અમારા સંશોધન પ્રમાણે વી. નિ. ૧૫૬ માં ) મહારાજા ધનનંદના સમયમાં આ અમાત્ય કુટુંબના શકડાલ નામના અમાત્ય ઉપર તે નિર્દોષ હોવા છતાં રાજ્યદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો. પરિણામે સમગ્ર કુટુંબની ઇજ્જત અને વફાદારીને અંગે આ વયોવૃદ્ધ અમાત્યે રાજ્યદરબારમાં પોતાના પુત્ર શ્રીયક, કે જે મહારાજાના અંગરક્ષક તરીકે ફરજ બજાવી રહ્યો હતો તેના હસ્તે જ પોતાનો શિરચ્છેદ કરાવ્યો. આ અમાત્યના શિરચ્છેદના કારણભૂત દ્રવ્યલોભી વરરુચિ નામનો બ્રાહ્મણ પંડિત હતો. તેણે આ વફાદાર અમાત્યના સંબંધમાં રાજાના કાન ભંભેરી શકડાલને પ્રપંચનો ભોગ બનાવ્યો હતો.

અમાત્ય પુત્ર શ્રીયકના લગ્નના બીજે જ દિવસે શકડાલ મંત્રીની વફાદારીને અંગે તેમને નિવૃત્તિ મળવી જોઇએ, અને તેના જયેષ્ઠ પુત્ર સ્થુલિભદ્રને અમાત્યપદ મળવું જોઇએ તેને બદલે તેનો શિરચ્છેદ થયો. રાજ્યસભામાં હદ ઉપરાંત કોલાહલ મચી રહ્યો અને આમાં ભયંકર તરકટ સમજાયું.

મહારાજાએ રાજ્યસભાને આશ્વાસન આપવા અનેક રીતના પ્રવચનો કર્યા છતાં પ્રજાને શાંતિ થઈ નહિ. અમાત્ય પુત્ર સ્થૂલિભદ્રને અમાત્ય પદની મુદ્રિકાના સ્વીકાર અર્થે કોશ્યા નામની વારાંગનાના ગૃહે આમંત્રણ મોકલ્યું. સ્થૂલભદ્ર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાર વર્ષથી તે વારાંગનાના વિલાસ ભુવનમાં જ વાસ કરીને રહ્યા હતા. આમંત્રણ લઈ જનાર સુભટે અમાત્ય પુત્રને પિતાના મૃત્યુના પણ સમાચાર સંભળાવ્યા.

અચાનક પિતાના મૃત્યુનો વૃત્તાંત સાંભળી પ્રપંચી રાજ્યકારભાર અને મુદ્રિકા ઉપર તેમને તિરસ્કાર આવ્યો. પિતાના અકાળ મૃત્યુથી સ્થૂલિભદ્રના હૃદય ઉપર સખત આઘાત થયો.

વેશ્યાગૃહે બાર વર્ષથી મોજશોખ અને વિલાસમાં રહેલ અમાત્ય પુત્રના હૃદયમાં કોઈ દિવસ "શોક કે સંતાપ શું ચીજ છે" તેનો સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો ન હતો. તેની સેવામાં નિયમિત પળેપળ હાજર રહેનાર વેશ્યાએ અમાત્ય પુત્ર સ્થૂલિભદ્રની સગવડતા એવી રીતે સાચવી હતી કે તે સંબંધી વર્ણન કરતાં ગ્રંથકારો કહે છે કે-ભલે વેશ્યા વારાંગનાની પુત્રી હોવા છતાં એક આદર્શ ગૃહિણીની જેમ સ્થૂલિભદ્રને વફાદાર રહી, તેની સેવામાં તન, તેમજ આત્માને એવી રીતે અર્પણ કર્યો હતો કે જેનું વર્ણન સાહિત્યકારોથી પણ થઈ શકે તેમ નથી.

સ્ત્રીઓ માટે ચાર વિભાગો પાડવામાં આવ્યા છે. જેમાં પદ્મિની, હંસિની, ચિત્રિણી અને શંખિની. મનુષ્યને ગૃહસંસારમાં આદર્શ પત્ની કઈ રીતે મદદગાર બને છે તેનું વર્ણન કરતાં અનુભવી વિદ્વાન્ કહે છે કે-

भोजनेषु माता विचारेषु मंत्री ।
शयनेषु रंभा कर्त्तव्येषु दासी ॥

કોશ્યા સાથે સ્થૂલિભદ્રનો બાર વર્ષ જેટલો સમય પાણીના રેલાની માફક વહી ગયો. દુઃખ, ચિંતા ને ખિન્નતા શું કહેવાય તે તેમણે કદાપિ અનુભવ્યું નહોતું. વિલાસમાં મસ્ત બનેલ સ્થૂલભદ્રને પિતાના મૃત્યુના સમાચારથી આઘાત પહોંચ્યો. પ્રપંચી રાજ્યકારભાર ઉપર તિરસ્કાર આવ્યો. કોશ્યાની રજા મેળવી તે રાજદરબારમાં ગયા.

એક સોય પડે તો પણ અવાજ થાય તેવી નિરવ શાંતિ રાજદરબારમાં છવાઈ ગઈ હતી. બાર વર્ષથી દરબારમાં ન આવનાર અમાત્ય પુત્ર સ્થૂલિભદ્રને જોઈ સહુ કોઈ આશ્ચર્ય પામ્યા. દરબારમાં પ્રવેશતાં જ સ્થૂલિભદ્રે નિયમ પ્રમાણે મહારાજાને વિધિપૂર્વક નમન કર્યું.

મહારાજાએ ખેદપૂર્વક સ્થૂલિભદ્રને પિતાના મૃત્યુના સમાચાર આપી, અમાત્ય-મુદ્રિકા ગ્રહણ કરવા જણાવ્યું.

સ્થૂલિભદ્રે રાજ્યદરબારમાં ચારે દિશાએ નજર ફેરવી. તેના હૃદયમાં જાણે કાંઈક અલૌકિક ભાવનાઓ ઉત્પન્ન થઈ આવી. પ્રપંચી રાજ્ય-મુદ્રાના સ્વીકાર માટે આખીયે રાજ્યસભા, રાજ્યમંડપ તેનો નકાર કરતી હોય તેમ લાગ્યું. એકએક તેના હૃદયમાં દિવ્ય સંચાર થયો. આત્મશ્રદ્ધા અન્ય માર્ગ સૂચવી રહી હતી.

રાજવી પાસે તેમણે વિચાર કરવા માટે સમય માગ્યો. મહારાજાએ તેમને અનેકવિધ રીતે સમજાવ્યા.

રાજ્યદરબારમાંથી કોશ્યાગૃહે ન જતાં ઉદ્યાનમાં અશોક વૃક્ષની છાયા નીચે બેસી વિચારણા શરૂ કરી. વિચારમાં લયલીન બની જતાં તેમના પૂર્વ સંસ્કારોએ જોર કર્યું અને સાથોસાથ સંસારની અસારતાનું તેમને પૂરેપૂરું ભાન આવ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાડાબાર વર્ષની એકધારી કોશ્યાની પ્રીતિને ક્ષણમાં જ તેમણે બાળી ભસ્મ કરી અને ઘડીનાય વિલંબ વિના તરતજ કેશનો પંચમુષ્ટી લોચ કર્યો. સાધુવેષ ગ્રહણ કરી તેઓ દરબારમાં ગયા. રાજવીએ પૂછયું **किं लोचितम् ?** (વિચાર કરી લીધો?) જવાબમાં શ્રી સ્થૂલભદ્રે જણાવ્યું કે **आलोचितम्** અર્થાત્ કે રાજમુદ્રાને બદલે મેં આલોચના (દીક્ષા) સ્વીકારી લીધી છે. પછી સંસારરૂપ હસ્તીને વિદારવામાં સિંહ સમાન સ્થૂલભદ્ર મુનિ ગુફામાંથી જેમ કેસરી નીકળે તેમ રાજ્યસભામાંથી કોશ્યાગૃહે ન જતાં સીધા ઉપવનમાં જઇ, ત્યાં બિરાજતા સંભૂતિવિજય નામના આચાર્ય પાસે જઈ વિધિવત્ દીક્ષા અંગીકાર કરી. આ સમયે તેઓની ૩૦ વર્ષની ભરયુવાવસ્થા હતી.

સ્થૂલિભદ્રનો દીક્ષાકાળ અત્યંત જ્વલંત છે. તેમની ચારિત્રપ્રતિભા અને મનોદઢતા એવી મજબૂત હતી કે જેની પ્રશંસા તેમના વિરોધીઓને પણ કરવી પડતી. જે વેશ્યાને ત્યાં બાર વર્ષ સુધી યથેચ્છ ભોગવિલાસો માણ્યા તે જ વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરી, પોતાના સંયમને સુવર્ણની જેમ કસોટીદ્વારા શુદ્ધ દર્શાવ્યો. યુવાવસ્થા, એકાંતવાસ, કોશ્યા જેવી સદ્ગુણી વેશ્યા, બાર વર્ષનો પૂર્વ પરિચય, વિધવિધ ભોજનો છતાં સ્થૂલિભદ્રે પોતાના એક રુંવાડે પણ કામને પ્રવેશવા ન દીધો. વેશ્યાએ તેમને પૂર્વની સ્થિતિમાં રહેવા માટે અનેક પ્રકારે સમજાવ્યા, અનેક યુકિત પ્રયુકિતઓ કરી પણ મૃગલીથી જેમ કેશરીસિંહ ન કંપે તેમ તેઓ પોતાના ધ્યેયથી અંશ માત્ર ચળ્યા નહીં. આ જ કારણે તેમનું નામ ચોરાશી ચોવીશી પર્યન્ત અમરતાને વર્યું છે.

તેમના અધ્યક્ષપણા નીચે અગિયાર અંગની સૂત્રવાચના થઇ.

(૧) આચારાંગ સૂત્ર.
(૨) સૂયગડાંગ સૂત્ર
(૩) ઠાણાંગ સૂત્ર
(૪) સમવાયાંગ સૂત્ર
(૫) વિવાહપન્નતિસૂત્ર (ભગવતી)
(૬) જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
(૭) ઉપાસકદશાંગ સૂત્ર
(૮) અંતગડદશાંગ સૂત્ર
(૯) અનુત્તરોવવાઇ સૂત્ર
(૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર
(૧૧) વિપાક સૂત્ર

અગીઆર અંગ સૂત્રની વાચના આપનાર શ્રી સ્થૂલભદ્ર આચાર્યને પાટલીપુત્રના સંઘે યુગપ્રધાનપદ અર્પણ કર્યું.

પીસ્તાલીસ વર્ષ સુધી યુગપ્રધાનપદને દીપાવનાર સ્થૂલિભદ્ર આચાર્યનો સ્વર્ગવાસ વી. નિ. ૨૧૫માં વયોવૃદ્ધ અવસ્થાએ થયો.

તેમના સ્વર્ગવાસ સમયે મગધ સામ્રાજ્ય ઉપર રાજ્યસત્તાનો ફેરફાર થયો હતો. પંડિત ચાણાકયના કારણે મૌર્યવંશી રાજ્યપુત્ર ચંદ્રગુપ્તે મગધની રાજયગાદી હસ્તગત કરી હતી જેને લગતું વૃત્તાંત હવે પછી આપવામાં આવશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૪ થું

## નંદ વંશ( ચાલુ )

ભાગ્યચક્રના આધારે રાજ્યગાદી પ્રાપ્ત કરનાર નંદ રાજાએ મગધની પ્રતાપી ગાદી પર વી. નિ. ૬૦ થી ૯૨ સુધી ૩૨ વર્ષ રાજ્ય કર્યું. તેના પછી તેના પુત્ર મહાનંદીએ વી. નિ. ૯૨ થી ૧૧૦ સુધી રાજ્ય કર્યું.

મગધની સીમા વધારવામાં અને મગધ સામ્રાજ્યની કીર્તિ ઉપર સુવર્ણકળશ ચઢાવવામાં વીર રાજવીને છાજે તે રીતે તેણે અમલ કર્યો.

મહારાજા નંદે પંજાબમાં કાશ્મીર સુધી તેમજ દક્ષિણમાં કલિંગ સિવાય ભારતનો ઘણો-ખરો ભાગ પોતાને હસ્તગત કર્યો હતો.

સોલાપુર, કારવાર તેમજ મ્હેસુર રાજ્યના કુળરૂપ કુંતલ પ્રદેશ ઉપર તેણે પોતાની સત્તા જમાવી હતી.

દક્ષિણ કાનડા, ચોલ અને પલ્લવોને નમાવી આ વિજેતા નંદ રાજવીએ આંધ્રદેશમાં થઇ, બિહાર અને મધ્ય પ્રાંતને રસ્તે અનેક પ્રદેશો જીતી તે મગધ સામ્રાજ્યમાં પાછો ફર્યો હતો. મહારાજા નંદની અપૂર્વ વીરતાના કારણે પ્રજાએ તેને નંદિવર્દ્ધનનું બિરુદ અર્પણ કર્યું હતું. શિશુનાગ રાજવીઓની જેમ આ રાજકુટુંબોમાં પણ જૈન ધર્મ રાજધર્મ તરીકે પળાતો હતો. આ રાજા વિદ્યાવિલાસી અને કેળવણીપ્રિય હતો. પ્રજામાં સંસ્કાર પડે તે માટે તેમણે સ્થળે સ્થળે વિદ્યાકેંદ્રો સ્થાપ્યાં હતાં. પંજાબમાં અને નાલંદામાં વિદ્યાપીઠોની સ્થાપના કરી હતી આ વિદ્યાપીઠો મારફતે સંસ્કૃત, માગધી અને પાલી ભાષાના શિક્ષણ સાથે લિપિજ્ઞાન આપવામાં આવતું હતું. અર્થશાસ્ત્ર સાથે લશ્કરી તાલીમ આપવાનું વિશાળ ખાતું ખોલી આ વિદ્યાપીઠને ભારતવર્ષની અજોડ વિદ્યાપીઠ બનાવી મહારાજાએ પોતાની પાછળ અમર નામના મૂકી હતી.

૫૦ વર્ષ પર્યંત વીરતાથી રાજ્ય કરનાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નંદવંશી બંને રાજવીઓએ " શિશુનાગવંશી રાજાઓ " તરીકે રાજ્ય કર્યું હતું એટલે રાજ્ય કાળગણનામાં આ બંને રાજવીઓની કાળગણના શિશુનાગવંશી રાજવીઓમાં ગણાય છે

એમના પછી નીચેનાં સાત રાજવીઓએ નંદવંશી રાજવી તરીકે મગધ સામ્રાજ્ય ઉપર ૧૦૦ વર્ષ સુધી રાજ્યઅમલ ચલાવ્યો હતો.

## રાજ્ય અમલના વર્ષો નીચે મુજબ છે.

| નામ | વી. નિ. | ઇ. સ. પૂ. | વર્ષ |
|---|---|---|---|
| ૩ મહાનંદ | ૧૧૦ થી ૧૪૭ | ૪૧૭ થી ૩૮૦ | ૩૭ |
| ૪ સુમાલી | ૧૪૭ થી ૧૫૪ | ૩૮૦ થી ૩૭૩ | ૭ |
| ૫ બૃહસ્પતિ | ૧૫૪ થી ૧૫૬ | ૩૭૩ થી ૩૭૧ | ૨ |
| ૬ ધનનંદ | ૧૫૬ થી ૧૬૧ | ૩૭૧ થી ૩૬૬ | ૫ |
| ૭ બૃહદ્રથ | ૧૬૧ થી ૧૭૧ | ૩૬૬ થી ૩૫૬ | ૧૦ |
| ૮ સુદેત્ર | ૧૭૧ થી ૧૭૭ | ૩૫૬ થી ૩૫૦ | ૬ |
| ૯ મહાપદ્મનંદ | ૧૭૭ થી ૨૧૦ | ૩૫૦ થી ૩૧૭ | ૩૩ |

ઉપરોક્ત નંદવંશની કાળગણનામાં શિશુનાગવંશી કાળગણનામાં ઉમેરાએલ નંદવંશી પ્રથમ બે રાજવીઓ નંદીવર્દ્ધન અને મહાનંદીએ ૫૦ વર્ષ સુધી રાજ્ય કર્યું તે વસ્તુ નંદવંશી કાળગણનાથી અલગ પડવાના કારણે કાળગણનામાં નંદવંશના ૧૦૦ વર્ષ ગણાયા. વાસ્તવિક રીતે નંદવંશે ૧૫૦ વર્ષ સુધી મગધ સામ્રાજ્ય ઉપર રાજ્ય કર્યું.

નંદવંશના અંતિમ મહારાજા મહાપદ્મનંદના રાજ્ય દરબારમાં વિદ્વાન પંડિત ચાણાક્યનું અપમાન થએલું જે અપમાનનો બદલો અથવા વેરની વસુલાત પંડિત ચાણકયે હિમાલયની તળેટીમાં વસતા, મૌર્ય પુત્ર ચંદ્રગુપ્ત મારફતે લઇ, મગધ સામ્રાજ્ય ઉપર મૌર્ય વંશની સ્થાપના ઈ. સ. પૂર્વે ૩૧૭ માં એટલે વી. નિ. ૨૧૦ માં કરી.

ઇ. સ. પૂર્વે ૩૩૭ માં ભારત ઉપર પરદેશી યૂનાની આક્રમણકાર શાહ સીકંદરનું આક્રમણ અતિશય તીવ્ર બન્યું અને પંજાબની સરહદ સુધીના વીર રાજવીઓને હરાવતા શાહ સીકંદરે પૌરસ જેવા પંજાબી વીર કેશરી રાજવીને પણ તેણે મહાત કર્યો.

ઉદારચિત્ત મહારાજા પૌરસને જીતનાર શાહ સીકંદરે મહારાજા પૌરસને વીરતાના બદલામાં તેને બંધનમુક્ત કરી, મિત્ર બનાવી, તેનું જીતાએલ પંજાબનું રાજ્ય સુપ્રત કર્યું. એટલું જ નહિ પરન્તુ જેલમ, ચિનાબ, રાવી આદિના જે રાજ્યો જીત્યા હતા તેના સૂબા તરીકે પણ તેની જ નીમણૂક કરી.

આ કાળે ભારતમાં મગધ, કોશલ, વત્સ અને અવન્તીના ચાર રાજ્યો પ્રબળ અને સત્તાધીશ ગણાતા હતા. મગધની રાજ્યગાદી ઉપર મહારાજા મહાપદ્મનંદનો રાજ્ય અમલ હતો. કોશલ પ્રાંતની રાજ્યધાની શ્રાવસ્તીમાં હતી, વત્સ દેશની રાજ્યધાની કોશાંબીમાં હતી અને અવન્તીની રાજ્યધાની ઉજ્જૈનીમાં હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અંગ, મગધ, કાશી, કોશલ, વૈજન, માલ, ચેદી, વત્સ, કુરુ, પાંચાલ, સૂરસેન, મત્સ્ય, અશ્શક, અવન્તી, ગાંધાર અને કાંબોજ—આ પ્રમાણે સોળ પ્રાંતોમાં ભારતવર્ષ વહેંચાએલ હતું. આ સોળે પ્રાંતો પર અલગ અલગ રાજવીઓનું આધિપત્ય હતું. આ બધામાં મગધ, કોશલ વત્સ અને અવન્તીની રાજ્યસત્તા પ્રબળ ગણાતી હતી.

સમસ્ત ભારત જીતવાની આકાંક્ષાએ શાહ સીકંદરે પોતાના સહાયક બનેલ મહારાજા પોરસને એક વખત પૂછયું કે-રાજન્! મગધ સામ્રાજ્ય પરની ચઢાઈમાં આપ મદદ કરી શકશો ખરા કે?

જવાબમાં મહારાજા પૌરસે જણાવ્યું કે-હે રાજન્! આ રાજવીએ પૂર્વ અને પશ્ચિમ સુધીના પોતાના પ્રદેશોના રક્ષણાર્થે તેમજ તે પ્રાંતોથી આગળ વધી અન્ય પ્રાંતો ઉપરની ચઢાઈ અર્થે લગભગ ૫૦૦૦૦ હજાર જેટલી હસ્તી સેના તેમજ વિપુલ લશ્કરી સામગ્રી તૈયાર રાખી છે. મગધ સામ્રાજ્યના પશ્ચિમ તરફના પ્રાંતો પૈકી પણ એક પણ પ્રાંતની છેડતી કરવામાં સંપૂર્ણ જોખમ છે. રાજન્! કદાચને જીતાએલી બાજી હારી જવાનો પ્રસંગ પણ ઉપસ્થિત થઈ જાય. આપે મગધ સામ્રાજ્ય પર ચઢાઈ કરવાનું સાહસ ત્યજી દેવું તે જ શ્રેયસ્કર છે.

મૌર્ય સામ્રાજ્યના ઈતિહાસના કર્ત્તા જણાવે છે કે-શાહ સીકંદરના આક્રમણ પહેલાં મગધ સામ્રાજ્ય ઉપર રાજ્યકર્ત્તા મહાપદ્મ રાજાએ પોતાની હકુમત ભારતવર્ષના ઘણા પ્રાન્તો પર જમાવી હતી.

પ્રોફેસર મેક્ષમુલર હીસ્ટ્રી ઓફ લીટરેચર્સ, અલ્હાબાદ એડીસન ૧૪૩ મા પાના ઉપર નંદવંશને માટે પુરાણોને લગતું નિવેદન ટાંકી જણાવે છે કે—

महापद्मनंदस्ततः शूद्रागर्भोद्भवोऽतिलुब्धोऽतिबलो महापद्मनन्दनामा परशुराम इवापरोऽखिलक्षत्रियान्तकारी भविष्यति । ततः प्रभृति शूद्रा भूपाला भविष्यन्ति । स च एकच्छत्रामनुल्लंघितशासनो महापद्मः पृथ्वीं भोक्ष्यति ॥ विष्णुपुराण ॥

IV: CH. XXIV

શ્રી ભાગવત પુરાણમાં પણ જણાવવામાં આવ્યું છે કે—

"महानन्दी सुतो राजन्! शूद्रादूगर्भोद्भवो बली।
महापद्मपतिः कश्चिन्नन्दः क्षत्रविनाशकृत् ॥
ततो नृपा भविष्यन्ति—
स एकच्छत्रां पृथिविमनुलंघितशासनः ।
शासिष्यति महापद्मो द्वितीयरवभार्गवः ॥

स्कन्ध १२ अ. २

તેજ માફક કલિયુગ રાજવૃત્તાંતમાં પણ આને લગતું વૃત્તાંત આલેખવામાં આવ્યું છે.

વીર નિર્વાણ ૧૭૭ થી ૨૧૦ અને ઇ. સ. પૂર્વે ૩૫૦થી ૩૧૭ એટલે ૩૩ વર્ષ મહારાજા મહાપદ્મનંદનાં રાજ્યઅમલ દરમ્યાનમાં પશ્ચિમોત્તર ભારતમાં અંધાધૂંધી વ્યાપી હતી.

પ્રસિદ્ધ વિજેતા શાહ સીકંદરે પર્શિયન સામ્રાજ્યના પ્રદેશો, જેવા કે બાકૂત્રિયા, આક્રોશિયા આદિ સામ્રાજ્યોના અસ્તિત્વનો વિનાશ કરી મેસોડોનિયન સામ્રાજ્યની સ્થાપના કરી હતી. શાહ સીકંદરની અજેય



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સેના સામે પશ્ચિમ યૂરોપથી માંડી અફઘાનિસ્તાન અને બલુચિસ્તાન સુધીનો કોઇ પણ પ્રદેશ ટક્કર ઝીલી શકયો નહિ.

ઈ. સ. પૂર્વે ૩૨૬મા વર્ષે સીકંદરે અફઘાનિસ્તાનના વાયવ્ય કોણમાંથી આવી સિંધુ અને જેલમ નદી ઓળંગી, ભારતના વિશાળ ફળદ્રૂપ પ્રદેશો જીતી, તેની પણ પેલી પાર જઇ પૂર્વના મહાસાગર સુધી પહોંચવાની મહત્ત્વાકાંક્ષા સેવી હતી.

ભારતના દુર્ભાગ્યે તક્ષશિલા અને જેલમની આ બાજુના પંજાબના રાજવીને પરસ્પર વિરોધ ચાલ્યો આવતો હતો. પોતાની પ્રતિસ્પર્ધી બલાઢ્ય રાજ્યસત્તાને મહાત કરવામાં આ જાતના કુસંપનો તેણે લાભ ઉઠાવ્યો અને રાજદ્વારી શેત્રંજના પ્યાદા પ્રમાણે તેણે તક્ષશિલાના રાજવી આંભિસને ખાસ વિશ્વાસુ દૂતદ્વારા કહેણ મોકલ્યું કે-જો મહારાજા આંભિસ વીર નરેશ પોરસને જીતવામાં મને મદદ કરે તો તક્ષશિલાને આબાદ રાખી પંજાબની રાજ્યસત્તા તક્ષશિલાના રાજવીને શાહ સીકંદર સુપ્રત કરશે.

શાહ સીકંદરનો ઇરાદો પંજાબની કોઈ પણ રાજ્યસત્તાને હેરાન કર્યા વગર પૂર્વની બલાઢ્ય રાજ્યસત્તા મગધ ઉપર હલ્લો લઇ જવાનો હતો એટલે જો તેમાં તક્ષશિલાનો રાજવી આંભિસ શાહ સીકંદરને મદદ કરે તો જીતાએલા પ્રદેશોમાંથી તેને સારો જેવો ફાળો આપવાનો શાહનો ઈરાદો હતો. ચાલાક દૂતે વાતને સુંદર રીતે રજૂ કરી કે–તક્ષશિલા જેવા નાના રાજ્યનો ઘાણ નીકળી ન જાય અને નિર્દોષતાથી તેનું બલિદાન ન લેવાય, તેને ખાતર જ આ સંદેશ તમને મોકલવામાં આવ્યો છે. માત્ર રાજવી આંભિસની "હા અને ના" ઉપર જ રણક્ષેત્રનો આધાર છે.

શાહ સીકંદર સાથે મિત્રતા સાચવનાર યુરોપીય રાજવીઓમાંથી કોઇનો પણ વાંકો વાળ થયો નથી તેજ માફક તેની સાથે સંધિ ન કરનાર રાષ્ટ્રોનો કચ્ચરઘાણ નીકળી ગયો છે તે બધું સમજી આ રાજ્યખરીતાનો જવાબ વિચારપૂર્વક આપો.

રાજદૂતનું સ્વાગત ઘણી જ સુંદર રીતે કરવામાં આવ્યું. સંદેશનો જવાબ બીજે દિવસે આપવામાં આવશે એમ જણાવી રાજસભા બરખાસ્ત કરવામાં આવી.

રાજમહેલમાં તક્ષશિલાનરેશે અમાત્ય અને અમલદાર વર્ગની ગુપ્ત સભા એકત્ર કરી. મહારાજા આંભિસે ખુલ્લી રીતે જણાવ્યું કે "પંજાબ નરેશ વીર પોરસની સાથેના અણબનાવનો અને તેના પ્રત્યેના વેરનો બદલો લેવાનો યોગ્ય અવસર આજે આપણને પ્રાપ્ત થએલ છે. શાહ સીકંદર તરફથી તક્ષશિલાની રાજ્યસત્તાને કોઇ પણ જાતની હેરાનગતિ ન કરતાં જીતાએલ પ્રદેશમાંથી યોગ્ય લાભ આપવાનું આમંત્રણ આપવામાં આવે છે ત્યારે શા માટે આ પંજાબના અભિમાની નરેશના મદનું ખંડન ન કરવું ?"

વયોવૃદ્ધ અને દીર્ઘદ્રષ્ટા વફાદાર રાજ્ય અમલદારોએ મહારાજા આંભિસને સ્પષ્ટ જણાવ્યું કે–હે રાજન ! આર્યવંશી બંધુત્વની લઢાઈમાં પરદેશીની મદદ લેવામાં આર્યતત્ત્વનો વિનાશ થાય છે. અને આ રીતે મહારાજા આંભિસ પરદેશી યવન રાજ્યસત્તાની મદદથી ભારતને પરતંત્ર બનાવનાર રાજ્યદ્રોહી રાજવી ઠરશે. વૈરવૃત્તિને ભૂલી જઇ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માતૃભૂમિની મુક્તિ માટે પ્રયાસ કરવાની અત્યારે આવશ્યકતા છે. આ અનુપમ સમયે આપે મહારાજા પોરસ સાથે મળી જઇ સંપૂર્ણ મદદ કરી હિંદુત્વનું રક્ષણ કરવું એમાં જ સાચું ક્ષત્રિયપણું છે. તક્ષશિલાના રક્તપાતના બલિદાને સમસ્ત ભારતનું બલિદાન સજાશે. આપણા સંયુકત બળ સામે કોઈ પણ પરદેશી સત્તા ટકી શકશે નહિ. અત્યારનો પ્રશ્ન જીવન અને મરણનો છે. સ્વતંત્રતા કે ગુલામી તેનો આધાર આપણી વલણ પર છે.

રાજ્યના અધિપતિયોની આવી જાતની સલાહથી રાજા આંભિસને આંતરિક રીતે તો માન ઉપજ્યું પરંતુ તેનું હૃદય ઈર્ષ્યા–જ્વાલાથી સળગી રહ્યું હતું. રાજા પોરસ પ્રત્યેની વૈરવૃત્તિ તેના મનમાં ધુંધવાયા કરતી હતી પરન્તુ પોરસની પુરુષાર્થતા સામે હામ ભીડવાની તેનામાં તાકાત નહોતી. દૈવયોગે આવી ચઢેલ પરદેશી આક્રમણકારની સહાય તેને મન મૂલ્યવાન સમજાઇ એટલે અધિકારીઓએ સાચો માર્ગ દર્શાવ્યા છતાં પોતાની વૈરતૃપ્તિ માટે તેણે શાહ સીકંદરનું કથન સ્વીકારી લીધું. અમલદાર વર્ગમાં એક જાતનો ખળભળાટ મચી ગયો.

ખરેખર આ વિષયમાં ભવિતવ્યતા જ રાજા આંભિસને ઊંધે માર્ગે દોરી રહી હતી. મંત્રણા–ગૃહની બાજુમાં જ આંભિસની બહેન રાજકુમારી જેણીનો આવાસ હતો. તેણે આ સમાચાર સાંભળ્યા અને વજ્રપાત જેટલું દુઃખ અનુભવ્યું. તેણે તરત જ બંધુ આંભિસ પાસે આવી આ વિનાશ–માર્ગ છોડી દેવાનો આગ્રહ કર્યો. ક્ષત્રિયવટના રક્ષણાર્થે અને માતૃભૂમિની આબરૂ માટે કાકલુદી કરી પરન્તુ સર્વ પત્થર પર પાણી સમાન નિષ્ફળ નીવડયું.

તે જ રાત્રિએ મહારાજા આંભિસની બહેન ગૂમ થયાના સમાચાર ચારે દિશામાં પ્રસર્યા. જાસૂસદ્વારા માહિતી મળી કે તક્ષશિલાનો રાજકુટુંબી એક વીરપુત્ર પંજાબ તરફ મારતે ઘોડે રવાના થએલ છે. મહારાજાને ખાત્રી થઈ કે રાજપુત્રનાં વેશમાં રહેલ વીરકુમારી પોતાની ભગિની જ હોવી જોઇએ.

વીર સૈનિકના વેશમાં સજ્જ થએલ રાજકુમારિકા પંજાબ નરેશના રણવાસમાં પહોંચી ગઇ. પોતાની પાસે રહેલ રાજમુદ્રિકા દ્વારપાળને બતાવી મહારાજા પોરસની ખાનગી મુલાકાત માગી.

વીરરાજવી પોરસે તેનું સન્માન કર્યું. બાદ રાજ્યકુમારિકાએ જણાવ્યું કે–હે રાજન ! તક્ષશિલાના આંભિસ રાજવીએ શાહ સીકંદર સાથે મળી જઇ પંજાબ નરેશને મહાત કરવાનું બીડું ઝડપ્યું છે.

જે સમય જાય છે તેમાં વીર પૌરસની કસોટી નજર સામે તરી આવે છે. રાજન્ ! કોઇપણ જાતની ગફલતમાં ન રહેતાં આપ વીર યોદ્ધાઓને રણસંગ્રામ માટે સજ્જ કરો. એવા રાજવી–માતૃભૂમિના દ્રોહી રાજવી આંભિસ પાસેથી યોગ્ય બદલો લઇ વીર પ્રજાનું રક્ષણ કરો.

મહારાજાએ પૂછ્યું કે–હે વીર પુત્ર ! આ જાતનો સમયસૂચક સંદેશ લઇ આવનાર તું કોણ છે ? અને તારી આટલી બધી લાગણી અહીં બતાવવાનું કારણ શું ? તક્ષ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શિલાનો રાજકુટુંબનો પુરુષ આ પ્રમાણે મને મદદ કરવા આવે એમાં શું કાંઈ ગુપ્ત રહસ્ય સમાએલું છે?

બરોબર આજ સમયે પૌરસના વડીલ પુત્ર અમરનું આગમન થયું. રાજપુત્ર અમર પોતાના પિતા જેવો બહાદુર અને માતૃભૂમિના રક્ષણ અર્થે જીવની પણ પરવા ન કરનારો તેમજ અપૂર્વ ક્ષત્રીયવટ ધરાવનારો હતો. તેની ખ્યાતિ અને તેની વીરતાના મુક્ત કંઠે વખાણ ચારે દિશાએ થતાં હતાં. એક વખત તક્ષશિલાની રાજ્યમાતા તરફથી રાજકુમારી જેણીના લગ્ન વીર પૌરસના પુત્ર અમર સાથે કરવાનું કહેણ આવવા છતાં માત્ર બંને રાજસત્તાના અણબનાવને ખાતર આ વાત માત્ર મૌખિક જ રહેલ.

રાજપુત્ર અમરને આ સમયે આવી પહોંચેલ જોઇ નારી જાતિના સ્વાભાવિક ગુણાનુસાર તેના પ્રત્યે ગુણાનુરાગી બનેલ રાજકુમારીએ નીચું જોયું અને તેના હૃદયમાં પ્રેમાંકુરો ઉદ્ભવ્યાં. જે વીર પુરુષને ખાતર પોતે અહીં સુધી ખેંચાઇ આવેલ હતી તે પ્રિય વસ્તુ નજર સામે તરવરી આવતાં હૃદય-તંતુઓ થનગનાટ કર્યા વગર કદાપિકાળે છૂપા રહે ખરા? વીરપુરુષ વેષધારી યુવક સાથે વાર્તાલાપ ચાલી રહ્યો હતો તેવામાં અમરનાં અચાનક પ્રવેશની સાથે જ તેનામાં અજબ ફેરફાર થતો નિહાળતાં મહારાજાને શંકા પડી કે રખે-વીર પુરુષના વેશમાં રહેલ આ આગંતુક વ્યક્તિ તક્ષશિલાની રાજકુમારિકા હોય.

લજ્જાયુક્ત બનેલ રાજકુમારિકા આ સમયે મનોમંથન અનુભવી રહી હતી. પોતાના આરાધ્યદેવને અચાનક નજર સમક્ષ નિહાળતાં તે પોતાની સ્વસ્થતા ન જાળવી શકી અને મસ્તક પરનો ફેંટો આ સમયે ખસી જતાં તેનો ગુપ્ત વેષ ખુલ્લો પડી ગયો. રાજકુમારિકાએ પૌરસને ચરણે પડી જણાવ્યું કે-હે રાજન! આપની સામે પંજાબના રક્ષણાર્થે કરગરી અરજ કરતી આ આપની બાલિકા તે અન્ય કોઈ નહિ પરન્તુ બેવફા આંભિસની ભગિની જ છે.

કોણ? તક્ષશિલાની રાજકુમારિકા! ધન્યભાગ્ય પંજાબ નરેશના કે મારી સહાયતા અર્થે તું મદદગાર બનવા આવી છો. કુમારિકા! તારી માતૃભૂમિની લાગણીને-તારી દેશદાઝને ધન્ય છે.

હીરો તો વીંટીની સાથે જ શોભે. આ વીર ક્ષત્રિયકુમારી માટે રાજા પોરસને અનહદ માન ઉપજ્યું અને તે જ ક્ષણે તેણે અમર સાથે તેનો વિવાહ સંબંધ જોડયો.

તેણીએ અમરસિંહના અંગરક્ષક તરીકે સાથે રહી રણક્ષેત્રની અંદર એક નિપુણ યોદ્ધા તરીકેનો પૂરેપૂરો સાથ આપ્યો.

આંભિસ તરફથી શાહ સીકંદરને દરેક જાતની મદદ મળી. સીકંદરની સેનાએ મહામુશીબતે મધ્ય રાત્રીએ જેલમ નદી ઓળંગી. તેની સેનામાં આ સમયે તક્ષશિલા રાજ્યની ભારતીય સેના પણ સામેલ હતી. (જુઓ કેંબ્રીજ હીસ્ટ્રી ઓફ ઇન્ડિયા).

મહારાજા પૌરસની સેના કરતાં શાહ સીકંદરની સેના અતિ બળવાન અને સંખ્યામાં પણ અધિક હતી.

રણક્ષેત્રમાં વીરતા દાખવતા મહારાજા પૌરસનો વીર પુત્ર અમર તેમજ તેનો નાનો પુત્ર યુદ્ધમાં મરાયા હતા. તે જ માફક તક્ષ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શિલાની રાજકુમારિકાએ પણ પોતાના પતિની સાથે રહી, અનેક સૈનિકોનો ઘાણ કાઢી અમરપદની પ્રાપ્તિ કરી હતી. અંતે પૌરસ જખમી હાલતમાં કઢંગી રીતે કેદ પકડાયો.

મહારાજા સીકંદર મહારાજા પૌરસની વીરતા અને સાહસ જોઈ મુગ્ધ થયો અને મુક્ત કંઠે તેના વખાણ કરી તેનું રાજ્ય તેને પાછું સુપ્રત કરી પોતાના પ્રદેશમાં પાછો ફર્યો.

આ ભીષણ યુદ્ધમાં શાહ સીકંદર એક શૂરા સૈનિકના હાથે ઘવાએલ હતો, જેનું મૃત્યું બેબિલોનમાં ઇ. સ. પૂર્વે ૩૨૩ માં લાંબો સમય પથારીવશ રહ્યા બાદ થયું.

તક્ષશિલાની રાજકુમારિકાએ મહારાજા પૌરસને યોગ્ય સમયે સૂચન ન આપ્યું હોત તો મહારાજા પૌરસ ગફલતમાં રહેત અને અંતે પંજાબના પ્રદેશનો કચ્ચરઘાણ એવી રીતે નીકળી ગયો હોત કે જે વસ્તુ ભારતને માટે ઘણી જ નામોશીરૂપ બનત.

પંજાબ સુધીની લઢાઇમાં જ શાહ સીકંદરના સૈનિકો બેહદ ત્રાસી ગયા હતા. અનેક સ્થળોએ ભયંકર યુદ્ધો પણ થયા હતા, જેમાં ભારતીય સૈન્યથી ત્રાહી પોકારી ગયેલ સીકંદરના સૈન્યે હવે યુદ્ધમાં ઝંપલાવવા શાહને ના પાડી. સીકંદરે સમયસૂચકતા વાપરી અનેક પ્રલોભનો દર્શાવ્યા પરન્તુ જીવનથી કંટાળેલા સૈનિકો એકના બે ન થયા. પરિણામે શાહને પાછું ફરવું પડયું. પાછા ફરતા જેલમ આવીને દરબાર ભરી પૌરસ રાજાને બ્યાસ નદીથી માંડી જેલમ નદી સુધીના પ્રદેશનો સૂબો બનાવ્યો. જેલમથી સિંધુ સુધીના પ્રદેશનો સૂબો આંભિસને બનાવ્યો. સિંધના પશ્ચિમ વિભાગનો સૂબો પોતાના વીર સૈનિક ફિલિપ્સને બનાવ્યો. આ પ્રમાણે જીતેલા પ્રદેશોનો પ્રબંધ કરી શાહ પોતાના દેશ તરફ પાછો ફર્યો.

જેલમ ઉતરવા માટે ૨૦૦૦ જહાજોનો જંગી કાફલો તૈયાર કર્યો. લૂંટમાં મળેલ હિસ્સો, તેમની પાસે ધરાયેલ નજરાણું અને લશ્કરો જહાજોદ્વારા ઉતારી, ભારતમાં પોતાનું સામ્રાજ્ય જમાવી બાદશાહી સ્વાગતથી તે પોતાના દેશમાં પાછો ફર્યો.

પંજાબની પંચ નદીના દક્ષિણના બીજા પ્રાંતોમાં શીલોઈ (શીવી), અગલાસોઈ, મલોઉ (માલવ) આક્રીગાકોઈ (તક્ષક) આદિ વીર જાતિઓ નિવાસ કરતી હતી. તેઓના નાનાં રાજ્યોને પ્રજાસત્તાક રાજ્યોની ઉપમાઓ આપવામાં આવતી. આ રાજ્યોની શક્તિ ભારતની અન્ય રાજ્યસત્તાઓ કરતાં અધિક હતી.

અગલાસોઈ રાજ્ય પાસે ૪૦૦૦૦ પાયદળ અને ૩૦૦૦૦ અશ્વસૈન્ય હતું. આજ પ્રમાણે અન્ય રાષ્ટ્રો પાસે પણ શકિતશાળી વીર સૈન્ય હતું. આ વીર રાજ્યો ઐકયતાપૂર્વક શાહ સીકંદરનો સામનો કરવા માગતા હતા, પરન્તુ શાહ સીકંદરે બુદ્ધિબળે તેઓને એકત્રિત થવા ન દીધા. સર્વ રાજ્યો એકત્રિત થાય ત્યાર પૂર્વે તે બધા રાષ્ટ્રોને જીતી લીધા. પરિણામે અગલાસોઈ રાજ્યના ૨૦૦૦૦ નરનારી અને બાલકોએ યવન રાજ્યની સરદારી નીચે પરતંત્ર બનવા કરતાં એકી સાથે ભયંકર અગ્નિસ્નાન કર્યું.

અગલાસોઇની પ્રજામાં વીરત્વ ઠાંસી-ઠાંસીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com


ભર્યું હતું. પરાધીન બનવા કરતાં તે પ્રજા મૃત્યુને વધુ પસંદ કરતી. આ પ્રજામાંથી જ માલવી પ્રજા ઉતરી આવી છે. એટલે માળવી પ્રજાના મૂળમાં કેટલું વીરત્વ ભર્યું છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે. પાણીપતના રણક્ષેત્ર કરતાં તેમજ પંજાબી વીર નરેશ પોરસના સામના કરતાં અગલાસોઇની પ્રજાનો સામનો સીકંદરને આકરો થઈ પડયો. બાદ તે પ્રજા પોતાની વીરભૂમિનો ત્યાગ કરી સિંધદેશના માર્ગે રાજસ્થાનમાં આવી અને પછી અવંતી પ્રાંતમાં નિવાસ કર્યો.

વિજેતા શાહ સીકંદરના હાથે છેદન–ભેદન થએલ માલવી પ્રજા અવન્તીમાં આવીને તે દિવસથી તેમણે અવન્તીને પોતાની માતૃભૂમિ બનાવી અને ધીરેધીરે રાજ્યસત્તા ઉપર તેમણે કાબૂ મેળવ્યો. શાહ સીકંદરના આક્રમણ બાદ લગભગ ૨૦૦ વર્ષમાં તો રાજ્યસ્થાનનો અવન્તી પ્રાંત માલવ પ્રાંત તરીકે પ્રખ્યાતિ પામ્યો.

શક રાજવીઓના સામનામાં આ વીર પ્રજાએ સાથ આપી વીર નિ. ૪૫૩ માં શ્રી કાલિકાચાર્ય અને માલવી પ્રજાના એકત્રિત બળથી શક રાજવીઓના આક્રમણથી માલવની પ્રજાને મુકત કરી.

વી. નિ. ૪૭૦ માં મહારાજા વિક્રમને અવન્તીની રાજ્યગાદી પ્રાપ્ત થઈ અને તેણે અગ્નિ વૈતાલ અને રણઘેલી પ્રજાની સહાયતાથી સૌરાષ્ટ્રના છન્નુ પ્રાંતોમાંથી શક રાજવીઓને દૂર હઠાવી ક્ષત્રિયવટનું પુનઃ રક્ષણ કર્યું જેમાં પણ શ્રી કાલિકાચાર્યે પૂરતી મદદ આપી હતી. તે યુદ્ધમાં માલવની પ્રજાએ દાખવેલી વીરતાના કારણે જે સંવતની ઉત્પત્તિ થઈ તેનું નામ **માલવ સંવત** રાખવામાં આવ્યું

મહારાજા વિક્રમના સ્વર્ગવાસ બાદ અથવા તો માલવને તેણે ઋણમુક્ત કર્યું ત્યારથી કુત અથવા વિક્રમ સંવતની સ્થાપના થઈ. આજે માલવ–કૃત અથવા વિક્રમ ગમે તે સંવત કહો પણ ત્રિવેણીના સંગમરૂપ આ માલવના સંવતની સ્થાપનાનો પૂરતો યશ માલવી પ્રજા અને મહારાજા વિક્રમના ફાળે જાય છે તેનું સવિસ્તર વર્ણન હવે પછીના ખંડમાં કરશું.



# ખંડ બીજો

## પ્રકરણ ૧ લું.

### મૌર્યવંશની પર્યાલોચના

આ પ્રમાણે ઇ. સ. પૂર્વે ૩૨૫ ના ગાળામાં સિંધ દેશમાં જેલમ નદીના પ્રદેશમાં વસતી માલવી અને તક્ષ જાતની પ્રજામાંથી માલવી પ્રજાએ પોતાની માતૃભૂમિનો ત્યાગ પરદેશી આક્રમણકાર શાહ સીકંદરને અંગે કર્યો.

સિંધથી મારવાડ અને રાજસ્થાનના પ્રદેશને રસ્તે અવન્તી સુધી આવતાં તે પ્રજાને જ્યાં જ્યાં આશ્રયસ્થાન મળતું ગયું ત્યાં ત્યાં પોતાનો ઉદરનિર્વાહ કરી, ઢોરઢાંખર વિગેરેનું પાલન કરી, સરળ અને પ્રમાણિક પ્રજા તરીકે પોતાનું જીવન વ્યતીત કરવા લાગી.

આ પ્રજાને અવન્તીમાં આશ્રય મળી રહ્યો. અવન્તીની રાજ્યસત્તા તરફથી તેમને પૂરતો સાથ આપવામાં આવ્યો, કારણ કે અવન્તીની પ્રજા અને દેશના રક્ષણાર્થે આવી વીર લડાયક પ્રજાની ખાસ આવશ્યકતા હતી. તેમાં વળી શાહ સીકંદરની સામે સામનો કરનારી અને માતૃભુમિ તેમજ હિંદુઆર્યતત્ત્વના રક્ષણાર્થે પોતાના પ્રાણનું પણ બલિદાન દેનારી ગૌરવશાળી પ્રજાની સેવાની અવન્તી પ્રાંતને પણ આવશ્યકતા હતી.

તૂરીં અશ્વો ખેલવવામાં તેમજ બાણવિદ્યા અને શસ્ત્રવિદ્યામાં આ પ્રજા ઘણી જ નિપુણ અને પૂર્ણ પારંગત હતી. આ માલવી પ્રજાના સહવાસ અને સહકારથી અવન્તીને અતિશય લાભ થયો.

માલવી પ્રજાએ પોતાની વહાલી માતૃભૂમિનો ત્યાગ કરતાં પૂર્વે પરદેશી આક્રમણકારના સામનાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી હતી. શાહ સીકંદરને ઘાયલ કરવાનું માન આ માલવી વીર પ્રજાને ફાળે જાય છે.

શાહ સીકંદરે સિંધ પ્રાંતમાંથી પાછા પગલાં કર્યાં ત્યારે તેણે ફીલીપ્સ નામના એક વીર સેનાધિપતિને પોતાનો ખાસ પ્રતિનિધિ નીમી તેને પૂર્ણ સત્તાધીશ બનાવ્યો.

આ ફીલીપ્સે ભારતની અણમોલ લક્ષ્મી અને વેપાર પોતાની ભૂમિ તરફ એવી રીતે વાળ્યો કે જેના યોગે ભારતીય પ્રજામાં ફીલીપ્સ અપ્રિય થઇ પડયો. ફીલીપ્સ જબરો ખટપટી હતો. આંતરિક રાજ્યખટપટો ઊભી કરી ફીલીપ્સે પંજાબ નરેશ વીર કેશરી પોરસનું ખૂન કરાવ્યું. પરિણામે પંજાબની વીર પ્રજા અત્યન્ત ઉશ્કેરાઈ. સિંધ પ્રાંતે પણ તેમાં સાથ આપ્યો. આંતરિક ષડ્યંત્રો એવી રીતે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગતિમાન થયા કે સમયોચિત કોઇ વીર સેનાપતિ કે વીર રાજવી આ પરદેશી સામે માથું ઉચકે તો દરેક જાતની મદદ ચારે દિશાથી આવી મળે. આ સેનાધિપતિને પોતાનો શહેનશાહ બનાવવો અને તેને આધીન રહી માતૃભૂમિની મુક્તિ મેળવવી–આવી જાતના નિશ્ચયથી ખંડીયા રાજાઓ પૈકી કોઈપણ વીરનરની શોધ ચાલુ થઇ.

સંજોગોવશાત્ કુદરતે અનુકૂળતા કરી આપી. ખુદ પંજાબની તક્ષશિલાની વિદ્યાપીઠમાં અભ્યાસ કરેલ પંડિત ચાણાકયનું તક્ષશિલામાં અચાનક આગમન થયું. તેની સાથે મૌર્યવંશી અતિશય પ્રભાવશાળી નવયુવાન ચંદ્રગુપ્ત નામનો રાજપુત્ર હતો.

આ પંડિત ચાણાકયે મગધ સામ્રાજ્ય ઉપર રાજ્ય કરતા નંદવંશી મહારાજા મહાપદ્મનંદના વિનાશની ભીષ્મપ્રતિજ્ઞા લઈ પોતાના થએલા અપમાનનો બદલો લેવા માટે તેણે મગધથી પ્રયાણ કરી, હિમાલયની તળેટીમાં જઇ, ચંદ્રગુપ્ત નામના વીર રાજપુત્રને પોતાનો ઉત્તરસાધક બનાવી, મગધ ઉપરની ચઢાઈ અર્થે લગભગ ૧૦૦ જેટલા માર્યવંશી લડવૈયાઓની ટુકડી સાથે તક્ષશિલામાં વસવાટ કર્યો હતો. પંડિત ચાણાકય પણ પોતાને અનુકૂળ તકની રાહ જોઈ રહ્યા હતા.

પંડિત ચાણાકયે વીર સેનાધિપતિની શોધ કરતાં રાજવીઓને સાથ આપવા તૈયારી દર્શાવી અને તેણે ત્યાં સુધી જણાવ્યું કે–આ વીર રાજપુત્ર અને તેની સાથેના સો અંગરક્ષક લડવૈયાઓ અને હું એ શાહ સીકંદરના હજારોના સૈન્યને પહોંચી વળવાને શક્તિશાળી છીએ. જો અમને અમારી મુરાદ સફળ કરવામાં એટલે મગધ સામ્રાજ્ય ઉપર રહેલ ક્ષુદ્રવંશી અભિમાની રાજવીને હરાવવામાં જો પંજાબની વીર પ્રજા લડવૈયાઓ સાથે સાથ આપે તો અમો પ્રથમ પંજાબ અને સિંધને પરદેશી ગુલામીમાંથી મુક્ત કરાવી આપી, મગધ ઉપર ચઢાઈ કરીએ. પંજાબ અને સિંધ પ્રાંત કે જે શાહ સીકંદરે અને પછી તેના ફીલીપ્સે પોતાની સ્વાધીનતામાં લીધા છે તે સર્વે પૂર્ણ સ્વતંત્ર બને. માત્ર અમારા આત્મબલિદાનની કદર તરીકે પંજાબનો આંભિસનો પ્રાંત અમને સુપ્રત કરવો કે જે પ્રાંત ભારતના રક્ષણાર્થે ભવિષ્યના રાજવીઓ માટે ઘણો જ કિંમતી અને રક્ષણાત્મક ગણાય છે.

પંડિત ચાણાકયની આ જાતની માગણી રાજાઓની ખાનગી સભામાં સર્વાનુમતે પાસ થઈ; કારણ કે આ જ પ્રાંતના બેવફા રાજવી આંભિસે મહારાજા પૌરસને હરાવવામાં તેમજ પશ્ચિમોત્તર ભારતમાં યવન રાજ્યની સ્થાપનામાં પૂરતો સાથ આપ્યો હતો.

મહારાજા પૌરસના ખૂનમાં પણ આંભિસનો વેરનો બદલો જ ચારે દિશાએ ગવાતો હતો. અને જેમાં ખુલ્લું કહેવાતું હતું કે–મહારાજા આંભિસ અને ફીલપ્સે એકત્રિત થઇ ભારતના રક્ષણાર્થે આત્મબલિદાન અપનાર પંજાબમાંથી જો મહારાજા પૌરસનું નિકંદન નીકળી જાય તો આ બંને રાજવીઓને એમ લાગતું હતું કે પશ્ચિમોત્તર ભારતથી લગાવી મગધ સામ્રાજ્ય સુધીની ચઢાઈમાં સરલતા પ્રાપ્ત થાય અને જીતાએલા પ્રદેશો ફીલીપ્સ અને આંભિસ વહેંચી લે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ચાણક્ય તક્ષશિલાની વિદ્યાપીઠમાં અધ્યયન કરે છે. ( પૃ. ૨૫ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




શ્રી કાલકાચાર્યની દેશના ને સાધ્વી સરસ્વતીનું અપહરણ (પૃ. ૪૦)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" મેં કર્યું, આ હું કરું " એમ માનવી મિથ્યા બકે છે પણ તેનું હલાવ્યું એકે પાંદડું પણ ફરકતું નથી.

કુદરત ભારતના રક્ષણની તરફેણમાં હતી. આ કાળના ગૌબ્રાહ્મણપ્રતિપાળ રાજવીઓ પોતાને દેવાંશી માનનારા, નીતિશાસ્ત્રના આધારે રાજ્ય કરનારા અને પ્રભુભક્તિમાં પોતાનો યોગ્ય સમય વ્યતીત કરનારા ગણાતા હતા.

અનાદિ કાળથી આર્યતત્ત્વને પામેલ અને ધર્મ તેમજ શ્રદ્ધામાં અવિચલ રહેલ ભારતીય પ્રજાને સ્વરક્ષણાર્થે આ કાળે કુદરતે પણ સહાયતા કરી.

પૂર્વકાળે જેમ રાવણ જેવા ગર્વીષ્ઠ રાજવીની સત્તામાંથી ભારતીય પ્રજાનું અને ધર્મનું રક્ષણ કરનાર રામ જેવી વિભૂતિનો જન્મ થયો હતો. તે જ માફક આ કાળે ઈ. સ. પૂર્વે ૩૨૪ના ગાળામાં મહારાજા પૌરસના ખૂનદ્વારા સમસ્ત ભારતને પોતાને આધીન બનાવવાની આકાંક્ષા રાખનાર યવન સરદાર ફીલીપ્સ અને આંભિસની જોડીને હરાવવા માટે ભારતના રક્ષણાર્થે સિંધના સરહદી પ્રાંતમાં કુદરતે એક વીર પુરુષનો ભેટો કરી આપ્યો કે જે વીરપુરુષ વિષ્ણુદત્તે પંજાબની તક્ષશિલાની વિદ્યાપીઠમાં રહી, મંત્ર, યંત્ર, તંત્ર, રસવિદ્યા, ધાતુવિદ્યા, સુવર્ણસિદ્ધિ, અંજનગુટીકા, પાદપ્રલેપ, રત્નપરીક્ષા, વાસ્તુવિદ્યા, પુરૂષ, સ્ત્રી, હાથી, અશ્વ, બળદ વિગેરેની લક્ષણપરીક્ષા, ઇંદ્રજાલ (વશીકરણ), સાહિત્ય, કાવ્ય, ન્યાય, વ્યાકરણ આદિ ૬૪ વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી.

તેમજ જેના નસીબમાં બીજાંતરિત રજાનું બિરુદ નિર્મિત થએલું હતું એવા ભાગ્યનિધાન પંડિત ચાણાક્યે પોતાના ઉત્તરસાધક ચંદ્રગુપ્ત કુમારને પૂર્ણ સાથ આપ્યો. તેનું કારણ પણ એ જ હતું કે–આ રાજપુત્રની જન્મકુંડલી સમ્રાટપદને લાયક ઉચ્ચ કોટીના ગ્રહો ધરાવનારી હતી.

આ પ્રમાણે ચાણાક્ય ને ચંદ્રગુપ્તની વીર જોડીએ બલાઢ્ય યવન રાજ્યના સામના માટે પૂરતો પ્રયાસ કર્યો.

પંડિત ચાણાક્ય તીવ્ર બુદ્ધિવાન હતો, એટલે તેણે ફીલીપ્સ અને આંભિસના સાથીઓને ખબર ન પડે તે પ્રમાણે એન્ટિગોસ અને સેલ્યુકસ વચ્ચે ભેદી જાસુસદ્વારા દ્રોહ કરાવ્યો. આંતરિક દ્રોહ અને કલહના કારણે જે પ્રમાણે ભારતનો પશ્ચિમ વિભાગ પરદેશી સત્તાના કબ્જામાં જઈ પડ્યો તે જ પ્રમાણે તેનું તાત્કાલિક ફળ મળ્યું. અને ઘૂરકતી બીલાડીની જેમ રાજ્યસત્તાના લોભી બંને સેનાધિપતિઓ વચ્ચે ઘોર યુદ્ધ થયું. પરિણામે ઇરાની સત્તા નબળી પડી ને લગભગ નધણીયાતા જેવી સ્થિતિ થઈ પડી, એટલે બે બિલાડીની લડાઇમાં વાંદર ફાવી જાય તેવી રીતે આ બંને સત્તાધીશોના હાથ નીચે રહેલ સેનાધિપતિઓને ચાણાક્યે જાસૂસોદ્વારા ફોડી પોતાને સ્વાધીન કર્યા અને પરિણામે લશ્કરી બળ છિન્નભિન્ન થઇ ગયું.

બાબિલોનમાં મૃત્યુ-શય્યાએ પડેલ શાહ સીકંદરને બંને સેનાધિપતિઓના કુસંપ અને આંતરિક બળવાની માહિતી પહોંચી. તેના આત્માને ભારે વ્યથા થઈ, પણ તે ભારત



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપર ફરીથી ચઢી આવે ત્યારપૂર્વે તેના આત્માએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. રાક્ષસી મહત્વાકાંક્ષી મેસીડોનીયન શહેનશાહનો સ્વર્ગવાસ ઇ. સ. પૂર્વે ૩૨૩માં બેબિલોનમાં થયો.

શાહ સીકંદરના મૃત્યુના સમાચાર પંજાબમાં વાયુવેગે ફરી વળતાં તેનો લાભ પંડિત ચાણાકયે તરત જ ઉઠાવ્યો, અને પોરસના ખૂનના બદલા તરીકે ફીલીપ્સનું ખૂન એવી રીતે સફાઇથી કરાવ્યું કે જેના ખૂનની શંકા કોઇના પર જાય નહિ. ફીલીપ્સના થએલ ભેદી ખૂન બાદ તેની જગ્યાએ ફીલીપ્સના વારસ તરીકે સેલ્યુકસની નિમણુંક થઈ.

શાહ સીકંદરના મૃત્યુ બાદ સેલ્યુકસ અને એન્ટિગોસ વચ્ચે ૧ વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું. આ પ્રમાણે ઈ. સ. પૂર્વે ૩૨૫ થી ૩૨૨ સુધીના ત્રણ વર્ષના ગાળામાં યવન સરદારો વચ્ચે ચાલતી ભયંકર યાદવાસ્થળીમાં બંને સરદારોની પાયમાલી થઇ.

શેત્રંજની રાજરમતમાં જે પ્રમાણે એક પાયદળના હાથે રાજા અને પ્રધાનને શેર પ્રાપ્ત થાય છે તે પ્રમાણે યવન સૈન્યમાં ભેદી જાસૂસ અને વ્યક્તિ તરીકે મૃત્યુને હાથમાં લઈ ઘૂમનાર વીર અને પ્રભાવશાળી પંડિત ચાણાકયે પોતાની કોઇપણ જાતની ખૂવારી વગર લશ્કરી સજાવટમાં બે વર્ષનો પૂરતો ગાળો મેળવી, બંને સરદારોને યુક્તિપૂર્વક લડાવવામાં સફળતા પ્રાપ્ત કરી તેમની શક્તિ છિન્નભિન્ન કરી નાખી. આ પ્રમાણે સેલ્યુકસ અને એન્ટીગોસ વચ્ચે ચાલતી યાદવાસ્થળીમાં યવન રાજસત્તાની થતી પાયમાલીના રક્ષણાર્થે સીકંદરના વારસ યૂનીમોસે જાતે આવી રણક્ષેત્રમાં હાજરી આપી.

આ સમયનો લાભ લઈ પૂર્ણ શક્તિશાળી બનેલ પંડિત ચાણાકયે રાજવી ચંદ્રગુપ્તની સરદારી નીચે પશ્ચિમોત્તર પ્રાંતના રાજાની સહાયતાથી ઇરાની રાજ્યસત્તા ઉપર ખુલ્લી રીતે ચઢાઈ કરી. આ ચઢાઈમાં તેમને સંપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ અને ખૂદ યૂનીમોસને રણક્ષેત્રમાંથી સિંધુ દેશની પેલી બાજુ નાશી છૂટવું પડયું. લશ્કર વેરવિખેર થઈ ગયું. પરિણામે તક્ષશિલાનો પ્રાંત, જયાંથી યવન સૈન્ય પંજાબ ઉપર ચઢાઇ કરતું હતું તે પ્રાંત ચંદ્રગુપ્તના હાથમાં આવ્યો. આ પ્રાંતનો પૂરતો કબ્જો લઇ ચંદ્રગુપ્તે ઇ. સ. પૂર્વે ૩૨૨માં મૌર્ય વંશની સ્થાપના કરી.

બાદ પંજાબની તક્ષશિલાને કેન્દ્રસ્થાન બનાવી, મહારાજા ચંદ્રગુપ્ત અને પંડિત ચાણાકયે અન્ય પંજાબી રાજવીઓની સહાયતાથી, હિમાલયના પાર્વત્ય પ્રદેશોના અનુભવી, બળવાન, રસ્તાઓના માહિતગાર તેમજ તીરંદાજ ચૂનંદા પહાડી ગુરખા સૈન્યની મદદથી તેમજ મલયકેતુ નામના રાજયપુત્રની મદદથી અજય એવા મગધ સામ્રાજ્ય ઉપર ચઢાઈ કરી.

આ ચઢાઇમાં ચંદ્રગુપ્ત રાજવી પાસે યવન, કિરાત, કાંબોજ અને પાર્સિક આદિ લડાયક પ્રજાનું પરાક્રમી સૈન્યબળ હતું. પંજાબથી માંડીને હિમાલયની તળેટી સુધીની દરેક રાજયસત્તાએ આમાં દરેક જાતની મદદ આપી. લગભગ ૩ વર્ષે એટલે ઈ. સ. પૂર્વે ૩૧૮ ના ગાળામાં મગધનો અજેય ગણાતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાટલીપુત્રનો કિલ્લો ઘેરવામાં પંડિત ચાણાક્યને સફળતા મળી.

લગભગ એક વર્ષ સુધી ઘેરો ચાલુ રાખવા છતાં કિલ્લો તૂટ્યો નહિ એટલે પ્રપંચી અને ભેદ-નીતિકુશળ ચાણાક્યે મગધ સામ્રાજ્યની કુળદેવીની પ્રતિમાને મંદિરમાંથી સ્થાનભ્રષ્ટ કરાવી ગંગાના વહેતા જળ-પ્રવાહમાં ફેંકી દેવરાવી. આ કુળદેવી સારાય મગધ સામ્રાજ્યને સહાયક હતી–તે મગધ સામ્રાજ્યનું રક્ષણ કરી રહી હતી.

દૈવીક મદદ નાબૂદ થતાં બલાઢય મહાપદ્મનંદ રાજવીનો પરાજય થયો. મગધની અખૂટ રાજ્યલક્ષ્મીમાંથી માત્ર પોતાના રથમાં લઇ જઈ શકાય એટલી જ ઝવેરાત સાથે લઇ, રાજ્યકુટુંબ સાથે મગધની હદ છોડવાની શરતે જ પંડિત ચાણાક્યે મહાપદ્મનંદ રાજવી અને તેના કુટુંબને જીવિતદાન આપ્યું. રાજ્યરથમાં બેસી મગધનો ત્યાગ કરી જતા મહારાજા મહાપદ્મનંદની યુવાન રાજ્યકન્યા ઉપર પંડિત ચાણક્યની દૃષ્ટિ પડી. લક્ષણશાસ્ત્રના જાણકાર પંડિત ચાણાક્યે તરતજ જાણી લીધું કે આ રાજ્ય દુહિતા જરૂર મહારાણી પદને લાયક છે. જો તેણીના લગ્ન આ અને આ જ સમયે કરવામાં આવે તો તેની સાથે લગ્નગ્રંથીથી જોડાનાર રાજપુત્ર મહાન્ સામ્રાજ્યનો અવશ્ય ભોક્તા થાય. ચાણાક્યે એક કાંકરે બે પક્ષી મારવાનો નિર્ણય કર્યો. જો ચંદ્રગુપ્તની સાથે આ રાજકન્યા પરણાવવામાં આવે તો મહાપદ્મનંદનો વૈરભાવ ઘટી જાય, ચંદ્રગુપ્ત મહાન્ સામ્રાજ્યનો ભોક્તા બને અને આ વિવાહ સંબંધથી મગધની પ્રજા પણ ચંદ્રગુપ્તને અધિક રીતે ચાહે.

અજબ બુદ્ધિશાળી પંડિતે તરત જ પલટો ખાધો. પોતાની પ્રતિજ્ઞાની પૂર્ણાહુતી મગધનાં પતન સાથે થઈ હતી એટલે તેણે ધારેલ કાર્યની સિદ્ધિમાં પરિપૂર્ણતા માની પોતાના સરદારને મહારાજા મહાપદ્મનંદને માનપૂર્વક તંબુમાં તેડી લાવવાની આજ્ઞા આપી.તંબુમાં મહારાજાનું ભવ્ય રીતે સન્માન કરવામાં આવ્યું અને વાક્ચાતુર્યતાથી તેનો પ્રેમ સંપાદન કરી, ચાણાક્યે મહારાજા ચંદ્રગુપ્ત માટે રાજ્યદુહિતા દુર્ઘટાની માગણી કરાવી.

રાજ્યતંબુમાં મહારાજા ચંદ્રગુપ્તની નજરે દુર્ઘટા પડી તેમજ નંદકુમારીની નજરે ચંદ્રગુપ્ત પડયો. ચંદ્રગુપ્ત પણ પ્રભાવશાળી, દિવ્ય કાંતિવાન અને મજબૂત બાંધાનો યુવાન હતો. સમ્રાટપદ ભોગવવાને કોઈ શ્રાપિત ઇંદ્રાદિક દેવનું જાણે મનુષ્ય ભવમાં આગમન થયું હોય તેમ તેનું લાવણ્ય અદ્ભુત રીતે શોભી રહ્યું હતું.

મહારાજા ચંદ્રગુપ્તની દૃષ્ટિએ દુર્ઘટા ચડતાં જ રાજ્યદુહિતા પ્રત્યે ચંદ્રગુપ્તના હૃદયમાં પ્રેમ-લાગણીનો સંચાર થયો. દુર્ઘટા પણ અનિમેષ નયને ચંદ્રગુપ્ત પ્રત્યે જોઇ રહી. ચતુર ચાણાક્યે બંનેના મનોભાવ જાણી લીધા. મહારાજા નંદ પણ આ બનાવથી અપરિચિત નહોતા. તેણે પોતે જ રાજ્યદુહિતાના મહારાજા ચંદ્રગુપ્ત સાથેના લગ્નની માગણી કરી અને બહારના વહેવાર તરીકે પંડિત ચાણક્યે તેનો સ્વીકાર કર્યો. બંનેના લગ્ન રાજ્ય પુરોહિત તરીકે પંડિત ચાણક્યે જ રાજ્યતંબૂમાં કરી આપ્યા.

લગ્નની વધાઈ, આનંદ અને મૌર્ય સમ્રાટ્ સાથે થયેલ સંધીના સમાચાર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરત જ પાટલીપુત્રમાં પહોંચી ગયા. અને મગધની પ્રજાએ નગરપ્રવેશ કરતા નવપરિણીત દંપતીનો અતિ હર્ષપૂર્વક સત્કાર કર્યો. યોગ્ય સમયે ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક ઉજવાયો.

મહારાજા નંદના રાજકુમારોની જીવન–વ્યવસ્થા પણ રાજ્ય તરફથી ઘણી જ સારી રીતે કરવામાં આવી.

મહારાજા નંદે ત્યારબાદ વાનપ્રસ્થાશ્રમનો સ્વીકાર કર્યો અને પોતાનું પાછલું જીવન પ્રભુ-ભક્તિમાં ગાળી પોતાનું જીવન સફળ કીધું. આ પ્રમાણે ઈ. સ. પૂર્વે ૩૧૭માં એટલે વી. નિ. ૨૧૦માં મગધ સામ્રાજ્ય ઉપર મૌર્ય સામ્રાજ્યની સ્થાપના થઇ.

✣ ✣ ✣

સેલ્યુકસ અને એન્ટિગોસ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધ લગભગ ૯ વર્ષ સુધી ચાલ્યું જેમાં ઈ.સ. પૂર્વે ૩૧૨માં સેલ્યુકસે બેબિલોન જીત્યું અને યુદ્ધની ગતિ બદલાઈ. સેલ્યુકસને રાજ્યગાદીની પ્રાપ્તિ થતાં તે મેસિડોનિયન સામ્રાજ્યનો નિરંકુશ રાજા બન્યો. ઈ.સ. પૂર્વે ૩૦૬માં મોટા સમારંભ સાથે તેનો રાજ્યાભિષેક થયો અને તેણે પોતાનું નામ નિકેટર અથવા વિજેતા રાખ્યું.

તેના સમોવડીયા તરીકે મધ્ય એશિયા અને ભારતના પશ્ચિમોત્તર પ્રદેશના સમ્રાટ તરીકેનું પદ ચંદ્રગુપ્ત ભોગવતા હતા. મગધ સામ્રાજ્યની સીમા તે સમયે નિકેટરની રાજ્યસીમા સાથે જોડાઈ હતી. વિજયી નિકેટર રાજવીએ ઈ. સ. પૂર્વે ૩૦૫માં શાહ સીકંદરની માફક પૂર્વ ભારતને સર કરવા માટે પંજાબ અને સિંધ તરફ બળવાન લશ્કર સાથે પ્રયાણ કર્યું, જેના સામના માટે ખૂદ મહારાજા ચંદ્રગુપ્ત પંડિત ચાણાક્ય સાથે હાજર હતા. ભેદી જાસુસોદ્વારા સમ્રાટ ચંદ્રગુપ્તે બધી બાતમી મેળવી લીધી હતી.

સેલ્યુકસને મહારાજા ચંદ્રગુપ્ત સાથે તક્ષશિલાની સરહદે જ ભયંકર યુદ્ધ થયું અને શાહ સેલ્યુકસ સિંધુની આગળ એક પણ ડગલું ભરી શકયો નહિ. માત્ર સિંધુકિનારે જ રણક્ષેત્ર બનાવી તેને પડી રહેવું પડયું. નદીકિનારે રણક્ષેત્રમાં પડી રહેલ આ ઇરાની શાહને રણક્ષેત્રનો સ્વાદ ચખાડવા ખાતર ભારતીય સમ્રાટે સામો હુમલો કર્યો. પરિણામે, સમસ્ત ભારતને સર કરવાના સ્વપ્ના સેવતા સેલ્યુકસને ભારત પરનું આક્રમણ છોડી દઇ વીર સમ્રાટ ચંદ્રગુપ્ત સાથે ફરજીયાત સંધી કરવી પડી. આ સંધિમાં નીચે પ્રમાણેની શરતોનો સમાવેશ થયો હતો.

ચંદ્રગુપ્તે સેલ્યુકસને (મેસિડોનિયન સત્તાના રક્ષણાર્થે) માત્ર ૫૦૦ હાથીઓ આપવા. ઇતિહાસકારોના મતાંતર પ્રમાણે સેલ્યુકસે ૫૦૦માંથી ૪૦૦ હાથી તેને પાછા સુપ્રત કર્યા હતા. આ ઉપરાંત સેલ્યુકસે સિંધના પશ્ચિમ વિભાગના મહત્ત્વના પ્રદેશો સમ્રાટ ચંદ્રગુપ્તને આધીન કર્યા હતા.

મહારાજા ચંદ્રગુપ્તની સાથે સેલ્યુકસને સંધી થવાથી તે ચંદ્રગુપ્તનો પરમમિત્ર બન્યો હતો અને તેણે ચંદ્રગુપ્તની મદદથી એન્ટિગોસને હરાવ્યો હતો. ઇ. સ. પૂર્વે ૩૦૧ માં સેલ્યુકસના હાથે એન્ટિગોસ ફ્રીજીયાના પ્રદેશમાં માર્યો ગયો હતો. સેલ્યુકસ સાથેની થએલ સંધી મુજબ એન્ટિગોસને હરાવવાને મદદ કરનાર મહારાજા ચંદ્રગુપ્ત સાથે પૂર્ણ મત્રી ધરાવનાર અને તેના પર પ્રસન્નચિત્ત બનેલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સેલ્યુકસે પોતાની પુત્રી ચંદ્રગુપ્તને પરણાવી હતી અને આ પ્રમાણે એશિયાના બંને સમર્થ સમ્રાટો કૌટુંબિક સંબંધથી પણ જોડાયા. આ હકીકતમાં અમારો મતભેદ છે, કારણ ચંદ્રગુપ્તના આખા જીવનમાં વિદેશી રાણી માટેનું વર્ણન કેઇ પણ સ્થળે જોવામાં આવતું નથી.

આ કાળે મગધ સામ્રાજ્યનો રાજ્યવિસ્તાર એટલો બધો વિસ્તૃત બન્યો હતો કે તેના સામ્રાજ્યની સીમા દક્ષિણ તરફના સમુદ્રને સ્પર્શતી હતી. ઉત્તર ભારત તેમજ અફઘાનિસ્તાન અને બલુચિસ્તાનના ભાગનો પણ તેમાં સમાવેશ થયો હતો. કાંબોજ, સૌરાષ્ટ્ર તથા અન્ય ક્ષત્રિય રાજ્યો તેના આશ્રિત બન્યા હતા. વજિક, મલ્લક, અજિક, કુંકુર, કુરૂ, પાંચાલ આદિ રાજ્યોને જીતી લીધા હતા—

ડૉ. સ્મિથ મહારાજા ચંદ્રગુપ્તના વિજયને અંગે જણાવે છે કે-“૨૦૦૦ કરતાં અધિક કાળમાં ભારતના પ્રથમ સમ્રાટ તરીકે ચંદ્રગુપ્તે ભારતની વૈજ્ઞાનિક સીમા પ્રાપ્ત કરી હતી. તેટલી સીમા ૧૬ મી અથવા ૧૭ મી સદીમાં મોગલ સમ્રાટોએ પણ પ્રાપ્ત કરી ન હતી.”

મહારાજા ચંદ્રગુપ્તે અનેક જાતના લોકોપયોગી કાર્યો કર્યાં હતાં. જેમાં સંગાથી પ્રારંભી ગિરનાર પર્વત સુધી પહોંચે તેવી નહેર ૧૨ વર્ષી દુકાળના અંગે ખોદાવી હતી.

આ ઉપરાંત ગિરનાર નજદીક એક સુદર્શન નામનું તળાવ ખોદાવી, નહેરનો પ્રવાહ તે તળાવમાં વાળી, આવશ્યકતા અનુસાર ભિન્ન ભિન્ન દિશાએ નાની નાની નહેરો કાઢી તેણે પ્રજાના કષ્ટનું નિવારણ કર્યું હતું.

ભારતના રક્ષણાર્થે મહારાજા ચંદ્રગુપ્તે જબરજસ્ત લશ્કરી બળ તૈયાર રાખ્યું હતું, જેમાં છ લાખ પાયદળ, ત્રીસ હજાર હયદળ, અને નવ હજારનું ગજદળ એટલે દરેક હાથી દીઠ એક તેનો મહાવત અને હાથીના ત્રણ અંગરક્ષક એમ ચાર માણસો અને હાથી પર બેસીને લડનાર સૈનિક જુદા-આ સિવાય નૌકાવિભાગનું સૈન્ય પણ પૂરતી રીતે મહારાજા ચંદ્રગુપ્ત પાસે હતું.

આ પ્રમાણે વીરતાથી રાજ્ય ચલાવનાર મહારાજા ચંદ્રગુપ્તે ઇ. સ. પૂર્વે, ૩૦૩માં નિકેટર રાજવી સાથે સંધિ કરી. તે સંધિ પ્રમાણે તેનો પ્રતિનિધિ મેગેસ્થુનિસ મગધ સામ્રાજ્યમાં રહેતો હતો. જેનો સ્વર્ગવાસ થતાં તેની જગ્યાએ ડાયમેચસ નામનો પ્રતિનિધિ પાટલીપુત્રમાં રહેતો હતો.

આ પ્રમાણે ઐતિહાસિક સમાલોચનામાં ઇ. સ. પૂર્વે ૩૦૩માં વી. નિ. ૨૨૪માં સમ્રાટ ચંદ્રગુપ્તે પરદેશી આક્રમણકારોથી ભારતને બહુધાયે મુક્ત કર્યું.

એશીયન રાજ્યસત્તાએ અને પ્રજાએ આ વિજયી રાજવી ચંદ્રગુપ્તને “સેન્ડ્રાકસ”નો માનવંતો ઇલકાબ અર્પણ કર્યો હતો જે નામે તે પ્રસિદ્ધિ પામેલ હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ બીજું

## ચંદ્રગુપ્ત મૌર્યનું પૂર્વજીવન

મહારાજા ચંદ્રગુપ્તને અંગે અનેક ઇતિહાસકારો તેમજ મુદ્રારાક્ષસ તેને દાસીપુત્ર અને શૂદ્રજાતિનો જણાવે છે તે વસ્તુ પણ ખરેખર મતભેદ અને વિચાર કરવા જેવી છે. અમારા સંશોધનમાં પ્રમાણભૂત રીતે અમને જાણવા મળ્યું છે કે–મહારાજા ચંદ્રગુપ્તનો વંશ એ મૌર્ય નામની ક્ષત્રીય જાતિનો હતો. મૌર્ય જાતિ, લીચ્છવી જાતિનો એક પેટા વિભાગ હતી અને લીચ્છવી અને મૌર્ય જાતિને સંબંધ હતો. આ ક્ષત્રિય જાતિમાં નવ મલ્લ જાતિ અને નવ લિચ્છવી જાતિ મળી ૧૮ વિભાગો હતા, જેમાં મૌર્ય જાતિના વિભાગનો સમાવેશ થાય છે. પ્રભુ મહાવીરના પિતા સિદ્ધાર્થ રાજા જ્ઞાત જાતિના ક્ષત્રિય હતા. તેમના મામા મહારાજા ચેટક લિચ્છવી જાતિના ક્ષત્રિય હતા.

આ જ્ઞાત જાતિ અને લિચ્છવી જાતિ બંને શ્રમજીવી ક્ષત્રિય શાખાઓ ગણાતી. તેમના પુત્રપુત્રીઓના પરસ્પર લગ્નસંબંધ થઈ શકતા હતા, જેથી રાજા સિદ્ધાર્થ સાથે ચેટકે પોતાની બેન ત્રિશલાના લગ્ન કર્યાં હતાં કે જેમની પવિત્ર કૂખથી પ્રભુ મહાવીર જેવા વિશ્વવત્સલ ને અપૂર્વ જ્યોતિર્ધરનો જન્મ થયો હતો.

હિમાલય પર્વતની ટેકરીની નજીકમાં મયૂર નામનું રાજ્યનગર હતું, જેની ચારે બાજુ પર્વતોની શ્રેણી, હરિયાળી વૃક્ષરાજી અને ઘટાઓથી ભરપૂર હતી. મયૂરોનો નિત્ય કોલાહલ અને મધુર ધ્વનિ જનતાના કર્ણોને આનંદિત કરતો હતો, જેથી લોકોએ મયૂર નગરી નામ પાડયું હતું અને તેના નિવાસીઓ મૌર્ય તરીકે પ્રખ્યાતિ પામ્યા હતા. ઈ. સ. પૂર્વે ૬૦૦ સુધીમાં આ મૌર્ય વંશની રાજધાની મયૂર ક્ષત્રિય લીચ્છવી રાજાઓના હાથમાં હતી.

આ પ્રદેશ અત્યંત સુંદર અને હરિયાળી ભૂમિ તરીકે ચારે દિશાએ પંકાતો હતો. પ્રભુ મહાવીરના નિર્વાણ પૂર્વે રાજ્યલોભને વશ થયેલા નૃપતિના આદેશથી આ રાજ્યગાદી મગધ સામ્રાજ્યમાં ભળી ગઇ અને રાજના કુટુંબીઓ મગધના ખંડીયા તરીકે વસવા લાગ્યા. જે સમયનું અમે આલેખન કરીએ છીએ તે કાળે ઇ. સ. પૂર્વે ૩૫૦ ના ગાળામાં આ મયૂરનગરી એક નાના સરદારની જાગીર તરીકે ગણાતી હતી. જાગીરદારની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મારુ નામની પત્નીને ચંદ્રબિંબના પાનનો દોહદ ઉત્પન્ન થયો. આ વિષમ દોહિલાની પૂર્તિ પંડિત ચાણુકયે બુદ્ધિબળે કરી અને બદલામાં રાજયપુત્ર ચન્દ્રગુપ્તની માગણી કરી.

જન્મસમયથી ચંદ્રગુપ્તના ધર્મપિતાનું સ્થાન પંડિત ચાણુકયને પ્રાપ્ત થયું હતુ. તેણે તેને દરેક વિદ્યામાં પારંગત બનાવ્યો. બાદ પંડિત ચાણુકયે "**ભારતના બીબાંતરિત રાજવી**"–ઉત્તરસાધક તરીકે સાથે રાખી મગધ સામ્રાજયને હસ્તગત કર્યું.

પંડિત ચાણુકયની મદદથી અને તેણે રચેલ અર્થશાસ્ત્રના યોગે મહારાજા ચંદ્રગુપ્તે પોતાના ૨૪ વર્ષના રાજયઅમલ દરમ્યાન મગધ સામ્રાજયની ઉજ્જવળ કીર્તિ ઉપર સુવર્ણકળશ ચઢાવ્યો.

મહારાજા ચંદ્રગુપ્તે મહારાણી દુર્ધટા અને સમર્થ જૈનાચાર્યોના સંસર્ગમાં રહી જૈન ધર્મ અંગીકાર કર્યો હતો અને અંતસમય સુધી જૈન ધર્મ પાળી જૈન રાજવી તરીકે સ્વર્ગવાસ કર્યો.

જગતભરના ઈતિહાસકારો તેમજ પુરાતત્ત્વસંશોધકો બહુમતિએ આ હકીકતને પૂરતો ટેકો આપે છે. જાણીતા પુરાતત્ત્વ-ઈતિહાસવેત્તા શ્રી જાયસ્વાલજી કહે છે કે–' જૈન ગ્રંથો અને તે પછીના શિલાલેખો ચંદ્રગુપ્ત રાજવીને જૈન રાજવી તરીકે ઉલ્લેખે છે, મારો અભ્યાસ જૈન કથનના ઐતિહાસિક પ્રમાણોને માન આપવાની ફરજ પાડે છે."

ડા. સ્મિથ પણ ઉપરોકત મંતવ્ય સ્વીકારી જણાવે છે કે " આ મહાન સમ્રાટ બિંબિસાર (મહારાજા શ્રેણિક) જેવો જ જૈન હતો જે હકીકત ન માનવાને કાંઈ પણ કારણ નથી. નંદો અને મૌર્યોના સમયમાં જૈન ધર્મ મગધમાં સૂર્યના પ્રકાશની માફક સોળે કળાએ પ્રકાશી ઉઠ્યો હતો. ભારતભરમાં તેની પ્રતિષ્ઠા અદ્વિતીય હતી. વિદ્વાન બ્રાહ્મણ ચાણુકયની યુક્તિથી ચંદ્રગુપ્તે રાજય મેળવ્યાની વાત જૈન ધર્મ એ રાજયધર્મ હતો તે માન્યતા માટે અપ્રાસંગિક નથી."

જૈનો પોતાના વિધિવિધાનો માટે પરંપરાથી બ્રાહ્મણોનો સહકાર લેતા આવ્યા છે. જૈન સાધુઓએ પણ સામ્રાજયની સેવા કરી છે. પહેલા નંદ અને પછીના નદ રાજાઓના ખાસ સલાહકાર તરીકે જૈન સાધુઓનો કિસ્સો જેવો તેવો નથી."

ડા. સ્મીથ. ઓક્ષફર્ડ હીસ્ટરી ઓફ ઈન્ડીયા. Pp. 7૯–76માં જણાવે છે કે–

" શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના જણાવ્યા મુજબ ચંદ્રગુપ્ત समाधिमरणं प्राप्य...दिवं ययौ ।

ડૅા. સ્મિથ જેવા સંશોધનકારનું કથન સમ્રાટ ચંદ્રગુપ્તની ધાર્મિક શ્રદ્ધાને અંગે પ્રમાણભૂત ગણાય. મહારાજા ચંદ્રગુપ્તના સ્વર્ગવાસ બાદ ઈ. સ. પૂર્વે ૨૯૮ થી ૨૭૨ એટલે વીર નિ૰ ૨૫૫ સુધી બિંદુસારે મહારાજા ચંદ્રગુપ્તના પાટવીકુંવર તરીકે રાજ્ય ભોગવ્યું. આ રાજવીના લગ્ન એક બૌદ્ધધર્મ પાલક બ્રાહ્મણ કન્યા સાથે થયા હતા. વિલાસપ્રિય આ રાજવીના રણવાસમાં અનેક રાણીઓ હતી. કથાકારો તેમજ ઈતિહાસકારોના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જણાવવા મુજબ આ રાજવીને ૧૦૦ પુત્રો થયા હતા, જેમાં રાજયપુત્ર અશોક મુખ્ય હતો.

મહારાજા બિંદુસારના સમયમાં મૌર્ય સામ્રાજ્યનો પાયો નાખનાર પંડિત ચાણુકયનું અપમૃત્યુ થયું. મૌર્ય વંશને વફાદાર રહેલ આ પંડિતે નગરની બહાર જઇ, અનશન કરી, અગ્નિજવાળા પ્રગટાવી આત્મકલ્યાણ સાધ્યું હતું. આ પ્રમાણે આત્મઘાતના કારણુભૂત કાવતરાંબાજ સુબુદ્ધિ નામનો પંડિત ચાણુકયનો એક હરીફ અમાત્ય હતો.

મંત્ર-તંત્રના જાણકાર પંડિત ચાણુકયની તીવ્ર બુદ્ધિએ મરણુ બાદ પણુ પોતાના એ મૃત્યુનો બદલો યુક્તિપૂર્વક લીધો. પંડિત ચાણુકયના ઘરમાં જઇ વસેલ, આ દ્વેષી અમાત્ય સુબુદ્ધિના હાથમાં પંડિત ચાણુકયની એક ભેદી પેટી આવી. તે પેટીમાં લોકોત્તર દિવ્યમહાસુગંધી ગંધ તેની નજરે પડ્યો તે ગંધની અતિ સુગંધથી આકર્ષાયો અને અમૂલ્ય વસ્તુની પ્રાપ્તિથી આનંદિત બન્યો. તે જ પેટીમાં રહેલ એક ભોજપત્ર પણુ તેના જોવામાં આવ્યું. તે ભોજપત્રમાં નીચે પ્રમાણે લખેલ શ્લોક તેના વાંચવામાં આવ્યો.

**गंधानाघ्राय ये इमाञ्च तिष्ठेन्मुनिचर्यया ।**
**अंतकस्य स तत्काल-मतिथित्वं गमिष्यति ॥**

અર્થાત્ આ ગંધની સુગંધ લીધા પછી જે મનુષ્ય મુનિચર્યામાં રહેશે નહિ તે તાત્કાલિક યમનો અતિથિ થશે-મરણુ પામશે.

ભોજપત્ર પર લખેલ અર્થની ખાત્રી કરવા એક ચરપુરુષને તે દિવ્ય ગંધ સુંઘાડી તેણે તેને દીવ્ય આહારનું ભોજન કરાવ્યું, એટલે તે પુરુષ તરતજ મરણુ પામ્યો. આ બનાવથી સુબુદ્ધિ અત્યંત ભયભીત બન્યો.

શેષ જીવન પશ્ચાત્તાપમાં ગાળી પ્રભુના દરબારમાં "કર અને જો"ની રાજનીતિ પ્રમાણે પોતાના અપકૃત્યનો જવાબ આપવા સુબુદ્ધિ પરલોકે સંચર્યો.

મહારાજા બિંદુસાર પોતાના પિતાની માફક જૈન ધર્મ પાળનારો અને ચૂસ્ત હતો. આ પ્રમાણિક નિવેદનને ડો. થોમ્સ ટેકો આપતાં જણાવે છે કે-"બિંદુસાર પોતાના પિતૃધર્મને અનુસરનારો હતો અને અશોકે પણુ બાળવયમાં તે જ ધર્મનું શિક્ષણુ પ્રાપ્ત કર્યું હતું."

મહાવંશમાં જણાવવામાં આવ્યું છે કે-સામાન્ય સ્થિતિના સનાતન બ્રાહ્મણુધર્મી લગભગ ૬૦૦૦૦ જેટલા બ્રાહ્મણુ સમાજનો નિર્વાહ આ સમયે થતો હતો અને તેમને રાજય અને પ્રજા તરફથી સારી રીતે મદદ મળતી હતી.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ત્રીજું

## કાળગણનામાં ભૂલ કેવી રીતે ઘુસી ?

વીર નિર્વાણના પ્રથમ વર્ષથી એટલે અવંતીપતિ મહારાજા ચંડપ્રદ્યોતના મૃત્યુ બાદ ૬૦ વર્ષ સુધી મહારાજા પાલકે ( તેના પુત્રે ) રાજ્ય કર્યું. વી. નિ. ૬૦ માં એટલે ઈ. સ. પૂર્વે ૪૬૭માં તેનું ( પાલકનું ) પુત્રહીન મૃત્યુ થતાં આ રાજવીએ પોતાની પુત્રી મગધ સામ્રાજ્યના વીર રાજવી મહારાજા નંદીવર્દ્ધનને પરણાવી.

આ પ્રમાણે બનેલ ઘટનાને અંગે અવન્તીપતિ પાલકના સ્વર્ગવાસનું વર્ષ કાળગણનાને અંગે નોંધપાત્ર બન્યું.

| | |
|---|---|
| પાલકના | ૬૦ |
| નંદોનાં | ૧૫૦ |
| મૌર્યોનાં | ૧૬૦ |
| કુલ | ૩૭૦ |

૩૭૦ વર્ષનો ઇતિહાસ પ્રમાણભૂત રીતે આ પ્રમાણે લખાયો અને આજે પણ ઉપરોક્ત વંશોને લગતો ૩૭૦ વર્ષનો ઇતિહાસ એટલે ઈ. સ. પૂર્વે. ૨૫૭ સુધીનો ઇતિહાસ પૂર્ણપણે પ્રાપ્ત થાય છે. જગતભરના ઇતિહાસકારોની કાળગણના સાથે જૈન કાળગણનાને સંકલિત કરતાં ઇતિહાસની ગણના પરિપૂર્ણ મળી આવે છે, છતાં નંદ વંશના ૧૫૦ ને બદલે ૧૫૫ અને કોઇક જગ્યાએ જૈન અર્વાચીન ગ્રંથોમાં માત્ર ૫૫ પણ ગણાયા છે. તે જ માફક મૌર્યવંશના ૧૬૦ ને ૧૦૮ ની સંખ્યા ગણાઈ છે.

આ પ્રમાણે મતાંતર થવાથી તે મતાંતરોના કારણે ગર્દભીલની અવન્તીની રાજ્યગાદી ઉપર રાજ્ય કર્યાની ગણનાના વર્ષોનો ફેરફાર ગણાયો છે. પરિણામે જૈન ઇતિહાસ અને પૂર્વધર આચાર્યોની સેવા સંબંધમાં શંકા અને મતભેદ ઊભો થયો છે. ઊંડો અભ્યાસ અને ગવેષણા પછી અમો જણાવીએ છીએ કે–જૈન કાળગણના પ્રમાણિક અને ઐતિહાસિક બનાવોને પુષ્ટ કરનારી છે.

### મતાંતર કયાં છે ?

નંદ વંશના ઇતિહાસની કાળગણનામાં નંદોની ૧૫૦ વર્ષની સંખ્યા દર્શાવતી પ્રાચીન ગાથામાં પુણ પુણ્णसयं વાકય પ્રામાણિકતાથી લખાયેલું છે છતાં પાછળથી ગ્રંથોમાં આ વાકયની સંધિના પુણ શબ્દનું અશુદ્ધ સ્વરૂપ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ થયું અને તેની અશુદ્ધ મતભેદક જોડણી પણાસયં થઈ ગઈ.

આ પ્રમાણે પણ શબ્દની ઉત્પત્તિ થવાથી પણતીસા પુસમિત્તસ્સ વાકય બન્યું. આ વાકયમાંના પંચવાચક પણ શબ્દનું પુણ થઇ, તેમાંનો તીસા શબ્દ પાછળ થઈ જવાથી બંને જગ્યાએ પાંચ વર્ષનો ઓછોવત્તો અધિકાર થયો, પરન્તુ છેવટની સંખ્યા બરોબર રહી. આ પાંચ વર્ષની અશુદ્ધ ચિરકાલીન ભૂલને અંગે નંદવંશના ૧૫૦ ના બદલે ૧૫૫ થયા છે. પરન્તુ ઐતિહાસિક કાળગણના પ્રમાણે ૧૫૦ વર્ષનો જ રાજયઅમલ પ્રમાણભૂત રીતે મળી આવે છે, જેમાં પાંચ વર્ષનો ફેરફાર કોઇપણ જગ્યાએ થવાનો સંભવ જ નથી.

તે જ માફક મૌર્યવંશને લગતા જૈન ગ્રંથોના ઘણા ભાગોમાં ૧૬૦ ના બદલે ૧૦૮ ની સંખ્યા જણાવવામાં આવી છે.

અને મૌર્યકાળ ગણનાની સૂચક ગાથાઓમાં અટ્ઠસયં મુરિયાણં આ શબ્દો મોટે ભાગે દેખાય છે. તીત્થોગાલી પઇન્નયમાં પણ આને અંગે નીચે મુજબ ગાથા છે.

॥ મરૂઆ( મુરિઆ )ણં અટ્ઠસયં ॥

આ પાઠ અશુદ્ધ છે એમ સમજાય છે, પરન્તુ આ અશુદ્ધિની ભૂલ મૌર્ય અને નંદવંશના ઊંડાણમાં ઉતર્યા વગર અને પ્રાચીન ઇતિહાસની પૂર્ણ સમાલોચના થવા સિવાય સમજાય એવી નથી. આ અશુદ્ધિને લગતી ભૂલ સહેલાઈથી નીચે પ્રમાણે પ્રાપ્ત થએલ છે. વસ્તુસ્થિતિ એ છે કે-મુરિયાણં અટ્ઠસયંની જગ્યાએ મુરિયાણં સટ્ઠિસયં નો મૂળ પાઠ હસ્તલિખિત પ્રાચીન ગ્રંથમાં પ્રાપ્ત થયો છે.

વીર નિર્વાણની છઠ્ઠી યા સાતમી શતાબ્દીમાં કુદરતી સંજોગોમાં યા ભવિતવ્યતાના યોગે ઉપરોક્ત મૂળ ગાથામાં મુરિયાણં સટ્ઠિસયંમાં 'સ'ના સ્થાને લહિયાથી ભૂલમાં મ થઈ ગયો. કાળાંતરે આ એક જ ભૂલનું પરિણામ સંશોધનકારો માટે એવું તો મતભેદક આવ્યું કે ત્યારપછીના લેખકોએ, સટ્ઠિસયં ને બદલે મટ્ઠિસયં શબ્દ ચાલુ કર્યો કે જેનો અર્થ ૧૬૦ ને બદલે ૧૦૮ વર્ષ થાય છે.

મ અને ર ને અર્ધ ઉચ્ચારક લઇ તે સમયના વ્યાકરણકારોએ ઉપરોક્ત શબ્દને નીચે પ્રમાણે મુરિયાણં અટ્ઠસયં બનાવ્યો.

આ શબ્દ વૈકલ્પિક સંધિથી મુરિયાણમટ્ઠસયં એ પ્રમાણે પ્રચલિત થયો એટલે સંશોધક વ્યાકરણકારોએ શબ્દમાંથી કોઇપણ જગ્યાએ માત્રા ઘટી ન જાય તેને ખાતર તર્કવાદનો આશરો લઇ શબ્દની કાયાપલટ કરી અને મુરિયાણમટ્ઠસયંના બદલે અટ્ઠસયં મુરિયાણં શબ્દ પ્રચલિત કર્યો. આ પ્રમાણે કાળગણનાને અંગે ૧૬૦ ને બદલે ૧૦૮ વર્ષ દાખલ થયા. વર્તમાનકાળે હજુ પણ આ મતભેદ નજરે ચઢે છે. પરિણામે આ બાવન વર્ષની ભૂલનું પરિણામ જૈનેતર ઇતિહાસકારોને મહારાજા સંપ્રતિના અસ્તિત્વ સંબંધમાં શંકા ઉપજાવનારું બન્યું છે.

વી. નિ. છઠ્ઠી સાતમી શતાબ્દીથી પ્રારંભી ઉપરોકત ભૂલ ચાલુ રહી એટલે મૌર્ય વંશના તત્પશ્ચાતના ઇતિહાસકારોએ ૧૬૦ ને બદલે ૧૦૮ વર્ષ ગણ્યા. આ અશુદ્ધ કાળગણનાનું સ્વરૂપ શ્રી મેરુતુંગાચાર્યે ચૌદમી સદીમાં ભૂલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરીકે શોધી કાઢયું. તત્પશ્ચાત્ તેમણે લખેલ વિચારશ્રેણી નામના ગ્રંથમાં તેઓએ રાજકાળ-ગણનાનું શુદ્ધ સ્વરૂપ રજૂ કરતાં જણાવ્યું કે–

| | |
|---|---|
| નંદ વંશના | ૧૫૦ |
| મૌર્યના | ૧૬૦ |

પુષ્યમિત્રના ૩૫ નિશ્ચયાત્મક છે અને તેઓએ લહીઆને હાથે કાળગણનામાં કઇ રીતે ગંભીર ભૂલ થઇ તે પણ યથાર્થ રીતે જણાવ્યું છે.

ભૂલભરેલી કાળગણનાને અંગે નિર્વાણ સંવત્ ૩૫૩ થી ૪૧૩ સુધીમાં બલમિત્ર ભાનુમિત્રનો રાજ્યઅમલ ભરુચમાં થએલ દેખાઈ આવે છે. તેઓ નિમિત્તિવેત્તા શ્રી કાલિકાચાર્યના સંસારી અવસ્થાના ભાણેજ થતા હતા. તેઓ વી. નિ૦ ૪૫૩ માં ઉજ્જૈનીની ઘટનામાં સૂત્રધાર તરીકે પ્રસિદ્ધિને પામ્યા છે. તે જ માફક શ્રી આર્યખપુટાચાર્યનો સ્વર્ગવાસ. વી. નિ૦ ૪૮૪ માં બન્યો છે, છતાં પર વર્ષની ભૂલને અંગે શ્રી. કાલિકાચાર્ય અને ખપુટાચાર્યનો સંબંધ ભરુચ-નરેશ સાથે દર્શાવવામાં આવ્યો છે. શ્રી. આર્ય ખપુટાચાર્યે વાદી તરીકે ભરુચમાં બૌદ્ધ સાધુઓને જીતવ.માં અને બૌદ્ધ ધર્મને ભરુચમાંથી તીલાંજલી અપાવવામાં પુરુષાર્થ દાખવ્યો હતો, જે સમયે ભરુચની ગાદી ઉપર બલમિત્ર ભાનુમિત્રની બંધુબેલડી રાજ્ય કરતી હતી.

શ્રી. પ્રભાવક ચરિત્રમાં આચાર્ય ખપુટાચાર્યજીના સ્વર્ગવાસને અંગે જણાવવામાં આવ્યું છે કે–

**श्रीवीरमुक्तितः शतचतुष्टये चतुरशीतिसंयुक्ते ।**
**वर्षाणां समजायत श्रीमानाचार्यखपुटगुरुः ॥**

આ આચાર્યદેવ બલમિત્રના રાજ્યઅમલ દરમ્યાન થઇ ગયા છે.

શ્રી ખપુટાચાર્યના સમયમાં બલમિત્ર ભાનુમિત્રનું રાજ્ય ભરુચમાં હતું તેને અંગે નીચે પ્રમાણે પ્રમાણ મળી આવે છે.

**इतश्चातिपुरं लाटललाटतिलकप्रभम् ।**
**भृगुकच्छं नृपस्तत्र बलमित्रोऽभिधानतः ॥**

શ્રી બલમિત્ર ભાનુમિત્રનો રાજ્યકાળ ભૂલભરેલી કાળગણનાને અંગે વી. નિ. ૩૫૩ થી ૪૧૨ સુધી માનીએ તો પ્રમાણભૂત ગણાતી પ્રભાવકચરિત્રની ગાથાઓ પ્રમાણે શ્રી. કાલિકાચાર્ય અને બલમિત્ર ભાનુમિત્રનો સંબંધ સમકાળે કઇ રીતે ઘટી શકે?

આ બાબતમાં ઊંડી ગવેષણા કરતાં બલ-મિત્ર ભાનુમિત્ર તેમજ નિમિત્તવેત્તા શ્રી કાલ-કાચાર્યના નિર્વાણનો કાળ વી. નિ. ૪૫૩ માં ઐતિહાસિક પ્રમાણોદ્વારા સિદ્ધ થાય છે.

શાહ સીકંદરનું આક્રમણ ઇ. સ. પૂર્વે ૩૨૬ માં, તેનો સ્વર્ગવાસ ઈ. સ. પૂર્વે ૩૨૩માં, તેના વારસ નિકેટર સાથે ચંદ્રગુપ્તની સંધી અથવા તહનામું ઇ. સ. પૂર્વે ૩૦૩ માં.

તક્ષશિલાના રાજવી તરીકે મહારાજા ચંદ્રગુપ્તને ગાદી ઇ. સ. પૂર્વે ૩૨૨માં પ્રાપ્ત થઇ, તત્પશ્ચાત્ મગધ સામ્રાજ્યની ગાદી મગધ સમ્રાટ તરીકે ઇ. સ. પૂર્વે ૩૧૭માં પ્રાપ્ત થઈ. ઈ. સ. પૂર્વે ૧૫૭ માં એટલે વી. નિ. ૩૭૦માં મૌર્યવંશી અંતિમ રાજવી બહદ્રથનું ખૂન તેના સેનાપતિ પુષ્યમિત્રે ધર્મઝનૂનથી પ્રેરાઇ કર્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને તેણે મગધ સામ્રાજ્ય ઉપર શ્રુંગીવંશની સ્થાપના કરી. તેણે મગધથી માંડી અવન્તી સુધીના પ્રાંતો સર કર્યા. વી. નિ. ૩૭૦માં એટલે ઇ. સ પૂર્વે ૧૫૭ મા અવન્તીની રાજ્યગાદી ઉપર રાજ્ય કરતા સમ્રાટ્ સંપ્રતિના વારસોમાં શિથિલતાને અંગે અથવા તો કુટુંબ–કલેશને અંગે નબળાઇ આવી.

આ જૈન રાજવી સંપ્રતિનો સ્વર્ગવાસ વીર નિર્વાણ સં. ૩૨૩ માં અવન્તીમાં થયો હતો. તત્પશ્ચાત્ અવન્તીપતિ જૈનધર્મ મહારાજાઓ ૫૦ વર્ષમાં અવન્તીને પણ પૂરેપૂરું સંભાળી શકયા નહિ અને તેમના હાથ નીચેના સામંત સરદારો એક પછી એક અવન્તીથી છૂટા થવા લાગ્યા.

અવન્તીમાં સંપ્રતિના સ્વર્ગવાસ બાદ આ રાજવીઓએ જૈન ધર્મના રક્ષણાર્થે અને પ્રચારાર્થે પૂરતા પ્રયાસો કીધા, પરન્તુ તેઓની વિલાસપ્રિયતા અને રાજ્ય ઉપરની દેખરેખમાં અંધાધુંધી તેમજ નબળાઈ અવન્તી જેવા વિશાળ સામ્રાજ્ય માટે ભારરૂપ થઇ પડી.

કેટલાક ઇતિહાસકારોના જણાવવા પ્રમાણે આ મૌર્યવંશી રાજવીઓએ રણવાસની અંદર એવી હલકી જાતની સ્ત્રીઓને દાખલ કરવા માંડી કે જેના અંગે રાજ્યમાં ખૂબ ખળભળાટ થયો. પરિણામે આ રાજવંશીઓના માતૃપક્ષી અને શ્વસુરપક્ષી સનાતનધર્મી રાજવીઓએ આંતરિક બળવો ઉઠાવ્યો, જેના પરિણામે ત્રંબાવટીના ગર્દભી વિદ્યાસાધક મહારાજા દર્પણે અવન્તી ઉપર ચઢાઇ કરી અને રાજ્યસત્તા પોતાના હસ્તગત કરી.

દર્પણનો રાજ્યાભિષેક વી. નિ. ૩૭૦ માં અવન્તીના રાજ્ય ઉપર થયો. ત્યારબાદ ૧૦૦ વર્ષ સુધી આ રાજવંશે અવન્તીપતિ તરીકે રાજ્ય કર્યું. વીર નિર્વાણ ૪૭૦ માં એટલે ઈ. સ. પૂર્વે ૫૬–૫૭ માં અવન્તીની રાજ્યગાદી ઉપર રાજ્યકર્તા શક રાજવીઓને હરાવનાર મહારાજા વિક્રમાદિત્યનો રાજ્યાભિષેક થયો અને કાળગણનામાં ગર્દભીલોના ૧૦૦ વર્ષ ગણાયા.

ભૂલભરેલી કાળગણનાના હિસાબે ગર્દભીલ વંશના ૧૫૨ વર્ષ થાય છે. આ વસ્તુ તદ્દન અસંભવિત અને ઐતિહાસિક વસ્તુને નાબૂદ કરનારી બને છે. ઈતિહાસકારો પણ અવન્તીની રાજ્યગાદી ઉપર ગર્દભીલ વંશના ૧૦૦ વર્ષ જણાવે છે અને અમારા સંશોધનમાં પણ ૧૦૦ વર્ષનો જ ઈતિહાસ ઉપલબ્ધ થાય છે.

મત્સ્ય, બ્રહ્માંડ અને વાયુપુરાણમાં પણ ગર્દભીલવંશી ૭ રાજાઓએ અવન્તીપતિ રાજવીઓ તરીકે ૧૦૦ વર્ષ સુધી રાજ્ય કર્યાનું જણાવવામાં આવ્યું છે, તે જ પ્રમાણે તીત્થોગાલી પઈન્નય સૂત્રમાં પણ ગર્દભીલ વંશના ૧૦૦ વર્ષ જણાવવામાં આવ્યા છે તો કઇ રીતે ગર્દભીલવંશના ૧૫૨ વર્ષની કાળગણના પ્રમાણભૂત માની શકાય?

જાતિસ્મરણજ્ઞાની સમ્રાટ્ સંપ્રતિનો ઇતિહાસ પણ આવી ભૂલભરેલી કાળગણનાને અંગે જગતના ઈતિહાસકારોને અસંગત જણાવા લાગ્યો. આ દર્પણ જેવા સ્પષ્ટ ઐતિહાસિક પ્રસંગનું નામનિશાન ઇતિહાસમાંથી લુપ્તપ્રાયઃ થતું અમારા જાણવામાં આવ્યું કે તરત જ અમે આ દિશામાં ભગીરથ પ્રયાસ શરૂ કર્યો અને વર્ષોના પરિશ્રમને પરિણામે સમ્રાટ્

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંપ્રતિ નામનો લગભગ ૫૦૦ પાનાનો દળદાર ગ્રંથ બહાર પાડયો.

ઉપર્યુક્ત ગ્રંથના આઠમા ખંડમાં અમે જેમ જણાવ્યું છે તે જ માફક સાહિત્યરત્ન પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજે **જૈન કાળગણના** નામના ગ્રંથમાં બાવન (૫૨) વર્ષની ભૂલનું સંશોધન રજૂ કર્યું છે.

તીત્થોગાલી પઈન્નય સૂત્રના લખાણમાં પણ ગણના વિષયક ગાથાઓમાં પણ સૂક્ષ્મ ભૂલ પ્રવિષ્ટ થએલી દેખાય છે. આ ભૂલના આધારે પણ વીર-નિર્વાણથી શક સંવત સુધીના રાજાઓનો રાજ્યકાળ વી. નિ. ૫૫૩ સુધી આવે છે. પરન્તુ પ્રમાણિક અને સાચી રીતે શક સંવત્સરનો કાળ વી. નિ. ૬૦૫ વર્ષ અને ૫ માસે આવવો જોઇએ.

સ ને બદલે મ

| અશુદ્ધપાઠ | પૃષ્ઠ | ગાથાચરણ | શુદ્ધ પાઠ |
|---|---|---|---|
| મુરા | ૯ | ૨૦૮–૨ | સુરા |
| રાખયવામે | ૧૩ | ૩૧૬–૨ | રાખયવાસે |
| નિમુંભેય | ૨૩ | ૬૧૦–૨ | નિસુંભેય |
| મંજતો | ૨૬ | ૬૮૦–૨ | સંજતો |
| મુયનિસિદ્ધો | ૩૦ | ૮ ૯–૪ | સુયનિસિદ્ધો |
| પરિસાણું | ૧ | ૧૩–૪ | પરિમાણું |
| સુહકમલા | ૧૧ | ૨૭૦–૪ | મુહકમલા |
| ધણિસુજજંતા | ૨૫ | ૬૬૭-૨ | ધણિયમુજજંતા |

વર્ત્તમાનમાં છપાએલ તીત્થોગાલી પઇન્નય સૂત્રોની ગાથાઓમાં **सङ्किसय** ને બદલે **मङ्किचयं** શબ્દ દૃષ્ટિગોચર થાય છે, જેના આધારે મોર્ય-વંશી કાળગણનામાં ૧૬૦ ને બદલે વિકૃત ૧૦૮ ની સંખ્યા નિશ્ચિત થઈ. વી. નિ. સાતમી સદીમાં મારુ દેશમાં અથવા અવન્તીની ઉજ્જૈની નગરીમાં લખાતા પ્રાચીન ગ્રંથોમાં-ની પ્રતોમાં ઉપરોક્ત દેશના લહીઆઓ કે જેઓ **च** ને બદલે **स** અને **स**ને સ્થળે **म** ના અવતરણ કે ઉચ્ચારમાં સહેહિત ભૂલ કરતા આવેલા છે, તેઓએ તીત્થોગાલી પઇન્નય સૂત્રના લખાણમાં અનેક સ્થળોએ પણ **स**ના બદલે **म** અને **च** ના સ્થળે **स** લખી એવો તો ગોટાળો કર્યો કે મૂળ અર્થના અનેક અશુદ્ધ અર્થો નજરે દેખાય છે, જેમાંથી નીચેના કેટલાક દાખલાઓ રજૂ કરીએ છીએ.

સ ને બદલે મ

| અશુદ્ધપાઠ | પૃષ્ઠ | ગાથાચરણ | શુદ્ધ પાઠ |
|---|---|---|---|
| મુયરયણ | ૩૨ | ૪૯–૪ | સુયરયણ |
| મંકિણ્ણા | ૩૪ | ૯૧૨–૪ | સંકિણ્ણા |
| ભમુંડિય | ૩૬ | ૯૫૦–૧ | ભસુંડિય |
| મુણિવિટ્ઠો | ૪૫ | ૧૧૯૯-૪ | સુણિવિટ્ઠો |

| | | | |
|---|---|---|---|
| સુતિહિંતિ | ૩૫ | ૯૩૫–૨ | મુતિહિંતિ |
| સુસ્સુર | ૩૫ | ૯૩૭–૪ | મુમ્મુર |
| સુવટ્ઠિઓ | ૨૯ | ૭૬૮–૪ | મુવટ્ઠિઓ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ખંડ ૩ જો

## પ્રકરણ ૧ લું

### સાધ્વી સરસ્વતીનું અપહરણ

પ્રથમ ખંડમાં જણાવ્યા મુજબ શ્રુતપારગામી શ્રી કાલિકાચાર્યે અવન્તીના પાટનગર ઉજ્જૈનીમાં પોતાના બહોળા શિષ્ય સમુદાય સહિત ક્ષીપ્રા નદીના કિનારે આવેલ ઉપવનની પૌષધશાળામાં સ્થિરતા કરી. બીજી બાજુથી બાળબ્રહ્મચારિણી ગચ્છનાયિકા સાધ્વી સરસ્વતી પણ અનેક સાધ્વીઓ સહિત ઉજ્જૈનીના ઉપાશ્રયમાં આવી પહોંચી.

અવન્તીના પાટનગર ઉજ્જૈનીની જનતા જ્યોતિર્ધર સૂરીશ્વરજીની અમૃત દેશનાનો લાભ લેવાને નિયમિત પૌષધશાળાએ એકત્ર થતી. તે જ પ્રમાણે સાધ્વી સરસ્વતી આદિ સાધ્વીઓ ઉજ્જૈનીના મહિલાસમાજની સાથે વ્યાખ્યાન શ્રવણ કરવા માટે નિયમિત બહાર ઉપવનની પૌષધશાળામાં જતા.

આ પ્રમાણે નિયમિત જતાં–આવતાં ક્રમમાં એક દિવસ અવન્તીપતિ ગંધર્વસેન રાજવી કે જેનું બીજુ નામ ગર્દભીલ હતું તેની નજરે બાળબ્રહ્મચારિણી અતિરૂપવંતી સાધ્વી સરસ્વતી પડી.

યુવાન, મદાંધ અને ભાનભૂલેલ આ રાજવીની મતિ સરસ્વતી સાધ્વીને જોતાં જ ભ્રષ્ટ બની. અને સારાસારનો વિચાર ન કરતાં પોતાની સાથે રહેલ સુભટોના નાયક નંદને તત્ક્ષણે હુકમ કર્યો કે–વ્યાખ્યાન શ્રવણ કરી પાછી ફરતી સરસ્વતી સાધ્વીને તારે કોઈ પણ હિસાબે પકડી મારા મહેલમાં દાખલ કરવી.

મહારાજા ગંધર્વસેનનાં ઉપયોગ માટે બે રાજ્યમહેલો કરવામાં આવેલ. એક મહેલમાં મહારાણી મદનસેના અને રાજ્યકુટુંબ રહેતું હતું તે મહેલ ક્ષીપ્રા નદીને કાંઠે જ ઉપવનમાં આવેલ હતો અને પૌષધશાળા લગભગ અર્ધો માઈલ દૂર હતી. બીજો રાજ્યમહેલ ઉજ્જૈનીના કિલ્લાની અંદર રાજ્યવહીવટની અદાલતો આવેલ તેની પાછળના ભાગમાં હતો. આ કિલ્લાના રાજમહેલનો ઉપયોગ ગંધર્વસેનના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દુરાચાર માટે થતો. ગંધર્વસેનની કામાભિલાષા અતિ ઉગ્ર હતી. શહેરની રૂપવતી સ્ત્રીઓ તેમજ કન્યાઓનું અપહરણ કરાવી, આ કિલ્લામાં તે પોતાનું મનરંજન કરતો. ઉજ્જૈનીની પ્રજા આ અત્યાચારથી પૂરેપૂરી કંટાળી ગઈ હતી. વાડ પોતે જ જ્યારે ચીભડા ગળે ત્યારે તેની ફરિયાદ કોની પાસે જઈને કરવી ? છતાં તે સમયનું મહાજન માયકાંગલું નહોતું. તેણે રાજવીને પણ ઘડીભર વિચારમાં નાખી દે તેવી હીજરત કરવાનો નિર્ણય કર્યો. તેવામાં કુદરતી સંકેતાનુસાર સાધ્વી સરસ્વતીના અપહરણનો કારમો કિસ્સો બન્યો.

ગંધર્વસેનની વિષયપિપાસા માટે એમ કહેવાય છે કે-તેને પોતાની જ ઉમ્મરની અડોલિયા નામે અતિ સુંદર બહેન હતી. પોતાની આ બહેનના રૂપસૌંદર્યથી તે અત્યંત મુગ્ધ બન્યો. પોતાના યુવરાજપણાના અભિષેક વખતે પોતાની જાતનું પણ ભાન-ભૂલી તેણે પોતાની બહેન ઉપર કરડી નજર નાખી અને તેની સાથે ભોગવિલાસ કર્યો. આ સમયે પ્રજામાં હાહાકાર મચી ગયો. શાંત અમાત્યવર્ગે તેને સમજાવ્યો અને અડોલિયા-ને તેની નજરથી દૂર રાખવા માટે સાતમા માળે રાખી છતાં પણ વિષયીને કદી તૃપ્તિ ન હોય તેમ તે ગુપ્ત રીતે સાતમે મજલે પણ જવા લાગ્યો.

નંદ આ હકીકતોથી બીનવાકેફ ન હોતો પણ કુદરતી રીતે જ આ વખતે તેણે ગંધર્વ-સેનના આદેશની સામે થવાનું નિર્ણીત કર્યું. એક સતી સાધ્વી સ્ત્રીના પવિત્ર શિયલને ભ્રષ્ટ કરવામાં પોતે સહાયભૂત બને છે તે વિચારથી તેને કંપારી છૂટી. તેને મનથી "એક તરફ વાવ અને બીજી તરફ નદી" એવો ન્યાય થઇ પડયો. શું કરવું ? તેની ગડ-મથલમાં તે સ્તબ્ધ બની ગયો. વિચારણાને અંતે તેને એક સુયોગ્ય માર્ગ મળી આવ્યો. તેણે વિચાર્યું કે-સરસ્વતી સાધ્વીને જો હું મદનસેનાના મહેલે પહોંચાડું તો રાજાનો પણ આદેશ માન્ય કર્યો કહેવાય અને રાણી મદનસેનાના મહેલમાં રહેતા સાધ્વી સરસ્વ-તીને કાંઇપણ હરકત આવે નહીં. નંદે પોતાના સુભટોને તે પ્રમાણે કરવા ગુપ્ત સલાહ આપી અને અપહરણ કરી જવાના રથના મુખને મદનસેનના મહેલ તરફ વાળ્યું. નંદ અને સુભટો સરસ્વતીના પાછા ફરવાના સમયની રાહ જોતાં ઝાડીમાં સંતાઈ ગયા.

આ બાજુ શ્રી કાલિકાચાર્યનું વ્યાખ્યાન પૂરું થયા બાદ માનવમેદની વિખરાઇ. સૌ પોત-પોતાના માર્ગે ચાલ્યા ગયા.

ત્યારબાદ સાધ્વી સરસ્વતીએ શ્રી કાલિ-કાચાર્યજી સાથે ધર્મગોષ્ઠી કર્યા બાદ જણા-વ્યું કે-ગુરુદેવ, આજે મારી જમણી ભુજા તેમજ આંખ ફરકી છે, માટે જરૂર આજે કાંઇક પણ અશુભ થવાનું સૂચન થયું છે. જવાબમાં આચાર્યદેવે પણ આશ્વાસન આપતાં જણાવ્યું કે-શાસનદેવ તમારું રક્ષણ કરે.

આ પ્રમાણે વાર્તાલાપ બાદ સાધ્વી સરસ્વ-તીએ નગર તરફ પ્રયાણ કર્યું. સાધ્વીએ મંદગતિએ ચાલવા માંડયું. એટલામાં ઝાડના ઝુંડ વચ્ચેથી કંઈક અવાજ આવતો સંભળાયો પરંતુ એટલામાં તદ્દન નિર્જન સ્થિતિનો લાભ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લઈ બુકાની બાંધેલ શસ્ત્રધારી ત્રણ ચાર સુભટોએ ઝાડીમાંથી બહાર આવી, જે પ્રમાણે એક વરુ પોતાના શિકાર ઉપર તરાપ મારે તેની માફક સાધ્વી સરસ્વતીને ઘેરી લીધી અને તેણી એક પણ શબ્દનો ઉચ્ચાર કરે તે પહેલાં તો ખૂદ નંદે જ પોતાના બંને બાહુથી તેણીને સંભાળપૂર્વક ઉપાડી રથમાં દાખલ કરી. સાથે રહેલ સાધ્વીવર્ગે આ અચાનક હુમલાથી કિકિયારી કરી મૂકી પરંતુ તેમનો પ્રયાસ અરણ્યરૂદન જેવો નિવડ્યો. નિર્જન વનમાં કોઈ તેમની મદદે ન આવ્યું. કેટલીક સાધ્વીઓ આ કરુણ બનાવના સમાચાર આપવા શ્રી કાલકાચાર્ય પાસે પહોંચી ગઈ.


જેના હૃદયમાં પૂરેપૂરી ધર્મભાવના પ્રગટેલ છે એવા સુભટ સરદાર નંદનો રથ જોતજોતામાં મહારાણી મદનસેનાના મહેલ પાસે આવી ચઢ્યો અને આંખના પલકારામાં રથમાં બેશુદ્ધ બનેલ સાધ્વીને બને બાહુથી ઉપાડી અંતઃપુરમાં મહારાણી મદનસેનાના શયનગૃહવાળા ઓરડામાં તેને દાખલ કરી. સુભટ સરદાર નંદને ગમે તે સમયે રાજ્યમહેલમાં આવવાની છૂટ હતી.

આ સમયે મહારાણી મદનસેના શિશુકુમાર વિક્રમને સખીઓ સહિત રમાડતી વિનોદમાં મગ્ન બની હતી તેવામાં ઓચિંતો નંદને પોતાના બાહુમાં ઉપાડેલ બેશુદ્ધ સાધ્વીને પોતાના શયનગૃહમાં દાખલ કરતો જોઇ તે આશ્ચર્યમુગ્ધ બની. નંદના બાહુમાં રહેલ સાધ્વી સરસ્વતીને બેશુદ્ધ અવસ્થામાં દેખી મહારાણીના હૃદયમાં તરત જ પોતાના અત્યાચારી પતિની કરણીનું જ આ પરિણામ છે એવો નિશ્ચય બંધાઇ ગયો.

એક પણ પળનો વિલંબ ન કરતાં તે નિર્દોષ સાધ્વીના રક્ષણાર્થે કટિબદ્ધ થઈ. નંદને તેણે આજ્ઞા કરી કે "તેને આ પલંગ ઉપર સુવાડો." સાધ્વી સરસ્વતી તદ્દન બેશુદ્ધ હતી. મદનસેના નંદને સારી રીતે જાણતી હતી. પોતાના પતિના અવિચારી કાર્યોમાં તે તેનો સહાયક રહેતો; પણ આ સમયે તેને કયાંથી ખબર હોય કે નંદમાં અજબ પરિવર્તન થઈ ગયું હતું. મદનસેનાએ રોષભર્યા શબ્દોમાં કહ્યું કે–અત્યાચારી મહારાજાના મદદગાર સરદાર! શું મારા પરમ પવિત્ર રણવાસને પણ કલંકિત કરવા માટે તેં અને તારા રાજવીએ આ જાતનો પ્રપંચ રચ્યો છે? નિષ્ઠુર સરદાર! યાદ રાખ. હું કોણ છું તે તું જાણે છે? ધારનરેશની રાજકુમારી મદનસેના, સ્વધર્મપાલક એક નિર્દોષ સાધ્વીના શિયળનું ભક્ષણ નજર સામે કદાપિ નહિ થવા દે. તું પણ તારા અવિચારી પાપાચારનો બદલો ભોગવી લે. આટલું કહેતાં જ વીર રાજપત્નીએ શિયળના રક્ષણાર્થે રાખેલ કટારીને બહાર ખેંચી કાઢી અને નંદ ઉપર હુમલો કરવા આગળ ધસી. આ બધું એ એક પળમાં એવી રીતે બની ગયુ કે જાણે આકાશની વીજળી ચમકારો કરીને અલોપ થઇ ગઇ.

નંદે મહારાણીના ઉગામેલ હાથ તરફ પોતાનો હાથ ઊંચો કરી, માથું નીચે નમાવી જણાવ્યું કે–" હે માતુશ્રી! આપની શિયળરક્ષણ માટે રાખેલ કટારી ઝીલવા રાજ્યને વફાદાર આ નંદનું શીશ તૈયાર છે, પરન્તુ મારું કથન પ્રથમ સાંભળો. પછી તેનો ઉપયોગ કરવો ઘટે તો આપ કરજો. આ સાધ્વીના શિયળના રક્ષણાર્થે જ હું તેને મહારાજાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat    www.umaragyanbhandar.com





સુભટ નંદે સરસ્વતીનું કરેલ અપહરણ ( પૃ. ૪૦ )




મહારાણી મદનસેનાના મહેલમાં સાધ્વી સરસ્વતી ( પૃ. ૪૦ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



અવંતીનું મહાજન ગર્દભસેનને સરસ્વતી સાધ્વીને મુક્ત કરવા વિનવે છે.
( પૃ. ૪૪ )




શ્રી કાલકસૂરિ ને શકસરદારનું મિલન ( પૃ. ૫૩ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજ્ઞા પ્રમાણે કિલ્લાના મહેલમાં ન લઇ જતાં અહીં લાવ્યો છું.

રાજાના હુકમની અવગણના કરી હું અહીં આવ્યો છું. આપની છાયાતળે આ સાધ્વીના શિયલનું રક્ષણ થશે એમ માની અહીં આવવાનું મેં સાહસ કરેલ છે. આપને આ પવિત્ર સાધ્વી સુપ્રત કરું છું માટે હવે તેના રક્ષક બનો. અને ધર્મરક્ષક તરીકે મહારાજા ગંધર્વસેનને આ જાતના ભયંકર પાપમાંથી ઉગારી લો."

નંદના આટલા જ શબ્દો મહારાણી મદનસેનાના કર્ણે અથડાતાં જ તેણે મારવા ઉગામેલ કટારી તેના હાથમાંથી સરી પડી અને પ્રશંસાના શબ્દો ઉચ્ચારતાં જણાવ્યું કે-" હે બહાદુર સુભટ ! આજે તેં અત્યારી રાજવીના સમગ્ર કુટુંબને ભયંકર પાપમાંથી બચાવી લીધું છે. તારા આ કૃત્યનો બદલો હું સમયે તને આપીશ.

" પરમાત્માએ તને ખરે વખતે જ સદ્‌બુદ્ધિ આપી છે. મારા જીવનના ભોગે પણ હું આ સાધ્વીસ્રીનું સંરક્ષણ કરીશ."

× × ×

ચાતક જેમ મેઘની રાહ જુવે તેમ ગંધર્વસેન સાધ્વી સરસ્વતીની રાહ જોઈ રહ્યો હતો પણ જયારે તેને સમાચાર મળ્યા કે નંદે તેને મદનસેનાના મહેલમાં દાખલ કરી છે ત્યારે તે ક્રોધથી ધમધમી ઉઠયો. શીઘ્ર વેગે તે મદનસેનાના મહેલે આવી પહોંચ્યો. રાજાને આવેલ જોઈ અન્ય પરિજન વર્ગ સંતાઇને શું બને છે તે નિહાળવા લાગ્યા.

રાજયપુત્ર વિક્રમ આ સમયે શયન ગૃહમાં આનંદથી આમતેમ ખેલી રહેલ હતો.

રણવાસના ઓરડામાં દાખલ થતાં જ ગુસ્સાના આવેશમાં ક્રોધિત રાજાએ ચારે તરફ દૃષ્ટિપાત કર્યો. આ ક્ષણે જો નંદ તેની દૃષ્ટિએ પડયો હોત તો મહારાજા તેને કશું ન પૂછતાં તેનો શિરચ્છેદ જ કરત.

પલંગ ઉપર બેશુદ્ધ થએલ સાધ્વી તરફ વળી તેને ઉદ્દેશીને ગંધર્વસેન બોલ્યો કે-"હે લલના ! પરમાત્માએ ભોગવિલાસ માટે જ અને અવન્તીની મહારાણી થવાને માટે જ તને અહીં મોકલી આપી છે. ધારાવાસ અને ઉજ્જૈનનો ઉચ્ચ કોટીનો રાજયસંબંધ જોતાં તારી સાથેનો ગાંધર્વ વિવાહ અથવા તારી સાથેનો સંબંધ એ અનુચિત ન જ ગણાય. સમય જતાં જરૂર મને ખાત્રી છે કે-ધારાવાસના રાજકુટુંબીઓ તરફથી મને અવશ્ય સહકાર મળશે.

આ રૂપસંપન્ન યૌવન અને અવન્તીનું મહારાણી પદ એ વસ્તુ શું ધારાવાસની રાજયકુમારિકા માટે અસ્થાને ગણાય ? હે કુમારિકા ! તારે મારી ઇચ્છાને આધીન બનવું પડશે."

આટલા શબ્દો બોલી ભાનભૂલેલ ગંધર્વસેન રાજવી પલંગ પર ઉછાળો મારી પવિત્ર સાધ્વીને પોતાના બાહુમાં પકડવા જાય છે તે જ સમયે દ્વારની ઓથમાં છૂપાએલ મહારાણી મદનસેના, સિંહણ જેવી ગર્જના કરતી, શુદ્ધ ક્ષત્રિયાણીની વટને છાજે તેવી રીતે નિડરતાથી શયનગૃહમાં દાખલ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઇ. તેની પાછળ રાજ્યમાતા અને રાજ્યનો વફાદાર સુભટ નંદ પણ ઓથમાં છુપાઇને ઊભો રહ્યો.

મેઘનાદની જેમ ગર્જના કરતી મહારાણી મદનસેનાએ કોઇ દિવસ નહિ અને આજે જ અત્યંત ક્રોધિત બની રાજાને કહ્યું કે–"રાજન્ ! તમારી ધારેલ વસ્તુ કદાપિ કાળે સફળ થઇ શકે તેમ છે જ નહિ. પરમ પવિત્ર વિદુષી સાધ્વીના શિયળના ભક્ષણાર્થે આ જાતનો પ્રપંચ એ અવન્તીપતિને માટે શરમાવા જેવું છે. રાજન્ ! અવન્તીના પાયતખ્ત ઉપર રાજ્ય કરનાર દરેક રાજવી દેવાંશી અને ક્ષત્રીયવટને છાજતો જ હોવો જોઇએ. તેનું વર્તન એક પ્રજાપાલક રાજવી તરીકે એવું તો પરમ પવિત્ર અને નિર્મળ રહેવું જોઇએ કે જેનું અનુકરણ સમસ્ત ભારત કરી શકે. રાજન્ ! પ્રભુએ આપને કઈ જાતની ન્યૂનતા આપી છે કે અતૃપ્ત સ્થિતિ અનુભવી તમે અધોગતિને પ્રાપ્ત થઇ રહ્યા છો ?

"હે સ્વામિનાથ ! આ અવન્તીની ગાદીનો પૂર્ણ પ્રતાપ અને તેની ઉપર થઇ ગએલ રાજવીઓના પૂર્વકાલીન ઇતિહાસ તરફ નજર કરો. આ જ પાટનગરના રાજવી સમ્રાટ્ સંપ્રતિ જેવાએ સમસ્ત ભારતમાં જૈન ધર્મના પ્રચાર અર્થે એવી તો સુંદર અમર કીર્તિને પ્રાપ્ત કરી છે કે જેમની અમર નામના રવિઉદયની જેમ અમરતાને પ્રાપ્ત થઈ છે.

"રાજન્ ! આ જ પાટનગરમાં થએલ ભદ્રા શેઠાણીના સુપુત્ર અવન્તીસુકુમારના ચરિત્રનું સ્મરણ કરો કે જેણે માત્ર એક જ દિવસની દીક્ષા પાળી બારમા દેવલોકની ઋદ્ધિ પ્રાપ્ત કરી. તે અવન્તીસુકુમારના સ્મરણાર્થે તેના સુપુત્ર **મહાકાળે** અવન્તીમાં અવન્તી પાર્શ્વનાથનું પ્રભાવશાળી ને ભવ્ય જિનાલય બંધાવી જૈન ધર્મની કીર્તિ પર સુવર્ણ કળશ ચઢાવ્યો હતો.

"સમ્રાટ સંપતિએ ખાસ રત્નજડિત રથ બનાવી, ભવ્ય રથયાત્રા કરી, જૈન ધર્મનો પ્રચાર ભારતભરમાં પ્રસરાવી છેક લંકા સુધીના પ્રદેશોમાં એવી રીતે વિસ્તૃત કર્યો હતો કે જેની અમરકૃતિની નોંધ ઈતિહાસના પૃષ્ઠોમાં સુવર્ણાક્ષરે લખાયેલ છે. આવા પવિત્ર રાજ્યસિંહાસન ઉપર બિરાજમાન થનાર મારા પતિદેવ કેવા હોવા જોઇએ ? અવન્તીના પવિત્ર રણવાસમાં ખૂદ રાજ્યમાતાની હાજરીમાં આ કેવી પરિસ્થિતિને હું નિહાળી રહી છું ? રાજન્ ! આપે રાષ્ટ્રધર્મ તરીકે વ્યાપેલ પરમ પવિત્ર જૈન ધર્મના પ્રચાર અર્થે પ્રબળ પુરુષાર્થ કરવો જોઇએ તેને બદલે આપ તે જ ધર્મની પવિત્ર સાધ્વીના શિયળનું ભક્ષણ કરી " અવન્તીપતિ ગંધર્વસેન ધર્મરક્ષક નહિ પરન્તુ ભક્ષક હતા" એ જાતનું કથન શું ઇતિહાસને પાને નોંધાવવા માગો છો ? રાજન્ ! કદાપિ કાળે એ વસ્તુ બનશે નહિ. આપની અર્ધાંગના અને હકદાર અવન્તીપતિની મહારાણી તરીકે જેટલો અધિકાર આપનો છે તેટલો જ અધિકાર મારો છે માટે હું આપને ચરણે પડી નમ્રતાપૂર્વક અરજ કરું છું કે–આપે આ ક્ષણે આ જાતનો અત્યાચાર ન કરવાની પ્રજાપાલ તરીકે પ્રતિજ્ઞા લેવી અને આ વિદુષી સાધ્વીને તેના સ્વસ્થાને માનભેર પહોંચાડી. પૂજ્ય ગુરુદેવ પાસે થએલ ભૂલની માફી માગવી."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રમાણે મહારાણી મદનસેનાનું વકતૃત્વ સાંભળી ગંધર્વસેન જડવત્ સ્થિર થઈ ગયો. તેના મગજમાં મંથન ચાલ્યું. તે સારાસારનો કંઈ પણ નિર્ણય કરે તે પહેલાં તો મહારાણી મદનસેનાએ સ્વરક્ષણાર્થે રાખેલ કટારને કમરમાંથી બહાર ખેંચી કાઢી, પતિના ચરણમાં પડી, આત્મહત્યા કરવા હાથ ઊંચો કર્યો. તે સમયે રાજ્યમાતા પાછળ દોડી આવી અને સારથી નંદે તેના હાથમાંથી કટાર લઈ લીધી. તે જ ક્ષણે મહારાણી બેશુદ્ધ થઈ પૃથ્વી પર ઢળી પડી. આ સમયે રાજ્યકુમાર વિક્રમે એવો કલ્પાંત કરી મૂકયો કે તેની અસર મહારાજાને ઘણી થઈ અને તેણે તરત જ રાજમહેલનો ત્યાગ કર્યો.

× × ×

નારી તો જગનું નૂર છે, નારી રત્નની ખાણ;
નારીથી નર ઉપન્યા, ધ્રુવ પ્રલ્હાદ સમાન.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૨ જું

### શ્રી કાલકાચાર્યની ભીષ્મ પ્રતિજ્ઞા

મહારાજા ગંધર્વસેને અત્યંત ક્રોધાવેશમાં રાજ્યમહેલનો ત્યાગ કરી, મહેલની કચેરીમાં જઇ પોતાના સ્થાનકે બેઠક લીધી. તેને ખાત્રી હતી કે–આ સમયે અવન્તીનું ઉશ્કેરાએલ મહાજન આચાર્યની સાથે અથવા ખૂદ શ્રી કાલકાચાર્ય રાજ્યકચેરીમાં આવી અત્યંત કોળાહળ મચાવી મૂકશે. અવન્તીના મહાજનની વફાદારીભરી સેવા અને કીર્તિ ચારે દિશાએ ફેલાએલ હતી અને તેની મદદથી જ અવન્તીની રાજ્યસત્તા બીજા દેશોમાં પણ બલાઢ્ય અને અજિત ગણાતી હતી. મહારાજા ગંધર્વસેનની ધારણા મુજબ જ બન્યું અને અવન્તીના મહાજનના કોટ્યાધીશ શ્રીમંતો સાથે શ્રી કાલિકાચાર્યજી પ્રતિહારી મારફતે મહારાજાની આજ્ઞા મેળવી મહારાજા સન્મુખ હાજર થયા.

મહાજનને અને આચાર્યને સન્માનિત કરી, અમાત્યોએ તેમને યોગ્ય આસને બેસવા વિનંતી કરી પરન્તુ કોઇએ પણ બેઠક ન લેતાં માત્ર ઊભા રહી, ગદ્ગદિત કંઠે મહારાજાને વિનતિ કરી કે–" હે રાજન્! રાજા તો ધર્મના રક્ષક મનાય છે. પરમ પવિત્ર જૈન સાધ્વીના રક્ષણાર્થે અને ધર્મના ઉદયને માટે અવન્તીપતિ મહારાજાએ પ્રયાસ કરવો જોઇએ તેને બદલે સાધ્વીનું અપહરણ કરી ધર્મભક્ષક બનવાનું આપનું આચરણ શું ઉચિત છે?

" ત્રીજા આરાના સમયથી આરંભી આપના રાજ્યઅમલ સુધીમાં થએલ દરેક રાજવીઓએ આ વીર ધર્મના પ્રતિપાલક અને સાધુ–સાધ્વી–શ્રાવક-શ્રાવિકા તેમજ તેમના હસ્તે સ્થાપિત થએલ તીર્થો અને ધર્મના રક્ષણાર્થે કઇ જાતની વીરતા દાખવી છે, અને ખૂદ આ પાયતખ્તના રાજવીઓએ આત્મકલ્યાણ અર્થે ચારિત્ર અંગીકાર કરી આત્મકલ્યાણ સાધ્યું છે. શું આજે તે જ અવન્તીપતિ મહારાજા ધર્મભક્ષક બને છે?

"રાજન્! અમારી વિજ્ઞપ્તિ તમારા હૃદયને સ્પર્શ કરતી હોય તો તેને માન્ય રાખી, તમારા હાથે થતી ભયંકર ભૂલને સુધારી લો." મહાજને આ પ્રમાણે નમ્ર વિનંતિ કર્યા બાદ રાજાના ઉચ્ચ અધિકારી તથા અમાત્ય વર્ગે પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યોગ્ય સલાહ આપતાં જણાવ્યું કે–"હે રાજન્! આવી જાતના આચરણથી અવન્તી ઉપર આપ ભયંકર આફત વહોરી ન લ્યો. આપના આ જાતના કાર્યથી અવન્તીનું મહાજન અવન્તીથી પ્રસ્થાન કરી જશે. અને તમારા આ અપકૃત્યથી ઇતિહાસમાં અવન્તી-પતિનું નામ કલંકિત થશે. આ જ ક્ષણે શ્રી કાલિકાચાર્યજીને સાધ્વી સરસ્વતી સુપ્રત કરો. મોટા મોટા મહાત્માઓ પણ ભૂલને પાત્ર બને છે તો અવન્તીપતિથી આ જાતની ભૂલ થઈ હશે તે કંઇ ગંભીર ગણાશે નહિ."

આ સમયે અવન્તીની રાજ્યસભામાં ઘણી જ ગંભીર શાંતિ પ્રસરેલી હતી. સિંહા-સનારૂઢ થએલ રાજવીના હૃદયમાં ભવિતવ્ય-તાના યોગે કહો યા તો તેના દુરાગ્રહને અંગે કહો પણ તેના હૃદયનો પલટો ન થતાં, તેની દુર્ગતિમય વાસનાનો વધારો થઈ અધોગતિ આપનારાં રાજાના હૃદયમાં ક્રોધની જ્વાળાઓ ભભૂકી ઉઠી. દીર્ઘદૃષ્ટિપૂર્વકનો વિચાર ન કરતાં મહાજનની વિજ્ઞપ્તિ, વયોવૃદ્ધ અમાત્યોની શિખામણ અને રાણી મદનસેનાના ઉપદેશને અવગણી "આંધળા આગળ દર્પણ અને બહેરાં આગળ ગીતો"ની માફક માત્ર ગર્દભી વિદ્યાના બળે અભિમાની બની, મ્યાનમાંથી તલવાર બહાર કાઢી, સિંહાસન ઉપરથી કુદકો મારી કાલકાચાર્યને ઉદ્દેશીને કહ્યું કે–"હે ભિક્ષુક! તારાથી શું થવાનું છે? જા તારાથી થાય તે કરી લે. જ્યાં સુધી મારા દેહમાં જીવ છે ત્યાં સુધી સરસ્વતી મારા કબ્જામાં જ રહેશે. તે સરસ્વતીને અંતઃપુરમાં રાખી તેણીની સાથે હું સંસારસુખ ભોગવીશ"

અગ્નિ પ્રજ્વલિત હોય અને તેમાં ઘીની આહુતિ પડતાં જ તેજેમ વધુ પ્રજ્વળી ઊઠે તેમ મહારાજાના આટલા જ શબ્દો કાલકાચાર્ય માટે પૂરતા હતા. તેઓએ પંડિત ચાણાક્ય-ની માફક રાજ્યદરબારનો ત્યાગ કરતાં ભીષ્મ પ્રતિજ્ઞા કરી કે–"અન્યાયરૂપ કાદવના ભૂંડ સમાન આ દુષ્ટ નૃપનો જો હું ઉચ્છેદ ન કરું તો જિન ધર્મની હેલના કરનારા, બ્રાહ્મણ–બાળ પ્રમુખનો ઘાત કરનારા અને જિનબિંબ-ને ઉત્થાપિત કરનારા પુરુષોના પાપથી હું લેપાઉં."

આ પ્રમાણેની ભીષ્મપ્રતિજ્ઞા કરી શ્રી કાલિકાચાર્યજીએ અવન્તીના દરબારનો ત્યાગ કર્યો. તેમનું શાંત અને વીરત્વ દર્શાવતું ક્ષત્રિય લોહી ઉછળી આવ્યું. તેમનું ક્ષાત્રતેજ પ્રગટી નીકળ્યું પણ મુનિવેશ તેમને અણુઘટતું કાર્ય કરતા રોકી રહ્યો હતો.

મહાજને તેમને શાંત્વન આપ્યું અને બનતી દરેક સહાય આપવા વચન આપ્યું. શ્રી કાલિકાચાર્યના મગજમાં પોતાની પ્રતિજ્ઞા-ની સફળતાનું જ મંથન ચાલી રહ્યું હતું. ધારાવાસનગરના વીર રાજપુત્ર અપૂર્વ બાહુબલી કાલક શું આ વસ્તુ સહન કરી લેશે? ના, ના. કદાપિ કાળે એ બનશે જ નહિ. ચોવીશ તીર્થંકરો, વાસુદેવો અને બલદેવો પણ રાજવીઓ જ હતા. અને તેમણે ધર્મના રક્ષણાર્થે જ અપૂર્વ વીરતા દાખવી હતી. તે જ ધર્મનો પાલક હું કાલકાચાર્ય પણ રાજબીજ છું તો શું એક દીન અને અસમર્થ સાધુ તરીકે રહી પોતાની ભગિની સાધ્વીના શિયળનું ભક્ષણ થવા દઉં? કદાપિ કાળે નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ મારા જીવતાં તો કદાપિ કાળે બની શકશે જ નહીં.

શું જૈન સાધુ, એ અત્યાચારી રાજવીની નજરમાં ભિક્ષક ગણાય ? ના, ના, આ ભિક્ષુકતે કોણ? ધર્મની ભિક્ષા આપનારો અને આત્માનું કલ્યાણ કરનારો; નહિ કે દીનતામય સ્થિતિમાં રહી, પોતાના અત્યાચારમાં મસ્ત રહી ભિક્ષુકપણાને લજવનાર. આજ ક્ષણે હું મારા બહોળા સંઘાડાનો ભાર પટ્ટધર શિષ્યને સોંપી, અવન્તીનો ત્યાગ કરી, ગંધર્વસેનના દુરાચારનો બદલો આપવા કોઇ સમર્થ રાજવીની શોધમાં અહીંથી પ્રયાણ કરી જઉં.

બાદ પોતાના પટ્ટધર શિષ્ય તેમજ સાધુ સમુદાયને એકત્રિત કરી, મહાજનને બોલાવી કહ્યું કે “ શાસનહિતના રક્ષણાર્થે પોતાની જોખમદારીનો ભાર મારા એકલાને માથે લઈ, આ જ ક્ષણે હું અવન્તીનો ત્યાગ કરી જઉં છું. ભાવી કર્માધીન છે. શાસનનું હિત સંભાળવું અને સાધુસંપ્રદાયનું રક્ષણ કરવું એ ફરજ મહાજનને સુપ્રત કરતો જઉં છું. મારા વિદ્વાન પટ્ટધર શિષ્યને મારી ગેરહાજરીમાં હું સાધુ સંઘાડાનો ભાર સુપ્રત કરું છું.” આ પ્રમાણેનો આદેશ આપી શ્રી કાલિકાચાર્યજીએ સ્વરોદય તપાસી શુભ શુકને ઉપાશ્રયનો ત્યાગ કર્યો.

× × ×

મહોબત કીજે મરદકી, કબહુ આવત કામ
શિર સાટે શિર દેત હે, દુઃખીઅનકો વિશ્રામ ૧
દળ ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર
કાલિક આચાર્યના ફરે, પશ્ચિમ ઊગે સૂર ૨
ભીષ્મપ્રતિજ્ઞા જેણે કરી, અન્યાયને હણવાકાજ
જિનશાસનદીપક સૂરિવરોથી, શાસન દીપે આજ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૩ જું

## કોણ વિક્રમાદિત્ય ?

શ્રી કાલિકાચાર્યના પ્રકરણથી ઉજ્જૈન નગરીમાં તો શું પરન્તુ સમસ્ત માળવામાં ખળભળાટ મચી ગયો. અવન્તીની પ્રજાને એમજ લાગ્યું કે જરૂર અવન્તીનું પતન નજદીકમાં જ છે અને રાજાને પાપે અવન્તીને પણ પૂરેપૂરું ફળ ભોગવવું પડશે. અવન્તીની પ્રજાએ ધીરે ધીરે અવન્તીનો ત્યાગ કરી પર્વતી માર્ગે ભરૂચ શહેર તરફ પ્રયાણ કરવા માંડયું.

આ કાળે ભરૂચમાં બલમિત્ર–ભાનુમિત્ર નામના રાજવીઓ (બંધુબેલડી) લગભગ ૪૩ વર્ષથી રાજ્ય કરી રહ્યા હતા. નર્મદાની ઉત્તરે અવન્તીની હદ હતી ત્યારે દક્ષિણ બાજુએ આંધ્રની હદ હતી. આંધ્રપતિ મહારાજા સાતવાહન ચૂસ્ત જૈનધર્મી હતો અને તે રાજ્યમાં મહારાજા સંપ્રતિના કાળથી જૈન ધર્મ રાષ્ટ્ર ધર્મ તરીકે પ્રતિષ્ઠા પામ્યો હતો.

આંધ્રપતિઓનું પાટનગર પ્રતિષ્ઠાનપુર અથવા પેઠણ ગણાતું. અવન્તીપતિની સત્તા નર્મદાના ઉત્તર કિનારેથી આરંભી મગધના પાટલીપુત્ર સુધી હતી અને સમસ્ત મહારાષ્ટ્ર તેમજ ઉત્તરમાં બિહાર, ઓરીસ્સા અને મગધ સામ્રાજ્ય આંધ્રપતિના કબ્જામાં હતું. મગધના પાટલીપુત્ર ઉપર આંધ્રપતિઓની ધ્વજા ફરકતી હતી.

નાશક, ત્રંબક અને કોંકણમાં નાલાસોપારા સુધીના પ્રદેશો આ આંધ્રપતિઓના તાબામાં હતા. આ પ્રમાણે ૩૦ પ્રાંતોમાં આંધ્રપતિઓની રાજ્યસત્તા સ્થપાઈ હતી. તે સમયે તે એક બળવાન રાજસત્તા ગણાતી હતી. આંધ્રપતિએ જૈનધર્મી રાજવી તરીકે મદાંધ બનેલ પુષ્યમિત્ર રાજવીને રણક્ષેત્રમાં હરાવ્યો હતો.

આ આંધ્રપતિના પૂર્વજોમાંથી શ્રીમુખ નામનો રાજા અવન્તીપતિ જૈન રાજવી સમ્રાટ્ સંપ્રતિનો શ્વસુર થતો હતો. સમ્રાટ્ સંપ્રતિના પાટવીપુત્ર વૃષભસેનનો જન્મ પણ આંધ્રપતિની રાજકુમારીથી થયો હતો અને આ જાતનો કૌટુંબિક સંબંધ ધરાવનાર જૈન ધર્મી અવન્તીપતિઓએ લગભગ ૨૦૦ વર્ષમાં જ્યાં જ્યાં અવન્તીની સત્તા વિદ્યમાન હતી ત્યાં ત્યાં જૈન ધર્મના ફેલાવામાં પૂરતો સાથ આપ્યો હતો. આ સમયે સોનામાં સુગંધ ભળે તેની માફક ભરૂચનરેશ બલમિત્ર ભાનુમિત્રની બંધુબેલડી શ્રી કાલિકાચાર્યના સંસારી અવસ્થાના ભાણેજો થતા હોવાના કારણે, અવન્તીની બળવાન રાજસત્તા સામે બરાબર દાવ જમાવવાનો કાલિકાચાર્યે પ્રયાસ કર્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દિવસ ઉગે ને........................

નિત નવી ડીઝાઈનો બહાર પડે,

જ્યોર્જેટની પ્રીન્ટેડ સાડીઓ
ક્રીકલ જ્યોર્જેટની એરોગ્રાફ
અને
ગોલ્ડ સીલ્વર પ્રીન્ટેડ સાડીઓ

લગ્ન પ્રસંગે:-
જરી ભરતની
અને
બનારસી સાડીઓ

બનારસી કીનારોમાં ૪૦૦ થી વધુ ડીઝાઇનો

કીં. રૂા. ૨૦ થી રૂ. ૧૦૦

ઢાકાની સાડીઓમાં છેલ્લામાં છેલ્લી ફેશન
જાત જાતના રંગો
જાત જાતની ડીઝાઇનો
છેલ્લામાં છેલ્લી ફેશન
માટે

હિંદ તેમજ દેશાવરમાં પ્રસિદ્ધિ પામેલ
ભવ્ય સંગ્રહસ્થાન

# હિન્દ સ્ટોર્સ લી.

૨૬૧, કાલબાદેવી રોડ, મુંબઇ.
ટે. નં. ૨૭૧૧૮

## પ્રકરણ ૪ થું

### સરસ્વતીનું સંરક્ષણ

મહારાજા ગંધર્વસેને શ્રી કાલિકાચાર્યનું રાજ્ય દરબારમાં અપમાન કર્યાની હકીકત અને શ્રી આચાર્યની પ્રતિજ્ઞા એ સર્વે ઘટનાઓ વાયુવેગે રણવાસમાં પહોંચી ગઇ. મહારાણી મદનસેના પણ સાધ્વી સરસ્વતીના રક્ષણાર્થે પૂરતી રીતે કટિબદ્ધ થએલ હતી. મહારાજા રણવાસમાં આવી પહોંચે ત્યારપૂર્વે વફાદાર દાસીઓ અને ચોકીદારો સાથે પૂરતો બંદોબસ્ત કરી, સાધ્વી સરસ્વતીને યથાયોગ્ય ઉપચારથી તાત્કાલિક સાવધ કરી, તેના હૃદયને સાંત્વન આપી, રણવાસના ઉપરના મજલામાં કે જ્યાં મહારાણીનું (પૂજન) દેવગૃહ હતું ત્યાં સુરક્ષિત રાખી તેના રક્ષણાર્થે દરેક જાતની સગવડ કરી.

મહારાજા ગંધર્વસેને થોડા દિવસ સુધી તો ક્ષીપ્રા નદીના રાજ્યમહેલ તરફ દૃષ્ટિપાત પણ કર્યો નહિ. મહારાણી મદનસેના પણ પોતાના કાર્યમાં અચલ રહી. આ થોડા દિવસના સંસર્ગથી ધર્મિષ્ટ સાધ્વી સાથે રણવાસની રમણીઓ તેમના સ્નેહીજન હોય તેવી રીતે ઓતપ્રોત બની ગઈ. સરસ્વતીના ઉપદેશથી રણવાસ ધર્મનું સ્થાન બન્યું. મહારાણીની આજ્ઞાથી સાધ્વી સરસ્વતીના દર્શનાર્થે ઉજ્જૈનીના એક જિનાલયમાંથી ખાસ પ્રતિમાજી લાવવામાં આવ્યા. સાધ્વી સરસ્વતીએ પણ એક સિંહાસન પર તેમની સ્થાપના કરાવી તેના પૂજનકાર્યમાં રાણી તેમજ પરિવારવર્ગને વાળ્યો. સમય આવે રણવાસની રમણીઓ મદનસેના સહિત ધર્મ વ્યાખ્યાનો સાંભળતી અને ધીમે ધીમે પરિચય વધતાં ખૂદ મહારાણી મદનસેના સાધ્વીની સહોદર બેન હોય તે પ્રમાણે અહોરાત્ર તેણીની સાથે રહેવા લાગી, રાજ્યપુત્ર વિક્રમને સાથે રાખી, એક નાનું પારણું કોઇને પણ અંતરાયરૂપ ન બને તે પ્રમાણે પાસે રાખી, મદનસેનાએ પોતાનું જીવન સાધ્વીની સેવામાં અર્પણ કર્યું.

એક ઘડી આધી ઘડી, આધી મેંસે આધ,
સંત સમાગમ કીજીએ, કટે કોટી અપરાધ ॥૧॥

સાધ્વી સરસ્વતીએ મહારાણીની બહાદુરીના તેમજ રક્ષણના મુક્તકંઠે વખાણ કરતાં જણાવ્યું કે—"રાણી, ધર્મ અને સાધ્વીના શિયળનો રક્ષણનો બદલો તમને પરમાત્મા જરૂર આપશે. આજે મારી સન્મુખ રમતો




Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રેષ્ઠ લક્ષણયુક્ત આ રાજપુત્ર વિક્રમ પિતાના દુરાચારને ઢાંકી દઇ, અપૂર્વ માન મેળવી, પ્રજાનું દુઃખ નિવારણ કરનાર સમર્થ રાજવીનું બિરુદ ધારણ કરશે–તેની અમર કીર્તિ વિશ્વભરમાં વ્યાપશે."

આ પ્રમાણેના શુભાશિષ અને આશીર્વાદને પ્રાપ્ત કરનાર રાણી મદનસેના અને વિક્રમના કંઇક દિવસો ધર્મ–ઉલ્લાસમાં અને આનંદમાં વ્યતીત થઇ ગયા.

ગમે તેમ તોય સ્ત્રીજાતિથી પોતાના પતિ પ્રત્યેનો પ્રેમ વિસરી શકાતો નથી. ગંધર્વસેન દુરાચારી હોવા છતાં મદનસેનાના હૃદયપ્રદેશમાં તેને સ્થાન હતું અને તે ઇચ્છતી કે આ દુરાચારી રાજવી કાંઇ પણ સુધરે તો સારૂં પણ તેને મનાવે કોણ ? સરસ્વતીનું સંરક્ષણ કરવાથી મદનસેના તો ઉલટી વધારે અળખામણી બની હતી, છતાં ગમે તેવા ક્રોધનો ભોગ થવું પડે તો પણ સ્વામીને સમજાવવા એવો નિરધાર કરી તેણે ફક્ત એક જ દાસી સાથે ઉજ્જૈનીના મહેલ તરફ પ્રયાણ કર્યું.

શીલરત્નને સાચવો, જીવથી અધિક જરૂર;
ખરી વખત ખપ લાગશે, સુખ દેશે ભરપૂર.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૫ મું

## પારસ સરદારના પ્રદેશમાં

શ્રી કાલિકાચાર્યજી મહાન જ્યોતિર્ધર, ક્રાન્તિકાર અને વીર પુરુષ હતા કે તેઓને પોતાના બાહુબળ ઉપર પૂરતો વિશ્વાસ હતો. તેઓએ પ્રતિજ્ઞાપાલન માટે ઉજ્જૈનીનો ત્યાગ કર્યો. લગભગ માહ મહિનાની વસંત ઋતુનો સમય હતો. અવન્તીના પહાડી પ્રદેશમાં ઠંડી અસહ્ય પડતી હતી; છતાં તેની દરકાર ન કરતાં તેઓ આદર્શ જૈનાચાર્યને છાજે તેટલા જ વસ્ત્રો સાથે રાખી વિહાર કરી ગયા. પોતાના કાર્યમાં સહાયક થવા માટે અવન્તીના પ્રદેશની આજુબાજુના પહાડી પ્રદેશોના પાડોશી રાજવીઓને ચકાશી જોયા. અવન્તી, રાજ્યસ્થાન, મારવાડ, પંચમહાલ, મહીકાંઠા વિગેરે પ્રદેશોમાં થઇ તેઓ વિહાર કરતા કરતા ભરૂચ આવી પહોંચ્યા.

અહીંના રાજવી બલમિત્ર–ભાનુમિત્રનું રાજ્ય અવન્તીને પહોંચી વળે તેટલું સશક્ત અને બળવાન હતું. તે જ માફક મિત્ર રાજ્ય તરીકે જોડાએલ આંધ્રપતિઓ પણ સશક્ત અને સંપૂર્ણ બળવાન હતા. ભરુચનરેશ બલમિત્ર–ભાનુમિત્ર શ્રી કાલકાચાર્યજીના સંસારી અવસ્થાના ભાણેજો થતા હતા છતાં ગર્દભીલ રાજવી સામે રણક્ષેત્રમાં ઉતરવાની તેમણે હિંમત કરી નહિ; કારણ કે અવન્તીપતિ ગંધર્વસેને ગર્દભી નામની શત્રુ વિનાશક વિદ્યાની પ્રાપ્તિ કરી હતી કે જેના યોગે અવન્તી સામે નજર નાખતાં પણ ઉપરોક્ત રાજવીઓ જાનનું જોખમ ગણતા હતા.

શ્રી કાલિકાચાર્યજીએ ઉપરોક્ત બંને રાજવીઓને અનેક રીતે સમજાવ્યા, પરન્તુ તેઓએ તેમના કાર્યમાં સાથ આપવાનો ખુલ્લો ઇન્કાર દર્શાવ્યો. ક્રાંતિકાર શ્રી કાલિકાચાર્યજી આ સમયે કાંઇક નિરાશ થયા, છતાં તેઓએ પુરુષાર્થ ચાલુ રાખી ત્યાંથી પંજાબ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં આવતાં દરેક નરેશોને તેઓએ સમજાવી જોયા પરન્તુ વિનાકારણ અવન્તીનો કોપ વહોરી બળવાન સત્તા સામે માથું ઉંચકવા સર્વ રાજાઓએ ના કહી. વળી આ સમયે પરદેશી યવન આક્રમણકારોનું જોર હતું અને તકસાધક યવન લોકો વારંવાર ભારત ઉપર ચઢી આવતા એટલે તેઓના સામના માટે પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉત્તરહિંદના રાજવીઓ પોતાનું બળ સાચવી રાખવા માગતા હતા.

માલવાથી તે પંજાબ સુધીના દરેક રાજવીઓએ પરદેશી આક્રમણકારોનું બહાનું આગળ ધરી પોતાની સહાય કરવાની અશક્તિ દર્શાવી. શ્રી કાલિકાચાર્યજીને આ જાતના જવાબોથી સંતોષ ન થયો.

ઉગ્ર અને તીવ્ર ગતિએ વિહાર કરતા શ્રી કાલિકાચાર્યજી લગભગ જ્યેષ્ઠ માસમાં પંજાબ પહોંચી ગયા. અહીં તેઓએ સ્થિરતા કરી. અહીંના સંઘ તરફથી તેઓનો સુંદર સત્કાર કરવામાં આવ્યો. ચાતુર્માસની સ્થિરતામાં પંજાબની જનતાને આ સમર્થ જૈનાચાર્યે જૈનધર્મમય બનાવવામાં સફળતા પ્રાપ્ત કરી. હજારોની સંખ્યામાં પંજાબની જનતાએ જૈનધર્મ અંગીકાર કર્યો. ચાતુર્માસની શરૂઆત પૂર્વે જ ભાવસૂરિ નામના એક વીર પંજાબી શિષ્યની કાલકાચાર્યને પ્રાપ્તિ થઇ. આ શિષ્ય, પંજાબથી તે સિંધ તેમજ શક સ્થાનની પ્રજાનો ખાસ અનુભવી, અનેક જાતની પરદેશી ભાષાઓનો જાણકાર, ચપળ તેમજ દરેક વાતમાં પૂરેપૂરો કુશળ હતો.

ચાતુર્માસની પંજાબની સ્થિરતામાં આ ગુરુ શિષ્યની જોડીએ પંજાબમાં જૈનધર્મની જ્યોત જળહળતી કરી તેથી તેનું નામ પંજાબની પ્રજાએ "ભાવડા" તરીકે રાખ્યું. આજે પણ આ પ્રદેશના જૈનધર્મી "ભાવડ." તરીકેના પ્રસિદ્ધ નામથી ઓળખાય છે.

આજથી વી. સં. ૪૫૨માં એટલે આજથી લગભગ ૨૦૦૦ પૂર્વે શ્રી કાલકાચાર્યજી અને તેમના પંજાબી શિષ્ય સમુદાયે જૈન ધર્મના વાવેલ ઊંડા બીજોનો પ્રફુલ્લિત ફાલ અને ફળ આજની જૈન જનતા ૨૦૦૦ વર્ષો બાદ પણ નજર સામે જોઈ પોતાના હૈયાઓ ગજગજ ઉછાળી રહી છે.

ચાતુર્માસની સ્થિરતામાં જ શ્રી કાલિકાચાર્યજીએ પંજાબમાં બેઠા બેઠા જ સિંધપ્રાંત અને શાકીસ્થાન સુધી નજર દોડાવી. અને પંજાબથી શિષ્યરત્ન ભાવસૂરિ સાથે આગળ વિહાર લંબાવ્યો. વિહાર લંબાવતા પૂર્વે તેઓને અનેક શિષ્યોની પ્રાપ્તિ થઇ ચૂકી હતી. તે સર્વને ત્યાં જ સ્થિર કરી, ફક્ત એક જ શિષ્ય સાથે તેઓએ સિંધ તરફ પ્રયાણ કર્યું.

સિંધમાં આ કાળે શક સરદારોની સત્તા ઈ. સ. પૂર્વે ૧૨૦ અને ૧૧૫ ગાળામાં ખૂબ જ જામી હતી. અને ઉપરોક્ત પ્રાંતનો પ્રદેશ આ કાળે ઇંડોશકુસ્થિયા અથવા હિન્દી શકસ્થાન તરીકે પ્રસિદ્ધિને પામેલ હતો. આ શકસ્થાનનું પાટનગર સિંધુ નદીના કિનારે સમુદ્રતટ ઉપર બબરક નામના બંદર પાસે "**મીનનગર**" નામનું હતું.

આ પાટનગર સુધી આવી શ્રી કાલિકાચાર્યજીએ કાંઇક સ્થિરતા કરી. અહીંના શક ક્ષત્રપો અને યવન જમીનદારો તેમજ જનસમૂહ સાથે ટૂંક સમયમાં સંબંધ બાંધી નિમિત્તવેત્તા (નજૂમી) આચાર્ય તરીકે તેઓને જ્યોતિષ તેમજ અનેક જાતના ચમત્કારો બતાવી સરદારોની તેમજ પ્રજાની અત્યંત પ્રીતિ સંપાદન કરી લીધી.

ત્યાંથી સિંધુ નદીને માર્ગે તેઓ યવન પ્રદેશ કે જ્યાં સહાનુશાહી રાજવીઓની સત્તા હતી તે પ્રદેશમાં આવી પહોંચ્યાં. આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રદેશ આ કાળે પારસ કુળ તરીકે પ્રખ્યાતિને પામેલ હતો. કુદરતી સંજોગો જાણે સમર્થ આચાર્યદેવને તેમની પ્રવૃત્તિમાં સહાય કરતા હોય તેવી એક ઘટના બની ગઈ.

વહાણમાંથી નીચે ઉતરતાં જ સાધુવેષમાં રહેલ શ્રી કાલિકાચાર્યજી અને તેમના શિષ્ય ભાવસૂરિ મહારાજને આ પ્રદેશના શાકી સામંતનો સમુદ્રકિનારે જ ભેટો થયો. આ સરદાર રાજવી આ પરગણાંનો અધિકારી સામંત હતો. દરિયાકિનારે ફરવા નીકળેલ આ સરદારે વહાણમાંથી ઉતરતા જૈન સેવક-(સાધુ)ની જોડી જોઇ આશ્ચર્ય દાખવ્યું.

કિનારે ઉતર્યા બાદ પોતાની નજદીક આવતો શસ્ત્રધારી આ યવન સરદાર આ પ્રાંતનો મહાન અધિકારી અથવા તો સામંત હોવો જોઇએ એવી શ્રી આચાર્યદેવને ખાત્રી થઇ. કારણ કે તેની સાથે રહેલ પરિવાર વર્ગ તેને સત્તાધારી જણાવી રહ્યો હતો. સૂરિશ્રી નજદીક આવતાં આ સરદારને કુદરતી રીતે જ તેમના પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થયો. અને કોઇ મહાન ધર્મધુરંધર વિભૂતિ છે એવું માની સૂરિશ્રી સાથે આનંદથી હસ્ત મેળવી સ્નેહ પ્રદર્શિત કરી તેમણે પૂછયું કે-"આપ કોણ છો ? અને કયા કારણોસર અહીં પધાર્યા છો ?"

સૂરિશ્રીએ જણાવ્યું કે-" અમો જૈન સેવડા (સાધુઓ) છીએ, અને અમો નજુમી-( જયોતિષ )ના જાણકાર છીએ. ધર્મપ્રચાર અને પ્રજાનું કલ્યાણ કેમ થાય તે જ અમારું જીવનધ્યેય છે, મનુષ્ય જન્મની સાર્થકતા ને સફળતામાં માનનારા છીએ."

આ પ્રમાણેનો શાહી રાજવીને પ્રત્યુત્તર આપતા કાલકાચાર્યના દુભાષિયા તરીકે ભાવસૂરિએ એવી રીતની મીઠાશથી આ હકીકત જણાવી કે-યવન સામંત તે સાંભળતા જ આશ્ચર્યચકિત થયો. તેમણે કહ્યું કે-"આપ સુખેથી અહીં અમારા મહેમાન બની રહો અને અમોને ધર્મતત્ત્વનું પાન કરાવો. અમારા આ જીવનમાં ધાર્મિક તત્ત્વજ્ઞાન સમજવાનો અથવા તો ઉપદેશ સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો હોય તો તે આ પ્રથમ જ છે. અત્રેની પ્રજા ઢોરઢાંખર વિગેરેનું પાલન કરી, ભરવાડ જેવું જીવન ગાળવામાં તેમજ વાતવાતમાં ટંટા-ફિસાદો કરી પોતાનું તીરંદાજપણું બતાવવામાં કુશળ છે." આ પ્રમાણેના સંક્ષિપ્ત વાર્તાવિનોદમાં શાહી રાજવીને સમજાયું કે-' જરૂર આ જૈન સેવડા આપણને પણ માર્ગદર્શક બનશે. " અને તરત જ આ શાકી સરદારે પોતાની સાથે રહેલા અનુચરને આજ્ઞા કરી કે-' રાજ્યમહેલના એક ખંડમાં એવા વિભાગમાં આ સાધુઓને ઉતારો આપો કે જ્યાં તેઓનું સ્વમાન સચવાઇ રહે અને રાજ્ય તરફથી તેઓનો સર્વ પ્રકારનો બીજો બંદોબસ્ત કરો." રાજ્યાજ્ઞા પ્રમાણે શ્રી કાલિકાચાર્યજીને નિર્દોષ આહારમાં દૂધ, દહીં તેમજ જોઇતી સામગ્રી મળી રહે તે પ્રમાણેનો પણ બંદોબસ્ત થયો.

અહીં એક પક્ષ તરફથી એ પ્રશ્ન ઉપસ્થિત થશે કે શું કાલકાચાર્યજીએ પોતાની રસોઇ હાથે કરી હશે ? કે ગોચરીના સાધુ-નિયમમાં દોષ વહોર્યો હશે ? તેમજ વિહારમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાધુવેશનો ત્યાગ કરી તેઓએ અન્ય લિંગે આ પ્રદેશમાં વસવાટ કર્યો હશે ?

તેના જવાબમાં જણાવવાનું કે–શ્રી. સિદ્ધસેન દીવાકરજીને શ્રી સંઘ તરફથી ૧૨ વર્ષ સુધી ગુપ્ત રીતે જૈન લિંગમાં રહી તેમની થએલ ભૂલના પ્રાયશ્ચિત્તમાં જે જાતની શિક્ષા પ્રાપ્ત થઈ હતી તેવી રીતે; કાલકાચાર્યજીના શકસ્થાનના બનેલ કીસ્સા બાદ તેમણે પોતાના દિવસો માત્ર ઉંચ્ચ કોટીના ધ્યેયની સિદ્ધિના અર્થે ધાર્મિક પવિત્રતાનું રક્ષણ કરી પસાર કર્યા હતા.

સમર્થ જૈનાચાર્યો માટે વિહાર અને ગોચરીને માટે પ્રાચીન સૂત્રોમાં જણાવવામાં આવ્યું છે કે–પ્રસંગોચિત અનાર્ય દેશોના વિહારમાં અથવા જે પ્રદેશ કે શહેરોમાં જૈનોનાં ઘર નથી તેવા સ્થળોએ ભદ્રિક પરિણામી ભરવાડ કુળમાંથી ( ઘરમાંથી ) ( પણ ) દૂધ–દહીં–છાશ તેમજ નિર્દોષ રીતે બનાવેલ ઘી ચોપડેલ રોટલો કે મરચું આદિ વહોરી શકે છે. જેની નોંધ શાસ્ત્રોમાં દર્શાવવામાં આવેલી છે.

વ્યવહાર ભાષ્ય વૃત્તિ (છેદસૂત્ર)માં કહ્યું છે કે

**सूतका–दिदश–दिवसान् ।**
**यावत् वर्ज्यते इति यावत्कथिकं**
**वरुड–छिम्पक–चर्मकारडोम्बादि ॥**

**ભાવાર્થ**–ગૃહસ્થને ત્યાં જન્મ મરણનું સૂતક દશ દિવસનું લાગે છે. એથી મુનિઓ ત્યાંથી દશ દિવસ સુધી ગોચરી વહોરી શકતા નથી.

યાવત્ શબ્દથી વરુડ(બરૂડ)છી,પા, ચમાર, ડોમ (ડુમ–ચંડાલ) વિગેરે હલકા કુળોની પણ ગોચરી વહોરી શકાતી નથી.

એ પ્રમાણે વ્યવહાર સૂત્રના ભાષ્યની ટીકામાં અધિકાર જણાવેલો છે.

સમર્થ ધુરંધર શ્રી કાલિકાચાર્યજી મહારાજાએ જ્યોતિષ અને નિમિત્તનો આશ્રય શા માટે લીધો ? કારણ કે દશવૈકાલિક વિગેરે સૂત્રોમાં તેમજ ઉપદેશમાળા વિગેરે ગ્રંથોમાં મુનિઓને માટે જ્યોતિષ, નિમિત્તજ્ઞાન વિગેરેનો નિષેધ કરેલ છે જેનો પાઠ નીચે પ્રમાણે છે–

**जोइसनिमित्तअक्खर कोउआएस भूइकम्मेहिं ।**
**करणाणुमोयणाहिं साहुस्स तवक्खओ होइ ॥**

જ્યોતિષ, નિમિત્ત, અક્ષર, કૌતુક, આદેશ, ભૂતિકર્મ વિગેરે કરવું અને અનુમોદના કરવાથી સાધુના તપનો ક્ષય થાય છે.

ઉત્સર્ગ માર્ગે સાધુ ઉપરની બીના કરી શકતા નથી. અપવાદ માર્ગે શાસનની પ્રભાવનાને અર્થે ઉપરની બીનાનું આચરણ કરી શકે છે. જેમ શાસનમાં મંત્ર, યંત્ર, તંત્ર, જ્યોતિષ, નિમિત્તવાદ વિગેરેના આઠ મહાપ્રભાવક પુરુષો જણાવેલા છે. એ કારણથી શ્રી કાલકાચાર્યજીએ જે આચરણ કરેલ તે શાસ્ત્રવિહિત જ હતું.

શ્રી કાલિકાચાર્યજી સૂત્રના પારગામી અને પૂર્વધર સમર્થ જૈનાચાર્ય હતા. એટલે તેઓ આહારવિહારને માટે પૂરેપૂરી તકેદારી રાખી પોતાની ધાર્મિક શુદ્ધતાને વળગી રહ્યા. શાકી સરદાર તેમજ તેના કુટુંબને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શુદ્ધ એવી મીઠી વાણીથી ઉપદેશ આપવો શરૂ કર્યો કે શક સરદાર અને તેની પ્રજાને ધર્મના વિષયમાં અચ્છો રસ જામ્યો. ઉપરોક્ત ચાતુર્માસમાં તેઓએ સમસ્ત રાજકુટુંબને પોતાની અનેક વિદ્યાના પ્રભાવો બતલાવી તેમજ રાજ્યવહિવટમાં એક અમાત્યની ગરજ સારી આ સરદારના તેઓ એક સહોદર જેવા બન્યા. પરિણામે આ શાકી સરદારને આચાર્યનો એકાંતવાસ સહેવો મુશ્કેલ થઇ પડ્યો.

શ્રી કાલકાચાર્યજી શાખી સરદારના દરબારમાં નિયમિત જતા. તેમને માટે ત્યાં ભદ્રાસનની યોગ્ય બેઠક કરવામાં આવી હતી. જ્યાં રાજવી તરફથી ચૂકવાતા ન્યાયમાં તેમજ વહિવટમાં તેઓની બુદ્ધિ અને શક્તિનો લાભ શાકી રાજવીને મળ્યા કરતો. પરિણામે કહેવાની જરૂરિઆત નથી કે શ્રી. કાલિકાચાર્યજી જે માટે અહીં આવી પહોંચ્યા હતા તે ઉદ્દેશની સફળતા માટે યોગ્ય સમય સાંપડવાની જ રાહ હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૬ ઠું.

## શક જાતિની સમાલોચના

છન્નુ શાખી સરદારોનો આ યવન પ્રદેશ **શકસ્થાન** તરીકે પ્રસિદ્ધિ પામેલ હતો. શાખીશાહી નામનો તેમનો એક ઉપરી સરદાર હતો, જે શહાનુશાહી શહેનશાહ કહેવાતો. તેની પાસે લગભગ સાત લાખ અશ્વોનું તીરંદાજ સૈન્ય હતું, જ્યારે બીજા માંડલિકો પાસે દશ દશ હજાર અશ્વોનું તીરંદાજ સૈન્ય હતું.

શ્રી કાલકાચાર્યના સહવાસમાં આવેલ શાખી સરદારનું સ્થાન છન્નુ સરદારોમાં ઘણું સારું હતું અને છન્નુ સરદારોમાં મહાક્ષત્રપ તરીકે તે ગણાતો. બાકીના ક્ષત્રપ તરીકે ગણાતા. આ શકસ્થાનના લોકોની વસ્તી લગભગ ૩૦ લાખ સુધીની ગણાતી. તેમાં દરેક કુટુંબનો વડીલ યા યુવક લશ્કરી ગણાતો. રાજ્ય તરફથી વીરહાક વાગતાં જ કુટુંબીજનોનો ત્યાગ કરી દરેકે દરેક શાખી વફાદાર સૈનિક પોતાનો તૂરી અશ્વ લઈ તીરકામઠા સાથે રાજ્યગઢ પાસે જોતજોતામાં હાજર થઇ જતો.

આ પ્રજાનો પૂર્વકાલીન ઈતિહાસ પણ ભેદભરેલો ને ગુંચવાડાભર્યો પ્રાપ્ત થાય છે કે જેમાં તેઓનું જીવન એક રખડતી પ્રજા તરીકે સેંકડો વર્ષોથી વ્યતીત થએલું છે. આ પ્રજાને કોઈપણ પ્રદેશમાં ચિરસ્થાયી આશ્રયસ્થાન પ્રાપ્ત થયું નહતું કે જ્યાં તેઓ સ્વતંત્રતાથી નિર્વિઘ્ને રહી પોતાના જીવનનો નિર્વાહ ચલાવી શકે.

આ પ્રજાનો લડાયક જુસ્સો અત્યંત હતો. બીજા સંસ્કારોની તેઓમાં ઊણપ હતી. સ્થળે સ્થળે ભમતી આ પ્રજામાં બીજા ઉચ્ચ સંસ્કારો હોય પણ કેવી રીતે ? શ્રીમાન્ કાલકાચાર્યે આ પ્રજાનો સંસર્ગ સાધી સિંહની ગુફામાં હાથ નાખવા જેવું સાહસ કર્યું હતું. પોતાની પ્રતિજ્ઞાના પાલન અર્થે આકાશ-પાતાળ એક કરવા પડે તોપણ ક્ષાત્રતેજ ધરાવતા કાલકાચાર્યને કોઈ રોકી શકે તેમ નહોતું.

સંયમધારી મહાન્ પ્રભાવિક કાલકાચાર્યે ક્રૂર અને જંગલી પ્રજામાં વસવાટ કર્યા છતાં સ્વસંયમનું રક્ષણ કરી આ પ્રજાને પણ વિવેકી બનાવી, તેઓને નીતિ અને વ્યવહારનું જ્ઞાન આપી સંસ્કારી બનાવવાનો પૂરતો પ્રયાસ કર્યો. અનેક જાતોના કૌતુકોનું દર્શન કરાવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી કાલિકાચાર્યજીએ આ પ્રજાને સંસ્કારી બનાવવામાં પૂરેપૂરી સફળતા પ્રાપ્ત કરી.

કાલકાચાર્યે ધીરે ધીરે તેઓના પર પોતાનો કાબૂ જમાવ્યો. કાલકાચાર્યને વિષે તેઓનો પૂરેપૂરો વિશ્વાસ પણ જામ્યો અને પોતાના ભાગ્યયોગે કોઇ દેવદૂત પોતાના ઉદ્ધાર અર્થે આવી ચઢયો હોય તેમ માની, તેઓને પોતાના ગુરુ તરીકે સ્થાપી તેઓનો પડયો બોલ ઝીલવા લાગ્યા. કાલકાચાર્યના હ્રદયમાં એક જ વિચાર અહોનિશ ઘોળાયા કરતો હતો અને તે ગંધર્વસેનનો વિનાશ. સમય આવ્યે તેમણે પોતાનો મનોરથ અમલમાં મૂકવાની તજવીજ શરૂ કરી.

પારસકુળને અંગે ઇતિહાસમાં તેમજ જૈન ગ્રંથમાં ઘણો મતભેદ છે.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં "પારસકુળના" જુદાં જુદાં નામો આવે છે. જેવાં કે શકકુળ, શાખિદેશ, પશ્ચિમ પાર્શ્વકુળ, પારસકુળ, પારિસકુળ, સગૂકુળ, સિંધુજનપદ વિગેરે વિગેરે. પ્રભાવક ચરિત્ર જણાવે છે કે–

**शाखिदेशश्च तत्रास्ति राजानस्तत्र शाखयः ।**

**शककुल–**

**अहसूरि "सगकूले" वचररगसाहिणो समीवंमि ।**
**–कालककथा ।**

**उपायेनोन्मूलयिष्यन् "शककुलं" ययौ गुरुः ।**

**पार्श्वकुल–**

**श्रुत्वेति त्वरितगत एव सिन्धोर्नद्यास्ततटं ।**
**पश्चिमपार्श्वकुलम् ॥ कालककथा जिनदेव ॥**

**सिन्धुदेशः–**

**केहकंतो कालिगज्जोतओ विहारं किच्चा ।**
**सिन्धुजणवयं पत्तो हिमवंतथेरावलि ।**

પારસકુળને અંગે આ પ્રમાણે નામાંતરો મળી આવે છે. આ સર્વેનો ઇંગિત શબ્દોનો સારાંશ એ જ નીકળે છે કે–શાહી–શાહીદેશ–શાખિદેશ અથવા સાખિદેશ. ફારસ ઉપરથી પારસ દેશ–પાર્શ્વકુળ અથવા પારિસકુળ–શકો ઉપરથી શગકુળ કે શકકુળ લખાએલ સમજાય છે.

+ + +

દશા કરે તે કોઇ ન કરે,
મૂરખ કરે અભિમાન;
માનવ મગતરૂં શું કરે ?
જયાં દૈવ દશા બલવાન.



# ખંડ ૪ થો

## પ્રકરણ ૧ લું

### શકલોકોનું ભારતભૂમિમાં આગમન

એક દિવસ આચાર્યદેવ સાથે બેસી શાખી મંડળેશ આનંદથી વાર્તાવિનોદ કરી રહ્યો હતો તેવામાં પ્રતિહારીએ વિનંતિ કરી એક રાજ્યદૂતને સભામાં પ્રવેશ કરાવ્યો. દૂતે જણાવ્યું કે–"રાજન્ પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે રાજ્યશાસન સ્વીકારો." એમ કહી દૂતે એક છરી તેની સમક્ષ રજૂ કરી. મંડલેશે રાજ્યદૂતના હસ્તમાં રહેલ છરીને લઇ તેને વારંવાર મસ્તક ઉપર ચઢાવી. છરી શહાનુશાહી રાજેશ્વર અથવા તો જેનું બીજું નામ શહેનશાહ હતું તેણે મોકલી હતી. તે અર્તબાન રાજાઓનો ઉત્તરાધિકારી હતો. તેણે પોતાના પિતાનું વેર વાળવા અને શક લોકોનું નિકંદન કાઢવાની મજબૂત તૈયારીઓ કર્યા બાદ છરી સાથે રાજાજ્ઞાનો ખરીતો પણ પાઠવ્યો હતો.

આ ખરીતા ઉપર છન્નુ નંબરનો આંક હતો. ઉપરોક્ત ખરીતો હાથમાં લઇ વાંચતાં મંડળેશનાં મુખ ઉપર શ્યામતા છવાઇ ગઈ. અષાડ માસના મેઘની જેમ તેના મુખની કાંતિ શ્યામ બની ગઈ. શહેનશાહના અચાનક આવી જતના વર્તનથી તે બોલવાને પણ અસમર્થ થઇ ગયો. પોતાના મિત્ર બનેલ મંડળેશની આ પ્રમાણેની વિચિત્ર દશા જોતાં શ્રી કાલિકાચાર્યે તેને પૂછ્યું કે–"રાજન્! રાજેશ્વરની ભેટ આવતાં તો સ્વામીનો સ્નેહ જાણી આનંદિત થવું જોઇએ તેને બદલે તમે એકાએક ઉદાસીન કેમ બન્યા છો? હર્ષને સ્થાને શોક શા માટે પ્રદર્શિત કરો છો?"

મંડળેશે આચાર્યદેવને શાંતિથી જણાવ્યું કે–"ગુરુવર્ય! આ સ્વામીનો પ્રસાદ નથી પણ અર્તબાન પાથવ રાજા પોતાના પિતાના વેરનો બદલો લેવા શક લોકોનું નિકંદન કાઢવા માગે છે. આ મિશ્રદાતા અથવા પાથવ રાજવી અમો માંડલિક છન્નુ શક રાજવીઓને સત્ત્વહીન ભરવાડ સમજી, યોગ્ય સમય જાણી વેરના બદલા તરીકે આ છરીદ્વારા અમારો શિરચ્છેદ ઇચ્છે છે. આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છરીથી અમારું મસ્તક કાપી તેને ભેટ મોકલવાનું છે. તેની આજ્ઞા પ્રમાણે કરવાથી અમારા કુટુંબ-કબીલાનું અસ્તિત્વ સચવાય એમ છે; નહિ તો આ દેશનો વિનાશ તેમજ મારા કુળ અને રાજ્યનો પણ વિનાશ નિર્માણ થઇ ચૂકેલો છે. આ પાથવ રાજા અતીવ પરાક્રમી છે. વળી આ છરી ઉપર છન્નુનો આંક દેખાય છે એટલે મારા જેવા છન્નુ રાજાઓ ઉપર કોપાયમાન થઈ શહેનશાહે સૌને આ પ્રમાણે આજ્ઞા મોકલી જણાય છે."

શ્રી કાલિકાચાર્યજી જે તકની રાહ જોઇ રહ્યા હતા તે સાંપડી. અનાયાસે કુદરતે જ આ તક પ્રાપ્ત કરાવી. સૂરીશ્વરજીએ મિત્ર બનેલા શાહને જણાવ્યું કે-"હે રાજન્! તમે છન્નુયે શક રાજવીઓ એકત્રિત થાઓ. હું જે રસ્તો દર્શાવું તે માર્ગે ચાલો. જરૂર તમારા સર્વ ઉપર આવી પડેલ આ મહાન આફતનું નિવારણ થવા સાથે તમો છન્નુ રાજવીઓ શહાનુશાહી રાજવી જેવા જ ઉચ્ચ કોટીના રાજવીઓ બનશો. ફક્ત તમારા સર્વ મંડળેશના સંગઠનની જરૂરિયાત રહેશે."

શ્રી કાલિકાચાર્યજીને તારણહાર તરીકે માનનાર મંડલિક શક રાજવીએ તેમનું કથન મૂકભાવે સ્વીકારી લીધું. તરતજ માંડલિક રાજાએ પોતાના ગુપ્તચર મારફત છન્નુએ શક સરદારોને એકત્ર થવા સંદેશો જણાવ્યો. મૃત્યુના એક નાવમાં બેઠેલા તે સર્વ મંડળેશોએ આ આદેશ માન્ય કર્યો અને શ્રી કાલકાચાર્યજીના મિત્ર બનેલ મંડળેશના પ્રમુખપણા નીચે છન્નુ શાહી સામંતોની ખાનગી બેઠક મળી. ગુપ્ત સભામાં શ્રી કાલકાચાર્યજીએ જણાવ્યું કે-"રાજવીઓ! આ પ્રમાણે શહેનશાહની આજ્ઞા અનુસાર સ્વશિરનો છેદ કરી, વંશપરંપરા તેની આજ્ઞામાં કુળનો વિનાશ કરવા કરતાં તમો બધા એકત્રિત થઇ મારી સાથે ભારતવર્ષમાં ચાલો.

"ભારતદેશ ફળદ્રૂપ પ્રદેશ છે. તેની ભૂમિ સુવર્ણભૂમિ છે. તેના કુદરતી વૈભવ પાસે દુનિયાની દરેક ભૂમિ ઝાંખી પડી જાય છે. મને તે પ્રદેશનો પૂરેપૂરો અનુભવ છે. આ ભૂમિના ભૂષણરૂપ અવંતીનો પ્રદેશ આપણા તાબે લઇ ત્યાંથી તે પ્રદેશ પર એકચક્રી રાજ્ય સ્થાપવા આપણે સમર્થ થઈશું."

રાજ્યાજ્ઞાનુસાર કમોતે મરવું તેના કરતાં સૂરીશ્વરની આજ્ઞાનુસાર તેમના નેતૃત્વ નીચે ભારત જેવા વિશાળ પ્રદેશમાં જઇ સ્વતંત્રતાથી રાજ્ય કરવું એ વસ્તુ સર્વે શાહી રાજવીઓએ માન્ય કરી, અને શ્રીકાલિકાચાર્યજીની આજ્ઞા પ્રમાણે પોતપોતાના પરાક્રમી તીરંદાજ તુરી અશ્વસૈન્ય સહિત ઉપરોક્ત રાજવીઓએ શુભ મુહૂર્તે માર્ગશીર્ષ માસમાં ભારતવર્ષ તરફ પ્રયાણ કર્યું. સિંધુ નદીને પાર કરી તેઓની બલાઢ્ય સંખ્યાએ ભારતમાં પ્રવેશ કર્યો.

તેમના ભારતપ્રવેશ સંબંધી કયાંથી પ્રવેશ કર્યો તેના અંગે મતાંતરો છે. મુનિરાજશ્રી કલ્યાણવિજયજીની માન્યતા પ્રમાણે તેઓ સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં આવ્યા. પ્રાચીન પ્રતોના લખાણ પ્રમાણે સિંધુ નદી પાર કરી તેઓ ત્યાંથી વિજય મેળવતા સૌરાષ્ટ્ર દેશમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવ્યા. બીજા ઇતિહાસકારોની પણ માન્યતા છે કે "તેઓ સિંધુ નદી પાર કરી સિંધમાં થઇ વિજય મેળવતા સૌરાષ્ટ્રમાં આવ્યા."

ડૉ. બ્રાઉન શ્રી કાલિકાચાર્યની કથાને અંગે "ધી સ્ટોરી ઓફ કાલક"ના ૯૪ મા પૃષ્ઠ ઉપર લખે છે કે—

**जाव उत्तरित्तु सिंधु पत्ता सोरट्ठमण्डलं तात्र,**

**उत्तरिउं सिन्धुनइ कमेण सोरट्ठमण्डले पत्ता ॥**

They crossed the River Indus and in time came to the land of Saurastra.

Dr. Brown P. 81

× × ×

સિન્ધુ નદી પાર કરી, હિંદની વાયવ્ય સરહદના પ્રાંતમાં થઈ તેઓ પ્રથમ સિંધમાં આવી અટકયા. આ અરસામાં ત્યાં કોઈપણ જાતની બલાઢ્ય રાજ્યસત્તા હતી નહિ. નાના નાના યવન રાજયો, જમીનદારો અને લોક-સંઘની સત્તા આ કાળે સામાન્ય રીતે પ્રવર્ત્તતી હતી. આ યવન જમીનદારો ઉપર શક લોકોએ આક્રમણ કર્યું જેમાં તેમને વિજય મળ્યો. સ્વતંત્ર જનસમૂહોને શક લોકોએ દબાવી તેમના ઉપર શક સરદારોએ આધિપત્ય જમાવ્યું. તેમનામાં કેટલાએક સરદારો અહીંના સત્તાધીશ થઈ બેઠા, એટલું જ નહિ પરન્તુ તેમના સ્થાનને ભારતીય શકસ્થાન તરીકે નામાંકિત કરી તેઓએ અહિંના રાજ-સ્થાનને હિંદી શકસ્થાન બનાવ્યું.

આ પ્રદેશમાં શક સરદારોની સત્તા આ કાળે મજબૂત જામી ગઇ. પરિણામે વર્ષોના ગાળા પછી પણ આ પ્રદેશ હિન્દુ શકસ્થાન અથવા ઇન્ડો શકુસ્થિઆ તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

હિન્દુ શકસ્થાનની રાજધાની સિન્ધુ નદીના કિનારે આવેલ મીન નદી પર તેઓએ સ્થાપિત કરી અને ત્યાંથી નજદીકમાં સમુદ્ર-કિનારા પર આવેલ બર્બરક નામનું બંદર શક રાજવીઓએ પોતાના અંકુશમાં લઈ લીધું.

ભારતીય ઇતિહાસની રૂપરેખા નામના ગ્રંથના પૃષ્ઠ ૭૫૭–૫૮ ઉપર જણાવવામાં આવ્યું છે કે—"હિન્દી શકસ્થાનની રાજયધાની મીન નગર કે જે બર્બરક નામના બંદર નજદીક હતું ત્યાં આવેલ હતી જ્યાંથી આ શક રાજવીઓએ પાડોશી પ્રાંતો ઉપર પોતાની સત્તા સ્થાપિત કરી. તેમના સૂબાઓ ક્ષત્રપ અથવા મહાક્ષત્રપ તરીકે ઓળખાતા, જેમના અધિપતિ શક મહારાજા મીન નગરમાં રહેતા."

આ પ્રમાણે ભારતવર્ષમાં સિંધ પ્રાંત શક લોકોના અડ્ડા તુલ્ય બન્યું અને અહીં સત્તા જમાવી તેઓ બીજા પ્રાંતો તરફ વળ્યા.

સિંધમાં પોતાનો અડ્ડો મજબૂત રીતે સ્થાપિત કરી શ્રી. કાલિકાચાર્યજીની સરદારી નીચે શક રાજવીઓ પોતાના કસાએલ સૈન્ય સાથે સિંધથી પશ્ચિમ તરફ વળ્યા. કચ્છને સર કરી ત્યાંથી તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા. સૌરાષ્ટ્ર સુધીનો વિજય અને કૂચ તેઓએ ચાતુર્માસ બેસતાં પહેલાં જ પૂરી કરી.

સૌરાષ્ટ્રમાં પણ આ કાળે સિંધુ પ્રદેશની માફક જમીનદાર અને લોકસમૂહની અવ્યવસ્થિત અરાજકતા પ્રવર્તતી હતી, જેનો લાભ શક રાજવીઓએ લીધો. વી. નિ. ૪૫૨ના ગાળામાં શક રાજવીઓએ સિંધથી લગાવી કાઠિયાવાડ સુધીનો પ્રદેશ પોતાના સંનિધ્યમાં લીધો અને તે સમયે કાઠિયાવાડની રાજનગરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



શાહાનુશાહીએ મોકલાવેલ છરી જોતાં જ રંગમાં ભંગ પડે છે. (પૃ. ૫૮)




૯૬ શક સરદારોનું ભારત પર આક્રમણ (પૃ. ૬૦)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com





શ્રી કાલિકાચાર્ય પોતાના પ્રભાવથી નિંભાડાને સુવર્ણમય બનાવે છે.
( પૃ. ૬૨ )



શ્રી ઋષભદેવની પ્રતિમા સમક્ષ સાધ્વી સરસ્વતી ભક્તિધૂન મચાવી રહી છે.
( પૃ. ૬૬ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગણાતા વલ્લભીપુરમાં પડાવ નાખ્યો. વળા–(વલ્લભીપુર)ની પ્રજાએ ત્યાંથી પ્રસ્થાન કર્યું.

આ જંગલી લોકોએ વલ્લભીપુરની ચઢાઈમાં આ પ્રદેશના ભાલકો ( ભાલ પ્રદેશનો ધણી ) નાથને હરાવ્યો. વલ્લભીપુરની લૂંટમાં તેઓને ઘણો જ સારો લાભ મળ્યો.

શક લોકોનાં હલ્લા સમયે વલ્લભીપુરમાં જૈન ધર્મનું પ્રાબલ્ય હતું. જૈનોએ બચાવી રાખેલ અહિંના મંદિરો અને અવશેષો આજે પણ વિદ્યમાન છે. અહીંના કાંઇક જૂના લેખો ઉપરથી જાણવા મળે છે કે જયારે શક લોકોએ વલ્લભીપુરના વતનીઓને હાંકી કાઢ્યા ત્યારે પ્રજાનો થોડોક ભાગ મારવાડ સિવાય મયાણી અથવા ગજની તરફ ચાલી નીકળ્યા.

તે સમયના ખંભાતના બંદરોમાંનું એક હતું. અત્યારે પણ ખંભાત નજીક ત્રણ માઇલ ઉપર ઉપરોક્ત ગજનીના અવશેષો નજરે પડે છે. બીજા ઉલ્લેખો ઉપરથી પણ સમજવા મળે છે કે હિંદુસ્તાનના દક્ષિણના પ્રાંતોમાં અને સૌરાષ્ટ્રમાં આ રાજાઓનો પૂર્વકાળે વાસ હતો.

ગોદાવરીના કાંઠા ઉપર આવેલ તીલાતીપુરની દંતકથા પ્રમાણે આ નગર પૂર્વકાળે દેવગિર નામે પ્રસિદ્ધિને પામેલ હતું અને તે સૌરાષ્ટ્રની સત્તા નીચે હતું. પ્રાચીન કાળે કુંડલાને પણ દેવગિરિ તરીકે ઓળખાવામાં આવતું.

સૌરાષ્ટ્રની રસાળ ને તેજસ્વી ભૂમિ પર કાબૂ જમાવ્યા બાદ શક લોકો ગુજરાત તરફ આગળ વધ્યા અને વિજયો મેળવતા તેઓએ પોતાના થાણા પંચમહાલ અને છેક ભરૂચ સુધી જમાવ્યા. જીતાએલા પ્રદેશોમાં સિંધથી તે ભરૂચ સુધીમાં સૂબા વડાસૂબા જેઓને શક રાજવીઓ ક્ષત્રપ અને મહાક્ષત્રપની ઉપમા આપતા હતા તેમને સ્થાપિત કરી શકકુલના આ સરદારો શહેનશાહના જેવી સત્તા ભોગવતા થયા. આ છન્નુ રાજવીઓ પૈકી માંડલિક નરેશ કે જે શ્રી કાલિકાચાયાર્યજીનો પરમ મિત્ર હતો તેને મહાક્ષત્રપ–શહાનુશાહી રાજવીની પદવી પ્રાપ્ત થઈ. અન્ય રાજવીઓ તેની સત્તાને આધીન બન્યા. હવે શ્રીમાન કાલકાચાર્યને પોતાની ઇષ્ટસિદ્ધિ કરવી હતી. તેવામાં ચાતુર્માસ આવી પહોંચ્યું. વલ્લભીપુરને કેંદ્ર બનાવી તેઓએ અવંતીને પરાસ્ત કરવાની યોજનાઓ તૈયાર કરી. અજેય પ્રદેશને જીતી શકાય એટલી લશ્કરી સામગ્રી અને સૈન્યને એકત્રિત કરી નિભાવવામાં અને આગળ માલવાની ચઢાઈમાં પહોંચી શકાય એવી રીતના પ્રબંધમાં શક રાજવીઓને વિપુલ દ્રવ્ય–સંપત્તિની જરૂરિઆત જણાઈ. પ્રસંગોપાત તેઓએ શ્રી કાલિકાચાર્યને જણાવ્યું કે–" પૂજ્ય! આપની આજ્ઞા પ્રમાણે વર્તતાં અહીં સુધીમાં અમોને પૂરતો યશ મળ્યો છે પરંતુ જે ધ્યેયથી આપણે અવન્તી જીતવાને અને મહારાજા ગર્દભીલનું અભિમાન ઉતારી સાધ્વી સરસ્વતીના રક્ષણાર્થે અહીં આવ્યા છીએ તે ધ્યેયની પ્રાપ્તિ અર્થે ધનસંપત્તિની અતીવ જરૂરિઆત ઊભી થશે."

સૂરીશ્વરજીને તેમની આ માગણી યોગ્ય લાગી. અને તરતજ તેઓએ કહ્યું કે "ચાલો, મારી સાથે કુંભારવાડામાં. ત્યાં તમોને જોઈતી દરેક સામગ્રી મળી રહેશે."

કુંભારવાડામાં જવાનો આદેશ સાંભળી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શક શરદારોને આશ્ચર્ય તો થયું પરંતુ સૂરીશ્વરજીના વચન ઉપર કોઇપણ જાતની શંકા ન દર્શાવતાં તેઓ આચાર્યદેવની સાથે કુંભારવાડામાં ગયા. એક કુંભાર પોતાના નિંભાડામાં ઇંટો પકાવી રહ્યો હતો. આચાર્યદેવે કુંભારને કહ્યું કે-" હે કુંભારાણા ! તારા નિંભાડાનું મૂલ્ય તું પૂરતી રીતે માગી લે." તેને મોં માગી રકમ ચૂકવ્યા બાદ અતુલ શક્તિશાળી સૂરીશ્વરજીએ મંત્રગર્ભિત પોતાની કનિષ્ઠિકા આંગળીનો નખ તેમાં નાખ્યો એટલે વીજળીના ચમકારાની જેમ આખોયે ઇંટોનો નિંભાડો સુવર્ણમય બની ગયો.

આ પ્રમાણે અખૂટ સુવર્ણની પ્રાપ્તિ કર્યા બાદ તેમણે શક રાજવીને સંબોધીને કહ્યું કે-" હે સખે ! પ્રયાણ અને વહાણ માટે આ સુવર્ણ વેચી, દ્રવ્ય પ્રાપ્ત કરી, ગજ, અશ્વાદિ સૈન્યની પ્રબળ સાધન-સામગ્રી સાથે માલવ પ્રદેશ તરફ પ્રયાણ શરૂ કરો."

અખૂટ સુવર્ણ ભંડારની પ્રાપ્તિ થતાં શક રાજવીઓએ પોતાની મદદમાં અનેક રાજવીઓનો સાથ મેળવી મારવાડ અને રાજસ્થાન આદિ પ્રદેશો ઉપર જીત મેળવતા-તેઓએ ચાતુર્માસની પૂર્ણાહુતી થતાં વિધિપૂર્વક શુભ શુકને વલ્લભીપુરથી પ્રયાણ કર્યું. વિજેતા શક સૈન્ય શ્રી. કાલિકાચાર્યજીની આજ્ઞામાં રહી પાંચાલ અને લાટ દેશના રાજવીઓને સર્વ રીતે જીતી બલાઢય શત્રુઓનો પૂરતો સામનો કરી માલવની સરહદ ઉપર આવી પહોંચ્યું.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૨ જું

## ઉજ્જૈનીનો ઘેરો

ઉજ્જૈનીના દરબારમાં હાજર રહેલ સામંતો, નગરજનો, અધિકારીઓ અને દરેક વ્યક્તિના મુખ ઉપર પૂરતી ઉદાસીનતા સ્પષ્ટ દેખાતી હતી. કોઇ દિવસ નહિ અને આજે આ પ્રકારની ઉદાસીનતા જોઈ મહારાજા ગંધર્વસેને પૂછયું કે— "પ્રધાનજી! આજે એવી શું નવાજૂની થઇ છે કે દરબારમાં ઉદાસીનતા છવાઈ ગઇ છે? કયા કારણથી મનોરંજક નૃત્ય અને સંગીતો પણ બંધ રાખવામાં આવ્યા છે?"

વયોવૃદ્ધ અમાત્યે નમીને જણાવ્યું કે "રાજન્! માલવી સરહદના દૂતે આવી સમાચાર આપવા સાથે ઉપરોકત સરહદના સુબા તરફથી આપ નામદાર ઉપર એક ખરીતો પેશ કરવામાં આવ્યો છે, જેનો આપ સ્વીકાર કરશો." મહામાત્યના વક્તવ્ય બાદ પ્રતિહારીએ આજ્ઞા મેળવી સરહદી દૂતને હાજર કર્યો.

વિધિપૂર્વક નમન કરી દૂતે મહારાજાને જણાવ્યું કે-"રાજન્! કાલકસૂરિએ યવન દેશમાં જઇ, ત્યાંના યવન સરદાર ચષ્ટણને પોતાને આધીન બનાવી, અવન્તીની સરહદ સુધીના પ્રાંતોને જીતી, બળવાન સૈન્ય સામગ્રી સાથે અવન્તી ઉપર ચઢાઈ કરી છે. રાજન્! શ્રી કાલકસૂરિ અને ચષ્ટણના આ યવન સૈન્યનું પૂર નદીના પૂરની માફક અજેય ગણાતી આપણી ઉજ્જૈનીની રાજધાનીને ઘેરી વળે તે પૂર્વે આપણે લશ્કરી બંદોબસ્ત કરી લેવો જોઇએ."

દૂતનું કથન સાંભળી અભિમાની મહારાજા ગંધર્વસેને જણાવ્યું કે "દૂત! આ વસ્તુની મેં પહેલાંથી જ અગમચેતી કરી રાખી હતી. અને તારા આગમન પૂર્વે જ ગુપ્તચરો મારફતે મને યવન સૈન્યની ચઢાઇના ખબર મળી ગયા છે. અકળાવાનું કશું કારણ નથી, માટે માલવી સરહદી સરદારને જણાવ કે કોઇપણ જાતની ફીકર કર્યા વગર, અવન્તીના એક પણ સૈનિકનું બલિદાન આપ્યા વગર જાણે અવન્તીનરેશ યવનોની ચઢાઈ વિષે તદ્દન અજાણ છે એ પ્રમાણે કઇ પણ વિરોધ કર્યા વગર તેને ઉજ્જૈની સુધી આવવા દે."

મહારાજા ગંધર્વસેને જાણે આજની સભામાં કાંઇ જ ન બન્યું હોય તે પ્રમાણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વારાંગનાઓને નિત્યક્રમ પ્રમાણે નૃત્યની આજ્ઞા આપી. નૃત્ય થયા બાદ રાજ્યસભા બરખાસ્ત કરવામાં આવી.

પૂર્વ પ્રકરણોમાં જોઇ ગયા તે પ્રમાણે અવન્તીના સમજુ મહાજનમાંનાં અનેકોએ અવન્તીમાં માત્ર નામનો જ વેપાર રાખી પોતપોતાના કુટુંબકબિલા સહિત અવન્તીથી મારવાડ, રાજસ્થાન, ભરૂચ અને છેક દક્ષિણ મહારાષ્ટ્ર સુધી પ્રયાણ કર્યું હતું.

સમ્રાટ્ સંપ્રતિના સમયમાં જૈન ધર્મ આર્યાવર્ત અને અનાર્ય દેશોમાં પણ પૂર્ણ કળાએ ખીલ્યો હતો. સંપ્રતિએ જૈન ધર્મના પ્રચાર માટે વિવિધ ઉપાયો યોજ્યા અને અનાર્ય દેશો તેમજ દૂર દૂરના દ્વીપોમાં જૈન ધર્મના પ્રચાર માટે ભાડુતી ઉપદેશકો મોકલ્યા. ઉપદેશકો સાધુ જેવો વેષ રાખતા અને કડક આચારવિચારનું પાલન કરતા. પરિણામે આજે પણ દૂરના બેટ–ખંડોમાં આપણી જૈન સંસ્કૃતિને સૂચવતા અવશેષો મળી આવે છે. સમ્રાટ્ સંપ્રતિના સ્વર્ગવાસ બાદ લગભગ ૨૦૦ વર્ષે કાલકાચાર્યનો સમય આવે છે. સંપ્રતિના સમયના દૃઢ થયેલા જૈન સંસ્કારો ભૂંસાતા આવતા હતા, છતાં તેની અસર નષ્ટ નહોતી થઇ એટલે કાલકાચાર્યને તે તે દેશોનો સારો સહકાર મળ્યો. ગત પ્રકરણમાં જોઇ ગયા તે પ્રમાણે શ્રી કાલિકાચાર્યજીના પ્રમુખપણા નીચે ચઢી આવતી યવન સેનાને પૂરતો સાથ મળ્યો અને કોઇપણ રાજ્યસત્તાએ તેનો વિરોધ ન કરતાં શ્રી કાલિકસૂરિના અભય વચનને માન આપી ધર્મ અને સાધ્વીના રક્ષણાર્થે તેમણે જે કાંઇ પગલું ભર્યું છે તે વ્યાજબી છે એમ માની તેમનો માર્ગ સરળ કરી આપ્યો. એટલું જ નહિ પરન્તુ જોઇતી સાધન–સામગ્રીનો પણ સાથ આપ્યો.

ભરૂચ નરેશ બલમિત્ર ને ભાનુમિત્રની બંધુ બેલડી કે જેઓ શ્રી. કાલિકાચાર્યજીના ભાણેજો થતા હતા, તેઓએ પણ આ પ્રમાણે પલટાએલી બાજી જોતાં શ્રી કાલિકાચાર્યજીને સાથ આપ્યો. એટલું જ નહિ પરન્તુ બલમિત્ર સૂરિજીના સાથે અવન્તીની ચઢાઇમાં સામેલ થયો.

આ પ્રમાણે પ્રચંડ ચતુરંગી સૈન્ય સામગ્રી સાથે શ્રી. કાલિકાચાર્યજીએ ક્ષિપ્રા નદીને કાંઠે આવેલ પાટનગર ઉજ્જૈનીને ચારે દિશાએથી ઘેરી લીધું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ ૩ જું

### અર્ધાંગનાનું કર્તવ્ય

આપણે ત્રીજા ખંડમાં જોઈ ગયા તે પ્રમાણે મહારાણી મદનસેનાએ અપૂર્વ હિંમતથી મહારાજા ગંધર્વસેનના રાજ-મહેલમાં પ્રવેશ કર્યો. મહારાજા તરફથી રાજમહેલમાં કોઇને પણ દાખલ કરવાની સખત મનાઇ હોવા છતાં પ્રભાવશાળી મહારાણીને મહારાજાના શયનગૃહમાં જતાં ખૂદ શય્યાપાલકોથી પણ ના કહી શકાઈ નહિ. મહારાજા ગંધર્વસેન ઉદાસીન ચહેરે એક સોફા ઉપર અઢેલીને ચિંતામગ્ન સ્થિતિમાં બેઠા હતા.

મહારાણીએ મહેલમાં દાખલ થતાં જ પોતાના હસ્તકમલમાં રહેલ મહાન્ ભાગ્ય–વિધાતા શિશુકુમાર વિક્રમને મહારાજાની ગોદમાં એવી રીતે ઓચિંતો બેસારી દીધો કે મહારાજાનો ક્રોધ શિશુકુમારના પ્રેમમાં ભૂલાઈ જાય અને ચિંતાજનક સ્થિતિ કંઇક અંશે હળવી બને અને બન્યું પણ તેમજ.

મહારાજાએ ઓચિંતા પોતાના ખોળામાં કાલાકાલા અને મીઠાશભર્યા અવાજ કરતા શિશુકુમારને પોતાની મૂછો ખેંચતો અને ઘણા દિવસે પિતાને જોઈ કૂદકા મારતો જોઇ, મહારાજા પોતાની ચિંતાજનક સ્થિતિ ભૂલી ગયા ને તેમને બાળને રમાડવાનું દિલ થઈ આવ્યું.

મદનસેનાને જોઇને મહારાજાનો ઉછળતો ક્રોધાગ્નિ પણ શમી ગયો. બંને વચ્ચે ભૂત-કાળમાં જાણે કંઇ જ બન્યું ન હોય તેમ વાર્તાલાપ શરૂ થયો. વાતચીત દરમ્યાન રાણીએ જણાવ્યું કે–" સ્વામિન્ ! આપને મેં ભયંકર અત્યાચારમાંથી બચાવી લીધા છે કે જેની ખાત્રી આપને સમયે થશે.

રાજન્ ! જેને આપ સાંસારિક ક્ષણ-ભંગુર સુખને માટે દુનિયાભરનું કલંક વહોરી રણવાસમાં ઉપાડી લાવ્યા છો તે પરમપૂજ્ય અને પ્રાતઃસ્મરણીય સાધ્વીના નિર્મળ જીવનની અને ઉચ્ચ કોટીના પંચ-મહાવ્રતોના પાલનની હું તો શું પણ રણવાસનો ચોકીદાર પણ મુક્તકંઠે પ્રશંસા કરે છે.

આ મહાવિદુષી સાધ્વીના સદુપદેશ અને તેની દયાળુ ભાવનાને લીધે ક્ષીપ્રા નદીને



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કાંઠે આવેલ રાજભુવન આજે ધર્મભુવન બન્યું છે.

જે ઘટના બનવાની હતી તે બની ગઇ. મારી આપને પ્રાર્થના છે કે–તે સતી સાધ્વીનો આપ પરિચય કરો. તેના ઉપદેશામૃતનો લાભ લઇ માનવજીવન સફળ કરો. એક અર્ધાંગના તરીકેની મારી આ વિનંતી આપ સ્વીકારો.”

મહારાણી મદનસેનાના આ જાતના પ્રતિબોધની અસર અવન્તીપતિને સચોટ થઇ. એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના મહારાજાએ ક્ષીપ્રા નદીના રાજભુવન તરફ મહારાણી મદનસેના સહ પ્રયાણ કર્યું. જોત જોતામાં “મહારાજાધિરાજ ગંધર્વસેનની જય હો!” ની ઘોષણા સાથે મહારાણી સહ અવન્તીનરેશે ભુવનમાં પ્રવેશ કર્યો.

પ્રવેશ કરતાં મહારાણીએ ચારે દિશાએ નજર ફેરવતાં સાનંદાશ્ચર્યથી જોયું તો રાજગૃહમાં આદિ તીર્થંપતિ શ્રી ઋષભદેવસ્વામીની પ્રતિમાને એક દહેરીમાં બિરાજમાન કરી, સાધ્વી સરસ્વતીને અન્ય સાધ્વીઓ સહિત પ્રભુભક્તિના સ્તવનોની ધૂન મચાવી રહેલી તેણે જોઇ. આ વિરલ દૃશ્ય જોઇ મહારાજાના મુખમાંથી અચાનક ધન્યવાદના શબ્દો સરી પડ્યા.

સાધ્વી સરસ્વતીએ મહારાજાને સંબોધી કહ્યું કે-“હે રાજન! મનુષ્ય જીવનમાં આવી નિર્બળ ઘટીકાઓ યુવાવસ્થાને અંગે દરેક પ્રાણીને પ્રાપ્ત થાય છે. કામ આંધળો કહેવાય છે. સારાસારનો વિચાર કામી પુરુષને કદી આવતો જ નથી, પરન્તુ પરિણામે પશ્ચાત્તાપ જ હોય છે. આ વિષયમાં બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથના લઘુભ્રાતા શ્રી રહનેમીજી અને સાધ્વી રાજેમતીનું દૃષ્ટાંત સાક્ષીભૂત છે. રાજેમતી એ ભગવાન શ્રી નેમિનાથના પત્ની હતા અને ભગવંત પાસે દીક્ષા લઇ નવ ભવની પ્રીતિનું અનુસંધાન સાધ્ય કરી સાધ્વીજીવન જીવી મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરી હતી.

એક સમયે રહનેમી અને રાજીમતીને એવો એકાંતવાસનો દુર્ઘટ પ્રસંગ આવી પડયો કે ગિરનાર પર્વતની ગુફામાં ધ્યાનસ્થ બનેલ મુનિરાજ શ્રી રહનેમીજીને ધ્યાનચ્યુત થવું પડ્યું. હકીકત એ બની કે–સાધ્વી રાજેમતી ગિરનાર પર્વત ઉપર શ્રી નેમનાથને વંદન કરવા આવ્યા. તે સમયે ભયંકર વર્ષાધારા થઈ. રાજીમતીના કપડા ભીંજાઇ ગયા અને જે ગુફા રહનેમિ કે રાજીમતીની ગુફા તરીકે ઓળખાઈ રહી છે તે સ્થાનમાં સાધ્વી રાજીમતી કપડા સુકવવાના હેતુએ ગયા. ગુફાને માનવી વિનાની માનીને રાજેમતીએ નિર્વસ્ત્ર બની પોતાના ભીંજાએલ વસ્ત્રોને સુકવવા શરૂ કર્યાં. રહનેમિજી આ ગુફામાં જ ધ્યાનસ્થ હતા તે રાજીમતીના જાણવામાં ન આવ્યું.


ગુફામાં થએલ ખડખડાટથી રહનેમિજીએ તે તરફ દૃષ્ટિપાત કર્યો તો તેમની નજરે મહારૂપવતી બંધુપત્નીને નગ્નાવસ્થામાં જોઈ. ખૂદ રહનેમિજી જેવા મહાન તપસ્વી મુનિરાજ પણ એકાંતવાસમાં પોતાનું ભાન ભુલ્યા. સાધ્વી રાજેમતીની નજદીક આવ્યા. રાજેમતીએ પોતાના દિયર રહનેમિજીને ઓળખ્યા અને તેમની મનોભાવના સમજી જઈ, જલ્દી વસ્ત્રો પહેરી લીધા. તેમને સન્માર્ગે વાળવા ટુંકા શબ્દોમાં જણાવ્યું કે-“હે સંયમી પુરુષ!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જગતમાં જે જે સ્ત્રીઓને તું દેખીશ તે તે સ્ત્રીઓમાં આ સારી, આ વધારે સારી અને આને હું સેવું એવો ભાવ ધારણ કરીશ, તો વાયુથી પ્રેરાએલા અને મૂળથી બંધાએલા વૃક્ષની પેઠે અસ્થિર આત્માવાળો થઇશ. આ સંસાર સમુદ્રના પવને પ્રેરાએલો તારો આત્મા આમ-તેમ ભટકયા કરશે."

રાજન્! આદર્શ સાધ્વીના આટલા જ શબ્દોની અસર જ્ઞાની રહનેમીજીને એવી તો સચોટ થઇ કે તરત જ તેમને પોતાની ભૂલ સમજાઇ. પૂર્વવત્ ચારિત્રમાં સ્થિર થઇ, કર્મોનો ક્ષય કરી આત્મકલ્યાણ સાધ્યું.

સરસ્વતીના કથનની ગંધર્વસેન ઉપર અજબ અસર થઈ. તેણે તરત જ સાધ્વીશ્રીના ચરણકમળમાં પડી નમસ્કાર કર્યો. પશ્ચાત્તાપની જ્વાળા તેમના મનને દગ્ધ કરી રહી હોય તેમ મુખભાવ પરથી જણાઈ આવતું હતું. સાધ્વીએ છેવટે ગંધર્વસેનને આશીર્વાદ આપ્યો અને વિશેષમાં કહ્યું કે-"તારો આ પુત્ર વિક્રમ વિશ્વનો ઉદ્ધારક બનશે." મદનસેના પણ પોતાનો પ્રયત્ન સફળ થયો માની અંતઃ-કરણમાં હર્ષિત થઈ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ખંડ ૫ મો

## પ્રકરણ ૧ લું

### શકજાતિનો પૂર્વ ઇતિહાસ

અવન્તી જેવા ભારતીય બલાઢ્ય રાજ્યને ઘેરનાર શક અથવા શાખિ પ્રજા એવી તે કેવી બળવાન હતી કે જેના યોગે ઇતિહાસમાં મહાન્ પરિવર્ત્તન થયું ? આ હકીકત ખાસ વિચારણીય હોવાથી ઐતિહાસિક દૃષ્ટિએ પ્રાચીન પ્રામાણિક ગ્રંથોના આધારે તે પ્રજાને લગતું ધ્યાન જાણવાનો પ્રયાસ કરીએ.

શક જાતિ મૂળ તો ફરંદી અને ભટકતી જાતિ હતી. જે પ્રમાણે આજે ભારતમાં ચારે દિશાએ બલુચી જાતિને જોઇએ છીએ. એવી જ રીતના અવિચારી વર્ત્તનવાળી આ જંગલી જાતિ હતી. તેમનું નિવાસસ્થાન પૂર્વ ઈરાનમાં હતું. તે સમયે પૂર્વ ઈરાન શકસ્થાન અથવા સીસ્તાન તરીકે ઓળખાતું. ઈરાનની ઉત્તર દક્ષિણ વિભાગની પ્રજા આ જાતિના અયોગ્ય વર્ત્તનથી કંટાળી અને તેમનો સામનો કરીને પૂર્વ ઈરાનમાંથી નસાડી.

આ કાળે ઈરાન, યૂનાન અને ભારતીય લોકો પણ ઉપરોક્ત બંડખોર જાતિને સારી રીતે જાણતા હતા. તે જાતિમાં ત્રણ પ્રકારો હતા. (૧) શકાતીગ્રીખોદા. (૨) સકાહોમવર્કા. (૩) સકા તરદરયા. આ ત્રણે પ્રકારો ઇ. સ. પૂર્વેની આઠમી સદીમાં વિદ્યમાન હતા, જેઓની બોલી ( ભાષા ) આર્ય હતી.

ભારત ઉપર શ્રી કાલિકાચાર્યજીની સાથે ચઢી આવનાર શાખિ રાજવી ચષ્ટણવંશીય ક્ષત્રપ રાજવીનો પુત્ર ક્ષત્રપ રાજા જેદામાના પુત્ર મહાક્ષત્રપ રાજા રૂદ્રદામા, મહાન પરાક્રમી અને પુરૂષાર્થી હતો.

પ્રાચીન ચીન પ્રદેશના ઉત્તર વિભાગમાં તાતાર જાતિઓનું મૂળ સ્થાન હતું. આ તાતારોને ચીની પ્રજા હીયંગૂન એટલે ( Hiungnu ) હુણ–હણ કે હુણુ એ બધા એક જ જાતિના દ્યોતક નામાંતરો ગણાય. હુણ લોકો ચીનના ઉત્તર વિભાગમાં રહેતા હતા અને આસપાસમાં આ પ્રમાણે ભટકતા બીજા ટોળાંઓ પણ વસતા હતા. તે બધા જંગલી અવસ્થામાં રબારી જેવા, ગાય ભેંસ બકરાં ઘેટા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિગેરે પશુધન અને સ્ત્રી, બાળક વિગેરેનાં કુટુંબકબીલા સાથે જ્યાં પુષ્કળ ઘાસચારો મળી શકે એવા પ્રદેશમાં ભટકતા ફરતા હતા. આ હુણ લોકો પણ તેમાંનું જ એક ટોળું હતું પરન્તુ તેઓ લડવૈયા તરીકે મશહુર હતા એટલે તીરંદાજી આ હુર ટોળાંઓ વારંવાર ચીનની સરહદ ઉપર ધસી આવી લૂંટફાટ કરતા. પરિણામે ચીની લોકોને તેમની સાથે સંઘર્ષણમાં ઉતરવું પડતું. આ સમયે ચીની પ્રજા કાંઇક સભ્ય અને સંસ્કૃત અને ગૃહસ્થી પ્રજા ગણાતી.

આ ચીની પ્રજાને હુણ લોકોએ પૂરતો ત્રાસ આપ્યો એટલે આ હુમલાખોર ટોળીથી બચવાના શુભ આશયથી તેમજ આ કાળે મૌર્યવંશી સામ્રાજ્યકર્તા નેપાળ અને તિબેટ સુધી જેમણે પોતાની સરહદ લંબાવી છે એવા પરાક્રમી વીર રાજવી અશોક અને સંપ્રતિના હુમલાથી ચીનને ભયમુક્ત બનાવવા અને ચીનની પ્રજાને સારી રીતે રક્ષણ મળી શકે એ હેતુથી ચીનના રાજા શીહુ-આંગત્તીએ ઇ. સ. પૂર્વે ૨૪૬થી આરંભી ૨૧૦ સુધીમાં ચીનના ઉત્તર વિભાગમાં સમુદ્રકિનારાથી કાંશુ પ્રાંત સુધી એક વિરાટ દીવાલ બંધાવી જે દીવાલ આજે ભૌગોલિક ક્ષેત્રમાં દુનિયાના આશ્ચર્યમાંનું એક આશ્ચર્ય બની રહી છે. આ દીવાલને અંગે એમ કહેવામાં આવે છે કે "કોઇપણ વિપ્લવકારી દળ તેને તોડી શકે નહિ તેમજ કોઈ અંદર ઘૂસી પ્રજાને રંજાડી શકે નહીં. એમ કહેવાય છે કે-એક સાથે આ દીવાલ ઉપર સાત ઘોડા દોડી શકે છે-એટલી પહોળી અને મજબૂત તે દિવાલ છે.

. ચીન દેશની આ જાતની દીવાલથી અકળાઈ હુણ-લોકો વિગેરેની ભટકતી ટોળીઓ મુશ્કેલીમાં આવી પડી. અને તેઓને ઘાસચારા તેમજ અન્ય સામગ્રી મેળવવા માટે અન્ય સ્થાન શોધવાની જરૂર પડી. ચીનમાં ભટકતી ટોળીઓએ-ચીની પ્રદેશમાંથી નીકળી કાંન્સુ પ્રાંતની સરહદે વાયવ્ય તરફ પ્રસ્થાન કર્યું.

કાન્સુ પ્રાંતની એક બાજુની સરહદ તિબેટમાં સિયકિયાંગ સુધી હતી, જેની પશ્ચિમે એક વિભાગમાં ઘણા પ્રાચીન કાળમાં તાહીયા નામે જાતિ રહેતી હતી એ જ પ્રદેશમાં મિયા અને ચર્ચ નદીઓના કાંઠાઓ પર યુઇશિ જાતિ પણ રહેતી હતી. ભારતીય પ્રાચીન ગ્રંથોમાં આ યુઇશિ જાતિ ઋષિક જાતિ તરીકે પ્રખ્યાતિને પામી હતી. આ જાતિ અસિ અસિયાંન્ ઉષિ કે યુશિ તરીકે પણ ઓળખાતી હતી.

તાહીયા જાતિ શાંતિ ચાહનારી હતી. જ્યારે ઋષિક જાતિના લોકો પ્રબળ લડવૈયા હતા. ચીનની દીવાલના બંધારણના કારણે હુણ ટોળાંઓ પણ ફરતા ફરતા જે પ્રદેશમાં ઋષિક જાતિએ આશ્રય લીધો હતો ત્યાં આવી ચઢ્યા. પરિણામે ઋષિક અને હુણો વચ્ચે કટ્ટર વિરોધ જાગ્યો. બંને પ્રજાઓ શૂર અને લડાયક હતી. વારંવાર ઉપરોક્ત ટોળાંઓમાં યુદ્ધો થતાં, પરસ્પર ઘોર સંગ્રામો પણ થતાં. પરિણામે ઋષિક જાતિને આ પ્રદેશ છોડવો પડ્યો અને તેઓ થીઆન્-શાંગની દક્ષિણે પશ્ચિમ તરફ ચાલ્યા ગયા.

ઇ. સ. પૂર્વે ૧૬૫ માં હીયૂંગૂન લોકોના સરદાર લોઓચાંગુએ ઋષિક જાતિ જોડે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ફરીથી લડાઇ કરી તેમને હરાવ્યા. તેમના સરદારને મારી નાંખી તેની ખોપરીનો પ્યાલો બનાવી લીધો. (જુઓ ડો. સ્ટિનકોન–રચિત ચીનનો ઇતિહાસ.)

ઋષિક જાતિ વિશાળ હતી. લગભગ બે લાખ તીરકામઠાંવાળા લડવૈયાઓ તે જાતમાં હતા. લગભગ દશ લાખની સંખ્યામાં તેઓ ગણાતા. આટલી મોટી સંખ્યા ધરાવનાર જાતિના નિવાસ માટે પ્રદેશ પણ વિશાળ જોઇએ. એટલે ઇ. સ. પૂર્વે ૧૬૫ અને ૧૬૦ ની વચમાં તે લોકો નિવાસસ્થાનની શોધમાં ફરતા ફરતા તકલા મકાન કે જે પ્રદેશ તિબેટની ઉત્તર અને સિમકિયાંગની પશ્ચિમમાં બરાબર નીચેના ભાગમાં સપાટ પ્રદેશ તરીકે આવેલ છે ત્યાં આવ્યા. ત્યાં પોતાનું રહેઠાણ બનાવી ત્યાંથી આગળ વધતાં ટેકેસ અને કૌંજેસ ઉપનદીઓ જ્યાં એક બીજાને મળે છે તે (આઇ. ઇલાઈ) ઇલ્લી નદીના સંગમ કાંઠા ઉપર કુલ્જા નામના પરગણામાં આવી પહોંચ્યા.

આ પ્રદેશમાં વુ. સુન નામની એક જાત રહેતી હતી જેની સંખ્યા નાની હતી, છતાં પરાક્રમી અને વીર્યવાન્ હતી. માત્ર ૧૦૦૦૦ જેટલા પરાક્રમી લડવૈયા ધરાવનાર આ જાતિએ ઋષિક જાતિનો સામનો કર્યો. પરિણામે આ વુ. સુન જાતિ હારી ગઈ અને તેનો સરદાર મરાયો.

ઇલ્લી નદીના કાંઠાનો પ્રદેશ નાનો હોવાથી ત્યાં ઋષિક જાતિનો સમાવેશ થઇ શકયો નહિ. એમાંનાં ઘણાં કુટુંબો વિસ્તૃત અને સપાટ પ્રદેશની શોધમાં ત્યાંથી આગળ વધ્યા. ઇલ્લી નદીના કાંઠા ઉપર ઋષિક જાતિની અર્ધી ઉપરાંત પ્રજાએ આશ્રય મેળવ્યો અને જેઓને જગ્યા ન મળી તેઓ ત્યાંથી દક્ષિણ અને પશ્ચિમ તરફ ભટકતી ભટકતી સિરફિયા એટલે સીતા નદીને કાંઠે આવી પહોંચી. આ પ્રમાણે ઋષિક જાતિની બે શાખાઓ બની. અહીં આવી પહોંચેલ ઋષિક લોકોને સૈ નામની "નવી" જાતિનો ભેટો થયો, કે જે જાતિને પારસી લોકો શક તરીકે ઓળખતા હતા. યૂરોપ અને એશિયા ખંડની ઉત્તરમાં ભટકતી જંગલી જાતો આ કાળે સિથિયનના નામથી ઓળખાતી. સૈ લોકોનો નાયક–સરદાર જેનું નામ સેવાંગૂ હતું તેના ઉપર ઇલ્લી નદીનિવાસી મોટી ઋષિક જાતિએ હુમલો કર્યો. પરિણામે શક લોકો વિખૂટા પડ્યાં. તેના સરદારે પોતાના સાથી સૈન્યોને ત્યજી દીધા અને તે કપિશ નામના દેશમાં ચાલ્યો ગયો. વિખૂટું પડેલ અંકુશરહિત સૈન્ય બાકૂટ્રિયા તરફ ચાલ્યું ગયું. કિપિત્ અથવા કપિશ. આ પ્રદેશને કેટલાક વિદ્વાનો કાશ્મીર તરીકે જણાવે છે અને કેટલાક વિદ્વાનો કાંબોજનો ભાગ ગણાવે છે.

આ સૈ લોકોમાં ખાસ ત્રણ ભેદો હતા. આ ત્રણે પ્રજાનાં મોટાં મોટાં સંસ્થાનો હતા અને તેને જુદા જુદા નામોથી ઓળખવામાં આવતાં (૧) અણીદાર ટોપી કે જેનું નામ સકા તીગ્ર ખૌદા–પહેરવાવાળા આ લોકો સિરદરીયા (સીતા) નદીનાં કાંઠે રહેતા હતા. જેઓ પડોશના બાકૂટ્રિયાના સૈન્યમાં જોડાઇ લશ્કરી કામ કરતા હતા (૨) સકાહૌમ વર્કા–આ લોકો સિસ્તાન જેનું બીજું નામ પારસી પ્રાંત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હતું અને પ્રદેશ દંગિઆન તરીકે ઓળખાતો ત્યાં રહેતા. આ પ્રદેશ હેલમન્દ [ Helmund ] નદીના કાંઠા ઉપર છે. પાછળથી શકસ્થાન તરીકે આ પ્રદેશ પ્રસિદ્ધિને પામેલ છે. પારસીઓ ઉપરોક્ત પ્રદેશને સિકીસ્તાન કહેતા. હાલ આ પ્રદેશ સિસ્તાન તરીકે પ્રસિદ્ધ છે (૩) સકા તરદરીયા–આ ત્રીજો ભાગ તરદરીયા શક તરીકે ઓળખાતો કાસ્પિયન સમુદ્રને કિનારે આ વિભાગ રહેતો હતો અને સમુદ્રની ઉત્તર તથા રશિયાની દક્ષિણે પહાડી પ્રદેશમાં પણ આ લોકો વસતા હતા. આ લોકો નાયકને સૈવાંગ તરીકે ઓળખાવતા. સૈ એ શકવાચક શબ્દ છે. અને વાંગૂ ( સરદાર ) એ ચીની પરિભાષા છે. વાંગૂ–એટલે સ્વામી, સરદાર કે રાજા અથવા સૈવાંગ એટલે શક સરદાર, શક રાજા, સક મરૂન્ડ કે સક સ્વામી. એ બધા એક જ અર્થવાચક શબ્દાન્તરો છે.

સૈવાંગૂ પોતાના માણસો અને લશ્કરને વિખેરી કાંબોજ તરફ ચાલ્યો ગયો. અને બીજા બાક્ટ્રીયા તરફ ચાલ્યા ગયા. તેમની સાથે આ લોકો પણ ભળી ગયા અને ત્યાં તેમણે પોતાનો વસવાટ જમાવ્યો.

બીજી બાજુએ સીતા નદીને કાંઠે ૧૫ થી ૨૦ વર્ષ સુધી આરામમાં વસી રહેલ ઉપરોક્ત જાતિના ઋષિક વિભાગના સરદાર સાથે વ. સુન જાતિને લડાઇમાં ઉતરવાનો પ્રસંગ આવ્યો, જેમાં વુ. સુન જાતિનો રાજા મરાયો.

આ રાજાના મૃત્યુ બાદ તેના પુત્રને હુણ લોકોએ દત્તક તરીકે ખોળે લીધો અને તેને પાળીપોળી મોટો કર્યો. આ પુત્રે પાલનહાર રક્ષક હીયંગુન હુણ લોકોની મદદથી પોતાના પિતાનું વેર વાળવા ઋષિક જાતિ ઉપર હુમલો કર્યો. ભારે લડાઇ થઇ. હુણ અને ઋષિક પ્રજા પૂર્વ પરંપરાથી દુશ્મન તો હતી જ. હુણોએ ઋષિકોને મારી હઠાવ્યા. તેમના ( શક લોકોના ) રહેઠાણોને પડાવી લીધા એટલે આ શક લોકો ત્યાંથી નીકળી સિરદરીયા નદીની દક્ષિણ તરફ ચાલ્યા ગયા અને ત્યાંથી વક્ષુ એટલે આમુ નદીને પાર કરી બાક્ટ્રીયામાં આવી વસ્યા

બાક્ટ્રિયા એ તાહિયા લોકોનો દેશ હતો. તાહીયા લોકોની ત્યાં મોટી વસ્તી હતી. આ જાતિ શાંતિપ્રિય અને વ્યાપારિક હતી જેમની સાથે શક લોકો પણ પડાવ નાંખીને રહ્યા. આ બંને જાતિઓ સામે યુ. ઇશી લોકોએ ફરીથી લડાઈ કરી અને આ બળવાન જાતિએ અહીં પણ તેમને હરાવ્યા. યુઈશી તરફથી હારેલાં શક ટોળાંઓ આ સમયે ખેરવિખેર થઇ ત્યાંથી નાઠા અને નવી વસાહતોની શોધમાં ગુંથાયા.

યુઇશીઓએ વ્યાપારિક તાહિયા લોકોની ભૂમિ કબજે કરી અને તેમના ઉપર સત્તા જમાવી. આ પ્રમાણે યુઈશી અને સૈ લોકોનું બાકટ્રીયામાં જોડાણ થયું. યુઈશી લોકો બાકટ્રીયા પ્રદેશના સત્તાધીશ રાજવી થઈ બેઠા.

તાહીયા લોકોનું આ પ્રદેશમાં રહેઠાણ ચીની દીવાલના બાંધકામ સમયે જ થએલ હતું, જેઓને પણ ચીની પ્રજાએ પરદેશી ગણી પોતાના દેશમાંથી ભગાડી દીધી હતી.

ચીની ઇતિહાસકારો તાહીયાઓ માટે લખતા જણાવે છે કે–આ તાહીયા લોકો સ્વાભાવિક રીતે એશઆરામી, શાંત અને વ્યાપારી હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અનેક ભારતીય ઇતિહાસકારોનું પણ માનવું છે કે "શુદ્ધ દેશ અને સિરદરીયા નદીને પેલે પાર અસિયાન્–તુખાર અને અસરૌમ્ નામની ભટકતી જંગલી જાતિઓએ યૂનાનીઓ સાથે લઢાઈ કરી અને તેમની પાસેથી બાકટ્રીયાનું રાજ્ય છીનવી લીધું. જેને અનુકૂળતામય સંકલના જોડનારા ઇતિહાસકારો જણાવે છે કે–દીઓદેતૂ–સરપુર (Saraucae) અને અસિયાંગ–(એશિયાની) નામની શક જાતિઓ સાથે તેમને લડાઇ કરવી પડી હતી. છેવટે આ જાતિએ બાકૂટ્રીયા જીતી લીધું.

આ એશિયન લોકો તુખારોના રાજા બન્યા. અને સરપુર ભ્રષ્ટ બન્યા. ભારતીય પ્રાચીન ઇતિહાસકારોએ તુખાર અને યુઈશિઆ બંને જાતિઓને શક જાતિઓ સાથે સંબંધિક ગણી છે.

આ જાતિઓને ભારતીય ઇતિહાસકારો મંગોલ વર્ગની જાતિઓ તરીકે જણાવે છે, પરન્તુ છેલ્લા સંશોધન પ્રમાણે તેમના ભારતીય લિપિમાં મળી આવેલા પ્રાચીન લેખોના આધારે સિદ્ધ થયું છે કે તે બધા શક–તુખાર અને યુઇશિ લોકો પૂર્વકાલીન આર્ય જાતિના હતા.

તાહિયા લોકો તકલા મકાન એટલે તિબેટ અને ખોતાનની દક્ષિણ પૂર્વમાં રહેતા હતા. અને ત્યાંથી તેઓ બાકટ્રિયામાં પહોંચ્યાં હતાં. તકલા મકાનની ઉત્તર પૂર્વમાંથી પણ તેમની ભાષાના અનેક લેખો પ્રાપ્ત થયા છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે તેઓ મિયાન અને ચર્ચંર નદીના કાંઠા ઉપરથી આ પ્રદેશથી ઉત્તર પશ્ચિમમાં રહેલા હતા. યુઇશિ લોકોનો માર્ગ પણ એ જ હતો.

એટલે યુઈશી લોકો પણ તાહીયા લોકોની સાથે થઇને આવેલા અને તેમની સાથે અન્ય શક જાતિ પણ ભારતમાં આવેલી.

ઉઈગુર તુર્ક લોકોએ સીમકિયાંગ્ના રહેવાસીઓની ઉત્તર તરફ રહેનારી એક શાખાને જીતી હતી ત્યારે તેમની ભાષા તુખારી હતી. તુખાર જાતિની આ ભાષા આ કાળે સારી પ્રસિદ્ધિને પામેલ હતી. તુખાર જાતિના અનેક લેખોમાં **આરશી** એવું નામ જોવામાં આવે છે. આ આરસી શબ્દનો અર્થ, આર્શીનો અસિ કે આસિયાન સાથે સંબંધ ખુલ્લો દેખાઇ આવે છે.

અસિ યુઇશિ લોકો તુખારોના રાજા થયા. એટલે સ્વાભાવિકતાથી આ પ્રદેશ સાથે તેમની ભાષા અને વર્તન ત્યાંના વતનીઓ સાથે એકત્રિત થયું–જેમ ગુજરાત ઉપરથી ગુજરાતી અને હિંદ ઉપરથી હિંદીઓ. યુઈશી લોકોની પૂર્વોક્ત ભાષા ખોતાન દેશની હતી જેની સાથોસાથ તેઓ તુખારી ભાષા પણ બોલતા.

ભારતના પ્રાચીન ગ્રંથો અને પુરાણોમાં યુઈશ લોકોના રાજવંશોને તુખાર તરીકે વર્ણવ્યો છે. તુખાર પ્રદેશમાં રહેવાથી અને તુખારના રાજા બનવાથી યુઇશના રાજવંશને તુખાર કહેવો એ સ્વાભાવિક છે. પછીથી ભાષાનું તો કહેવું જ શું? આ લોકોની આ સમયે ભાષા આર્ય હતી એ નિર્વિવાદ સત્ય ઠરે છે.

આ પ્રમાણે સીકસ્થાન સુધી આવી પહોંચેલ શક જાતિના લોકો સંબંધી વિવરણમાંથી તારવવા મળે છે કે–" યુઇશી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઋષિક અસિ આસિયાન્ ઉષિ ચુશિસુ સે શેક સેક સોક તાહિયા તુહુલો તુખાર એ બધાયે ભિન્ન લોકોના મુખેથી શક લોકોને અંગે પ્રચારિત જાતિય વાચક શબ્દોના શબ્દાંતરો છે કે જે પ્રજાએ શકસ્થાનમાં પોતાનો વસવાટ કર્યો.

તાહિયા જાતિના સમાગમમાં આવેલ ચુઇશી શક લોકોએ જંગલી રીતભાતો છોડવા માંડી અને આ ફળદ્રુપ પ્રદેશમાં ખેતીવાડી ઉપર નિર્વાહના માર્ગો શોધી, શિષ્ટતા, રીતભાત અને વ્યવસ્થાપૂર્વક રહેવાનું શરૂ કર્યું. આ પ્રમાણે તાહિયા પ્રદેશ(શકસ્થાન અથવા પારસ)માં ચુઇશી લોકોની એકાદ બે પેઢીઓ વીતી ગઈ. આ પ્રમાણેના એકાદ બે સૈકામાં વાસ કરી રહેલ શકસ્થાનવાસી પ્રજાએ જૂદા જૂદા પાંચ સંસ્થાનો પણ સ્થાપ્યા. આ સંસ્થાનો હિંદુકુશના ઉત્તરમાં આવેલ હતા જેમાં અનેક નાના મોટા શક લોકોના ટોળાંઓ એકત્રિત થઇ વસતા, જેઓ કુળો તરીકે પ્રખ્યાતિ પામ્યા. તેમાંના કુસાનકુળમાં એક બળવાન પુરુષ થયો જેણે પોતાનાં બાહુબળ અને બુદ્ધિબળથી પાંચે સંસ્થાનોના રાજ્યોને જીતી એક એક ક્ષત્રપ એટલે સૂબાની નીમણુક કરી. આ કુશનકુળદીપક રાજવી સરદાર આખી શક પ્રજાનો સમ્રાટ કહેવાયો જેનું નામ કડકીસિસ અથવા કકસ હતું. [ Kaophises ]

તુખારમાં વસેલ ઋષિક અથવા ચુઇશી કે જેને આપણે હવે પછી શકજાતિ તરીકે ઓળખીશું તેમની રાજધાની પામીર પ્રદેશમાં બદખ્શાશામાં હતી. આ પામીર બદખ્શાશા અને બલ્લાર મધ્યકાળ સુધી તુખાર કે તુખારિસ્તાન તરીકે ઓળખાતું હતું.

ઋષિક તુખારોએ ઇ. સ. પૂર્વે બીજી શતાબ્દીની મધ્યમાં પ્રાચીન કાંબોજ અને બાલ્હિક દેશોમાં આક્રમણ કર્યું અને કાંબોજ તે દિવસથી તુખારિસ્તાન બની ગયું. અને તુખારોની રાજધાની બદખ્શાશા શહેરમાં સ્થાપિત થઇ અને પ્રદેશ તુખારિસ્તાનમાં ભળી ગયો.

આ કાળે બાક્ટ્રિયામાં પ્રથમ યવન રાજ્ય હતું જેને શક તુખારોએ જીતી લીધું. આ ઘટના ઈ. સ. પૂર્વે ૧૬૦માં બની. ઇ. સ. પૂર્વે ૧૨૮ થી ૧૦૨ સુધી જયારે યુઇશી લોકો વક્ષુ નદીની ઉત્તર તરફ હતા તે સમયે બાકટ્રિયા તો તાહિયા બની ગયું હતું. એટલે આ કાળે અહીં વસેલ શક જાતિના એક વિભાગે યવન રાજવીને હરાવી તે હસ્તગત કર્યું હતું. અને બળવાન ઋષિક જાતિએ અહીંની બીજા વિભાગની વિજેતા શકજાતિને હરાવી વંક્ષુ નદીનો પ્રદેશ કબજે કર્યો.

આ પ્રદેશનું યવન રાજ્ય તૂટયા પછી યવનોએ ધીમે ધીમે ભારતમાં પ્રવેશ કર્યો અને પંજાબ, માલવ અને શીબીના પ્રદેશ ઉપર તેઓએ હુમલા કર્યા. પરિણામે શક તાહિયા લોકોના હુમલાની જેમ યવનોને ભારતમાં ભાગી આવવાની ફરજ પડી હતી તેમ યવનોના હુમલાથી પંજાબના માલવ અને શીબી લોકોને શાહ સીકંદરના સમયમાં ઉજ્જૈન તરફ ભાગવું પડયું હતું.

માલવ અને શીબી લોકો શાહ સીકંદરના ત્રાસથી નાશી અવન્તીમાં આવી વસ્યા.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીજી તરફ ઉપરોક્ત ઉથલપાથલના કારણે સીરદરીયા નદીને કાંઠે રહેતા શક લોકોને પણ ભાગવું પડયું.

આ ગ્રંથના મૂળનાયક શ્રી કાલિકાચાર્યજી જે ચષ્ટણ રાજવીના રાજ્ય દરબારે ઉજ્જૈનાધિપતિ ગંધર્વસેનને હરાવવા માટેની મદદ માટે જઇ ચઢ્યા હતા તે રાજવીના જેવા જ છન્નુ વિભાગી રાજવીઓના સરદાર કક્ષીસિસવંશના મિશ્રદાતા નામના સરદારે પોતાના આશ્રિત છન્નુ સામંત સરદારો પર વૈર વાળવાની વૃત્તિ દર્શાવતી જે આજ્ઞા મોકલી હતી તે આ બળવાન રાજવી પાસે આ સરદારો કરતાં દશગણું બળવાન સૈન્ય અને સત્તા હતી.

ચીનની દીવાલ બંધાયા પછી જ એટલે ઈ. સ. પૂર્વે ૨૫૦ ના ગાળાથી માંડી આજ સુધીમાં આ જાતિઓ બે ભાગમાં વહેંચાએલી હતી. ઉપરોક્ત બંને જાતિઓ આંધ્રપતિ સાતવાહન રાજાના રાજ્યઅમલ દરમ્યાન અવન્તીના વિજય બાદ એકત્રિત થઈ. અહીં તેમણે પોતાનો અડ્ડો જમાવ્યો.

સીરદરીયા નદીને કાંઠે શકોનો રાજા સૈ–વાંગ–કિપિન કાંબોજ દેશમાં પોતાના સૈન્યને છોડી ભાગી ગયો હતો. તેના કુટુંબીઓ છિન્નભિન્ન થઈ ગયા હતા, કે જેમને બાક્ટ્રીયામાં પણ આશ્રય ન મળ્યો એટલે ત્યાંથી ભાગી હિંદુકુશ પાસે આવ્યા પરન્તુ ભારતમાં પ્રવેશ કરી શકયા નહિ એટલે કાબૂલનું દૂનનું યવનરાજ્ય આ કાળે બચી ગયું.

આ સમય બાકટ્રિયા અથવા બલખના યવન અને પાર્થિયા અથવા પર્સિયાના પાર્થવ અથવા પલ્લવ હિંદમાં ઘણા જુના વખત થયા રાજ્યકર્તા થઈ ગયા હતા. અલબત્ત તેઓએ યુઈશી કુસાન કુળના પુરુષે કંબોજ ઉપર સત્તા જમાવી ત્યાર પૂર્વે ઉપરોક્ત પ્રદેશ ઉપર રાજ્ય કર્યું હતું.

સૈ–વાંગ–કિપિન્ ગાંધારમાં નાસી ગયો હતો. યુઈશીઓએ શકોના ટોળાંને તારીયાના પ્રદેશમાંથી કાઢી મૂકયા હતા. પછી તે ટોળાં ત્યાંથી રખડતા, લૂંટફાટ કરતા તારીયાના નઋત્ય–દક્ષિણ–પશ્ચિમમાં હેરાત તરફ અને ત્યાંથી પોતાના જૂના પોતાના મુલક સિસ્તાન તરફ વળ્યા. પણ આ કાળે આ સિસ્તાન પાર્થવ રાજાના તાબામાં હતું એટલે શક ધાડાઓને રોકી તેના ઉપદ્રવથી પાર્થિવ પ્રજાને બચાવવા પાર્થિવ રાજાઓને તેમની સાથે લઢવામાં ભગીરથ પ્રયત્ન કરવો પડ્યો છતાં આ બલાઢ્ય ટોળાંએ પાર્થિવ રાજા ફ્રાવી બીજાને ઈ. સ. પૂ. ૧૨૮માં હરાવ્યો અને તેનું રણક્ષેત્રમાં મૃત્યુ થયું. શક ટોળાંઓના હાથે લઢતાં ફ્રાવી બીજો મરાયાથી તેની ગાદી અર્તબાન નામના રાજવીના હાથમાં આવી. તે તુખારી યુઈશી લોકોના ધાડાને ખાળવામાં રોકાયો એ તકનો લાભ લઈ બીજી તરફથી શક લોકો તેના રાજ્યમાં ઘૂસ્યા, લૂંટફાટ કરી અને છેવટે સીકસ્થાન પાછું સ્વાધીન કર્યું અને અર્તબાન યુઈશી સાથે લઢતાં કોઇક ઝેરીલા હથિયારથી ઈ. સ. પૂર્વે ૧૨૩માં મરાયો.

આ બળવાન અર્તબાનની ગાદીએ તેનો ઉતરાધિકારી પુત્ર મિશ્રદાતા બીજો આવ્યો. આ સમયે આજુબાજુના પ્રદેશોમાં શક લોકોના થાણા જયાં ત્યાં પડ્યા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે સરદારો થાણદાર તરીકે પાર્થવ અને યવન રાજવીઓની સૂબેદારી કરતા. ઈરાની ભાષામાં આ સરદારોને ક્ષત્રપ તરીકે સંબોધવામાં આવતા.

મિશ્રદાતઃ બીજાના વખતમાં આ શક લોકોના અલગ અલગ છન્નુ ટોળાંઓના સરદારોને જમીનદારી મળી હતી. અને છન્નુ સરદારો શાહીઓના નામથી ઓળખાતા. બળવાન અને અતિપરાક્રમશાળી મિશ્રદાતા રાજવીએ પોતાના કાબૂ નીચેના શાહી સરદારોને ખૂબખૂબ દબાવ્યા. રાજ્યની સીમા પણ ખૂબ વધારી. ઘણા દૂર દૂરના પ્રદેશો ઉપર તેની આણ પ્રવર્તતી હતી. અનેક દુશ્મનોને હરાવી આ મિશ્રદાતાએ વીરતા પ્રાપ્ત કરી હતી. પાર્થવ રાજવીઓની પ્રજાને ભૂતકાળમાં ભોગવવી પડેલ હેરાનગતિ અને નુકસાનીના બદલા તરીકે અને વેરની વસુલાત તરીકે મિશ્રદાતા રાજવીએ યોગ્ય સમય આવેલ જાણી વેર લેવાનો નિશ્ચય કર્યો અને અતુલ પરાક્રમી રાજરાજેશ્વરે "ક્ષાયથિયાનાં ક્ષાયથિય" એ નામનું બિરૂદ ધારણ કર્યું અને શ્રી કાલિકાચાર્યના સમયમાં પોતાને પૂર્ણપણે આધીન થએલ છન્નુ શાહી રાજવીઓને પોતાના શિર પાઠવવાનું આમંત્રણ વેરની વસુલાત તરીકે મોકલ્યું. પરિણામે શ્રી કાલિકાચાર્યજીનો તેમને આશ્રય મળ્યો અને આ મૃત્યુના મુખ જેવા શાહી અમલમાં રહેવાને બદલે તે ચષ્ટણવંશી રાજવીએ છન્નુ સરદારો સાથે ભારતવર્ષની ઉજ્જૈની ઉપર શ્રી કાલિકાચાર્યજીના સહકારથી આક્રમણ કર્યું અને અવન્તી જેવી બળવાન સત્તા અને ઉજ્જૈન મહારાજા ગંધર્વસેનના રાજઅમલ દરમ્યાન ઘેરાયું.

# પ્રકરણ ૨ જું

## ગર્દભીલની વિદ્યાસાધના

શક રાજવી ચષ્ટણ, શ્રી કાલિકાચાર્યજી તેમજ શકસૈન્યના મહાન સેનાધિપતિ આમ્લાટની કુશળતાભરી વ્યૂહરચનાનાં કારણે અવન્તી પૂરેપૂરું ઘેરાઈ ગયું. કીલ્લાના મજબૂત દરવાજા મહારાજાની આજ્ઞા મુજબ બંધ કરવામાં આવ્યા. બલાઢ્ય અવન્તીપતિ રણક્ષેત્રમાં શકસૈન્યનો સામનો કરવાને બદલે આ પ્રમાણે ગઢના દરવાજા બંધ કરી ભરાઈ રહેલ જાણી નગરજનો રાજાની ભીરુતાની નિંદા કરવા લાગ્યા.

ઉજ્જૈનીને ઘેરો ઘાલનાર ચષ્ટણ રાજવીના લશ્કરે ઉજ્જૈનની બહાર એક ચકલી પણ ફરકી ન શકે તે જાતનો મજબૂત બંદોબસ્ત કર્યો હતો. તીર કામઠામાં કુશળ એવી યુ. ઇશી ઋષિક શક જાતિએ ખામી રાખી નહિ. અશ્વવિદ્યા તો તેમને વરેલી જ હતી. એટલે ગમે તેવા મસ્તીખોર તુરી અશ્વોને વશ કરવા એ વસ્તુ શક સૈન્યને મન સહજ હતી. ચષ્ટણ, આમ્લાટ અને શ્રી કાલિકાચાર્ય અજેય ગઢની ચારે દિશાઓએ ફરી કોઇપણ સ્થળેથી ગઢ તોડવાની પેરવીમાં ગૂંથાએલ હતા.

ગઢના ગુપ્ત માર્ગના સંશોધનમાં પડેલ શક સૈન્યના હાથે મરવા કરતાં અને અણધાર્યા હુમલાથી રગદોળાવા કરતાં ગંધર્વસેન રાજવીને સમજાવી, ગઢના દરવાજા ખોલી માળવી વીર પ્રજાએ આ રીતે મરવા કરતાં સીકંદર શાહના સમયમાં પોતાના પ્રદેશનો જે ત્યાગ કરવો પડ્યો હતો તેનો બદલો આ યવન સૈન્ય પાસેથી લેવાનો નિર્ણય કરી માલવી સેનાધિપતિઓએ ગંધર્વસેનને અરજ કરી કે "અમો માળવી પ્રજાને પંજાબનો ત્યાગ કરાવનાર અને અમારા બાંધવોની રક્તશ્રેણીથી પંજાબની ભૂમિને રંગનાર સાહ સીકંદરના કારણે ઇ. સ. પૂર્વે ૩૨૪માં અમોએ અવન્તીપતિનો આશ્રય એટલા જ માટે લીધો છે કે સમય આવે અમારા વૈરના બદલાની તક અમોને પ્રાપ્ત થાય. વીર સૈનિકો અને માળવી પ્રજાને માટે આ સમય યવન સૈન્યને હરાવવાની સુવર્ણ સંધિ અનાયાસે પ્રાપ્ત થઈ છે, તો શું અમારા જેવા માળવીઓને આપ આ પ્રમાણે કીલ્લામાં ગોંધી રાખી ફરીથી અમારી નજર સામે આપ અમારું સર્વસ્વ લૂંટાવી દેવા તૈયાર થયા છો ! એ લાખી સૈન્યને માટે અમારૂં ૨૦૦૦૦ નું જ માળવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સૈન્ય ભારરૂપ છે. મહારાણી મદનસેનાએ પણ રાજાને તેના ભીરુપણા માટે ઠપકો આપ્યો. પત્નીની સમજાવટથી ગંધર્વસેન પોતાની વિદ્યાસાધના કરવાના નિર્ણય પર આવ્યો. ચૈત્ર વદિ ૧૧ થી વિદ્યાસાધના શરૂ કરીને શહેરમાં ઢંઢેરો ફેરવી નગરજનોને જણાવ્યું કે–ચૈત્ર વદી ૧૪ ના દિવસે સૂર્યોદય થતાં દરેક નગરજનોએ પોતપોતાના કાનો સારી રીતે અવાજ ન સંભળાય એ રીતે બંધ કરવા. અને બને ત્યાં સુધી ગર્દભી વિદ્યાના થતા જોસબંધ નાદોનું શ્રવણ ન થાય તેની કાળજી રાખવી. ગર્ભવંતી સ્ત્રીઓએ ગુપ્તમાર્ગોથી નગરનો ત્યાગ કરવો અથવા રાજ્યમહેલનાં ભોંયરાનો આશ્રય લેવો.

મહારાજાના ઢંઢેરા પ્રમાણે એકાદ બે શ્રીમંત વણિક કુટુંબની ગર્ભવંતી સ્ત્રીઓ કે જેઓને ગર્ભાવાસના પૂરા દિવસો જતા હતા તેઓના ગર્ભના રક્ષણાર્થે તેમના પતિઓએ વીરતાથી સમજપૂર્વક ગુપ્ત માર્ગનો આશ્રય લીધો. ગઢના ઉજ્જડ જેવા એક ભાગમાંથી વૃક્ષના આધારે કીલ્લા ઉપર ચઢી વણિક દંપતિઓ મહા મુશીબતે કીલ્લાની બહાર ઉતરી.

બરોબર આ જ સમયે ઘેરાએલ કીલ્લાનું ચારે દિશાએથી ચકોરતાપૂર્વક રક્ષણ કરનાર ગુપ્તચરોની નજરે આ અંધકારમાં છૂપાતી વ્યક્તિઓ પડી. અને તેઓને કેદી બનાવી શક જાસુસો શક સરદાર આમ્લાટના તંબુએ લઈ ગયા. આ રીતે એક આફતમાંથી બચવા પ્રયાસ કરતાં બીજી આફત નજર સન્મુખ આવીને ઊભી રહી.

ચૈત્ર વદી ૧૧ ના દિવસે એક બાજુથી માલવી સરદારોએ રણયુદ્ધ માગ્યું ત્યારે બીજી બાજુએથી શ્રી કાલિકાચાર્યજીએ એક વાચાળ દૂતને અવન્તીનરેશ પાસે મોકલી કહેવરાવ્યું કે "તારે અવન્તીને બચાવવું હોય તો તું હજુ સાધ્વી સરસ્વતીને મુક્ત કર. તેમાં જ તારું શ્રેય છે." આ દૂતનું અપમાન કરી. અભિમાની ગંધર્વસેન રાજવીએ તેને કાઢી મૂકયો.

ચૈત્ર વદિ ૧૧ સુધી ઉજ્જૈનીના કિલ્લા ઉપર નિયમિત તોપો ગોઠવવાના અથવા માણસોના ચઢઉતરના દેખાવો થતા હતા તે દેખાવો સદંતર બંધ પડ્યા. અને ભયંકર શાંતિ વ્યાપી ગઇ. એક પણ માણસ આખાયે દિવસ દરમ્યાન કિલ્લા પર દેખાયો નહિ. આવા ભયંકર ઘેરાના સમયે આ જાતની શાંતિમાં ગંભીર કાવત્રાંની ગંધ શાહી રાજવી ચષ્ટણ અને સેનાધિપતિ આમ્લાટને દેખાઇ. તેણે આ રણયુદ્ધના સૂત્રધાર શ્રી કાલિકાચાર્યજીને તેનું કારણ પૂછયું.

તેમણે જ્ઞાનના ઉપયોગથી જણાવ્યું કે "ગર્દભીલ રાજા ગર્દભી દેવીની સાધના માટે તૈયાર થઇ રહ્યો છે અને તેણે આજથી ત્રણ દિવસના ઉપવાસો શરૂ કરી ત્રંબાટી દરવાજાના ગુંબજ ઉપર એક ભાગમાં ખડે પગે મોં ફાડી ગર્દભી વિદ્યાની સાધના શરૂ કરી છે. આ જાતની વિદ્યાની સાધનાથી ત્રીજે દિવસે એટલે વદ ૧૪ ના દિવસે ગર્દભીદેવી પ્રસન્ન થશે અને ગર્દભના વાહનધારી આ દેવી ખુલ્લી રીતે પ્રગટ થઈ, પોતાની દૈવિક શક્તિ ગંધર્વસેન રાજવીને અર્પિત કરશે જેના યોગે તે રાજવી ગધેડાંની માફક ભૂંકવા માંડશે કે જેનાં ભેં ભેં અવાજથી તે વખતે વિશ્વનું વાયુમંડળ જાણે ફાટતું હોય તે પ્રમાણે ક્ષુબ્ધ થઈ જશે. કોઈપણ પ્રાણી આ અવાજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાંભળશે તેઓ તાત્કાલિક મૃત્યુને વશ થશે. ગર્દભી વિદ્યાનો અવાજ ત્રણ કોશ સુધી પથરાઈ જાય છે એટલે તેટલા વિસ્તારમાં રહેતી દરેક વ્યક્તિ તેની અસર નીચે આવી મૃત્યુને વશ થાય છે. સૂરીશ્વરનું આવું ભયંકર કથન સાંભળી શાહી સરદાર અને સેનાધિપતિ ગભરાટમાં પડ્યા. એટલે આચાર્ય-દેવે સર્વેને શાંતિ આપતાં જણાવ્યું કે—આ જ ક્ષણે સૈન્યનો પડાવ અહીંથી ઉપડાવી પાંચ કોશ દૂર લઇ જાવ. ૧૦૮ શબ્દવેધી બાણા-વળીઓ આમ્લાટની સરદારી નીચે જે મોર-ચા ઉપર ગંધર્વસેન રાજવી દેવીની સાધના કરી રહ્યો છે ત્યાં ઊંચો માંચડો બાંધી દેવીની સાધનાની નિષ્ફળતા માટે રાખો. આ પ્રમાણેના હુકમોની આપલે અને છણાવટ રાજ્ય તંબૂમાં થઈ રહી છે તેટલામાં તો જ્ઞાની સૂરીશ્વરજીના જ્ઞાનના–ભવિષ્યની વાણીના સાક્ષીભૂત હોય તેમ ગુપ્ત જાસુસો દ્વારા બંધિત થએલ ચાર કેદીઓ હાજર કરવામાં આવ્યા. આ ચારે બંધનયુક્ત કેદીઓ તરફ નજર ફેરવતાં શ્રી કાલિકાચાર્યજીએ જણાવ્યું કે " કેમ શ્રેષ્ઠીવર્ય ? અને શેઠાણી-જી ! આપની આ સ્થિતિ ? એવા તે કયા ગંભીર કારણે મહારાજાને બચાવવા માટે ખુદ માલવના નગરશેઠના કુટુંબે મધ્યરાત્રે મરણને નોંતરી આ પુરૂષાર્થી પ્રયોગ આદર્યો છે ? "

મધ્યરાત્રીના સમયે યવન રાજની છાવ-ણીમાં પરમ પૂજ્ય આચાર્યદેવને નિહાળતાં અને તેમના મુખથી જ આ પ્રમાણેના પ્રશ્નોને સાંભળી પકડાએલ વ્યક્તિઓમાંથી નગરશેઠના પુત્રની યુવાન વહુએ જણાવ્યું કે " સૂરિશ્રી ! અમો અમારા જીવનના રક્ષણાર્થે ભવિષ્યનો વિચાર કરી મધ્યરાત્રિએ અવન્તીનો ત્યાગ એટલા માટે કીધો છે કે ચોદશની પ્રભાતે જ મહારાજા ગંધર્વસેનની ત્રણ દિવસની ગર્દભી વિદ્યાની સાધના પૂરી થવાની છે અને તે દિવસે પ્રસન્ન થએલ ગર્દભીદેવીના પ્રતાપે પાંચ કોશ સુધી રહેલ દરેક વ્યક્તિનો કચ્ચરઘાણ નીકળી જવાનો છે. અવન્તીને ઘેરી રહેલ આ સૈન્યમાંની એકાદ વ્યક્તિ પણ આ ઘોરનાદથી બચી શકે એમ નથી, તો પછી મારા જેવી ગર્ભવંતી સ્ત્રીઓનું રક્ષણ કઇ રીતે થઈ શકે ? માટે ગર્ભના રક્ષણાર્થે અને કુટુંબવૃદ્ધિને માટે મેં જ આ પગલું ભરાવ્યું છે. "

આ પ્રમાણે જ્ઞાની સૂરીશ્વરજીના ભવિષ્યને પુષ્ટિરૂપ નજર સામે તરી આવતો આ દેખાવ જોઇ શાહી નરેશ ચષ્ટણ અને આમ્લાટ આચાર્યના જ્યોતિષ જ્ઞાન સંબંધી વિસ્મય બન્યા. સૈન્યનો પડાવ પાંચ કોશ દૂર લઇ જવામાં આવ્યો.

બીજી બાજુએ ત્રંબાવટી દરવાજાના ઊંચા ગુંબજ સામે એક ધ્યાને મોં ફાડી તપશ્ચર્યા કરતાં ગંધર્વસેન રાજવીની બરોબર સામે એક ઊંચો માંચડો બાંધવામાં આવ્યો કે જે માંચડા ઉપર ૧૦૮ શબ્દવેધી બાણાવળીઓને ચારે દિશામાં એવી રીતે ગોઠવવામાં આવ્યા કે જ્યારે ગર્દભી દેવી પ્રસન્ન થતાં ભોંક-વાની તૈયારી કરે કે તે જ સમયે તેનું મોં બાણોથી એવી રીતે ભરી દેવું કે તેનાથી એક પણ શબ્દનો અવાજ થઇ શકે નહિ. બીજી બાજુ લશ્કરી ચુનંદા સૈન્યને ત્રંબા-વટી દરવાજે પૂરતી રીતે ગોઠવવામાં આવ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ત્રીજું

## ગંધર્વસેનનો વિનાશ ને ચષ્ટણવંશની સ્થાપના

ચૈત્ર વદી ૧૪ની ઘોર અંધારી રાત્રિ બંને બાજુના સૈન્યને માટે કતલની રાત્રિ જેવી થઈ પડી. ત્રંબાવટી દરવાજે માળવી સૈન્યો વેરની વસુલાત માટે મરણીયા થઈ રાજ્યાજ્ઞાની રાહ જોતાં તલપાપડ થઈ ઊભા રહ્યા.

બીજી બાજુ માંચડા ઉપર ચઢેલ ૧૦૮ બાણાવળીઓ તેમજ પ્રખર બાણાવલી સરદાર આમ્લાટ અને અજોડ બાણાવલી ( સંસારી અવસ્થાના ) શ્રી. કાલિકાચાર્યજી પણ આ સમયે સચેત–જાગૃત રહ્યા હતા કે ગર્દભી દેવી પ્રસન્ન થતાં જ તેનો સુયોગ સાધી શકાય.

રાત્રિના ત્રીજા પ્રહરની શાંતિ પૂરતી રીતે વ્યાપી હતી. માત્ર ક્ષીપ્રા નદીના જળપ્રવાહનો ખળખળાટ તેમજ રાજ્યમહેલ ઉપર ઘુવડોના શબ્દોનો થતો અવાજ રાત્રિની શાંતિનો ભંગ કરતા હતા. ચારેક વાગ્યાનો સુમાર થયો હશે તે સમયે ગંધર્વસેન રાજવીની એકનિષ્ઠ તપશ્ચર્યાથી પ્રસન્ન થએલ ગર્દભવાહની ગર્દભીદેવીએ પ્રગટ થઈ શત્રુ-સૈન્યના વિનાશ માટે ગર્દભીલને ઊંચેથી શબ્દોચ્ચાર કરવા કહ્યું, પરન્તુ પ્રસન્ન થએલ દેવીની આજ્ઞાનુસાર ગર્દભીલ એક પણ શબ્દ ઉચ્ચારે ત્યાર પહેલાં જ શબ્દોચ્ચાર અર્થે તેણે પહોળું કરેલ મુખ બાણોના વરસાદથી એવી રીતે તો ભરાઇ ગયું કે તેના યોગે તે અર્ધમૃત્યુવશ જેવો બની ગયો. શરીરનું સમતોલપણું ગુમાવીને જેવામાં બેશુદ્ધ બને છે તેવામાં આમ્લાટ સરદારે પોતાનું બાણ બેશુદ્ધ બનતા રાજવીના પગમાં એવી રીતે માર્યું કે જેથી તે જમીન ઉપર પટકાઈ પડયો.

ગંધર્વસેનથી શબ્દોચ્ચાર તો શું પરન્તુ દેવીની સન્મુખ પણ જોઇ શકાયું નહિ એટલે પ્રસન્ન થએલ દેવી ગર્દભીલ રાજા ઉપર ક્રોધિત બની અને તેના મસ્તક ઉપર વિષ્ટાની વૃષ્ટિ કરી ચાલી ગઈ. ગર્દભીલને બેશુદ્ધ બનેલ જાણી નગરીમાં ચારે બાજુએ નાસભાગ થવા માંડી. બીજી બાજુએ શક સૈન્યે કેળવાએલ હાથીઓદ્વારા ત્રંબાવટીનો દરવાજો તોડયો અને શકસેના ઘોડાપૂરની માફક તેમાં પેઠી.

ઉજ્જૈનીમાં ચારે દિશાએ હાહાકાર મચી ગયો. શક સરદારે રાજમંદિરનો કબજો લઈ, રાજ્યગઢ ઉપર શક રાજવી ચષ્ટણનો વિજયી

વાવટો ફરકાવ્યો. શક સરદારો ગર્દભી વિદ્યાથી અભિમાની બનેલ ગંધર્વસેનને બંદીવાન બનાવી શ્રી કાલિકાચાર્યજી અને યવન રાજવી જે તંબુમાં બેસી વિજયી વાતાવરણ જોતા બેસી રહ્યા હતા ત્યાં લઇ ચાલ્યા.

બીજી બાજુએ ઉશ્કેરાએલ શક સૈન્યે જે રાજ્યમહેલમાં સાધ્વી સરસ્વતીને રાખવામાં આવેલ તે મહેલને આગ લગાડી. સાધ્વી સરસ્વતીજીને માનપૂર્વક બંધનમુક્ત થએલ ગંધર્વસેન રાજવીની સાથે વિજયી શક રાજવીના તંબુ તરફ ક્ષીપ્રા નદી ઉપરથી લઇ જવામાં આવ્યા.

મહારાણી મદનસેના રાજ્યપુત્ર વિક્રમની સાથે બળતા રાજ્યમહેલમાંથી બહાર નીકળી ગઇ. વફાદાર સુભટ નંદ પણ આ સમયે આવી મળ્યો. ત્વરિત અને ચપળ તૂરી અશ્વોવાળા રાજ્યરથમાં આશ્રય મેળવી રાજ્યમહેલનો ત્યાગ કરનાર મહારાણીનો રથ પણ યવન સૈનિકોના હાથે ઘેરાયો.

આ પ્રમાણે મહારાજા ગંધર્વસેન, સાધ્વી સરસ્વતી અને મહારાણી મદનસેનાવાળો રાજ્યરથ શક સરદારના તંબુ આગળ આવી અટકયો. તંબુમાં એક ઊંચા ભદ્રાસન પર બેઠેલ શ્રી કાલિકાચાર્યજી સન્મુખ સાધ્વી સરસ્વતી અને અન્ય સાધ્વીઓને હાજર કરવામાં આવ્યા. લગભગ બે વર્ષના ગાળા બાદ સાધ્વી સરસ્વતીને પોતાના બંધુ વિજયી જૈનાચાર્યની સ્થિતિમાં નિહાળતાં હર્ષાશ્રુ સરી પડ્યાં. કાલિકાચાર્યની પણ આવી જ સ્થિતિ હતી. એક તરફ વિજયનો હર્ષ હતો, બીજી બાજુ સરસ્વતીને જોતાં અત્યાર સુધી ખાળી રાખેલા હર્ષાશ્રુનો આવેગ હતો. એક જ જનનીના આ બંને રત્નો લાંબા સમયે એકત્ર થવાથી એક બીજા પ્રત્યે અનિમેષ નયને સ્નેહ ભાવથી જોઈ રહ્યા. આ દૃશ્ય જોઇ શક સરદાર આમ્લાટ ઉશ્કેરાયો અને નિમિત્ત બનેલ ગંધર્વસેનનો ઘાત કરવા પોતાની તરવાર ઉગામી.

સાધ્વી સરસ્વતીએ આડો હાથ ધરી જણાવ્યું કે-" હે વીર સરદાર, ખામોશ. કલંકિત રાજવીના રાજ્યમહેલમાં પણ મારા શિયળનું રક્ષણ મહારાણી મદનસેનાના આશ્રય નીચે ઘણું જ સરસ રીતે થયું છે. મેં મહારાણીને જણાવ્યું છે કે-'પ્રસંગ આવે હું જરૂર મારી ફરજ અદા કરીશ, મહારાણા ગંધર્વસેનનું રક્ષણ કરીશ' માટે હું એક જૈન આર્યા તરીકે સૌને જણાવું છું કે-આ રાજવી જરૂર ગમે તેવો અત્યાચારી છતાં તે મનુષ્ય જ ગણાય. વળી મારું રક્ષણ કરનાર મદનસેનાનો આ પતિ છે માટે તેણીનું અખંડ સૌભાગ્ય મારે નિમિત્તે ખંડિત ન થવું જોઇએ."

સરસ્વીતીની ઇચ્છા જાણી આ શ્રી કાલિકસૂરિએ ગંધર્વસેનને અભયદાન આપ્યું. તરતજ સૂરિશ્રીજીની આજ્ઞાનું પાલન કરવામાં આવ્યું. જેને જીવતદાન મળ્યું છે એવો ગંધર્વસેન સૂરિશ્રી સન્મુખ નીચું વદન રાખી લજ્જિત પરિસ્થિતિએ ઊભો રહ્યો. શું બને છે તે જોવા લાગ્યો.

બંધનમુક્ત થએલ રાજવીને સૂરિશ્રીએ શિખામણ આપતાં જણાવ્યું કે " હે અત્યા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




ગર્દભી વિદ્યાની સાધના ને ગર્દભીલનો અધઃપાત ( પૃ. ૭૯ )




શક લોકોનો વિજયપ્રવેશ ( પૃ. ૮૦ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



શક સરદાર આમ્લાટ ઉશ્કેરાઇ ગંધર્વસેનનો ઘાત કરવા તરવાર ઉગામે છે.
બે વર્ષના ગાળા બાદ સાધ્વી સરસ્વતી અને કાલકાચાર્યનું મિલન. (પૃ. ૮૦)



મહારાણી મદનસેના વિક્રમ સાથે પોતાના પિયર ધારાવાસ જાય છે. (પૃ. ૮૧)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચારી રાજવી ! એ બાળબ્રહ્મચારિણી સાધ્વીના હરણનું ફળ, એના પ્રાયશ્ચિત્તરૂપે આ તો એક પુષ્પ માત્ર છે. તેનું વિષમ ફળ તને પરલોકમાં જ પ્રાપ્ત થશે. આ ઘોર પાપથી બચવા માટે હજુ પણ તારે માટે આત્મશુદ્ધિ અને સંસારત્યાગનો ઉત્તમ માર્ગ છે.” પરન્તુ જેના નશીબમાં જ અપમૃત્યુ લખેલું છે એવા ગંધર્વસેન ઉપર તેની અસર થઈ નહિ; કારણ કે કહ્યું છે કે–

**अंगारः शतधौतेन मलिनत्वं न मुञ्चति ।**

ગંધર્વસેને પછી અવંતીનો ત્યાગ કર્યો. તેના શરીર ઉપર રહેલ વિદ્યાસિદ્ધ ગર્દભીનું ચર્મ લઇ લેવામાં આવ્યું એટલે તેની વિદ્યા નષ્ટ થઈ. તેણે જંગલમાં ભટકવું શરૂ કર્યું અને શ્રી હેમચંદ્રાચાર્યના જણાવવા પ્રમાણે એક વાઘે તેને ફાડી ખાધો. અર્વાચીન ઇતિહાસકર્તાઓના સંશોધન મુજબ રોમમાં તેને આશ્રય મળ્યો અને તે રોમથી પાછો અવન્તી આવ્યો, પછી અવન્તીના જંગલમાં તેનું મૃત્યુ થયું.

કાલિકાચાર્યે સરસ્વતીને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપી પાછી ગચ્છમાં લીધી. તેમણે પણ વિવિધ તપશ્ચર્યા અને સ્વાધ્યાયનિષ્ઠાથી આત્મકલ્યાણ સાધ્યું.

આચાર્યદેવની આજ્ઞાથી ઉજ્જૈનની રાજ્યગાદી ઉપર શક રાજવી ચષ્ટણનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. સરદાર આમ્લેટને અવન્તીનો ક્ષત્રપ બનાવવામાં આવ્યો અને કાલિકાચાર્યજીની દેખરેખ નીચે માલવનો પ્રજાસત્તાક વહિવટ ચાલુ થયો.

ગર્દભીલ સાથેના સંગ્રામમાં મદદ કરનાર બલમિત્ર ભાનુમિત્રને પણ અવન્તીના સૂબા બનાવવામાં આવ્યા અને ભરૂચ જે શક રાજવીઓએ જીત્યું હતું તેને તેઓએ મિત્રરાજ્ય તરીકે ગણ્યું. જે અન્ય શકરાજવીઓએ શ્રી કાલિકાચાર્યજી સાથે ભારત પર આક્રમણ કરવામાં સહાયતા આપી હતી તેમને સિંધુથી જીતાએલા પ્રદેશોના છન્નુ વિભાગોના સામંતો બનાવવામાં આવ્યા.

મહારાણી મદનસેનાને બહુમાનપૂર્વક તેમની ઈચ્છા પ્રમાણે તેમના પિયેર ધારાવાસ નગરે પહોંચતા કરવામાં આવ્યા, જ્યાંથી પાછળથી તેઓ પ્રતિષ્ઠાનપુરમાં જઇને રહ્યા અને રાજપુત્ર વિક્રમ અવન્તીના માજી રાજ–પુરોહિતની દેખરેખ નીચે શ્રેષ્ઠ કોટીનું રાજશિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યો. પુરોહિતનો પુત્ર ભટ્ટમાત્ર કે જે વિક્રમનો સમાન વયસ્ક હતો તે તેનો અંગત મિત્ર બન્યો. આ રીતે બંને જાણે સહોદર હોય તેમ ગાઢ મિત્ર બન્યા. મહારાણી મદનસેના રાજપુત્રનો પૂરતો બંદોબસ્ત કરી ફરીથી અવન્તીમાં આવી પ્રભુ–ભક્તિમાં પોતાનો સમય વ્યતીત કરવા લાગી.

વી. નિ. ૪૫૩ માં અવન્તીમાં પૂરતી શાંતિ થતાં જ અને રાજ્ય સંચાલન સારી રીતે ચાલતું જાણી સરદાર આમ્લેટને અવન્તીનો મહાક્ષત્રપ બનાવી ચષ્ટણે સીંધ પ્રાંતની સરહદે સ્થાપેલ રાજગાદી તરફ પ્રયાણ કર્યું. માલવની ગાદી ઉપર શક રાજવી ચષ્ટણના કારણે ચષ્ટણ વંશની સ્થાપના થઇ. પૂર્વે વી. નિ. ૩૫૩ થી ૪૫૩ સુધીમાં ગર્દભી વંશના સાત રાજવીઓએ ૧૦૦ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું.

આ સાત ગર્દભીલ રાજાઓમાંથી પ્રથમ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અવન્તીનું રાજ્ય હસ્તગત કરનાર રાજવી નાશિક ત્રંબાવટીના રહીશ અને ગર્દભી વિદ્યાના જાણકાર મહારાજા દર્પણ હતા. ત્રંબાવટી એ આંધ્રવંશીઓની રાજધાનીની ૩૦ પ્રાંતોમાંની એક પ્રાંતની રાજધાની હતી.

ત્રંબાવટીના આ વીર દર્પણ રાજવીને ગર્દભી વિદ્યાની પ્રાપ્તિ થયા બાદ મગધ સામ્રાજ્યના મૌર્યવંશી રાજ્યના પાયા ડોલાયમાન દેખાયા. અવન્તીપતિ સમ્રાટ સંપ્રતિના સ્વર્ગવાસ બાદ રાજ્યગાદી ઉપર આવેલ રાજ્યપુત્ર વૃષભસેન કે જે આંધ્રપતિ મહારાજાનો ભાણેજ થતો હતો તેનું મૃત્યુ રાજલોભ અને પ્રપંચના કારણે બન્યું અને અવન્તીની રાજ્યગાદીના સિંહાસનને અંગે જબરજસ્ત ઝગડો ઉત્પન્ન થયો જેમાં વૃષભસેનનું ખૂન થયું અને તેનાં ઓરમાન ભ્રાતા શાલિશૂકને ગાદી પ્રાપ્ત થઈ.

આ રાજવીએ પુરુષાર્થથી રાજ્યગાદી ચલાવવાના પ્રયાસો આદર્યાં પરન્તુ ભવિતવ્યતાના યોગે અવન્તીની ગાદી ઉપર મૌર્યવંશી સત્તાનો આ કાળે અંત આવ્યો અને વીર નિર્વાણ ૩૭૩ ના ગાળામાં એટલે સમ્રાટ સંપ્રતિના સ્વર્ગવાસ બાદ માત્ર ૫૦ વર્ષે અવન્તીની ગાદી દર્પણ રાજવીના હાથમાં ગઈ અને આ દર્પણ રાજવીએ સાધેલ ગર્દભી વિદ્યાના કારણે આ વંશ ગર્દભ વંશ તરીકે પ્રખ્યાતિ પામ્યો.

અંતિમ રાજવી ગંધર્વસેને ૧૩ વર્ષ સુધી રાજ્ય કર્યું. આ અત્યાચારી રાજવીના પાપના ઉદયથી અવન્તી જેવો ધર્મિષ્ઠ અને પ્રભાવશાળી પ્રદેશ શક લોકોના હાથમાં ગયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૪ થું

## અવંતીનો વારસ કોણ ?

જેઓને ગળથૂંથીમાંથી જ અનાર્યતા મળેલ છે એવી મ્લેચ્છ વર્ત્તનવાળી પ્રજા અવન્તીની સંસ્કારી પ્રજામાં હળીમળી શકી નહીં. વિજયનો મદ અને યુવાનીએ શક–સૈન્યોને નિર્લજ્જ બનાવ્યા. માલવ યુવતીઓના દેહ–સૌંદર્યે તેઓને લલચાવ્યા. આર્ય સંસ્કાર ને અનાર્ય સંસ્કાર વચ્ચેનો ભિન્નભાવ નજરે પડવા લાગ્યો. ધીમે ધીમે શક સૈનિકો ખાનદાન યુવતીઓનું શિયળ લૂંટવા જેટલી હદે પહોંચી ગયા. આ યથેચ્છ વર્તાવનું એવું બૂરું પરિણામ આવ્યું કે એક દિવસ ખૂદ નગરશેઠના કુટુંબની સ્ત્રીઓ કંઈક શુભ અવસરે માંગલિક પ્રસંગમાંથી પાછા ફરતા સરદાર આમ્લેટના ઉદ્ધત અને હેવાન પુત્રે આ સન્નારીઓમાંથી એકની છેડતી કરી અને તેણીના પ્રત્યે નિર્લજ્જ વર્ત્તન દેખાડયું.

સરદારના પુત્રના આવા દુર્વર્તનથી સ્થિતિ ભારે થઈ ગઈ. અવંતીના મહાજને અને અમલદાર વર્ગે એક ખાનગી મીટીંગ ભરી અને આવા અઘટિત બનાવનો જવાબ લેવાનો નિર્ણય કર્યો. જો આવા યથેચ્છ વર્તનને શરૂઆતથી જ ડાંભવામાં નહીં આવે તો તેની આગ કયાં સુધી પ્રસરશે તેની વિમાસણ પણ થઈ.

શ્રી કાલકાચાર્યના પ્રમુખપણા નીચે ખાનગી મીટીંગો મળી અને રાજ્યવ્યવસ્થા તેમજ અવન્તીની પ્રજા માટે શક રાજ્યકર્તાઓ ભારરૂપ છે અને સંસ્કારિત પ્રજા ઉપર રાજ્યાધિકાર ચલાવવો તેમને માટે હાનિકર છે, એવો નિર્ણય કરવામાં આવ્યો. પરન્તુ આ ગુંચનો ઉકેલ કેવી રીતે કરવો તે પ્રશ્ન ઉપસ્થિત થયો, કારણ કે તેઓ વિજેતા હતા. છેવટે શ્રી કાલિકાચાર્યજીની સલાહથી એવો નિર્ણય કરવામાં આવ્યો કે તેઓનું પૂરેપૂરું સન્માન સાચવી, યોગ્ય બદલો આપવો. શક રાજવીઓએ બજાવેલી અપૂર્વ સેવાના બદલામાં અવન્તી સિવાયના પ્રાંતો પર શ્રી. કાલિકાચાર્યજીની સાથે આવેલ છન્નું રાજવીઓનો અધિકાર કાયમ રહે અને તેની ઉપજ તેઓ કરેલ સેવાના બદલા તરીકે ભોગવે. આ શરતે તેમની પાસે અવંતીનો ત્યાગ કરાવ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી. કાલિકાચાર્યજીએ આ પ્રમાણેનો ખરીતો તૈયાર કરી શાહાનુશાહી ચષ્ટણ ઉપર સિંધ (મીનપુર) મોકલી આપ્યો. ચષ્ટણ રાજવી જેમણે શ્રી કાલિકાચાર્યજીની આજ્ઞામાં રહેવાનું વચન આપ્યું હતું તેણે તેમની આજ્ઞા દેવાજ્ઞા તુલ્ય માન્ય રાખી, અને જવાબમાં અવન્તીના મહાન્ ક્ષત્રપ આમ્લેટ ઉપર રાજ્યઆજ્ઞા પાઠવી કે-અવન્તીનો ત્યાગ કરી સૌરાષ્ટ્રની સરહદ સંભાળી લ્યો. સૌરાષ્ટ્રનો તેને મહાન ક્ષત્રપ બનાવ્યો.

આ પ્રમાણે સૂરિશ્રીની આજ્ઞાનું પાલન ઘણી જ શાંતિપૂર્વક એવી રીતે થયું કે-જેમાં લોહીનું એક પણ બિંદુ પડયું નહીં. શક પ્રજાએ અવન્તીના મહાજનને અવન્તીની રાજ્યગાદી સુપ્રત કરી. સરદાર આમ્લેટે એકે એક સૈનિક સાથે અવન્તીનો ત્યાગ કર્યો. આ હતો આ. શ્રી કાલિકાચાર્યનો તપઃપ્રભાવ ને ઓજસ્વિતા.

એક જૈનાચાર્ય કદાપિ કાળે રાજ્ય ચલાવે નહીં અને તે વસ્તુ જૈનધર્મ અને સાધુઓના આચાર વિરુદ્ધ હોવાથી શ્રી કાલિકાચાર્યજીએ મહાજનને સૂચવ્યું કે-ભરૂચનરેશ બલમિત્ર ભાનુમિત્રની બંધુબેલડી કે જે ભરૂચની ગાદી ઉપર આજ ૪૩ વર્ષથી રાજ્ય કરી રહી છે, તેમજ તે રાજનીતિકુશળ ને વયોવૃદ્ધ હોવાથી જો તેઓને અવંતીનું સામ્રાજ્ય સોંપવામાં આવે તો અવન્તી માટે આ બંધુબેલડી ઘણી જ ઉપયોગી નીવડે.

અવન્તીના મહાજનની બેઠકમાં આ હકીકત માન્ય કરવામાં આવી અને તુરત જ શ્રી કાલિકાચાર્યજીની સૂચના પ્રમાણે આમંત્રણનો રાજ્યખરીતો એક અમાત્ય સાથે ભરૂચ રવાના કરવામાં આવ્યો.

ભરૂચના રાજદરબારમાં અવંતીના મહાજનનો ખરીતો વાંચી તેને લગતો પૂર્ણ વિચાર કરવામાં આવ્યો. છેવટે એવો નિર્ણય થયો કે બલમિત્રનો પુત્ર નભસેન ભરૂચની ગાદી સંભાળે અને તેને રાજ્યગાદી પર બેસાડી, તેમના વડિલ કાકા તરીકે ભરૂચના વહિવટ ઉપર ભાનુમિત્ર પૂરતી દેખરેખ રાખે. બલમિત્ર અવંતીનું રાજ્યતંત્ર સંભાળે.

શુભ અને માંગલિક ચોઘડીએ ભરૂચથી બલમિત્રે અવન્તી તરફ પ્રયાણ કર્યું.

આ બાજુ મોકલેલ અમાત્ય મારફત અવન્તી સમાચાર આવી પહોંચ્યા કે “બલમિત્ર રાજવી પધારે છે.” માલવની પ્રજાએ આ ગૌરવશાળી રાજવીનું માન તેને છાજતી રીતે કર્યું અને નગરપ્રવેશ દબદબાભરી રીતે કરાવ્યો. અવન્તીના પ્રજાસત્તાક રાજ્યના ખાસ પ્રતિનિધિ તરીકે બલમિત્રને રાજ્યતિલક કરવામાં આવ્યું. શ્રી કાલિકાચાર્યજીએ દરબારમાં હાજર રહી તેમને શુભાશિષ દીધી.

શ્રી કાલિકાચાર્યજી રાજવી બલમિત્રના સંસારી અવસ્થાના મામા થતા હતા. વી નિ. ૪૭૦ તેર વર્ષ સુધી અવન્તીની રાજ્યગાદી બલમિત્ર રાજવીએ એવી વીરતાથી સંભાળી કે અવન્તીની પ્રજાએ એ દરમ્યાન અપૂર્વ શાંતિ સેવી વી. નિ. ૪૭૦ અવન્તીપતિ તરીકે રાજ્ય કરતા બલમિત્ર રાજવીનો ઉજ્જૈનમાં સ્વર્ગવાસ થયો એટલે વળી અવંતીના અધિકારી માટે પ્રશ્ન ઉપસ્થિત થયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




ભરુચના રાજદરબારમાં શ્રી કાલિકાચાર્યના ખરીતા પર વિચારણા ચાલી રહી છે. ( પૃ. ૮૪ )





અવંતીની પ્રજા ભરુચનરેશનું ભાવભીનું સ્વાગત કરે છે. ( પૃ. ૮૪ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



શક રાજવી વફાદારોને બક્ષીસ આપે છે. ( પૃ. ૮૧ )



શ્રી કાલકાચાર્યની સલાહ મુજબ દૂત મારફત
ભરુચરાજવીને ખરીતો મોકલાય છે ( પૃ. ૮૪ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બલમિત્ર રાજાના પુત્ર નભસેનને ભરૂચથી અવન્તી આવવું મુશ્કેલ બન્યું કારણ કે શક પ્રજાએ અવન્તીનો ત્યાગ કર્યા બાદ ભરૂચ અને તેની આસપાસના પ્રદેશને લૂંટવા માંડ્યો હતો.

મહારાણી મદનસેના આ સમયે અવન્તીમાં વિદ્યમાન હતી. સર્વાનુમતે એમ ઠર્યું કે-સ્વર્ગસ્થ રાજવી ગંધર્વસેનના અત્યાચારનો બદલો રાજ્યપુત્ર પાસે લેવાય નહિ અને રાજ્યનો સાચો હક્કદાર વિક્રમાદિત્ય જ ગણાય-તેને જ અવન્તીની ગાદી મળવી જોઇએ.

આ સમયે રાજ્યપુત્ર પ્રતિષ્ઠાનપુરમાં પુરોહિતને ત્યાં વિદ્યાભ્યાસ કરી રહ્યો હતો તેને માનભેર બોલાવવા યોજના કરી, પરન્તુ માહિતી મળી કે-રાજ્યપુત્ર ભાગ્યપરીક્ષા અર્થે રોહણાચલ પર્વત તરફ તેના પરમ મિત્ર ભટ્ટમાત્ર સાથે ઘણા દિવસથી ચાલ્યો ગયો છે.

રાજ્યપુત્રની શોધમાં ચારે દિશાએ ચપળ ઘોડેસ્વારોને મોકલવામાં આવ્યા અને તેની આતુરતાપૂર્વક રાહ જોવામાં આવી. અવંતિના કેટલાક રાજ્ય-વાંછુ સરદારોને આ હકીકત પસંદ નહોતી. તેઓ વિક્રમાદિત્યના અભાવનો લાભ લઈ પોતાના અગ્રણીને સિંહાસન પર બેસાડવા લાગ્યા, પરન્તુ કુદરતી બન્યું એવું કે જેઓ સિંહાસન પર બેસતાં તેઓ તે રાત્રિએ મૃત્યુને વશ થતાં. આ પ્રમાણે લાંબો સમય ચાલતાં મહાજન કંટાળ્યું અને આ વિષયમાં કોઈ દૈવી સંકેત સમજી રાજ્યઢંઢેરો બહાર પાડ્યો કે-"અવન્તીની ગાદી ઉપર અવન્તીની પ્રજામાંનો કોઈ પણ ભાગ્યશાળી આત્મા આવવા માગતો હશે તો તેને રાજી-ખુશીથી ગાદી ઉપર બેસાડવામાં આવશે."

આ ઢંઢેરો બજારોમાં ફરતો હતો પરન્તુ મૃત્યુના ભયે કોઈ તે સ્વીકારતું નહીં. એવામાં એક મેલાં કપડાં પહેરેલ યુવાને ઢંઢેરો સ્વીકાર્યો. અવન્તીના લોકો એકત્રિત થઈ ગયા. તરત જ તે જ સમયે નવીન યુવકને રાજ્યમહેલમાં લઈ જવામાં આવ્યો. રાજ્યમહેલમાં જઈ પહોંચેલ આ યુવકને સ્નાનાદિક ક્રિયાથી શુદ્ધ કરી અવન્તીની પ્રજાએ બહુમાનપૂર્વક રાજ્યાભિષેક કર્યો.

આ યુવક તે કોણ ? અને તેણે કઈ રીતે રાજ્યભોગ લેનાર પિશાચ દેવને મહાત કર્યો અને અવન્તી ગાદી કઇ રીતે ચલાવી પોતાની નામના અમર કરી તેને લગતું વૃત્તાંત હવે પછીના પ્રકરણોમાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat  www.umaragyanbhandar.com

# ખંડ છઠ્ઠો

## પ્રકરણ ૧ લું

### ચષ્ટનવંશનો ઇતિહાસ

ઉજ્જૈનમાં શકલોકોએ રાજગાદી સ્થાપન તો કરી પરંતુ લાંબા કાળ સુધી તે ટકી નહીં. લગભગ ચારેક વર્ષ પછી શકલોકો પાસેથી ઉજ્જૈનનું રાજ્ય છીનવાઇ ગયું, પરંતુ પશ્ચિમ ભારતમાં તો તેઓ બહુ લાંબા કાળ સુધી રાજ્યસત્તા ભોગવી શકયા; એટલું જ નહીં રાજ્યનો વિસ્તાર પણ વધાર્યો. તેમાં શક રાજા મહાક્ષત્રપ **ચષ્ટન** અને મહાક્ષત્રપ **રૂદ્રદામા** વધારે પ્રસિદ્ધ છે. મહાક્ષત્રપ **ચષ્ટને** પોતાના નામથી વંશની સ્થાપના કરી હતી અને તે **ચષ્ટનવંશ** કહેવાયો. અને રાજા **રૂદ્રદામાએ** ઉજ્જૈનની ગાદી પાછી મેળવી હતી. રાજા **રૂદ્રદામા ચષ્ટનનો** પૌત્ર થતો હતો.

રાજા **રૂદ્રદામા** વિગેરે મૂળે તો **કાર્દમક** વંશના હતા. કાન્હેર ગુફાના એક ખંડિત લેખ જે અમાત્ય **સતેરકે** એક પાનીયભાજન-પાણી ભરવાની ગોળી ભેટ આપ્યા બાબતનો છે તેમાં વાસિષ્ઠીપુત્ર× શ્રી **સાતકર્ણી**ની દેવી-રાણી **કાર્દમક** રાજાઓના વંશમાં ઉત્પન્ન થયેલ મહાક્ષત્રપ **રૂદ્રદામા**ની દિકરીનો ઉલ્લેખ છે.

આથી એમ જણાય છે કે-**રૂદ્રદામા**ના પિતામહ મહાક્ષત્રપ **ચષ્ટને** સ્થાપેલો **ચષ્ટન વંશ** તે વખતે વધારે ખ્યાતિ પામેલો ન હોવો જોઇએ અને ત્યાંસુધી વિશેષપણે તે **કાર્દમક** વંશના કહેવાતા હોવા જોઇએ એટલે કે મૂળ તો એ **કાર્દમક** વંશના હતા. વળી **ચષ્ટન**ના પિતામહ **ઝામોતિક** (દસમોતિક, ત્સામોતિક) સુધી તો **ચષ્ટન** વંશનું નામનિશાન જ ન હતું.

ચષ્ટનના પિતામહનું નામ ખરેખર શું હતું તે ઘણા કાળ સુધી તો અજ્ઞાત અને સંશયાત્મક જ રહ્યું છે. તેને પહેલાં **દસમોતિક** કે **ત્સામોતિક** કહેતા પણ પાછળથી બ્રાહ્મીલિપિ અને ખરોષ્ઠી લિપિમાં

---

× भारतीय ई. रूपरेखा जि. २ पृ. ८५८

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેમ જેમ અન્વેષણ થતું ગયું ને ઉચ્ચારણોનું જેમ જેમ સ્પષ્ટીકરણ થતું ગયું તેમ તેમ તેના વાસ્તવિક શબ્દોચ્ચારણો થવા લાગ્યા અને મૂળ શબ્દોમાં પરિવર્તનો થતાં ગયાં. તેના પરિણામે પહેલાં જેને ઘ્સમોતિક કે રસામોતિક કહેતા હતા તેને આજે ઝામોતિક કહે છે. કારણકે ‡ ઝ ને કહેવા માટે તે વખતે રસ નો ઉપયોગ થતો હતો. અત્યારની શોધખોળ પ્રમાણે ઝામોતિક એ છેલ્લું ને પરિષ્કૃત નામ ગણાય છે.

કેટલાક વિદ્વાનો સ્ટીનકોનો +સિલ્વનલેવી વિગેરે ભૂમક અને ઝામોતિક બન્ને એક જ છે એમ માને છે, અને દલીલ રજુ કરે છે કે ઝામોતિક એ શકશબ્દ છે અને તેમાં 'ઝામ' નો અર્થ 'ભૂમિ' એવો થાય છે એટલે ઝામોતિકને સંસ્કૃત ભાષામાં અનુદિત કરવામાં આવે તો ભૂમક અને ઝામોતિક બન્ને એક જ વ્યક્તિના નામાન્તર હોવા જોઇએ.

વળી તે વખતે શક, પાર્થવ, કુશાન વિગેરે લોકો જેમ બને તેમ પોતાના વ્યવહારમાં આર્યત્વની છાપ લાવવા વિશેષ કોશીશ કરતા હતા એટલે સંભવ છે કે તેમણે તેમના નામો આર્યભાષા-સંસ્કૃતમાં ફેરવી નાખ્યાં હોય.

વળી એ વખતે હિન્દનો પશ્ચિમ ભાગ સુરાષ્ટ્ર, ગુજરાત, કચ્છ વિગેરે હિન્દી રાજાના અમલ નીચે ઘણા વખતથી હતો એટલે એમની સાથે ભળી જવા માટે ઝામોતિકે પોતાનું નામ ભૂમક× રાખ્યું હોય

અલબત ઇતિહાસકારોએ આ દલીલોને બહુ ઓછું વજુદ આપ્યું છે. રાયચોધરી વિગેરે ઇતિહાસકોએ ક્ષહરાટ વંશનો ભૂમક અને ચષ્ટનના પિતામહ ઝામોતિક બન્ને ભિન્ન વ્યક્તિઓ છે એમ બતાવ્યું છે અને અત્યાર સુધી તે મનાતું આવે છે. પરંતુ વિચાર કરતાં મને એમ લાગે છે કે ઝામોતિક અને ભૂમક બન્ને એક જ હોવા જોઇએ. શક શબ્દ આર્ય ભાષામાં પલટાયલો હોવો જોઇએ, અર્થાત ઝામોતિકનો અનુવાદ ભૂમક (સંસ્કૃતમાં) કરી લેવાયો હોય તે તદ્દન સંભવિત છે. પરંતુ એટલું તો ખરૂં જ કે તે (બે હોય તોપણ) બન્ને શકજાતિના હતા. તેના કુળ વિશે તેમણે ખાસ કશું કહ્યું નથી.

‡ एजानइ एप्सानइ. भारतीय. रूपरेखा पृ. ८१७

+ This *Ysamotika* is evidently derived from the Saka word *Ysama*, 'earth'. I therefore agree with M. Sylvain Levi in identifying *Ysamotika* with *Bhumaka*, seeing in the latter name a clumsy attempt at translating the Saka name into Sanskrit.

*Kharoshthi Inscriptions.*
*Cor. Ins. Indi. Vol. II. Pt. I. P.* LXX

× ખરોષ્ઠી ઇન્સક્રીપ્શન પૃ. ૭૦.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

†રેપ્સને તેના કુળ વિશે કાંઈક વિશેષ પ્રકાશ પાડ્યો છે અને તે કાર્દમક કુળનો હોવા વિશે ઉલ્લેખ કરતાં એમ બતાવે છે કે–

એ કાર્દમક કુળનું મૂળ ઇરાન-પાર્થીયા-ના પ્રદેશમાં કાર્દમ નદી આવેલી છે, અને ત્યાંના આ લોકો રહેવાસી હોય તો તે નદીના નામથી આ વંશનું નામ કાર્દમક-વંશ પડયું હોય એ સાવ સંભવિત છે.

વળી રૂદ્રદામાની *પુત્રી પોતાને કાર્દમક કુળની ઓળખાવીને ગર્વ ધરતી હતી. એ પણ એક કારણ છે.

અર્થાત આ નદીના નામથી અને પેલા લેખથી એમ માનવાને કારણ મળે છે કે તે મૂળે કાર્દમક કુળના હતા.

ઝામોતિકના પુત્ર **ચષ્ટને** તે કાર્દમક કુળનું નામ ફેરવી પોતાના નામનો વંશ સ્થાપિત કર્યો અને તે પછી ધીર ધીરે તેઓ ચષ્ટનવંશના રાજાઓ કહેવાયા.

ચષ્ટનના નામ માટે પણ ઘણો મતભેદ હતો. પ્રો. +એન્ડ્રીયસના મંતવ્ય પ્રમાણે પષ્ટો ભાષામાં ચષ્ટન શબ્દનો 'માલિક' અર્થ થાય છે. અને પષ્ટોભાષા એ પૂર્વતુર્કસ્તાનની પ્રાચીન શકભાષા સાથે અમુક અંશે સંબંધ રાખનારી છે.

કેટલાક તેને ×ષસ્તન કહેતા. ષસ્તન એ નામ કુશાનવંશના દેવકુળમાંથી મળી આવેલી એક મૂર્તિ નીચે કોતરાયલું છે. તે §ચષ્ટનની મૂર્તિ છે એમ શ્રી ભટ્ટાચાર્યે પ્રથમ

† Lastly, the Karddamaka family, from which the daughter of the Mahaksharapa *Rudra* claimed descent, apparently derived its name from the *Karddama* river in *Persia*.

*Political History of A. India* **P.** *422.*

* The queen's name is missing, but she is described as the queen of Vāsisthīputra shri *Satakarni*, descended from the family of *karddamaka* Kings. She was almost certainly also described as '[ the daughter ] of the Mahakshatrapa Rudra.'

*Indian Coins by Rapson* LI

The term is used so as to include at least two distinct families. The Ksaharatas and the family of castana. It is possible that the proper name of the latter may have been *Karddamaka.*'

*A catalogue of the Indian coins, in the British Museum* CIII

+ Cor. Ind. Ins. Vol. II Pt. I P. LXX

× " भारतीय इतिहास रूपरेखा. " पृ. ८५२.
Mutrra Sculptures P. 9.


§ B. Bhattacharya......declares that the name on one of the two

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



**મહાક્ષત્રપ ષસ્તન અથવા ચષ્ટન**

[ જે અત્યારે મથુરાના કર્ઝન મ્યુઝીયમમાં વિદ્યમાન છે. ]



ચષ્ટનવંશીય જયદામાના પૌત્ર રાજા રૂદ્રસિંહ અથવા દામજદશ્રીના ધર્મને ઓળખાવતો શિલાલેખ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શોધી કાઢયું અને વિદ્વાનોએ તે માન્ય રાખ્યું છે. એટલે **ષસ્તન** એ **ચષ્ટનનું** જ નામ છે.

‡ટોલેમી તેને **ટીઅસ્ટનેસ** તરીકે વર્ણવે છે. **ટીઅસ્ટનેસ** એ **યુનાની** ભાષાનો શબ્દ છે, તેનું જ રૂપ ભારતીય ભાષામાં ચષ્ટન થાય છે, એવો વિદ્વાનોનો મત છે.

આ **ચષ્ટન** પ્રથમ તો સાધારણ ક્ષત્રપ હતો. કેટલાકના મતે તે **કુશાનવંશનો** ક્ષત્રપ હતો. પણ પાછળથી મહાક્ષત્રપ બન્યો અને રાજાની ઉપાધિ પણ તેણે ધારણ કરી હતી.

તેનાં ચાંદી, તાંબાના સિક્કાઓ પણ મળ્યા છે તેના ઉપર બ્રાહ્મીલિપિમાં "राज्ञो ♇क्षत्रपस *समोतिकपुत्र[ स-]" લખ્યું છે. બીજી બાજુ ખરોષ્ઠીલિપિમાં '* रञो च[—], चठनस " એટલું વાંચી શકાય છે.

તેના તાંબાના સિક્કાઓ ઉપર ખોદેલા અક્ષરો સ્પષ્ટ વાંચી શકાતા નથી.

પાછલા પ્રકરણમાં આપણે જોઈ ગયા કે શકલોકોએ **ગર્દભિલ્લ** પાસેથી ઉજ્જૈનનું રાજ્ય છીનવી લીધું હતું પણ તે લાંબો કાળ શકલોકો નભાવી શકયા નહીં. લગભગ ચારેક વર્ષ પછી તે રાજ્ય તેમની પાસેથી ÷ચાલ્યું ગયું. પરંતુ સૌરાષ્ટ્રની સત્તા તેમની પાસે બહુ લાંબા સમય સુધી રહી. લગભગ ચાર સો વર્ષ સુધી **સૌરાષ્ટ્રમાં** તેઓ પ્રબળ સત્તાધીશ હતા.

+ટોલેમીની ભૂગોળ ઉપર ટીપ્પણ કરતાં મજમુદાર લખે છે કે-શકલોકો પાસેથી રાજ્ય છીનવ્યું તે **સમુદ્રગુપ્તનો** પુત્ર **ચંદ્રગુપ્ત** હતો અને તેણે જ શકલોકો પાસેથી ઉજ્જૈનની ગાદી છીનવી લીધી હતી.

---

statues discovered with the statue of Kanishka at Mat, 9 Miles north of Mathura, is '*Chastana.*' K. P. Jayswal...points out that the fact that this statue was found in the same Devkula as the statue of Kanishka justifies the view that chashtana was a relative of Kanishka and belonged to the same family. *Early History of India, P. 233.*

‡ Ptolemy tells us that in his time *ozene* was the capital of *Tiastanes*. This name transliterates *chashtana*, one which is found on coins and the cave temple inscriptions of Western India. This prince apears probably to have been the founder of the Kshatrapa dynasty of Western India ( see Ind. Alt. Vol. III, P. 171. )
*Ancient India as described by Ptolemy. P. 155.*

♇ Catalouge of Indian coins P. 72.

* Catalogue of Indian coins by Rapson p. 73-4.

÷ शक लोगोंने यह पहले ही पहल जो सौराष्ट्र को अधिकृत किया था वह बहुत समय तक टिका रहा। उज्जैन का अधिकारसूत्र तो चार वर्ष के बाद उनके हाथसे निकल गया था; पर एसा प्रतीत होता है कि सौराष्ट्र तो कमसे कम चारसो वर्षों तक निरंतर उन्हीं के अधिकार में रहा। मु० कल्याणविजय.
'द्विवेदी अभिनन्दन ग्रन्थ' पृ. ९९

+Ozene—....Ptolemy informs us that It was the capital of Tiastenes (Chastana). The descendants of him are known as the saka satraps.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આચાર્ય કાલકસૂરિના નેતૃત્વ નીચે **શકલોકો** ઉજ્જૈનની ગાદીએ આવ્યા અને ચારેક વર્ષ પછી પાછી ગાદી ખોઇ તે પછી **રૂદ્રદામાએ** લીધી એટલે **ચષ્ટન** કચ્છ-કાઠિયાવાડમાં તો બહુ લાંબો વખત રાજા તરીકે રહ્યો. લગભગ ઇ. ૮૦ થી ૧૧૦ સુધી તે મનાય છે. તે બહુ પ્રતાપી હતો.

તેનો પુત્ર **જયદામા** તેની પછી ગાદીએ આવ્યો, પણ તે બહુ પરાક્રમી ન હતો. બલ્કે તેના સમયમાં તેના પિતાએ મેળવેલો ઘણોખરો વિસ્તાર તેની પાસેથી બીજી પ્રબળ સત્તાઓએ છીનવી લીધો હતો.

**જયદામા** પછી તેનો પુત્ર **રૂદ્રદામા** પ્રજાના પ્રતિનિધિ તરીકે રાજ્યાસન ઉપર આવ્યો. તે તેના દાદા **ચષ્ટન** જેવો પ્રબળ પ્રતાપી ને તેજસ્વી રાજવી હતો. શરૂઆતમાં તો તે મહાક્ષત્રપ **ચષ્ટન** સાથે કચ્છમાં રહેતો હતો, પરન્તુ પાછળથી તો તે ભારે યશસ્વી ને વિજેતા તરીકે વિખ્યાત થયો.

તેના પિતાના વખતમાં **સૌરાષ્ટ્રનો** ઘણો પ્રદેશ છીનવાઇ ગયો હતો, બલ્કે આખા **સુરાષ્ટ્રનો** મુલક **સાતવાહનવંશના** રાજાઓના તાબામાં હતો.

જ્યારે **શકલોકો** પહેલવહેલા **સૌરાષ્ટ્રમાં** આવ્યા ત્યારે ત્યાંનું રાજ્ય પ્રજાસત્તાક હતું. નાના નાના લોકસંઘો પોતાના વિભાગનું રાજ્યતંત્ર ચલાવતા હતા. ધીમે ધીમે વિદેશીઓના હુમલાઓથી આ તંત્રવ્યવસ્થા નષ્ટ થઇ અને **સુરાષ્ટ્ર શકલોકોને** હાથે પડ્યું. તે પછી આંધ્રના રાજા **ગૌતમીપુત્ર સાતકર્ણિ** જે ઇસ્વી. પૂ. ૧૧૬-૪૪ સુધી રાજ્ય કરી ગયો—તેના હાથમાં હતું. તેના અવસાન પછી **સુરાષ્ટ્ર** ઉપર વિદેશી આક્રમણ થયું અને **કુશાન-વંશના** ક્ષત્રપોના હાથમાં ગયું. એમ લગભગ ૪૦ વર્ષ સુધી **સુરાષ્ટ્ર** ઉપર ઉત્તર અને દક્ષિણ બન્ને તરફની બળવાન સત્તાઓના હુમલાઓ બરાબર ચાલુ રહ્યા. એ હુમલાઓથી **સુરાષ્ટ્રની** પ્રજા પણ થાકીને ત્રાસી ગઇ હતી. તેમને તો એક એવા પ્રબળ રાજાની જરૂર હતી ને એવા પુરુષને રાજા બનાવવા ચાહતી હતી કે જેનાં સંરક્ષણ નીચે પોતાની સંસ્કૃતિની, જાનમાલની, ને મુલકની બહાદુરીપૂર્વક રક્ષા કરી શકે. તેથી **સુરાષ્ટ્રની** સમસ્ત પ્રજાએ રાજા **રૂદ્રદામાની** પસંદગી કરી, તેમાં પ્રજા સફળ નિવડી, એટલું જ નહીં ખૂબ આબાદ અને સુખી થઈ. **રૂદ્રદામાએ** પ્રજાની રક્ષામાં રાજ્યના શાસન અને વિસ્તારમાં અપૂર્વ કૌશલ્ય, કુનેહ ને બહાદુરી બતાવ્યા. સાથે સાથે પોતાની જાતને તેણે આર્યસંસ્કૃતિમાં ઓતપ્રોત કરી.

### રૂદ્રદામાનો રાજ્ય અમલ—

**સુરાષ્ટ્રનો** સત્તાધીશ બની **રૂદ્રદામાએ** જીવનના દરેક અંશમાં આર્યસંસ્કૃતિને અપનાવી, રાજકારભારમાં પ્રાચીન પ્રથાઓને બહુ જતનપૂર્વક સંભાળી રાખી, પ્રજા પંચાયતો, પ્રજાપ્રતિનિધિ-લોકસંઘોની સ્થાપના કરી, સલાહકાર મંત્રિમંડળ અને કાર્યવાહક મંત્રિ-

---

They were conquered by Chandra-Gupta II, Vikramaditya, the son of Samudra-Gupta.

*Ancient India as described by Ptolemy P. 373.*

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મંડળની સ્થાપના કરી, રાજ્ય સંચાલનને ખૂબ વ્યવસ્થિત કર્યું. તેનું જ એ પરિણામ છે કે શકલોકોની સત્તા રૂદ્રદામા પછી પણ બહુ લાંબા કાળ સુધી ભારતમાં ટકી રહી. તેણે પોતાના પાછળથી જીતાયલા બધા પ્રદેશો ઉપર એ જ રીતે રાજ્યઅમલ કર્યો. બધે પોતાના પ્રતિનિધિ નિમ્યા અને તેજ પદ્ધતિએ તેનો રાજ્ય વિસ્તાર વધ્યો.

**યશસ્વી દિગ્વિજય-**

રૂદ્રદામાના રાજ્યશાસનના વર્ષો તેના જીવનનાં અત્યંત યશસ્વી ને જાજ્વલ્યમાન હતાં. તે વર્ષોમાં જુદા જુદા મુલ્કો ઉપર ચડાઈ કરી, તેણે ત્યાં પોતાની સત્તા કાયમ કરી. **માળવા, સિંધ, કોંકણ** દેશો તાબે કર્યા. **આંધ્રદેશના**×રાજા **વાશિષ્ઠીપુત્ર પુલુમાયીની** સાથે બે વાર યુદ્ધો કરી તેને હરાવ્યો, પકડ્યો અને છોડી દીધો. **પુલુમાયીએ** પોતાના પિતા પાસેથી જીતી લીધેલા **ક્ષહરાત** વંશના રાજાઓના તમામ મુલ્કો **રૂદ્રદામાએ પુલુમાયી** પાસેથી પડાવી લીધા અને પોતાના રાજ્યવિસ્તારમાં મેળવી દીધા.

**પુલુમાયી** પાસેથી મેળવેલા મુલ્કોની વ્યવસ્થા કરી તે છેક **ગોદાવરીના** કિનારા સુધી ગયો. પૂર્વમાં **વિંધ્યાચળની** પહેલી પાર સુધી, ઉત્તરમાં **રજપૂતાના, પંજાબ,** તથા **સિંધના** બધા પ્રદેશોને યુદ્ધો કરી જીતી લીધા.

**યૌધેયો પર વિજય—**

**રાજપૂતાનાના યૌધેયો** તે વખતે પ્રબળ પરાક્રમી ગણાતા હતા. ત્રણસો વર્ષથી ચાલી આવતી ખૂનામરકી અને લડાઈઓમાં તેઓ હંમેશાં વિજયી રહ્યા હતા અને પોતાનું અખંડ સ્વાતંત્ર્ય બહુ વીરતાપૂર્વક સંભાળી–સાચવી રહ્યા હતા. તેથી આખા દેશમાં **યૌધેયોની** વીર તરીકે ગણના થતી. તેઓ પોતાના સિક્કાઓમાં ભાલાધારી વીર યોદ્ધાની મૂર્તિ રાખતા, અને *'यौधेयगणस्य जय' એ પ્રમાણે કોતરાવતા. બહુ લાંબા કાળ સુધી અપરાજિત રહેવાને કારણે, ને બધા વિજયોને પરિણામે તેઓ અત્યંત ‡ઘમંડી ને મદમસ્ત થઈ ગયા હતા. તેમને કોઈ સત્તા દબાવી શકતી ન હતી, તેથી તેઓ અદમ્ય મનાતા હતા. તેમનો રાજ્યવિસ્તાર **રાજપૂતાના, ભરતપુરથી** માંડીને §**ભાવલપુરની** સીમા **સતલજના** નીચેના પ્રવાહ સુધી જતો હતો. અત્યારનું **જોહીયાવર** એ **યૌધેય** નામનું સૂચક છે. આવા અદમ્ય, અપરાજિત અને મદોન્મત્ત **યૌધેયોને** પણ રાજા **રૂદ્રદામા-એ** જબરજસ્તીથી †ઉખાડી નાખ્યા હતા અને **યૌધેયોનો** આખો મુલ્ક કબજે કરી

× આ **પુલુમાયી** સાથે તેણે પોતાની દિકરીનું લગ્ન કર્યું હતું. એટલે વાશિષ્ઠીપુત્ર પુલુમાયી તેનો જમાઇ થતો હતો માટે તેને બે વખત પકડવા છતાં મારી ન નાખ્યો અને જીવતો છોડી દીધો.

* भारतीय इ. रूपरेखा पृ. ८६२.

‡ ११-१२ सर्वक्षेत्राविष्कृतवीरशब्दजातोत्सेकाविधेयानां...

§ ये (यौधेय) पंजाब के दक्षिण में बहावलपुर रियास्त के पास सतलुज नदी के किनारे राज्य करते थे। आजकल की कुछ सिक्ख रियास्तें और राजपुताने का ऊपरी भाग इनके अधिकार में था। गुप्तवंश का इतिहास पृ. ८७.

† १२ यौधेयानां प्रसह्योत्सादकेन

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના રાજ્ય વિસ્તારમાં મેળવી દીધો હતો. એ રીતે ઘણા રાજ્યોનો અને સૂબાઓનો અધિપતિ થવાથી તેણે મહાક્ષત્રપનું બિરુદ પણ ધારણ કર્યું હતું.

તેણે ઉજ્જૈન–માળવદેશ ઉપર પણ ચડાઈ કરી તેને જીતી લીધો હતો. સુરાષ્ટ્રમાંથી રાજધાની ઉઠાવી લઇ ઉજ્જૈનમાં રાજધાની સ્થાપન કરી અને સુરાષ્ટ્રના સંચાલન માટે પૂહલવ જાતિના સુવિશાખ નામના સરદારને સૂબા તરીકે નીમ્યો.

ઉજ્જૈન અતિ પ્રાચીન નગર, વળી દેશના મધ્યભાગમાં અને અનેક રાજવંશોની તે રાજધાની બની ચૂકેલું હતું એટલે મહાક્ષત્રપ રૂદ્રદામાએ પણ રાજધાની તરીકે ઉજ્જૈનને જ પસંદ કર્યું.

વ્યાપારની દૃષ્ટિએ પણ વિશેષતાવાળું શહેર હતું, પશ્ચિમ કાંઠાના બંદરોના મોટા ભાગના વ્યાપારી શહેરોની વચ્ચે હતું એટલે વ્યાપાર ઉપર નજર રહી શકે, સાથે સાથે તે વિદ્યા અને સંસ્કૃતિના ધામ તરીકે પણ પ્રસિદ્ધ હતું, યુરોપના રેખાંશો અને સૂર્યમાન જેમ ગ્રીનવીચથી મપાય છે, તેમ હિંદના રેખાંશો અને સૂર્યમાન ઉજ્જૈનથી મપાય છે. એ રીતે સરસ્વતી ને લક્ષ્મી બન્નેની સાધનામાં એ શહેર વિશિષ્ટ હતું એટલે ઉજ્જૈન પસંદ આવે એ સ્વાભાવિક હતું.

**સુદર્શન તળાવનો પુનરુદ્ધાર—**

વળી સુરાષ્ટ્ર ઉપર તેને પ્રેમ તો હતો જ. તે ગિરનારના સુદર્શન તળાવને સમરાવીને તેણે બતાવી આપ્યો.

ગિરનારની તળેટીમાં ગિરિનગર હાલનું જુનાગઢ કે ઉપરકોટ શહેર પાસે સુદર્શન નામનું તળાવ હતું. તે તળાવ રૂદ્રદામાથી સાડા ત્રણસો વર્ષ પહેલાં સમ્રાટ્ ચંદ્રગુપ્ત મૌર્યના વખતમાં †બંધાયું હતું. રૂદ્રદામાના વખતમાં અતિવૃષ્ટિના કારણે એક વખત ખૂબ છલકાઇ ગયું, પાણીના મારથી તેનો બંધ તુટી ગયો. પરિણામે આખું તળાવ ખાલી થઇ જઈ, ભયંકર જંગલ પહાડની ખાણ–કોતર બની ગયું હતું. પ્રજામાં આથી ભારે અસંતોષ ફેલાઇ ગયો હતો.

રૂદ્રદામાએ પ્રજાને સંતુષ્ટ કરવાનો આ ઘણો જ અગત્યનો, ઉપયુક્ત પ્રસંગ જોયો. તેણે એ તળાવને પહેલાં હતું તેના કરતાં ત્રણ ગણું લાંબું, પહોળું અને સુંદર ફરી બંધાવ્યું. તેના સમારકામનો બધો ખર્ચ તેણે પોતાની ખાનગી રકમમાંથી આપ્યો હતો. મંત્રીઓની *સમ્મતિ નહી હોવા છતાં તેણે તળાવને સમરાવ્યું અને તેના ખર્ચ માટે પ્રજા પાસેથી એક પૈસો પણ લીધો ન હતો, તે નિમિત્તે પ્રજા ઉપર કશો× કરવેરા તેમ નજરાણા પણ લીધાં ન હતાં. આ બધાની પ્રજા ઉપર ભારે અસર થઈ.

તે વખતે સુરાષ્ટ્રનો સૂબો સુવિશાખ હતો તેની દેખરેખમાં તળાવનું સમારકામ થયું હતું. તેણે તે તળાવની યાદગીરીમાં એક પ્રશસ્તિ કોતરાવી છે. અત્યારે પણ 'અશોક

† સમ્રાટ્ ચંદ્રગુપ્ત મૌર્યના વખતમાં બંધાયું હતું અને અશોકવર્ધનના વખતમાં તેમાંથી નહેરો કઢી હતી.

* १७-महाक्षत्रपस्य मतिसचिवकर्मसचिवै...अनुत्साहविमुखमतिभिः

× १५-१६-अपीडयित्वा करविष्टिप्रणयक्रियाभिः...

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શક ’ જેમાં **અશોકની** ચૌદ આજ્ઞાઓ કોતરાયલી છે તેમાં આ પ્રશસ્તિ આળેખાયલી છે. તે **રૂદ્રદામાની** પ્રશસ્તિ તરીકે વિખ્યાત છે.

**રાજા રૂદ્રદામાએ જીતેલા રાજ્યો.**-

તેની જુનાગઢની પ્રશસ્તિ ઉપરથી તેના રાજ્ય વિસ્તારનો પૂરો ખ્યાલ આવી શકે છે.

તેણે **પૂર્વઆકર, પશ્ચિમઆકર** અને **અવન્તિના** પ્રદેશો જીતી લીધા હતા. **અનૂપદેશ** અથવા **માહિષ્મતી** કે **માન્ધાતા** હાલનો **નીમાડ** વિભાગ તેણે કબજે કર્યો હતો. **આનર્તદેશ** જે **દ્વારકાની** આસપાસનો મુલક અને **સુરાષ્ટ્ર-જુનાગઢની** આસપાસનો મુલક તે પણ તેના તાબામાં હતો. **શ્વભ્ર-સાબરમતીના** કાંઠાનો મુલક, **મરુદેશ**-મારવાડની ભૂમિ, **કચ્છ** જે **કાઠિયાવાડ** ને **સિન્ધની** વચ્ચેનો પ્રદેશ તે પણ તેની સત્તા નીચે હતો. **સિન્ધુ-સૌવીર** દક્ષિણ સિંધની ખીણવાળો પ્રદેશ અને **કુકુર-રાજપુતાનાનો** અમુક ભાગ પણ તેણે જીતી લીધા હતા. **અપરાન્ત**-ઉત્તર કોંકણનો પ્રદેશ, અને **નિષાદ**-વરાડ દેશ તેના રાજ્ય વિસ્તારમાં ગણાતા હતા. **યૌધેયોનો ભાવલપુરવાળો** પ્રદેશ આખો તેણે જીતી લીધો હતો. પશ્ચિમ વિન્ધ્યાચળનો મુલક અને **પુલુમાયીના** દક્ષિણનાં પ્રદેશો આંધ્ર વિગેરે પણ તેને હરાવીને **રૂદ્રદામાએ** પડાવી લીધા હતા.

અર્થાત **કચ્છ-કાઠિયાવાડને** **સિન્ધના** સમુદ્ર કિનારાથી માંડીને **ગુજરાત, મારવાડ, રાજપૂતાના, માળવા** અને **પંજાબમાં :સતલજ** સુધીનો ભાગ **રૂદ્રદામાના** છત્ર નીચે હતો, એ ઉપરથી એમ કહી શકાય કે તે એક ચક્રવર્તી જેવો રાજા હતો.

વળી તે કેવળ રાજા, લડવૈયો કે યોદ્ધો હતો એટલું જ નહીં પણ કુશળ નીતિનિપુણ હોવા સાથે વિદ્વાન્ અને શાસ્ત્રપારંગત પણ હતો.

આર્ય સંસ્કારોએ પણ તેના ઉપર સારી છાપ પાડી હતી. પરિણામે તેણે યુદ્ધ સિવાય માનવહત્યા ન કરવી એવી પ્રતિજ્ઞા પણ કરી હતી અને જીવંતપર્યંત પાળી હતી.

તે શરીરે-દેખાવે સુંદર ને આકર્ષક પણ હતો અને એ શિલાલેખથી જણાય છે કે તેણે ઘણા સ્વયંવરોમાં રાજકુંવરીઓની વરમાળા ધારણ કરી હતી.

**રાજા રૂદ્રદામાના ઉત્તરાધિકારીઓ.**—

તેણે ઈ. સ. ૧૩૦ થી ૧૫૦ એટલે કુલ વીસ વરસ રાજ્ય કર્યું હતું. તેની રાજ્યવ્યવસ્થાને લીધે તેની પાછળ પણ બહુ લાંબા સમય સુધી ક્ષત્રપ રાજાઓના હાથમાં તેની ગાદી ટકી રહી હતી. **રૂદ્રદામા** પછી તેની જ ગાદી ઉપર ઉત્તરાધિકારી તરીકે તેના બે પુત્રો **દામજદશ્રી** અને **રૂદ્રસિંહ** થયા. મોટો પુત્ર ગાદીવારસ થયો. તે રાજાનું ખાસ વર્ણન મળતું નથી, પણ તેના સિક્કાઓમાં ‘ક્ષત્રપ’ અને ‘મહાક્ષત્રપ’ કોતરેલું મળી આવે છે. એટલે સંભવ છે કે પહેલાં તે **રૂદ્રદામાની** નીચે કોઇ પ્રદેશનો સૂબો હોય અને પાછળથી ગાદીએ આવતાં મહાક્ષત્રપ કહેવાતો હોય.

તેના સિક્કાઓ ઉપર જૂદું જૂદું લખાણ મળી આવે છે, તે આ પ્રમાણે છે-

**( १ ) राज्ञो महाक्षत्रपस रुद्रदामपुत्रस राज्ञो क्षत्रपस दामजसदस**

**( २ ) राज्ञो महाक्षत्रपस रुद्रदाम्रपुत्रस राज्ञ क्षत्रपस दामजदश्रिय**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

( ૩ ) राज्ञो महाक्षत्रपस रूद्रदाम्नपुत्रस राज्ञो महाक्षत्रपस दामजदश्रिय

આ **દામજદશ્રી** ૧૫૦–૧૮૧ ની વચમાં ગાદીએ રહ્યો હતો એમ અનુમાન થાય છે.

તે પછી ગાદી ઉપર કોણ આવે તે સંબંધી ×ઝઘડો ઊભો થયો હતો, તેના પરિણામે **દામજદશ્રી**નો ભાઇ **રૂદ્રસિંહ** પ્રથમ ગાદીએ આવ્યો. તેના મિશ્ર ધાતુના સિક્કાઓ મળ્યા છે. તેના ઉપર શકસંવત કોતરાવેલો માલૂમ પડે છે.

તેણે ૧૮૧–૧૮૮ સુધી રાજ્ય કર્યું છે. પછી **ઇશ્વરદત્ત આભીર** મહાક્ષત્રપ થયો. તેણે ૧૮૮–૧૯૦ ઈ. સ. સુધી રાજ્ય કર્યું. તે પછી ફરીને **રૂદ્રસિંહ** પ્રથમે તેની પાસેથી ગાદી લીધી અને ૧૯૧–૧૯૬ ઇ. સ. સુધી અધિકાર ભોગવ્યો.

**રૂદ્રસિંહ** પ્રથમ પછી તેનો ભત્રીજો **જીવદામા** ગાદીએ આવ્યો. તે ÷મહાક્ષત્રપ કહેવાતો હતો. તેણે ૧૯૭ ઇ. સ. સુધી રાજ કર્યું હતું.

તે પછી રૂદ્રસિંહનો પુત્ર **રૂદ્રસેન** પ્રથમ ગાદીએ આવ્યો, તે ઈ. સ. ૨૦૦ થી ૨૨૨ સુધી **ઉજ્જૈન**ની ગાદી ઉપર રહ્યો.

તે પછી રૂદ્રસિંહના બે પુત્રો, રૂદ્રસેનના ભાઇ **સંઘદામા** ને **દામસેન** અનુક્રમે ગાદીએ આવ્યા અને તેમણે એક વર્ષ અને તેર વર્ષ ક્રમાનુસાર રાજ્ય કર્યું. એટલે કે, ઇ. સ. ૨૨૨–૨૨૩ અને ઈ. સ. ૨૨૩–૨૩૬ સુધી.

**પૃથ્વીસેન, દામજદશ્રી** બીજો, અને **વીરદામા** ક્ષત્રપ તરીકે રહ્યા. જ્યારે **યશોદામા** પ્રથમ, **વિજયસેન, દામાજદશ્રી** ત્રીજો, **રૂદ્રસેન** બીજો, **વિશ્વસિંહ, ભર્તૃદામા** અને **વિશ્વસેન** એ બધા એક પછી એક મહાક્ષત્રપો થયા.

તે પછી **રૂદ્રસિંહ** બીજો, **યશોદામા** બીજો, સ્વામી **રૂદ્રદામા** બીજો અને **સ્વામી રૂદ્રસેન** ત્રીજો અને સ્વામી **સિંહસેન** ગાદીએ આવ્યા. સ્વામી **સિંહસેન** એ રાજા **રૂદ્રદામા** બીજાનો ભાણેજ થતો હતો.

સ્વામી **સિંહસેન** પછી તેનો પુત્ર સ્વામી **રૂદ્રસેન** ચોથો, તેનો ભાઈ સ્વામી **સત્યસિંહ** અને સ્વામી **સત્યસિંહ**નો પુત્ર સ્વામી **રૂદ્રસિંહ** ત્રીજો ગાદીએ આવ્યા. તે બધા મહાક્ષત્રપની પદવી ભોગવતા હતા. સ્વામી **રૂદ્રસિંહ** ત્રીજો એ **રૂદ્રદામા**ની ગાદી ઉપર છેલ્લો ક્ષત્રપ રાજા ગણાય છે. વચલા બીજા રાજાઓની રાજઅમલની પૂરી અવાંતર વિગત મળતી નથી. છેલ્લા મહાક્ષત્રપ **સ્વામી રૂદ્રસિંહ** ત્રીજાના અવસાનની સાલ ઈ. સ. ૩૮૮ની ગણાય છે. **રૂદ્રસિંહ** ત્રીજા પછી **રૂદ્રદામા**નો રાજ્યવિસ્તાર ને **ઉજ્જૈન**ની ગાદી **ચષ્ટનવંશીય**

× ગાદીના ઝઘડા દરમ્યાન **દામજદશ્રી**નો પુત્ર **સત્યદામા** ગાદી ઉપર બેઠો હતો, પણ **રૂદ્રસિંહે** ગાદી ઉપર આવીને તેને પદભ્રષ્ટ કર્યો હતો.

તે **સત્યદામા**ના નામના સિક્કાઓ મળ્યા છે તેના ઉપર "**राज्ञो महाक्षत्रपस्य दामजदश्रिय पुत्रस्य राज्ञो क्षत्रपस्य सत्यदाम्न**" એવું કોતરાયલું છે.

÷ Indian Historical Quarterly Vol. XIII/2.
Political History of India P. 346.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજાઓ પાસેથી ચાલી ગઈ. ગુપ્તવંશી રાજાઓએ છીનવી લીધી.

રૂદ્રસિંહ ત્રીજો બહુ દુરાચારી હતો અને તેના ઉપર ગુપ્તવંશના સ્કંદગુપ્તના પ્રતાપી પુત્ર ચંદ્રગુપ્તે ચઢાઈ કરીને તેને કપટથી મારી નાખ્યો.

અલબત તેને લડાઈમાં મારી શકાયો ન હતો, પરંતુ રૂદ્રસિંહ બહુ વિષયાંધ હોવાથી તે ધ્રુવદેવી નામની એક સુંદરી ઉપર મોહિત હતો. ચંદ્રગુપ્તે એ ધ્રુવદેવીનો વેશ પહેરી રૂદ્રસિંહના આરામભવનમાં જઇ છળ કરી રૂદ્રસિંહને મારી નાખ્યો અને માળવ તથા સુરાષ્ટ્રના રાજ્યો કબજે કરી પોતાના રાજ્યમાં મેળવી દીધા.

એ રીતે મહાક્ષત્રપ રૂદ્રદામાએ અતુલ પરાક્રમથી મેળવેલો રાજ્યવિસ્તાર રૂદ્રસિંહે વિષયાંધ બની ખોઇ નાખ્યો અને ચષ્ટનવંશીય ક્ષત્રપ રાજાઓનો નાશ થયો. ફરી તે રાજાઓમાંથી કોઈ ઉઠયું હોય એવો ઇતિહાસ નથી.

આ સંક્ષિપ્ત વિગતથી એમ સમજી શકાય છે કે મહાક્ષત્રપ રૂદ્રદામાની ગાદી ઉપર તે જ કુટુંબના–ચષ્ટનવંશીય ક્ષત્રપોના મોટા કે નાના ભાઇઓનો અમલ–અધિકાર રહ્યો હતો. વળી એક ક્ષત્રપ કે મહાક્ષત્રપ પછી તેનો ઉત્તરાધિકારી પણ તે જ પદવી ભોગવી શકયો છે.

બીજી એક હકીકત એ મળે છે કે છેલ્લા ચાર રાજાઓ ચષ્ટનવંશની પુત્રીના વંશના રાજાઓ રૂદ્રદામાની ગાદીએ આવેલા છે.

આ રીતે રૂદ્રદામાના ગાદીવારસો–ઉત્તરાધિકારીઓ કુલ ૨૯ થયા છે. તેમાં ૨૩ મહાક્ષત્રપો હતા અને ૬ ક્ષત્રપો હતા.

**ક્ષત્રપ એ પદવી કે કુલ?**

મૂળે તો ક્ષત્રપ કે મહાક્ષત્રપ એ પદવી જ–સૂબાગિરી જ લેખાતી હતી. સૂબાને ક્ષત્રપ અને સરસૂબાને મહાક્ષત્રપ કહેતા હતા, પરંતુ ઇતિહાસથી તો એમ દેખાય છે કે રૂદ્રદામા એ કોઈનો સૂબો કે સરસૂબો ન હતો. તે તો સ્વતંત્ર રાજા, ચક્રવર્તી જેવો હતો; કારણ કે તેણે પોતે બાહુબળથી જ પોતાના રાજ્યનો વિસ્તાર વધાર્યો ને ટકાવ્યો, છતાં તેણે પોતાને મહાક્ષત્રપ તરીકે જ લેખાવ્યો છે.

તે પછી તેના ઉત્તરાધિકારીઓ પણ રૂદ્રદામાના સ્વતંત્ર રાજ્ય ઉપર અધિકાર ભોગવી ગયા છે એટલે તેઓ પણ કોઇનાં સૂબા કે સરસૂબા ન હતાં છતાં તેમણે પણ ક્ષત્રપ કે મહાક્ષત્રપ તરીકે જ પોતાને ઓલખાવ્યા છે. એટલે કે રૂદ્રદામાથી લઇ કરી બધા રાજાઓએ પોતાને સ્વતંત્ર રાજાઓ હોવા છતાં ક્ષત્રપ કે મહાક્ષત્રપ તરીકે જ ઓળખાવ્યા છે અર્થાત્ ક્ષત્રપ શબ્દ માત્ર એક સૂબા તરીકે નહી પણ કોઇએક સ્વતંત્ર પદવી, શાખા અથવા કુળ તરીકે ચાલુ કર્યો લાગે છે. વળી પાછળથી તેઓ ક્ષત્રપરાજા તરીકે ઓળખાયા છે. એટલે પાછળથી ક્ષત્રપ એ શાખા કે કુળવાચક શબ્દ રૂઢ બની ગયો છે.

**શક રાજાઓનો ધર્મ—**

આ શક રાજાઓના ધર્મ વિષે, ખાસ વિશેષ જાણવામાં આવ્યું નથી, પરંતુ જુનાગઢમાંથી મળી આવેલા એક શિલાલેખથી એવું સમજાય છે કે એ શિલાલેખ જૈન ધર્મનો હોવાનો સંભવ છે. એ લેખમાં કોતરાવનારનું નામ સ્પષ્ટ રીતે વાંચવામાં આવતું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી પણ તેના પ્રપિતામહ ચષ્ટન તથા પિતામહ જયદામાનો પૌત્ર એમ વંચાય છે. ચૈત્ર શુદ ૫ ની મિતિ સ્પષ્ટ વંચાય છે, વર્ષ ઉકેલાયું નથી, પરંતુ એ ઉપરથી તે દામજદશ્રી અથવા રૂદ્રસિંહ હોવો જોઇએ એમ અનુમાન કરવાને કારણ છે. તે જૈન હોવાનો ઘણો સંભવ છે. બલ્કે તેના પૂર્વજો ઉપર પણ જૈનધર્મની સારી છાપ પડી હોય તો તે સ્વાભાવિક છે; કારણ કે જૈનાચાર્ય કુલકસૂરિ સાથે તે લોકો ભારતમાં આવ્યા હતા, તેઓ તેમના નેતા અને અગ્રણી રહ્યા છે, તેમને ઘણી સહાય કરી છે અને ગર્દભિલ્લની ગાદી પણ શક લોકોને તેમણે અપાવી છે એવા એક ધુરંધર આચાર્યનો ધાર્મિક પ્રભાવ પણ આ લોકો ઉપર પડવાનું સુલભ છે.

જો કે બીજા રાજાઓની ધાર્મિક વલણ સંબંધી વધુ જાણવામાં આવતું નથી પણ દામજદશ્રીના કે રૂદ્રસિંહના આ શિલાલેખે કંઇક દિશા બતાવી છે. તે *શિલાલેખ 'Antiquites of Kathiawad and Kachh,' ભાવનગરના મહારાજા તરફથી પ્રકાશિત થયેલ 'Collection of Sanskrit Prakrit Inscriptions' તથા 'Historical Inscriptions of Gujarat' Part. 1 માં પ્રકાશિત થયેલા છે. ઉપરના બન્ને પુસ્તકોમાં તો મૂળ શિલાનો ફોટુ પણ આપવામાં આવેલો છે. તેનો ઘણો ભાગ ખોવાઈ ગયેલો છે, પરંતુ તેમાં જે લખાણ અવશિષ્ટ બાકી રહેલું મળે છે, તેમાંના કેટલાક શબ્દો જૈનો સાથે વધારે સંબંધ રાખે છે. ×केवलिज्ञानसंप्राप्तानां અને जितजरामरणानां એ શબ્દો જૈનોમાં જ પ્રચાર પામેલા છે એટલું જ નહીં તેમનાંજ ધર્મના પારિભાષિક શબ્દો છે. केवलज्ञानसंप्राप्त કે जितजरामरण એ તીર્થંકરો સિદ્ધભગવાન કે કેવળીઓને જ જૈનોમાં લાગુ પડે છે. એટલે એમ માનવાને કારણ મળે છે કે આ શિલાલેખ જૈનધર્મ સાથે સંબંધ રાખે છે.

---

* શિલાલેખની મૂળ નકલ આ પ્રમાણે છે.

१ ...वतृ रग...क्षत्रप.........................................................

२ [स्वामि] चष्टनस्य प्र[पौ]त्रस्य राज्ञः क्षत्रपस्य स्वामिजयदामपौत्रस्य राज्ञो महाक्ष...

३ [चै] त्र शुक्लपक्षस्य दिवसे पञ्चमे ५ [५] इह गिरिनगरे देवासुरनागयक्षराक्षसेन्द्र...

४...प्रक (?) मित्र प...केवलिज्ञानसंप्राप्तानां जितजरामरणानं (?).......

*Antiquities of Kathiawad and Kachh, P. 110*

१ ...स्तथा सुरग...क्षत्रप... ... ... ... ... ...

२ (स्वामी) चष्टनस्य प्र (पौ) त्रस्य राज्ञः क्षत्रपस्य स्वामिजयदामपौत्रस्य राज्ञो महाक्ष...

३ (चैत्र) शुक्लपक्षस्य दिवसे पञ्चमे (५) इह गिरिनगरे देवासुरनागयक्षराक्षसेन्द्र...

४ प्रक (?) मित्र परम...केवलिज्ञानसंप्राप्तानां जितजरामरणा (?) ॥

*Collection of Sanskrit Prakrit Inscriptions P. 17*

× केवलिज्ञानसंप्राप्तानां શબ્દ શિલાલેખમાં અશુદ્ધ ઓળખાયેલો છે. ભાષાકી દૃષ્ટિએ केवलज्ञानसंप्राप्तानां એ પ્રમાણે શબ્દો હોવા જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સંભવ છે કે આ રૂદ્રદામાના પુત્ર દામજદશ્રીએ ગિરનાર પર્વત ઉપર *શ્રીનેમિનાથ ભગવાનનાં મંદિર સંબંધી કાંઇ બાંધકામ કે સમારકામ કરાવ્યું હોય અને તેની યાદગીરિ માટે આ શિલાલેખ કોતરાવ્યો હોય.

એ રીતે એમ પણ માનવાને કારણ મળે છે કે, આચાર્ય કાલકસૂરિ સાથે શકલોકો આવ્યા ત્યારથી જ તે રાજાઓમાં એ ધર્મનો પ્રભાવ રહી ગયો હોય અને તે દામજદશ્રી અથવા રૂદ્રસિંહ સુધી ચાલ્યો આવેલો હોય. ક્ષત્રપરાજાઓએ આચાર્ય કાલકસૂરિના પ્રભાવથી જૈનધર્મ +અપનાવ્યો હોય. કારણ કે પ્રાચીન સાહિત્યથી તેમનો પ્રભાવ ઘણો હતો એમ જણાય છે.

Dr. James Burggess નું પણ મારા અનુમાનને લગતું જ એવું મંતવ્ય છે કે 'Kevalins' એ મોટે ભાગે જૈનોમાં જ બહુ પ્રચાર પામેલો શબ્દ છે અને તેથી શિલાલેખથી એવું જણાય છે કે તે જૈનોનો ×શિલાલેખ હોવો જોઇએ.

* ગિરનાર પર્વત જૈનોનું તીર્થસ્થાન છે, અને શ્રીનેમિનાથ ત્રેવીશમા તીર્થંકરના ત્રણ કલ્યાણકો દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક ને નિર્વાણ કલ્યાણક ત્યાં થયાં છે.

+ मौलिक्यशाखिनृपतिरपरे तस्य सेवकाः। इति व्यवस्थया तत्र राज्यमन्वशिषन् शकाः ॥६०॥
ते श्रीमत्कालकाचार्यपर्युपासनतत्पराः। चिरं राज्यानि बुभुजुर्जिनधर्मप्रभावकाः ॥६१॥
कालकाचार्य ( जिनदेवीय ) कथा ॥ पृ. ९०-१

गुरोर्निदेशाद् इति तैः प्रहृष्टैः भूपैः प्रयाणं झटिति प्रदत्तम् ।
सर्वेऽपि भूपाः सुगुरोश्च सेवां कुर्वन्ति बद्धाञ्जलयो विनीता; ॥ ३० ॥
*Brown*, *P. 100*

......वर्षारात्रे व्यतिक्रान्ते सूरिणा भणितास्ततः ॥ ४० ॥
हंहो ! निरुद्यमा यूयं किमु तिष्ठथ संप्रति । अवन्तिदेशं गृह्णीध्वं पर्याप्तं तत्र भावि वः ॥४१॥
..........................................

अथाज्ञया मुनीन्द्रस्य शकयोद्धाश्चतुर्दिशम्...॥ ४७ ॥
कालकाचार्य कथा. प. ९१

× "...The most interesting point about it is the word केवलिज्ञानसंप्राप्तानां "of those who have obtained the knowledge of Kevalins." *Kevalin* occurs most frequently in the Jain sculptures and denotes 'a person who is possessed of the 'Keval-jnana' or true knowlede which produces final emancipation.' *It would*, therefore, seem that *the inscription is Jain.*"

From this it would appear that these caves were probably excavated for the Jainas by the *Saha Kings* of *Saurastra* about the end the second century of the Christian era. They may, however, be much older, and the inscription may merely commemorate their being devoted to the Jainas, by the Saha king, possibly after they had ceased to be used by the Buddhas; or, the inscription may have been brought from some other caves now entirely destroyed.

 *Antiquities of Kathiawad* and *Kachh, P. 141*

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમણે તો એમ પણ અનુમાન દોર્યું છે કે આ ગુફાઓ જ જૈનો માટે બીજી સદીના અંતમાં **સૌરાષ્ટ્રના શાહ ( શક )** રાજાઓએ કોતરાવી હોય, જૈનોને તે ભેટ આપી હોય અને પાછળથી બૌદ્ધોએ પોતાના ઉપયોગ માટે પડાવી લીધી હોય, અથવા તો આ શિલાલેખ બીજી ગુફાઓનો હોય અને તે ગુફાઓ બીલકુલ નષ્ટ થઈ જવાથી તે શિલાલેખને અહીં ઉપાડી લાવ્યા હોય.

મારું અનુમાન એમ છે કે તે રાજાએ ભગવાન **શ્રીનેમિનાથ** કે તેમના મંદિર સંબંધી કશું બાંધકામ કરાવ્યું હોય અને તેની યાદીમાં આ શિલાલેખ કોતરાવ્યો હોય.

ગમે તેમ પણ આ શિલાલેખ જૈનોનો છે એ તો નિઃશંક વાત છે. પ્રો. રેપ્સન+ પણ તે વાતને અનુમોદન આપે છે અને તે, તે વખતના રાજા ઉપર તેની અસર હતી એ પ્રતિપાદન કરે છે. પ્રો. રેપ્સનનો એવો મત છે કે તેઓ જૈનધર્મ પાળતા હતા. તેમણે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે "માળવાના ક્ષત્રપો જેને વિક્રમાદિત્યે હરાવ્યા તે જૈનધર્મનું પાલન× કરતા હતા." તેણે એ સ્પષ્ટ કર્યું છે કે મથુરા કે તક્ષશિલાના ક્ષત્રપો બૌદ્ધધર્મ પાળતા હતા; જ્યારે **માળવાના** ક્ષત્રપો જૈન ધર્માનુયાયી હતા. એટલે **શકલોકો ભારતમાં** જ્યારથી આવ્યા ત્યારથી જ જૈનધર્મની અસર તળે હતા અને તે **દામજદશ્રી** અથવા **રૂદ્રસિંહ** સુધી તેની અસર કાયમ રહી છે. તે પછીના રાજાઓ ઉપર જૈનધર્મના સંસ્કાર રહ્યા હતા કે કેમ તે ઇતિહાસથી મળી શકયું નથી, પરંતુ સંભવ છે કે કેટલીક પેઢી સુધી તેની અસર રહી હોય.

**રૂદ્રદામાના સિક્કાઓ—**

ક્ષત્રપ રાજાઓએ પોતાના સ્વતંત્ર સિક્કાઓ પડાવ્યા હતા એ કહેવા જેવી વાત નથી. **રૂદ્રદામાના** દાદા પરદાદાના વખતથી ક્ષત્રપ રાજાઓના સિક્કાઓ ચાલુ હતા. તેમાં તેમણે પસંદ કરેલી નિશાનીઓ, ચિન્હો અને નામો પણ ઘણી જાતના મળી આવે છે. **રૂદ્રદામાના** પણ સિક્કાઓ **ચાંદીના** અને **તાંબાના** મળી આવે છે. સોનાના સિક્કાઓ હજી મળ્યા નથી. કદાચ ક્ષત્રપ રાજાઓએ સોનાના સિક્કાઓ પડાવ્યા નહીં હોય.

ઇતિહાસમાં તેનું વર્ણન આવે જ છે, પરંતુ પ્રાચીન બૌદ્ધ ગ્રંથોમાં પણ તેના સિક્કાઓનું ખૂબ વર્ણન કરાયેલું છે. તેના ઉપર સારિપુત્તથેર અને **બુદ્ધઘોષ** વિગેરેએ ખૂબ વિચારો કર્યો છે. તે ગ્રંથોમાં **રુદ્રદામક, રુદ્રદામકાદિ, રૂદ્રદામકાદીની, રુદ્રદામકાદીનાં** વિગેરે શબ્દો આવે છે.

**સારત્થદીપની**માં રૂદ્રદામકની વ્યાખ્યા કરવામાં આવી છે કે **रुद्रदामेण उप्पादितो** અર્થાત્ 'રૂદ્રદામાએ પડાવેલા' Manufactured by *Rudradama* ***રુદ્રદામક** એ રૂદ્રદામકાદિ, રૂદ્રદામકાદીનાં વિગેરે શબ્દોનું પ્રાથમિક રૂપ અથવા એ શબ્દોનો પૂર્વભાગ છે.

+ Indian coins in British Museum P. Lxi.

× "...The Sakas, who in Mālwa were patrons of the Jain religion..." "Ancient India". P. 143.

* Buddhistic studies P. 389.

વળી રુદ્રદામા એ શકરાજા સિવાય બીજાનું નામ આજસુધી ઇતિહાસમાં મળ્યું નથી અને તેથી એ સિક્કાઓ રુદ્રદામાના છે એમ નિશ્ચિત થાય છે.

રુદ્રદામકનો બીજો અર્થ એવો પણ કર્યો છે કે રુદ્રદામાના સિક્કા જેવા નમૂનાના બીજા સિક્કા તેના પછીના રાજાઓએ પડાવ્યા હોય તો તેને પણ રુદ્રદામકાદિ કહી શકાય, પરંતુ તેની ચર્ચા અહીં અપ્રાસંગિક થઇ જવાથી તે લંબાણ નહીં કરતાં કેવળ રુદ્રદામાના સિક્કાઓ સંબંધી જ અહીં થોડી ચર્ચા કરી છે.

રૂદ્રદામાના ચાંદીના સિક્કા ' સ્ટાન્ડર્ડ મની ' તરીકે પ્રખ્યાત હતા અને તે રૂદ્રદામાના રાજ્યકાળની પહેલા ચાલતા ચાંદીના સિક્કાઓ સાથે ઘણે અંશે મળતા હતા. જે માળવા, કાઠીયાવાડ, કચ્છ, ગુજરાત, ઉત્તરી કોંકણ, નાસિક, પૂના જીલ્લામાં પ્રચલિત હતા, જેના ઉપર રૂદ્રદામાએ પાછળથી રાજ્ય કર્યું છે. એથી એમ સિદ્ધ થાય છે કે—રૂદ્રદામા પોતાના તાંબાના સિક્કા કરતાં ચાંદીના સિક્કા (જે ચલણી સિક્કા Standard money તરીકે ચાલતા તે) થી વધારે જાણીતો થયો હતો.

*તેનાં તાંબાના અને ચાંદીના સિક્કાઓ ઘણી રીતે જુદા પડે છે.

(૧) એક તો તેના ધોરણમાં ફેરફાર હતો.

(૨) તેના આકારો પણ જુદા હતા, ચાંદીના સિક્કાઓ ગોળ હતા જ્યારે તાંબાના સિક્કા જુદા આકારના હતા–ચોખૂણીયા હતા.

(૩) તેની પદ્ધત્તિ અને type માં પણ ફેર હતો.

ચાંદીના સિક્કાઓમાં એક તરફ 'રાજાનું મસ્તક' કોતરાયલું રહે છે; તેની બીજી બાજૂએ 'ત્રણ શિખરવાળા ચૈત્ય ઉપર બીજની ચંદ્રાકૃતિ' 'કિરણોવાળો સૂર્ય' 'અર્ધ ચંદ્રાકૃતિ' 'ચૈત્યની નીચે સર્પાકાર લાઇનો,' વિગેરે વિગેરે કોતરાયલાં હોય છે.

તેનાં તાંબાના સિક્કામાં એક તરફ એક પ્રાણીનું ચિત્ર અથવા 'હાળી બાજુએ ઉભેલો હાથી' અથવા "સિક્કાની ડાબી બાજુએ થાંભલાની સન્મુખ ઉભેલો ઘોડો" કે 'ખેતર તરફ જોઇને ઊભો રહેલો ખુંધવાળો બળદ' રહે છે. તેની બીજી બાજુએ 'ત્રણ લાઇનો ઉપર અર્ધચંદ્રાકૃતિ સહિત ચૈત્ય' 'સકિરણ સૂર્ય' 'અર્ધચંદ્રાકૃતિ' અને 'ચૈત્યની નીચે વળાંકવાળી લાઇનો' વિગેરે રહે છે.

તે બન્ને પ્રકારના સિક્કામાં ટપકાવાળી બોર્ડર–કિનારી પણ ખાસ ધ્યાન ખેંચનારી છે. તાંબાના સિક્કામાં કોઈમાં તે કિનારી ઉપરની બાજુમાં હોય છે, કોઈમાં તે નીચેની બાજુમાં હોય છે; જ્યારે ચાંદીના સિક્કાઓમાં તે ટપકાવાળી કિનારી નીચેની બાજુમાં જ માલૂમ પડે છે.

તે બન્ને પ્રકારના સિક્કાઓમાં પાછલી બાજુમાં 'ચૈત્ય' નું ચિહ્ન તો સામાન્યપણે જ રહેલું છે.

તેના સિક્કાઓમાં જે અક્ષરો ને નામો કોતરાયલા છે તે પણ જુદી જુદી રીતે કોતરાયલા છે, તે આ પ્રમાણે—

(१) राज्ञो क्षत्रपस जयदामपुत्रस राज्ञो महाक्षत्रपस रुद्रदामस।

(२) राज्ञो क्षत्रपस जयदामस पुत्रस राज्ञो महाक्षत्रपस रुद्रदामस।

તે બન્ને પ્રકારના સિક્કાઓમાં 'મહાક્ષત્રપ રૂદ્રદામા' લખેલું મળી આવે છે જ.

* Buddhistic studies P. 390.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચષ્ટનવંશીય ક્ષત્રપોની વંશાવળી

ઝામોતિક

૧ ચષ્ટન ૮૦-૧૧૦ ઇ. સ.

જયદામા

૨ રૂદ્રદામા ૧૩૦-૧૫૦.

૩ દામજદશ્રી પહેલો ૧૫૦-૧૮૦ | ૪ રૂદ્રસિંહ પહેલો ૧૮૧-૧૮૮ ૧૯૧-૧૯૬ | પુત્રી—વાશિષ્ઠીપુત્ર સાતકર્ણિ

સત્યદામા | ૫ જીવદામા ૧૯૭.

૬ રૂદ્રસેન પહેલો ૨૦૦-૨૨૨. | ૭ સંઘદામા ૨૨૨-૨૨૩. | ૮ દામસેન ૨૨૩-૨૩૬.

પૃથ્વીસેન | દામજદશ્રી બીજો

વીરદામા | ૯ યશોદામા ૨૩૮-૨૩૯ | ૧૦ વિજયસેન ૨૩૯-૨૫૦ | ૧૧ દામજદશ્રી ત્રીજો ૨૫૧-૨૫૫

૧૨ રૂદ્રસેન બીજો ૨૫૫-૨૭૭.

૧૩ વિશ્વસિંહ ૨૭૮. | ૧૪ ભર્તૃદામા ૨૮૨-૨૯૫.

૧૫ વિશ્વસેન ૨૯૫-૩૦૪.

સ્વામી જીવદામા

૧૬ રૂદ્રસિંહ બીજો ૩૦૪-૩૧૬.

૧૭ યશોદામા બીજો ૩૧૬-૩૩૨.

૧૮ સ્વામી રૂદ્રદામા બીજો ૩૪૫-૩૪૭.

૧૯ સ્વામી રૂદ્રસેન ત્રીજો ૩૪૮-૩૫૧. | પુત્રી

૨૦ સ્વામી સિંહસેન ૩૬૦-૩૭૯.

૨૧ સ્વામી રૂદ્રસેન ચોથો ૩૮૨.

૨૨ સ્વામી સત્યસિંહ

૨૩ સ્વામી રૂદ્રસિંહ ત્રીજો ૩૮૮.

---

**નોટ**—મહાક્ષત્રપ **દામજદશ્રી** પ્રથમ અને **રૂદ્રસિંહ** પ્રથમના રાજ્યકાળની વચમાં **ઇશ્વરસેન આભીર** મહાક્ષત્રપની ગાદી ઉપર આવી ગયો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૨ જું

## સુદર્શન તળાવ

### સુદર્શન તળાવનું સ્થાન-માપ—

**સુદર્શન** તળાવ કોણે બંધાવ્યું, કોણે સમરાવ્યું કે પુનરુદ્ધાર કર્યો અને તેના શિલાલેખ વિગેરે સંબંધી પાછલા પ્રકરણોમાં ખૂબ વિસ્તારથી વર્ણન કર્યું છે. તે સાથે સાથે **સુદર્શન** તળાવની પણ થોડીઘણી માહિતિ આપવી આવશ્યક છે. અલબત્ત તેની પૂરી માહિતી મળી શકે તેવા પ્રમાણો અત્યારે નથી, ઇતિહાસમાં તે મળી શકતાં નથી; અવ્વલમાં તો **સુદર્શન** તળાવ હતું કે નહીં એની જ માહિતિ ઓગણીસમી સદી સુધી તો ન હતી; પરંતુ જ્યારે **રૂદ્રદામાનો** શિલાલેખ વંચાયો ત્યારે **સુદર્શન** તળાવની હસ્તીનો લોકોને ખ્યાલ આવ્યો. શિલાલેખમાં તેના સ્થાન કે માપ સંબંધી કશો ઇશારો કર્યો નથી. એટલે તે તળાવ કયા સ્થાનમાં હતું અથવા હોવું જોઇએ અને તે કેટલું લાંબું પહોળું હતું તે સંબંધી ઇતિહાસકારોને કેવળ એ શિલાલેખ કે શિલાથી અનુમાન બાંધીને જ સંતોષ માનવો પડે છે. એ ઉપરથી જ તેના વિસ્તાર સંબંધી કે તેના સ્થાન સંબંધી જેટલા અંશમાં થઇ શકે તેટલા અંશમાં વિચાર કરવો જરૂરી છે.

**સુદર્શન** તળાવ સંબંધી બે શિલાલેખો મોજૂદ છે. એક મહાક્ષત્રપ રાજા **રૂદ્રદામાનો** અને બીજો **સ્કંદગુપ્તનો**. તે બન્ને શિલાલેખો **અશોકની** આજ્ઞાવાળી શિલા ઉપર કોતરાયલા છે. તે બન્ને શિલાલેખોમાં તેનું નિશ્ચિત માપ કે નિશ્ચિત સ્થાન સંબંધી નિર્દેશ નથી.

તે શિલાલેખથી તેના સ્થાન સંબંધી અનુમાન કરવાને એટલું પ્રમાણ મળી આવે છે કે તે તળાવ એ શિલાની આસપાસ હોવું જોઇએ. એ શિલા તળાવની મર્યાદામાં કે તળાવની આસપાસ હોવાનો ઘણો સંભવ છે; જેમ ઘરનો લેખ કે મંદિરનો લેખ મંદિરની મર્યાદામાં હોય, દુકાનનું બોર્ડ જેમ દુકાન ઉપર હોય તેમ આ તળાવનો શિલાલેખ પણ તળાવની આસપાસ જ હોવો જોઈએ.

તે સાથે સાથે શિલાલેખમાં નદીઓના નામો આવે છે. તે નદીઓ આ તળાવમાં મળે છે એવો તેનો ધ્વનિ છે. વળી બંધ હમેશાં નદીઓને વહેણને રોકીને જ બંધાયલા હોય છે. તેમાં **સુવર્ણસિક્તા** અને **પળાશિનીના**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નામે આવે છે અને તેના પાણી તળાવમાં મળે છે એ હકીકત છે. તે નદીઓનાં વહેણ કઈ તરફ હતાં તે વિચારવાનું રહે છે.

હવે એ તળાવની દિશા નક્કી કરવાને માટે પ્રથમ ગિરનાર, તે શિલા અને જુનાગઢની દિશા નક્કી કરવી રહી. ગિરનાર એ પૂર્વ દિશામાં છે.જુનાગઢ પશ્ચિમ દિશામાં છે અને તે શિલા લક્ષ્મણ ટેકરીની નીચેના ભાગમાં એટલે દક્ષિણ દિશામાં છે, કારણ કે લક્ષ્મણ ટેકરી દક્ષિણ દિશામાં છે. ઉત્તર દિશામાં પૂર્વ તરફ જોગણી ટેકરી છે અને ઉત્તરપશ્ચિમનો ભાગ લગભગ ખાલી જેવો છે. ગિરનારમાંથી નિકળેલી નદી દક્ષિણમાં વહી શકે નહીં કારણ કે ત્યાં ટેકરીઓ છે. વળી અત્યારે દામોદર કુંડવાળી નદીનું વહેણ ઉત્તર પશ્ચિમમાં છે અને તે ખીણમાં થઈને વહું જાય છે. એટલે તે સુવર્ણસિક્તા અને પલાશિની નદીઓનાં વહેણ ઉત્તર પશ્ચિમમાં જુનાગઢ શહેરના ખૂણાના ભાગે થઈને વહેતા હોવા જોઈએ અને ત્યાં જ એ નદીઓનાં વહેણ અટકાવવા બંધ બાંધેલો હોવો જોઈએ.

અત્યારે પણ દામોદરકુંડ હાલની સોનરેખ નદીના વહેણમાં જ બાંધેલો છે અને તેનું વહેણ લક્ષ્મણટેકરી અને જોગણી ટેકરીને જોડનારા પુલ નીચે થઈને ઉત્તર પશ્ચિમમાં વહે છે અને તે આગળ જઈને અશોકશિલાની સામે થઈ ગિરનારદરવાજા પાસે ત્રિવેણીનો સંગમ મેળવી ઉપરકોટની પાછળ થતી થતી મજેવડીદરવાજા અને સક્કરબાગની વચમાં થઈને નદીના રૂપમાં વહી જાય છે.

એટલે કે અશોક શિલાની સામી બાજુએ ઉત્તર પશ્ચિમમાં અર્થાત્ દક્ષિણની લક્ષ્મણટેકરી અને તેની સામે ઉત્તરમાં જોગણીટેકરીની વચમાં બંધ હોવો જોઈએ. સુદર્શન તળાવનું સ્થાન શિલાલેખવાળી શિલાની સામેના ભાગમાં ઉત્તર પશ્ચિમમાં નિશ્ચિત કરી શકાય.

વળી તે તળાવ જુનાગઢ શહેરથી બહુ દૂર પણ ન હોવું જોઈએ, કારણ કે શહેરથી બહુ દૂર ન હોય તો શહેરીઓ તેનો લાભ લઈ શકે અને આ શિલા શહેરથી લગભગ માઈલ પોણો માઈલ છે. એથી પણ એમ અનુમાન કરવાને કારણ મળે છે કે તે તળાવ જુનાગઢ શહેર અને પ્રશસ્તિની શિલાના સ્થાનની વચલી જગામાં હોવું જોઈએ.

આ બધો વિચાર કર્યા પછી એમ નિશ્ચિત અનુમાન ઉપર આવી શકાય છે કે ઉપરકોટનો પાછલો ભાગ અને અને આ શિલા વચ્ચે તે તળાવનું સ્થાન હતું.

તેના માપ સંબંધી–તે કેટલું લાંબું, પહોળું ને વિસ્તારવાળુ હતું તેની માહિતિ પણ નિશ્ચિતરૂપે શિલાલેખમાં નથી, છતાં સ્કન્દગુપ્તના શિલાલેખમાં એક માપ*

* आयामतो हस्तशतं समग्रं विस्तारतः षष्टिरथापि चाष्टौ ।
उत्सेधतोऽन्यत्पुरुषाणि स (?) त (?) [......ह] स्तशतद्वयस्य । (॥) बबन्ध यत्नात्
અર્થાત્ એકસો હાથ લાંબો, ૬૮ પહોળો, અને સાત પુરુષ જેટલો ઊંચો બંધ બંધાવ્યો છે.
The Asokan Rock at Girnara P. 39

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવ્યું છે પરંતુ તે પૂરા બંધનું નહીં પણ તેણે તળાવના બંધમાં પડેલુ ગાબડું જ માત્ર પૂરાવ્યું હોય એમ તે માપનાં આંકડાઓથી જણાય છે. કારણ કે રૂદ્રદામાના વખતમાં પડેલા ગાબડાના હિસાબે સો હાથ એ લાંબું ન કહેવાય કારણ કે રૂદ્રદામાના વખતમાં ૪૨૦ હાથ લાંબું પહોળું ગાબડું પડ્યું હતું, એટલે ચંદ્રગુપ્તના વખતમાં જ ૪૨૦ હાથ કરતાં તળાવ ઘણું મોટું હતું. વળી રૂદ્રદામાએ તો ચંદ્રગુપ્તના તળાવ કરતાં ત્રણગણું મોટું તળાવ બંધાવ્યું હતું-તળાવનો બંધ બંધાવ્યો હતો એટલે કે રૂદ્રદામાના વખતના તળાવની લંબાઇ પહોળાઈના હિસાબે ૧૦૦×૬૮ હાથ એ તેનો સંપૂર્ણ વિસ્તાર હોઇ શકે જ નહીં. એટલે તેની સંપૂર્ણ લંબાઈ પહોળાઇ કેટલી હતી તે કહેવું અત્યારે મુશ્કેલ છે.

મારું અનુમાન એમ છે કે તે તળાવ ઉપરકોટની દીવાલની અડોઅડ હોવું જોઇએ કારણ કે ઘણા કિલ્લાઓની આસપાસ ખાઇઓ હોય છે અને તેની પાછળ નદી કે તળાવ હોય છે જેથી કિલ્લાનું સંપૂર્ણપણે રક્ષણ થઇ શકે. વળી ઉપરકોટ કિલ્લાના પાછલા ભાગમાં ખૂબ ઊંડી ખીણ જેવું પણ છે. એટલે તે તળાવ શિલાથી તે ઉપરકોટના કિલ્લા સુધી હોય તો તે સંભવિત છે.

મી. અરદેશરે સુદર્શન તળાવનો જે ચાર્ટ તૈયાર કરેલો છે અને જે અત્યારે જૂનાગઢના સક્કર બાગના મ્યૂઝીયમમાં ટાંગેલો છે તેમાં પણ તળાવનું સ્થાન ઉપરકોટ કિલ્લાની બરાબર હોવાનું બતાવેલ છે.

અલબત અત્યારે તો કિલ્લા પાછળ સડક બંધાયલી છે અને નદીના વહેણ સિવાય સુદર્શન તળાવની કશી પરિસ્થિતિ દેખાતી નથી. સમયની એ બલિહારી છે.

મી. અરદેશરજી તથા મી. કોંડરિંગટનએ અમુક માપ કાઢેલું છે તે આ પ્રમાણે છે.

**ચંદ્રગુપ્તના વખતમાં તળાવની મર્યાદા—**

દક્ષિણ કિનારો-સવરામંડપ અને લક્ષ્મણ ટેકરી ૨૩૬ વાર.

ઉત્તર કિનારો-ત્રિવેણી ને જોગણીહિલ-ટેકરી પૂર્વ કિનારો-જોગણીટેકરી.

પશ્ચિમ કિનારો-ઉપરકોટની સિધાણમાં સવરામંડપથી ત્રિવેણી ૧૧૦૦ વાર.

**રૂદ્રદામાના વખતમાં તળાવની મર્યાદા–**

દક્ષિણ કિનારો-ઉપર પ્રમાણે.

પૂર્વ કિનારો-ઉપર પ્રમાણે.

ઉત્તર કિનારો-વિશરામગુનોથી જોગણીટેકરીની ઉત્તરમાં વધારે લાંબો.

પશ્ચિમ કિનારો-ઉપરકોટની સિધાણમાં વિશરામગુનો સુધી.

સાથે સાથે તે તળાવના વિસ્તાર સંબંધો તેમનું કહેવું છે કે ચંદ્રગુપ્તના વખતમાં ૧૪૦ એકર અને રુદ્રદામાના વખતમાં ૨૭૮ એકરના વિસ્તારવાળું તે તળાવ હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ત્રીજું

## શિલાલેખ અને અનુવાદો.

**શિલાલેખની સામાન્ય માહિતી—**

કાઠિયાવાડમાં જૈનોના પવિત્ર મહાતીર્થ **ગિરનાર** પર્વતની પશ્ચિમમાં અને અમરકોટ-ઉપરકોટ કે **જુનાગઢ**ની પૂર્વ દિશામાં એટલે કે-**જુનાગઢ** શહેર અને **ગિરનાર** પર્વતની વચમાં, **દામોદર કુંડ**ની આ તરફ, શહેરથી **ગિરનાર** પર્વત જતાં રસ્તા ઉપર જમણી બાજુએ શહેરથી એકાદ માઈલને અંતરે **લક્ષ્મણ ટેકરી**ની નીચે એક નાનું છાપરી જેવું પત્થરબંધી મકાન આવે છે જેમાં મૌર્ય સમ્રાટ્ **અશોક**નો ખડક શિલાલેખ છે. તેમાં **અશોક** સમ્રાટના ૧૪ શાસનો કોતરાવેલા છે. તે સાથે સાથે એ જ ખડક ઉપર બીજા બે શિલાલેખો છે. એ જ મહાક્ષત્રપ **રૂદ્રદામા**નો અને બીજો **સ્કંદગુપ્ત**નો છે.

**રૂદ્રદામા**નો આ શિલાલેખ સૌથી પહેલાં ૧૮૩૮ માં મી. **જેમ્સ પ્રિન્સેપે** પ્રકાશિત કર્યો હતો. અને તે પછી ડો. **જે. વીલ્સન**, પ્રો. **લાસેન**, પ્રો. **બર્ગીસ**, ડો. **ભગવાનલાલ ઇંદ્રજી**, ડો. **ભાઉદાજી** વિગેરેએ તેનાં ઉપર ઘણાં સંશોધનો કર્યાં છે.

મહાક્ષત્રપ **રૂદ્રદામા**ના રાજ્યઅમલમાં શક સં. ૭૨ ના માગશર વદિ ૧ પ્રતિપદાએ મુશળધાર વરસાદ વરસ્યો અને પુષ્કળ પાણી ભરાઈ જવાથી પાણીના ધક્કાને લીધે તળાવના બંધમાં ૪૨૦ હાથ લાંબું, ૪૨૦ હાથ પહોળું અને ૭૫ હાથ ઊંડું ગાબડુ પડી જવાથી તળાવ આખું ફુટી ગયું અને તેમાંનું બધું પાણી તે ગાબડા વાટે બહાર ચાલ્યું ગયું. છેવટે તે તળાવ ભયંકર જંગલ જેવું દેખાવમાં દુર્દર્શન થઈ ગયું.

આ વખતે આખા **આનર્ત** અને **સુરાષ્ટ્ર** પ્રાન્ત ઉપર સમ્રાટ્ **રૂદ્રદામા** તરફથી **પહ્લવ** જાતિના **કુલૈપ**નો પુત્ર **સુવિશાખ** સૂબા તરીકે અમલ ચલાવતો હતો તેણે મહાક્ષત્રપ **રૂદ્રદામા**ની આજ્ઞાથી તળાવને મજબૂત પાળા બંધાવ્યા, નાળાઓ મૂકાવ્યા, તેમાંથી નહેરો કાઢી, તળાવને ફરતા ઘાટો કર્યાં, અને પહેલાં હતું તેનાં કરતાં ત્રણગણું વિશાળ **સુદર્શન** સરોવર બંધાવી તેનો પુનરુદ્ધાર કરાવ્યો.

**સુદર્શન** તળાવના એ લોકકલ્યાણના કાર્યની અમર યાદમાં સૂબા **સુવિશાખે** આ શિલાલેખ કોતરાવ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ શિલાલેખમાં મહાક્ષત્રપ રૂદ્રદામા-એ પોતાની પૂર્વે થઈ ગયેલા મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત અને તેના પ્રાંતીય સૂબા વૈશ્ય પુષ્યગુપ્ત તથા મૌર્યસમ્રાટ્ અશોક અને તેના યવન સૂબા તુષારફ જેમણે આ સુદર્શન તળાવ અનુક્રમે બંધાવ્યું હતું અને તેમાંથી નહેરો બંધાવી સુશોભિત કર્યું હતું અર્થાત્ અનુક્રમે નિર્માણ કરતા અને નહેરો બંધાવનારના નામો પોતાના શિલાલેખમાં કોતરાવી પોતાના હ્રદયની વિશાળતા બતાવી છે.

**ખડકનું માપ–**

તે ખડક ગ્રેનાઈટના ખરબચડા પત્થરનો છે. તેનું circumference ઘેરાવો ૭૫ ફીટથી પણ વધારે છે. તે પોલાશંકુના આકારનો છે અને જમીનની સપાટીથી લગભગ બાર ફીટ ઊંચો છે.

**ખડક ઉપરના લેખો–**

તેની ઉપર કોતરાયલા કુલ ત્રણ શિલાલેખો છે, તે ત્રણે ખડકના જુદા જુદા ભાગમાં કોતરાયલા છે તેમાં—

(૧) અશોકના ચૌદ શાસનવાળો શિલાલેખ ખડકની ઉત્તર પૂર્વ દિશા-ઇશાન ખૂણામાં કોતરાયલો છે.

(૨) મહાક્ષત્રપ રૂદ્રદામાનો શિલાલેખ ખડકની ઉત્તર દિશામાં પશ્ચિમ તરફ છે.

(૩) સ્કંદગુપ્તનો શિલાલેખ નીચેના ભાગમાં દરવાજામાં પેસતાં સામે જ નજરે પડે છે.

**ખડકની દિશા–**

તે આખો ખડક એવી રીતે પડેલો છે કે તેમાં કોતરાયલો સમ્રાટ્ અશોકનો શિલાલેખ ગિરનાર પર્વતની સન્મુખ આવે છે એટલે કે પૂર્વદિશામાં છે અને મહાક્ષત્રપ રૂદ્રદામાનો શિલાલેખ; પશ્ચિમમાં અર્થાત્ જુનાગઢ શહેરના વાઘેશ્વરી દરવાજા તરફ ઉપરકોટ તરફ છે. અને તે દક્ષિણ તરફથી વાંચી શકાય છે. એ શિલાલેખ ( રૂદ્રદામાનો ) બીજી શતાબ્દિમાં કોતરાયાનું મંતવ્ય છે. તેની સાલ ઇ. સ. ૧૫૦ મનાય છે.

આ રૂદ્રદામાના શિલાલેખમાં ખડકની ૧૧ ફીટ ૫ ઇંચ જગ્યા પહોળાઈમાં અને ૫ ફીટ, ઈંચની જગ્યા ઉંચાઇમાં રોકાયલી છે.

શિલાલેખમાં નાની મોટી મળીને ૨૦ ( વીસ ) પંક્તિઓ છે. અલબત્ત તે પેરિગ્રાફના રૂપમાં નથી પણ તેનો સંબંધ જુદી જુદી પંક્તિઓમાં અવિચ્છિન્નપણે છે. તેની કોતરણી સાદી છે. તેના અક્ષરોની ઊંચાઇ સરેરાશ $\frac{7}{8}$ ઇંચ જેટલી છે એટલે કે અક્ષરો $\frac{7}{8}$ ઇંચ જેટલા માપના છે.

**ભાષા-શૈલિ ને લિપિ–**

લેખની ભાષા સંસ્કૃત છે. તેની શૈલી લલિત, ઓજસ્ભરી સુંદર ગદ્યમય છે.

લિપિ દક્ષિણની જૂની લિપિના મૂળાક્ષરોને મળતી છે એટલે મજકુર ખડક ઉપર સ્કંદગુપ્તના લેખની લિપિ છે તેને મળતી જ છે.

લેખ કુલ વીસ પંક્તિનો છે; પણ તેમાં છેવટના ભાગની ૪ પંક્તિઓ (૧૭–૨૦) જ સુરક્ષિત અને સ્પષ્ટ વાંચી શકાય તેવી છે. બાકીની ૧–૧૬ પંક્તિઓ એવી છે કે



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેની કોઈ ને કોઈ પંક્તિમાં કંઈ ન કંઈ ભાગ ઘસાઈ જવા પામ્યો છે. તેમાં કાંઈક ઈરાદાપૂર્વક, અજ્ઞાનતાથી કે મૂર્ખતાથી નુકશાન કરવામાં આવ્યું છે અને કંઈક લાંબોકાળ તેના ઉપર પસાર થઈ જવાથી ટાઢ તડકો ને વરસાદના કુદરતી ઘસારાથી ખડકની સપાટી ઘસાઈ જવાથી તે ભાગ ઉપરના અક્ષરો કે શબ્દો ઉકેલી શકાતા નથી.

એ વીસ લાઇનના શિલાલેખમાં કુલ ટોટલ ૧૯૦૦ ( ઓગણીસ સો ) સ્કવેર ઇંચ જગ્યા રોકાયલી છે. તેમાં વચ્ચે વચ્ચે અક્ષરો ઊડી ગયા હોય તેવી જગ્યા-missing portion-૨૭૫ (બસો પંચોતેર) ઈંચની ખાલી છે. અર્થાત્ આખા શિલાલેખની જગ્યાનો ૧/૭ હિસ્સો ચાલ્યો ગયેલો છે, ઉડી ગયેલો છે, ઉખડી ગયેલો છે. બાકીનો ભાગ જ્યાં ખડકની સપાટી એકસરખી છે ત્યાં સ્પષ્ટ વાંચી શકાય છે.

એ શિલાલેખનું આખું લખાણુ એક સરખી લાઈનોમાં નહીં પણ લાંબી ટુંકી લાઈનોમાં લખાયેલું છે. તેમાં કેટલીક પંક્તિઓની લંબાઈ, ખાસ ધ્યાન ખેંચે એવી છે. જેમકે—

શિલાલેખની પ્રથમ લાઇન ૫ ફીટ ૩ ઇંચ લાંબી છે
,, નવમી ,, ૧૧ ,, ૧ ,, ,,
,, ૧૧મી ,, ૯ ,, ૮ ,, ,,
,, ૧૭મી ,, ૫ ,, ૨ ,, ,,
,, ૨૦મી ,, ૨ ,, ૫ ,, ,,

આ આખો શિલાલેખ મહાક્ષત્રપ રૂદ્રદામાની પ્રશસ્તિ રૂપે છે અને ખાસ કરીને તે સુદર્શન તળાવના બાંધકામને લગતો છે. તે મહાક્ષત્રપ રૂદ્રદામાના આનર્ત ને સુરાષ્ટ્ર પ્રાંતના સૂબા–Governor-ચાર પહ્‌લવ જાતિના કુલૈપના પુત્ર સુવિશાખે કોતરાવેલો છે. તેની પંક્તિવાર હકીકત આ પ્રમાણે છે–

પંક્તિ ૧–૩–તળાવની તત્કાલીન ઉત્તમ સ્થિતિનું વર્ણન છે.

પંક્તિ ૩–૪–મહાક્ષત્રપ રાજા રૂદ્રદામા તેના પિતા ક્ષત્રપ જયદામા અને તેના પ્રપિતા મહાક્ષત્રપ ચષ્ટનના નામો તથા તે તળાવ તૂટ્યાની સાલ (૭૦+૨)છે. અલબત જયદામાનું નામ તેમાં ઊડી ગયું છે.

પંક્તિ ૪–૮—રૂદ્રદામાના સમયમાં શક સં. ૭૨ ના માગશર વદ ૧ મે અતિવૃષ્ટિના તોફાનથી તળાવમાં મોટું ૪૨૦×૪૨૦×૭૫ હાથનું ગાબડું પડયું; તળાવમાંથી પાણી બધું નીકળી ગયું ને તળાવ ખરાબ દેખાવવાળું થઇ ગયાનું વર્ણન છે.

પંક્તિ ૮–૯—મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તના ગવર્નર ×વૈશ્ય પુષ્યગુપ્તના વખતમાં તે તળાવ પ્રથમ વાર બંધાવ્યાની તથા સમ્રાટ અશોકના પ્રાંતીય સૂબા તુષાસ્ફે તેને નાળીઓ–નહેરો વિગેરેથી સુશોભિત કર્યાનું વર્ણન છે.

પંક્તિ ૯–૧૫–રાજા રૂદ્રદામાના કાર્યોનું, સ્વભાવનું, પરાક્રમ, જીતેલા પ્રદેશો, યૌધેયો પર વિજય, સાતકર્ણીને બે વખત હરાવ્યાનું, વિદ્યાભ્યાસંગ, શરીરબંધારણ, રાજકુંવરીઓના સ્વયંવરોમાં વરમાળા અને સ્વોપાર્જિત "મહાક્ષત્રપ" બિરુદ ધારણ કર્યાનું વર્ણન છે.

પંક્તિ ૧૬—તે તળાવને ફરી ત્રણગણું વિસ્તૃત બંધાવ્યું અને તેને વિશેષ પ્રકારે શોભિતું કર્યાનું વર્ણન છે.

× વૈશ્ય એ 'વરાહમિહિર'ના મતે પશ્ચિમ ભારતમાં વસનારી એક જાતિ હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પંક્તિ ૧૭-૧૮-તળાવ બંધાવ્યા પહેલાં પ્રધાનોની તળાવ બંધાવવા બાબતમાં અસમ્મતિ હોવાથી પ્રજામાં પ્રકટેલી નિરાશા ને હાહાકાર મચી જવાનો ઉલ્લેખ છે.

પંક્તિ ૧૯-૨૦-મહાક્ષત્રપ રૂદ્રદામાના પ્રાંતીય ગવર્નર પહ્લવજાતિના કુલૈપના પુત્ર સુવિશાખની દેખરેખમાં એ કામ થયાનું વર્ણન છે.

એ શિલાલેખમાંની જે પંક્તિઓમાં ક્ષત્રપ રાજાઓના નામો આવે છે તે નીચે પ્રમાણે છે.

પં. ૩ महाक्षत्रप શબ્દ કોતરાયલો છે.

પં ૪. स्वामिचष्टनस्य पौत्र...[ जयदाम्नः ] पुत्रस्य राज्ञो महाक्षत्रपस्य........रुद्रदाम्नः કોતરાયલું છે.

પં. ૧૫ महाक्षत्रप બિરુદ ધારણ કર્યાનો અને महाक्षत्रपेण रुद्रदाम्ना મહાક્ષત્રપ રૂદ્રદામાએ તળાવ બંધાવ્યાનો ઉલ્લેખ છે.

પં. ૧૭ महाक्षत्रप શબ્દ પડ્યો છે.

પંક્તિ ૧૯--રૂદ્રદામાના સૂબા સુવિશાખનું નામ છે.

ખાસ કરીને આ આખાય શિલાલેખમાં સુદર્શન તળાવની બનાવટ ને પુનરુદ્ધારની હકીકત વર્ણવી છે.

આ શિલાલેખ ભારતવર્ષના પ્રસિદ્ધ પ્રાચીન શિલાલેખોમાં શુદ્ધ સંસ્કૃતમાં લખાયલો આ સૌથી પ્રાચીન મોટો શિલાલેખ છે. આ પહેલાના ×શિલાલેખો બધા પ્રાકૃત ભાષામાં કે સંસ્કૃતમિશ્ર પ્રાકૃત ભાષામાં લખાયલા છે.

## मूल संस्कृतशिलालेख ।

१. सिद्धं [।।*] इदं तडाकं सुदर्शनं गिर् [इ] नगरादप् [इ]* दू [ऊ ?]रम[न् ?]त् [अ]..........[त्] इकोपलविस्तारायामोच्छ्रयनिःसंधिबद्धदृढसर्व्वपाळीकत्वात् पर्व्वतपा–

२. दप्रतिस्पर्द्धि-सुश्लिष् [ द ] अ [ ब ] [न्ध ?] म्................[व]जातेनाकृत्रिमेण सेतुबन्धेनोपपन्नं सुप्रतिविहितप्रणाळीपरी[व]ाह–

३. मीढविधानं च त्रिस्कन् [ ध ? ]...... .........नादिभिरनुग्रहैर्महत्युपचये वर्त्तते [ ।* ] तदिदं राज्ञो महाक्षत्रपस्य सुगृही–

४. तनाम्नः स्वामि–चष्टनस्य पौत्र........ः पुत्रस्य राज्ञो महाक्षत्रपस्य गुरुभिरभ्यस्तनाम्नो रुद्रदाम्नो वर्षे द्विसप्ततितम् [ए] ७० [+] २

५. मार्ग्गशीर्ष–बहुल–प्रत[इ]................ .......ः सृष्टवृष्टिना पर्ज्जन्येन एकार्णवभूतायामिव पृथिव्यां कृतायां गिरेरूर्जयतः सुवर्णसिकता—

६. पलाशिनीप्रभृतीनां नदीनां अतिमात्रोद्वृत्तैर्व्वेगैः सेतुम् [ अ ? ]............... ........[ य ]माणानुरूपप्रतीकारमपि गिरिशिखरतरुतटाट्टालकोपतल्पद्वारशरणोच्छ्र–

× એક સંસ્કૃત લેખ મથુરામાં યજ્ઞયૂપ ઉપર મળેલો છે પણ તે આની અપેક્ષાએ બહુ જ નાનો છે.

* अपिदूरं ને બદલે अविदूरं ( પાસે ) એવો પાઠ જોઈતો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

यविध्वंसिना युगनिधनसदृ—

७. श परमघोरवो (वे)गेन वायुना प्रमथि त-
सलिलविक्षिप्तजर्ज्जरीकृताव[दी ?]……
……[कृ]पू [इ]पाश्मवृक्षगुल्मलताप्रतानं
(म्) आ नदी[त) ला[द्] इत्युद्घाटितमा-
सीत् [। *] चत्वारि हस्तशतानि वी(विं)
शदुत्तराण्यायतेन एतावंत्येव विस्तीर्णेन

८. पंचसप्तति हस्तानवगाढेन भेदेन निस्सृत-
सर्व्वतोयं मरुधन्वकल्पमतिभृशं दुर्द्(द्)
अ………[सु]य्रर्थे मौर्यस्य राज्ञः चंद्रगु
[उ][प्त][स्][य्][र] आ-
ष्ट्रियेण [वू] ऐश्येन पुष्यगुप्तेन कारितं
अशोकस्य मौर्यस्य ते[न] यवनराजेन तु
षू [आ]स्फेनाधिष्ठाय

९. प्रणाळीभिरल[मृ]कृत[म]तत्कारितया च
राजानुरूपकृतविधानया तस्मि[न्]भेदे
दृष्ट्या प्रनाड्या विस[तृ]तसेतू [उ]……
णा आ गर्भात्प्रभृत्यविरसमुद्[इ][त][र्]
[आ]जलक्ष्मी-ध् [आर]णागुणतस्सर्व्ववं-
र्णैरभिगम्य रक्षणार्थं पतित्वे वृतेन आ
प्राणोच्छ्वासात्पुरुषवधनिवृत्तिकृत-

१०. सत्यप्रतिज्ञेन अन्यत्र संग्रामेष्वभिमुखाग-
तसदृशशत्रुप्रहरणवितरणत्वाविगुणरि[पु ?]
………तकारुण्येन स्वयमभिगतजनप-
दप्रणिपति [त् ?] आ[य][उ ?] षश-
रणदेन दस्युव्याळमृगरोगादिभिरनुपसृष्टपू-
र्वनगरनिगम-

११. जनपदानां स्ववीर्यार्जितानामनुरक्तसर्व-
प्रकृतीनां पूर्व्वापराकरावंत्यनूपनीवृदानर्त्त-
सुराष्ट्रश्व [भ्र]ग[म]रु[कच्]छ[स्]इ[न्]
धुसू[औ]वू [ई]रकुकुरापरांतनिषादादीनां
समग्राणां तत्प्रभावाद्[य्]अ…… र[थ]-
कामविषयाणा[म]विषयाणां पतिना सर्व्व
क्षत्राविष्कृत-

१२. वीरशब्दजातोत्सेकाविधेयानां यौधेया-
नां प्रसह्योत्सादकेन दक्षिणापथपतेस्सात-
कर्णेर्द्विरपि नी(नि)र्व्याजमवजी(जि)त्या-
वजी(जि)त्य संबंधाव् [इ]दूरया अनुत्सा-
दनात्प्राप्तयशसा मा[द् ?]……[प्त]
विजयेन भ्रष्टराजप्रतिष्ठापकेन यथार्थहस्तो-

१३. च्छ्रयार्जितोर्जितधर्मानुरागेण शब्दार्थ-
गान्धर्व्वन्यायाद्यानां विद्यानां महतीनां
पारणधारणविज्ञानप्रयोगावाप्तविपुलकी-
र्त्तिना तुरगगजरथचर्य्यासिचर्मनियुद्धाद्या
………[ति]परबललाघवसौष्ठवक्रियेण
अहरहर्दानमानान-

१४. वमानशीलेन स्थूललक्षेण यथावत्प्राप्तैर्ब-
लिशुल्कभागैः कनकरजतवज्रवैडूर्यरत्नो-
पचयविष्यन्दमानकोशेन स्फुटलघुमधुर-
चित्रकान्तशब्दसमयोदारालंकृतगद्यपद्य
……नप्रमाणमानोन्मानस्वरगतिवर्णा-
सारसत्वादिभिः

१५. परमलक्षणव्यंजनैरुपेतकान्तमूर्तिना स्व
यमधिगतमहाक्षत्रपनाम्ना नरेन्द्रकन्यास्व-
यंवरानेकमाल्यप्राप्तदाम्न् [आ] महाक्षत्र-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पेण रुद्रदाम्ना वर्षसहस्राय गोब्राह[म्] अ.......र्[त्थ]म् धर्म्मकीर्तिवृद्ध्यर्थं च अपीडयित् [वृ]आ करविष्टि–

१६. प्रणयक्रियाभिः पौरजानपदं जनं स्व- स्मात्कोशा[न्] महता धनौघेन अनति- महता च कालेन त्रिग् [उ]णदृढतरवि- स्तारायामं सेतुं विधा[य ?] [सू ?]र्[व्] वत [द्र ?]ए......[सु]उदर्शनतरं कारि- तमि [त] इ [ । * ] [ अ ? ] [सु] मिन्नर्थे

१७. महाक्षत्रप[स्]य मतिसचिवकर्मसचिवैर- मात्यगुणसमुद्युक्तैरप्यतिमहत्त्वाद् भेदस्या- नुत्साहविमुखमतिभि[ः] प्रत्यू [अ] ख्यातारंभ

१८. पुनः सेतुबन्धनैर[आ]श्याद् हाहाभूतासु प्रजासु इहाधिष्ठाने पौरजानपदजनानुग्र- हार्थं पार्थिवेन कृत्स्नानामानर्तसुराष्ट्रा- णां पालनार्थन्नियुक्तेन

१९. पह्लवेन कुलैपपुत्रेणामात्येन सुविशा- खेन यथावदर्थधर्मव्यवहारदर्शनैरनुराग- मभिवर्धयता शक्तेन दान्तेनाचपलेनावि- स्मितेनार्य्येणाहार्येण

२०. स्वधितिष्ठता धर्मकीर्त्तियशांसि भर्तुर- भिवर्द्धयतानुष्ठितमिति । (॥)

## ગુજરાતી અનુવાદ

પં. ૧. આ તળાવ **સુદર્શન** ( નામનું ) **ગિરિનાર** ( જુનાગઢ ) થી પણ દૂર....માટી પત્થરોની વિસ્તૃત લાંબી, ઉંચી સાંધા વગરની બધી મજબૂત પાળ્યો વડે બંધાયલો હોવાથી પર્વતના—

પં. ૨. ચરણની પ્રતિસ્પર્ધા કરનારાવાળા સુશ્લિષ્ટ....અકૃત્રિમ સેતુબંધથી મજબૂત સારા પ્રકારે બનેલી નહેરો, મોરીઓ,

પં. ૩. ગંદકી કાઢવાના રસ્તાઓથી યુક્ત ત્રણ સ્કન્ધવાળા....આદિ અનુગ્રહોથી ( અત્યારે ) બહુ સારી હાલતમાં છે. તે આ તળાવ **રાજા મહાક્ષત્રપ**, સુગૃહીતનામા

પં. ૪. **સ્વામી-ચષ્ટન**ના પૌત્ર....નો પુત્ર **રાજા મહાક્ષત્રપ**, વૃદ્ધ પુરુષો પણ જેના નામને જપ્યા કરે છે એવા **રૂદ્રદામાના** બહોંતેરમા ( ૭૦+૨ ) વર્ષના—

પં. ૫ **માગશર** માસના કૃષ્ણપ્રતિ.... મેઘના બહુ વરસવાથી પૃથ્વી એક સમુદ્ર માફક બની જવાથી **ઉર્જયત્** ( **ગિરનાર** ) પર્વતથી **સુવર્ણસિકતા**

પં. ૬. **પલાશિની** આદિ નદીઓના ખૂબ વધેલા વેગોથી સેતુ ( બાંધ )....અનુરૂપ અટકાવ કર્યો છતાં પણ **પહાડના** શિખરો વૃક્ષો, *કૈપતલ્પો, દરવાજા અને રક્ષણ લેવા માટે બનાવેલાં ઊંચાં સ્થાનોનો નાશ કરી દેવાવાળા, યુગપ્રલય જેવા.

પં. ૭. પરમ ઘોર વેગવાન વાયુદ્વારા મથાયલા પાણીથી ફેંકાયેલા અને જર્જર

* ઉપલામાળ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરાયેલા પત્થરો, વૃક્ષો, ઝાડીઓ, લતાઓના ફેંકાવાથી ઠેઠ નદીની તળેટી સુધી ( બંધ ) ઉખડી ગયો હતો. ( તેમાં ) ચારસો વીસ ( વીસ ઉપર ચારસો ) હાથ લાંબું, એટલુંજ ( ૪૨૦ ) પહોળું–

**પં. ૮.** પંચોતેર હાથ ઊંડું ગાબડું પડી જવાથી બધું પાણી નિકળી જવાને લીધે ( તે તળાવ ) રેતાળ જંગલની માફક અત્યંત દુર્દર્શન ( ખરાબ દેખાવવાળું )....( ૦ )....ને માટે **મૌર્યરાજા ચંદ્રગુપ્ત**ના રાષ્ટ્રીય-સૂબા **વૈશ્ય પુષ્યગુપ્તે** બનાવ્યું. **અશોક મૌર્યને** માટે **યવનરાજ તુષાસ્ફે** પોતાના અધિકારમાં.

**પં. ૯, ૧૦**–જેને નહેરોથી અલંકૃત-શોભાવ્યું હતું એવું અને તેની બનાવટમાં રાજાઓને યોગ્ય બધી ગોઠવણવાળું, એ ગાબડાની વચમાંથી દેખાતી નાળી–નહેરનો વિસ્તૃત બંધ....( ૦ )....ગર્ભથી લઇ અવિહત અને સમુદિત રાજ્યલક્ષ્મીના ધારણ કરવાના ગુણવાળા હોવાથી બધા વર્ણોએ પોતાના રક્ષણને માટે પતિ ( રાજા ) તરીકે ચૂંટાયલા હોવાથી, યુદ્ધ સિવાય મરતાં સુધી–આજીવન મનુષ્યવધ ન કરવાની દૃઢ પ્રતિજ્ઞાને ચરિતાર્થ કરી બતાવનારા, સામે આવેલા સમોવડીયા શત્રુને ઘા કરીને નકામા શત્રુઓ....કરૂણા ધારણ કરવાવાળા, પોતાને શરણે આવેલા જનપદ( દેશ )ને જીવન અને શરણ આપવાવાળા, બારવટીયા, સર્પ, જંગલીજંતુ, રોગ જેમને કદી સ્પર્શ્યા નથી એવા નગર, નિગમ—

**પં. ૧૧.** અને જનપદોની પોતાના બળથી પ્રાપ્ત, અનુરક્ત પ્રજાઓથી આબાદ, **પૂર્વાકર, પશ્ચિમાકર, અવન્તિ, અનૂપદેશ, આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરૂ, કચ્છ, સિન્ધુ-સૌવીર, કકુર, અપરાંત, નિષાદ** આદિ બધા પ્રદેશોનાં, જે તેના પ્રભાવથી ....અર્થ કામ વિષયોના સ્વામી બધા ક્ષત્રિયોમાં પ્રકટ કરેલી—

**પં. ૧૨** પોતાની વીર પદવીના કારણે અભિમાની થયેલા અને કોઇના પણ કાબૂમાં ન આવવાવાળા **યૌધેયોને** જબરજસ્તીથી ઉખાડી નાખવાવાળા, **દક્ષિણપથપતિ સાતકર્ણિને** બે વાર ખુલ્લી લડાઇમાં જીતવા છતાં નિકટનો સંબંધી હોવાથી પદભ્રષ્ટ ન કરીને યશ પ્રાપ્ત કરવાવાળા....વિજયી, પદભ્રષ્ટ રાજાઓને ફરી સ્થાપન કરવાવાળા, પોતાના હાથને યથાર્થ—

**પં. ૧૩.** રૂપે ×ઉઠાવીને ( સદા ન્યાયતત્પર રહેવાને કારણે ) દૃઢ ધર્માનુરાગના અર્જન કરવાવાળા શબ્દ ( વ્યાકરણ ) અર્થ ( અર્થશાસ્ત્ર ) ગાંધર્વ ( સંગીત ) ન્યાય ( તર્કશાસ્ત્ર ) આદિ મહાવિદ્યાઓનું પારણ ( પારંગત થવા ) ધારણ ( સ્મરણ ) વિજ્ઞાન ( સમજવા ) અને પ્રયોગથી વિપુલ કીર્તિ પ્રાપ્ત કરવાવાળા, ઘોડા, હાથી, રથ ચલાવવામાં તરવાર ઢાલના યુદ્ધ આદિમાં અત્યંત બળ, સ્ફૂર્તિ, સફાઇ બતાવવાવાળા, દિનપ્રતિદિન દાન, માન કરવા તથા અનુચિત વર્તાવથી દૂર રહેવાવાળા—

**પં. ૧૪.** સ્થૂળ લક્ષ્યવાળા, ઉચિતરૂપે મેળવેલી બલિ ( વિઘોટી ) શુલ્ક ( જગાત )

× તે વખતમાં રાજા પોતાનો હાથ ઊંચો કરી ન્યાયનો નિર્ણય ruling આપતા હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને ભાગ ( રાજ્યનો હક્ક–કર ) માંથી સોના, ચાંદી, વજ્ર, વૈડુર્ય, રત્નોના ઢગલાઓથી ભરપૂર ભંડારવાળા, સ્ફુટ, લઘુ, મધુર, વિચિત્ર, કાંત શબ્દ સંકેતોવડે ઉદાર અલંકૃત, ગદ્ય પદ્ય ...લંબાઇ, પહોળાઈ, ઊંચાઈ ( સમચતુરસ્ર ) સ્વર, ચાલ, રંગ, સાર, બળ આદિ—


પં. ૧૫–૧૬. ઉત્તમ લક્ષણો અને વ્યંજનોથી યુકત, કાંતમૂર્તિવાળા, સ્વયંપ્રાપ્ત ( પોતે મેળવેલુ ) **મહાક્ષત્રપ** નામધારી, રાજકન્યાઓનાં સ્વયંવરોમાં અનેક વરમાળાને ધારણ કરનારા, **મહાક્ષત્રપ રૂદ્રદામાએ** હજારો વર્ષને માટે ગોબ્રાહ્મણ...ને માટે અને ધર્મ તથા કીર્તિની વૃદ્ધિને માટે પૌર, જાનપદ જનને ( દેશના લોકોને ) કર વિષ્ટિ (વેઠ) પ્રણય (=પ્રેમ ભેટ–નજરાણા) આદિથી પીડિત કર્યા વગર, પોતાના જ ભંડારમાંથી પુષ્કળ ધન વાપરીને થોડાજ વખતમાં ( પહેલાંથી પણ ) ત્રણગણો મજબૂત અને લંબાઈ પહોળાઇવાળો બંધ બંધાવીને બધી તરફથી પહેલાં કરતાં પણ ( તળાવને ) સુદર્શનતર–અધિક સુંદર કરી દીધું.

પં. ૧૭. **મહાક્ષત્રપના** મતિસચિવ ( સલાહકારક મંત્રીઓ ) અને કર્મસચિવો ( કાર્યકારી પ્રધાનો ) જે બધા અમાત્યગુણોથી યુકત હતા તો પણ–ની, ગાબડું બહુ મોટું હોવાથી આ ( તેને ફરી બંધાવવા ) બાબતમાં અનુત્સાહને કારણે સમ્મતિ હતી નહીં; પ્રથમમાં તેમનો વિરોધ હોવાથી––

પં. ૧૮. ફરીને બંધ બંધાવાની આશા ન રહેવાથી, પ્રજામાં હાહાકાર મચી જવાથી આ સ્થાનમાં પૌર જાનપદના અનુગ્રહને માટે, સમસ્ત **આનર્ત** ને **સુરાષ્ટ્ર**ના પાલન માટે રાજા તરફથી નિયુકત––

પં. ૧૯. પહ્લવજાતિના કુલૈપના પુત્ર–અર્થ, ધર્મ ને વ્યવહારને સારી રીતે જાણવાવાળા, ( પ્રજાનો ) અનુરાગ વધારવાવાળા, શાંત, દાંત ( સંયમી ), અચપલ, અવિસ્મિત (અનભિમાની) આર્ય, અડગ, ( લાંચ ન લેવાવાળા ) અમાત્ય **સુવિશાખે**, સારી રીતે શાસન કરતાં કરતાં––

પં. ૨૦. પોતાના ભર્તા ( સ્વામી–રાજા ) ની ધર્મ, કીર્તિ, ને યશની વૃદ્ધિ કરતાં કરતા બંધાવ્યો. ॥ ઇતિ ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ખંડ સાતમો

## પ્રકરણ ૧લું

### ભાગ્ય પરીક્ષા


મહારાજા ગર્દભીલના પતનને અંગે મહારાણી મદનસેનાએ વીર નિર્વાણ ૪૫૩માં લગભગ સાત આઠ માસના શિશુકુમાર વિક્રમને લઇ રાજ્યપુરોહિતની મદદથી અને શ્રી કાલિકાચાર્યજીની સલાહથી પોતાને પિયેર ધારાનગર તરફ પ્રયાણ કર્યું. ધારાનરેશ તરફથી મહારાણી મદનસેનાની દરેક જાતની સગવડતાઓ સચવાઈ પરંતુ રાજપુત્ર વિક્રમાદિત્યના ભવિષ્યનો વિચાર કરી જેના નસીબમાં ચક્રવર્ત્તી તુલ્ય રાજ્યગાદી લખાએલ છે એવા પ્રભાવશાળી પુત્રના ઉદય અર્થે મહારાણી મદનસેનાએ રાજ્યપુરોહિત જે દક્ષિણના પ્રતિષ્ઠાનપૂર અથવા પૈઠણમાં રહેતો હતો તે તરફ દૃષ્ટિપાત કર્યો.

રાજ્યપુરોહિતને માનપૂર્વક ધારાનગરમાં બોલાવી મંગાવવામાં આવ્યો. વિક્રમ શિક્ષણ લાયક થતાં સુધીમાં મહારાણીએ ધારાવાસ, આનંદપુર અને ત્રંબાવટી વિગેરે સ્થળોએ રહી વિક્રમનો ઉછેર ઘણી જ સારી રીતે કર્યો. વિક્રમકુમાર આઠેક વર્ષની ઉંમરનો થતાં પૈઠણપુરમાં રાજ્યપુરોહિતને ત્યાં શિક્ષણાર્થે મોકલવામાં આવ્યો. રાજશાસ્ત્રીને ત્યાં નિયમિત રાજ્યકુમારો શિક્ષણ લઈ રહ્યા હતા, જેમાં વિક્રમાદિત્ય ભળ્યો. વિનયી વિક્રમકુમારે સુશ્રુષા અને વિવેક સાચવી પુરોહિતની પ્રસન્નતા પ્રાપ્ત કરી.

ક્ષાત્રતેજ ને તીવ્ર બુદ્ધિના પ્રતાપે વિક્રમની છાપ સર્વ વિદ્યાર્થીઓમાં સુંદર પડી. રાજપુરોહિતને પણ થયું કે આ શિષ્ય કોઈ અજબ પાણીવાળો છે. તેના પ્રત્યે તેમણે સવિશેષ લક્ષ આપવા માંડયું અને ઉચ્ચ કોટિના સદ્‌ગુણો ને સંસ્કારોનો તેનામાં વાસ થાય તેવા સર્વ પ્રયત્નો કર્યાં. ધીમે ધીમે વિક્રમ સર્વ કળાઓમાં પારંગત થયો. પુરોહિતના પુત્ર ભટ્ટમાત્ર સાથે તેને ગાઢ મિત્રાચારી થઇ.

અભ્યાસ પૂર્ણ થતાં તેનું ચિત્ત ભવ્ય મનોરથો ઘડવા લાગ્યું, પણ મનોરથ કરવા માત્રથી પ્રાપ્તિ થતી નથી. તેને થયું કે 'ભાગ્યપરીક્ષા'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




અવંતિના પ્રજાસત્તાકના અધિષ્ઠાતા તરીકે બલમિત્રને
રાજ્યતિલક કરવામાં આવે છે. ( પૃ. ૮૪ )



રોહણાચલે વિક્રમનું આગમન ને મિત્ર ભટ્ટમાત્રની યુક્તિ ( પૃ. ૧૧૩ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



વિક્રમનું અગ્નિવૈતાલ દેવને પ્રસન્ન કરવું. ( પૃ. ૧૧૪ )



વૈતાલદેવ ને વિક્રમનું મિલન. ( પૃ. ૧૧૪ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરવી અને તેનો નિર્ણય થતાં બંને મિત્રો ગુપ્ત રીતે ચાલી નીકળ્યા.

પ્રતિષ્ઠાનપુરથી નીકળેલ બંને લંકા સુધી પહોંચ્યા, જ્યાં અનેક રત્નોની ખાણોથી વિભૂષિત રોહણાચલ નામનો પર્વત આવેલો હતો.

આ પર્વતની તળેટીમાં પ્રવર નામના નગરમાં કુંભારને ત્યાં બંને જણાએ વાસ કર્યો. આ કુંભારને ભાગ્યશાળી રાજ્યકુમાર પ્રત્યે કુદરતી પ્રેમ ઉત્પન્ન થયો અને તેઓનું સારું સ્વાગત કર્યું.

પ્રભાતના પહોરમાં કુંભાર પાસેથી એક કોદાળી મેળવી, ઇષ્ટદેવનું સ્મરણ કરી બંને મિત્રો પર્વતની તળેટીમાં પહોંચ્યાં. વિક્રમની ટેકને જાણનાર ભટ્ટ માત્રને ખાત્રી હતી કે-વિક્રમ પાસે દીનતા કરાવવી અશક્ય છે, છતાં મનમાં અનેક જાતના તર્કો બાંધી કોદાળી વિગેરેના સાધનો સહિત તેઓ રોહણાચલ પર્વત પર આવી પહોંચ્યા.

અહીં ભટ્ટ માત્રે ચાણાક્ય બુદ્ધિનો ઉપયોગ કર્યો અને વિક્રમને જણાવ્યું કે "હે કુમાર! અવન્તીથી આવેલ એક વટેમાર્ગુને તમારી માતાની કુશળતા પૂછતાં તેણે તમારી માતાના મરણના સમાચાર આપ્યા છે." તપાવેલી વજ્રની સોય સરખા મિત્રના વચનો સાંભળી, અત્યંત દુઃખી બનેલા વિક્રમે "હા દૈવ" એવો શોકજનક ને દીનતાભર્યો ધ્વનિ કરી પોતાના હાથમાં રહેલી કોદાળી જોસથી ફેંકી દીધી. આ કોદાળીની અણીથી જે જમીન ખોદાણી તેમાંથી સવા લાખની કીંમતનું ચળકતું રત્ન નીકળ્યું.

ભટ્ટમાત્રે એ રત્ન ઉપાડી લીધું અને વિક્રમની સાથે કુંભારના ગૃહે પાછા આવ્યા. પછી વિક્રમના શોકને દૂર કરવા ખાણમાંથી રત્નો કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે તેનું વૃત્તાંત જણાવી, તેની માતા જીવતી હોવાના સમાચાર સંભળાવ્યા.

ભટમાત્રનું આવું લોભીપણું જોઈ ક્રોધથી તેના હાથમાંથી તે રત્ન વિક્રમે ઝુંટવી લીધું અને ખાણ તરફ પાછો આવી ખાણના અધિષ્ઠાયક દેવને સંબોધી કહ્યું કે—

"દીન માણસોની દરિદ્રતારૂપ ઘાને રૂઝવનાર રોહણગિરિ તને ધિક્કાર હો! કારણ કે યાચકોને "હા દૈવ" એમ બોલ્યા પછી જ તું રત્ન આપે છે.

આ પ્રમાણે બોલીને રત્ન ગિરિને પાછું આપી દઈ તે અનેક દેશાંતરોમાં થઈ ફરતો ફરતો અવન્તીના પાદરે આવી પહોંચ્યો.

પૂર્વ પ્રકરણોમાં જણાવી ગયા તે મુજબ પડહ સ્વીકારનાર તે અન્ય કોઇ નહીં પણ રાજપુત્ર વિક્રમ જ હતો.

રાજ્યતિલક સમયે દીર્ઘદૃષ્ટિવાળા પ્રધાનોએ આ નૂતન રાજવીને જણાવ્યું કે—"હે રાજન્! કોઈ પ્રબળ સુર કે અસુર આ ગાદી સ્વીકારનાર દરેક વ્યક્તિનો સંહાર કરે છે. અને રાજા ન મળે તો તે દેશને પાયમાલ કરવાની ધમકી આપે છે. હે વીર પુરુષ! ઉચ્ચ કોટીના લક્ષણો અને તમારી લાવણ્યતામય આકૃતિ જોતાં અમોએ રાજ્યાસન ઉપર આપને બિરાજમાન કર્યા પછી આપના જેવા ભાગ્યાત્માના જીવન રક્ષણાર્થે ઉપયોગી એવી માહિતી



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજે આપને જણાવી છે. હવે તેના અંગે યોગ્ય ઉપાય આપ કરી શકો છો.”

ચાણાક્ય બુદ્ધિવંત રાજ્યપુત્રે અસુરી માયાને વશ કરવા માટે તેજ દિવસે અનેક જાતના સુવાસિત ખાદ્ય પદાર્થો તૈયાર કરાવી, સાંજના સમયે રાજ્યમહેલના ઉપલા મજલામાં જ્યાં મહારાજાનું વિલાસભુવન હતું ત્યાં ઘણી જ સુંદર રીતે ગોઠવ્યા. આ વિલાસભુવનમાં સોનાની સાંકળથી ઝૂલતા રત્નજડિત પલંગ પર મુલાયમ સુંદર આસન ગોઠવી, કેટલાએક અંગરક્ષકો સાથે વીંટળાઈ, ધૈર્યશાલી વીર વિક્રમકુમાર હાથમાં તલવાર રાખી, ભુવનના એક થાંભલા નજદીક દીવાની ઓથમાં ઊભો ઊભો તે ચારે દિશાએ જોવા લાગ્યો. રત્નજડિત સુવર્ણદીપિકાઓમાં ઉત્તમ પ્રકારના અત્તરોની વાટો રાજ્યમહેલને મઘમઘિત કરી રહી છે. બરોબર મધ્યરાત્રિના સમયે એક બારીમાંથી ધૂમાડો, પછી જ્વાલા અને છેવટે યમરાજાના જેવા ભયંકર વેતાળને આવતો વિક્રમે જોયો.

આ વેતાળનું પેટ ભૂખથી ઊંડું ઊતરી ગયું હતું. ઘણા લાંબા સમયે આ પ્રમાણેની ખાદ્યસામગ્રી જોઈ વેતાલે ઉપરોક્ત પદાર્થોમાંથી ઘણાખરાનો સદુપયોગ કર્યો. આ પ્રમાણે ઘણા દિવસની ભૂખ ભાંગવાથી સંતુષ્ટ બનેલા વૈતાલે સુવર્ણ હિંડાળે બેસી રાખવામાં આવેલા ફળોનું પણ આરોગન કર્યું.

મહારાજા વિક્રમ વૈતાલની ચેષ્ટાઓનું પૂરેપૂરું નિરીક્ષણ કરી રહ્યો હતો. આ બાજુ પલંગ ઉપર ઝૂલતા વૈતાલે ચારે તરફ દૃષ્ટિ ફેરવી, તો એક થાંભલા નજદીક મુગટધારી રાજવીને પોતાની સન્મુખ નિર્ભયતાથી ઊભેલો જોયો. તરત તેને ખાત્રી થઈ કે-આ રાજવીની સૂચના મુજબ આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી જણાય છે. એટલે તેની દીર્ઘદૃષ્ટિ અને બુદ્ધિપ્રતિભાથી તુષ્ટ બનેલા વૈતાલે પ્રેમથી વિક્રમને નજદીક બોલાવી, તેનો હાથ ઝાલી પોતાની પાસે બેસાડ્યો.

પછી વૈતાલે વિક્રમને કહ્યું કે-“હે રાજવી! હું અગ્નિવૈતાલ નામનો દેવ, દેવોના રાજા ઇન્દ્રનો પ્રસિદ્ધ પ્રતિહારી છું. નિયમિત યથેચ્છ ભોજનના અભાવે આ રાજ્યમહેલમાં રોજ એક રાજવીને હું મારતો હતો. તારા જેવા બુદ્ધિશાળીએ મારી સાચી ભૂખ સમજી, મને ભક્તિથી પ્રસન્ન કરી મને મિત્ર બનાવ્યો છે. હું તારા આ વર્તનથી અતીવ પ્રસન્ન થયો છું તો તને આજથી મારું અભયદાન છે. આજથી આ ગાદી મેં તને અર્પણ કરી છે. પણ તેના બદલામાં તારે મને આવા ભવ્ય ભોજનો નિયમિત આપવા.” આટલું કહીને વૈતાલ જેવી રીતે આવ્યો હતો તેમ પુનઃ ચાલ્યો ગયો.

બીજે દિવસે ખાસ રાજ્યદરબાર ભરવામાં આવ્યો જેમાં અવન્તીની પ્રજાને અમાત્ય તરફથી જણાવવામાં આવ્યું કે-આ મહાન ભાગ્યશાલી પુરુષ અન્ય કોઈ નહિ, પરન્તુ સ્વ. મહારાજા ગંધર્વસેનના સુપુત્ર વિક્રમ છે, કે જેમણે ગઈ કાલે એક અજાણ્યા પ્રજાજન તરીકે પડહ સ્વીકારી, રાત્રિના વેતાલદેવને વશ કરી અવંતીના રાજ્યસિંહાસનની ભાગ્યબળે પ્રાપ્તિ કરી છે.

આ પ્રમાણે વીર નિર્વાણ ૪૭૦ માં મહારાજા વિક્રમને અવન્તીની ગાદી પ્રાપ્ત થઈ અને વૈતાલની પ્રસન્નતા પ્રાપ્ત થવાથી પોતાનું જીવન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એક વિજયી અને દાનવીર સમ્રાટ્ તરીકે શરૂ કર્યું.

× × ×

એક દિવસ મહારાજા વિક્રમે પ્રસન્ન થએલ વૈતાલને પૂછયું કે "હે મિત્ર! મારું આયુષ્ય કેટલું છે?" ત્યારે વૈતાલે કહ્યું કે–"તે વસ્તુ હું જાણતો નથી, માટે મારા સ્વામીને પૂછીને હું તમોને જણાવીશ." બીજી રાત્રે ફરી તે બંને મળ્યા ત્યારે વતાલે જણાવ્યું કે "મહેન્દ્રે તમારું આયુષ્ય સંપૂર્ણ ૧૦૦ વર્ષનું છે એમ જણાવ્યું છે." વિક્રમે કહ્યું કે "હે પરમ મિત્ર! મારા આયુષ્યમાંથી એક વર્ષનો વધારો યા ઘટાડો મહેન્દ્ર પાસે કરાવી આપો." રાજાની આજીજી-ભરી અરજથી વૈતાલ મહેન્દ્ર પાસે આવ્યો અને વિક્રમની માગણી સંબંધી પૃચ્છા કરી ત્યારે મહેન્દ્રે જણાવ્યું કે–"મારાથી આયુષ્યના નિર્માણમાં એક ક્ષણનો પણ ફેરફાર થઇ શકે એમ નથી." અગ્નિ વૈતાલ પાસેથી આવા પ્રકારનો ખુલાસો જાણી વીર વિક્રમે મનમાં નિર્ણય કર્યો કે–મારા આયુષ્યના એકસો વર્ષમાં કોઇ પણ વધઘટ કરી શકે તેમ નથી, તો પછી શા માટે મારે હંમેશને માટે વેતાલની ભોજ-નાદિકના પ્રબંધની ચિંતા ભોગવવી? બીજા જ દિવસથી વેતાલના ભોજનાદિકના પ્રબંધનો નિષેધ ફરમાવવામાં આવ્યો.

વિક્રમ રાત્રિના સમયે સજ્જ થઇને રહ્યો અને પોતાના સાહસિકપણાની પરીક્ષા કરવા નિર્ણય કર્યો. વૈતાલે જોયું તો હમેશના ક્રમને બદલે કંઇપણ ન મળે. તે અત્યંત ક્રુદ્ધ બન્યો અને જેવામાં વિક્રમને જોયો કે તેના પર તૂટી પડયો. પણ વિક્રમના પરાક્રમ પાસે તેને પરા-જિત થવું પડયું.

બન્ને વચ્ચે તુમુલ દ્વંદ્વ યુદ્ધ થયું. બંને મહારથી ને સાહસિક હતા. વૈતાલ દૈવતાઈ શક્તિવાળો હતો તો વિક્રમ પણ તેનાથી ગાંજ્યો જાય તેમ ન હતો. અખૂટ ધીરજ ને ભાગ્યબળે વિક્રમે વેતાલને પરાસ્ત કર્યો. પરાજિત થયેલા વેતાલે વિક્રમને સદૈવ સહાય કરવાની કબુલાત આપી.

અગ્નિ વૈતાલને અંગેની આ જાતની કથા સરિત્સાગરમાં પણ આપવામાં આવી છે, જયાં વૈતાલનું નામ અગ્નિશિખ આપવામાં આવ્યું છે. તેજ માફક ક્ષેમંકરરચિત જૈન સિંહાસન–દ્વાત્રિંશિકાના આરંભમાં પણ આ કથા આપ-વામાં આવી છે.

× × ×

મહારાજા વિક્રમે તાબે થએલ વૈતાલદ્વારા ચારે દિશાના રાજવીઓને દબાવી અવન્તીનું રાજ્ય નિષ્કંટક બનાવવાનું કાર્ય હાથમાં લીધું. પ્રથમ અવન્તીથી માંડી પશ્ચિમોત્તર પ્રદેશોમાં સૌરાષ્ટ્ર સુધીના રાજવીઓ તેમજ છન્નુ શક રાજાઓના મંડળોને તાબે કરી ખંડીયા બનાવ્યા. અને સૌરાષ્ટ્ર ઉપર વિક્રમે પોતાની સત્તા જમાવી. અવન્તીની આણ પૂર્વવત ચારે દિશામાં વર્તવા લાગી અને વિક્રમે એકચક્રી રાજ્ય શરૂ કર્યું.

અખૂટ ધનભંડાર, સુવ્યવસ્થિત રાજ્ય-વહિવટ અને પોતાના બાહુબળે વિક્રમે પોતાની કીર્તિ ચારે દિશાએ પ્રસરાવી. સૌરાષ્ટ્રની પ્રજાએ પણ મહારાજા વિક્રમના પરાક્રમની ખુશાલીમાં તેનો વિજયોત્સવ ઉજવી, મહારાજાને અપૂર્વ માન આપ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ બીજું

### શ્રી સિદ્ધસેનસૂરિનો સંસર્ગ ને ઋણમુક્તિ


પૂર્વાર્દ્ધ ખંડમાં બતાવ્યા પ્રમાણે મહારાજા વિક્રમાદિત્યને વીર નિર્વાણ ૪૭૦ માં રાજયગાદીની પ્રાપ્તિ થઈ. લગભગ પાંચેક વર્ષના રાજયસંચાલનમાં એક સંસ્કારી રાજવી તરીકે અવન્તીનું રાજય પ્રજાના સહકાર અને ધારાસભાની નીતિથી ચલાવ્યું કે તેની અસર માલવની પ્રજા ઉપર ઘણી જ સારી થઈ. માલવ પ્રજાને જોઇતો શૂરવીર, સ્વાભિમાની અને આર્યાવર્ત્તની અવિચલ ટેકને સાચવનારો રાજવી કુદરતી સંજોગોમાં પ્રાપ્ત થતાં માલવની પ્રજાએ છૂટકારાનો દમ ખેંચ્યો. માલવની લડાયક પ્રજાએ અવન્તી પ્રત્યે પોતાની વફાદારી દાખવવામાં જરાયે કચાસ ન રાખી. મહારાજા વિક્રમાદિત્યે બાલસખા ભટ્ટમાત્રની મિત્રતાની કદર કરતાં અમાત્યની પદવી અર્પણ કરી હતી અને યોગ્ય વર્ષાસન બાંધી આપી ગુરુઋણ ઓછું કર્યું.

પ્રતિષ્ઠાનપુરના સમર્થ દેવઋષિ નામના વયોવૃદ્ધ પુરોહિતને પંડિતશિરોમણિ સિદ્ધસેન નામે ચતુર અને શક્તિશાળી પુત્ર હતો. આ સિદ્ધસેન શાસ્ત્રપારંગત અને પ્રખર તર્કશાળી હોવાથી વાદવિવાદ કરવામાં તેણે ઘણી જ સારી નામના પ્રાપ્ત કરી હતી. તેમની તર્કશક્તિ અદ્ભુત હતી. સિદ્ધસેન સાથેના વાદમાં મોટા મોટા પંડિતો પણ હારી ગયા હતા. આથી સિદ્ધસેનને વિદ્યાનો અહંકાર થયો. અને તેને એમ જ થયું કે મારા જેવો સમર્થ પંડિત વિશ્વમાં અન્ય નથી.

જેને જ્ઞાનનું અજીર્ણ થયું છે અને વિદ્યાની ખુમારી ચઢી છે એવા સિદ્ધસેન દિવાકરે પોતાનું મહત્ત્વ દર્શાવવા દેશાટન શરૂ કર્યું. આ અહંકારી પંડિતે વિચિત્રતાભર્યો વેષ ગ્રહણ કરી, એક દિવસ વિક્રમના દરબારમાં આવી પોતાનો મત દર્શાવ્યો. સિદ્ધસેનજીએ એક ખભે લાંબી નીસરણી ભરાવી અને બીજે ખભે માછીની જાળ બાંધી, એક હાથમાં કોદાળી રાખી અને બીજા હાથમાં ખડનો પુળો લીધો.


કર્ણાટકના રાજાએ તેના આવા વિચિત્ર વેષનું કારણ પૂછતાં તેણે જવાબ આપ્યો કે-હું એટલી બધી વિદ્યા ભણ્યો છું કે તેના બોજાથી મારું પેટ ફાટી ન જાય તે હેતુથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com





મહારાજા વિક્રમનો વિજયોત્સવ. ( પૃ. ૧૧૫ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



મહારાજા વિક્રમને શ્રી સિદ્ધસેનસૂરિ "ધર્મલાભ" જણાવે છે. (પૃ. ૧૧૯)



સુવર્ણપુરુષની પ્રાપ્તિથી મહારાજા વિક્રમ અવંતીને ઋણમુક્ત કરે છે. (પૃ. ૧૨૦)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેટે પાટા બાંધું છું. કોઈ સાથે વાદ કરતાં હારવાના ભયથી કદાચ તે વાદ કરનારો ઊંચે ચઢી જાય તો તેને નીચે લાવવા આ નીસરણી રાખી છે. કદી જળમાં ડૂબકી મારે તેને જળથી ખેંચી કાઢવાની હું યુક્તિ ધરાવું છું. અને તેથી પણ મારી સાથે વાદ કરનારો જમીનમાં પેસી જાય તો તેને આ કોદાળીથી બહાર કાઢી શકું છું. હારીને નમ્ર બની જાય તો આ પુળામાંથી ખડનું તરણું ખેંચી કાઢી તેના મુખમાં લેવરાવું છું. હે રાજન! આ માટે મેં આ જાતનો વેષ ધારણ કર્યો છે.

કર્ણાટકના નરેશને વિચિત્ર વેષધારી પંડિતથી અચંબો થયો છતાં કર્ણાટકના વિદ્વાન પંડિતો સાથે સિદ્ધસેનને વાદમાં ઉતાર્યો, જેમાં સિદ્ધસેન જીત્યા. ત્યારપછી મહારાષ્ટ્ર, મગધ, કાશ્મીર, ગૌડ વિગેરે દેશોમાં સિદ્ધસેન ફરી વળ્યા પણ તેમની સાથે હોડ કરવામાં કોઇ ટકી શકયું નહિ.

ઉત્તર ભારતની મુસાફરીમાં અનેક પંડિતો-ને જીતતાં કૌસંબીની રાજ્યસભામાં એમના માથાનો એક પંડિત મળ્યો તેણે કહ્યું કે-"હે વાદી સિદ્ધસેનજી! આપને સાચો જ વાદ કરવો હોય તો આપ નરકેશરી પાસે જાઓ. આપને અત્યારસુધીમાં પ્રાપ્ત થએલ વાદીઓ બકરાં તુલ્ય જ હતા. અને અત્યારસુધી તમે બકરાઓ સાથે જ બાથ ભીડી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. તમોએ હજુ નર-સિંહની બોડમાં હાથ નાંખ્યો જ નથી. હે અભિમાની પંડિતજી! મણિધરને માથેથી મણિ લેવો સહેલો છે પરન્તુ તે નરકેશરીને જીતવા મુશ્કેલ છે. આ નરસિંહ જેવા પંડિત ભરૂચમાં વૃદ્ધ વાદીના નામે પ્રસિદ્ધિને પામેલ સમર્થ જૈનાચાર્ય છે. તેઓએ આપના જેવા સેંકડો વાદીઓનો અભિમાનનો પારો નીચે ઉતારી વિજયની પ્રાપ્તિ કરી છે. તેઓ પણ સંસારી અવસ્થામાં બ્રાહ્મણકુળમાં જન્મેલ હતા પણ તતપશ્ચાત્ સાચા માર્ગનું અન્વેષણ કરતાં જૈનધર્મી બન્યા. આચાર્ય બન્યા બાદ જૈન-ધર્મીના તત્ત્વાનુસાર જે જે વાદીઓ તેમની સાથે વાદ કરવા ગયા છે તેમને તેઓએ પોતાના શિષ્ય બનાવ્યા છે. આવા સૂરીશ્વરને આપ જીતો ત્યારે જ આપ ખરા વાદી ગણાઓ. બાકી તો આપનું મિથ્યાભિમાનીપણું છે.

આ પ્રમાણેનું કૌશંબીના રાજ્યદરબારે પોતાના અભિમાનનું ખંડન થતું જોઇ સ્વ-માનના રક્ષણાર્થે ક્રોધિત બનેલ સિદ્ધસેનજીએ પોતાના પ્રતિસ્પર્ધીને જણાવ્યું કે-હું સિદ્ધસેન ત્યારે જ ખરો કે જયારે અહીંથી જઈ વૃદ્ધ-વાદીને હરાવું. તરત જ ત્વરિત ગતિએ સિદ્ધસેનજી ભરૂચ આવી પહોંચ્યા પણ જે દિવસે તેઓ ભરૂચમાં આવ્યા તે દિવસે તેમને સમાચાર મળ્યા કે વૃદ્ધ વાદી સૂરીશ્વરજી આજે જ અહીંથી વિહાર કરી ગયા છે. અભિમાની સિદ્ધસેનને તો વાદ કરવાની જ ધૂન મગજમાં હતી એટલે ઘડીનો પણ વિલંબ કર્યો વિના તેઓ 'હમણાં જ તેઓને પકડી પાડીશ' એમ વિચારી તરત જ તેમની પાછળ ચાલી નીકળ્યા. તેમનો ભેટો વૃદ્ધવાદી સૂરી-શ્વરજી સાથે એક જંગલમાં થયો.

વૃદ્ધવાદીએ તેમને ઉપદેશ દેવો શરૂ કર્યો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેના જવાબમાં સિદ્ધસેને ચીઢાઇને કહ્યું કે–હે મહારાજ! હું ઉપદેશ સાંભળવા નથી આવ્યો પરન્તુ વાદ કરવા આવ્યો છું. હું વાદી વિજેતા સિદ્ધસેન છું, જેના નામ માત્રથી, સિંહ ગર્જનાથી જેમ મૃગલાઓ નાસે તેમ વાદીઓ સંતાઇ જાય છે. હું આપને છોડું તેમ નથી. કાં તો હાર કબૂલ કરો અથવા મને જીતી સ્વશિષ્ય બનાવો.

વિચક્ષણ વૃદ્ધવાદી સમજી ગયા કે સિદ્ધસેનને વિદ્યાનું અજીર્ણ થયું છે. લક્ષણશાસ્ત્રના જાણકાર વાદી સૂરિને સિદ્ધસેનને જોતાં ખાત્રી થઈ કે આ મહાપુરુષ મહાન પ્રભાવશાળી છે. અને તેને જો શાંતિથી યોગ્ય રીતે દોરવવામાં આવે તો મહાન શાસનપ્રભાવક બને. એટલે સિદ્ધસેનને શાંત પાડતાં તેમણે કહ્યું કે–હે ભાઇ! વાદ કરવાની મારી ના નથી પરન્તુ ન્યાય તોલનાર તો કોઇ પંચ જોઇએ ને! માટે પંચ નક્કી કરો.

સિદ્ધસેનને એક ઘડીનો પણ વિલંબ અસહ્ય થતો હતો એટલે તેણે આ સમયે ને તે સ્થળે હાજર રહેલ ગોવાળીઆઓને જ પંચ નીમ્યા અને પોતાનો પૂર્વપક્ષ ઉપાડયો.

વ્યાકરણ, શાસ્ત્ર, ન્યાય અને મીમાંસા ઉપર સંસ્કૃત ભાષામાં જોરદાર ભાષણ કર્યું અને પોતાનો પૂર્વપક્ષ વિદ્વત્તાપૂર્ણ ભાષામાં રજૂ કર્યો પણ અશિક્ષિત ભરવાડ લોકો કશું સમજી શકયા નહી. વૃદ્ધવાદી સૂરીશ્વરજીએ વિચાર્યું કે–શાસ્ત્રના અજ્ઞાન ભરવાડો આગળ 'ભેંસ આગળ ભાગવત' એ પ્રમાણે વેદાંત, વ્યાકરણ, ન્યાયનું વ્યાખ્યાન નિષ્ફળ જ નીવડવાનું એટલે સમયજ્ઞ તેઓએ તે લોકોને સમજાય તેવો ગરબો ગાયો, જે સાંભળી ગોવાળો ખુશ ખુશ થઈ ગયા અને વૃદ્ધવાદી જીત્યાની જાહેરાત કરી. પ્રતિજ્ઞાથી બંધાએલ સિદ્ધસેને વૃદ્ધવાદીને કહ્યું કે-મને આપનો શિષ્ય બનાવો, કારણ કે પંચના કથન મુજબ આપે મને જીત્યો છે.

વિચક્ષણ સૂરીશ્વરે જણાવ્યું કે-હે સિદ્ધસેન! આ કાંઇ વાદ ન કહેવાય. ગોવાળોને મન પંડિતની શી કિંમત? આપણે હવે રાજસભામાં જઈ વાદ કરીએ. આપણી સાચી પરીક્ષા ત્યાં થશે. સિદ્ધસેન તેમજ વૃદ્ધવાદી સૂરિ વિના વિલંબે ભરૂચ આવ્યા. ભરૂચમાં તે સમયે નહપાણ રાજાનું રાજ્ય હતું. રાજસભામાં પંડિતો સમક્ષ ફરી વિવાદ થયો જેમાં સિદ્ધસેન હારી ગયા. પરિણામે પોતાની કબૂલાત પ્રમાણે તેઓએ જૈન સાધુપણું અંગીકાર કર્યું. અને તેમનું નામ કુમુદચંદ્ર રાખવામાં આવ્યું. વિદ્વાન અને શાસ્ત્રપારંગત કુમુદચંદ્રે અલ્પ સમયમાં જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો. તેમની અપૂર્વ બુદ્ધિશક્તિથી ગુરુએ તેમને "સર્વજ્ઞપુત્ર" નું બિરૂદ અર્પણ કર્યું.

કેટલાક સમય બાદ આ વિદ્વાન પંડિતશિરોમણીની કદર કરતાં વૃદ્ધવાદીસૂરીશ્વરજીએ તેમને સૂરીશ્વરજીની પદવી અર્પણ કરી અને તેમને સમર્થ જૈનાચાર્ય બનાવ્યા.

એક સમયે વિહાર કરતાં તેઓ મહારાજા વિક્રમાદિત્યની પાટનગરી ઉજ્જૈનીમાં પધાર્યા. લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. હજારો માણસો તેમના ઉપદેશનો લાભ ઉઠાવવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લાગ્યા. એકદા સૂરિશ્રી ઉજ્જૈનીના રાજ્યમાર્ગ ઉપર થઇને જઈ રહ્યા હતા એવામાં લોકોએ તેમની સર્વજ્ઞપુત્ર તરીકે જય જય બોલાવી. બરાબર તે જ સમયે મહારાજા વિક્રમાદિત્ય હાથી ઉપર બેસી રાજ્યદરબારે જઈ રહ્યા હતા.

નગરજનોના મુખથી સિદ્ધસેનની સર્વજ્ઞપુત્ર તરીકે પ્રશંસા થતી સાંભળી તેમના સર્વજ્ઞપણાની ખાત્રી કરવા રાજાએ રસ્તા પરથી પસાર થતાં સિદ્ધસેનજીને હાથી પર બેઠા બેઠા જ માનસિક નમસ્કાર કર્યો.

જ્ઞાનબળથી તેમણે રાજાના મનોભાવને જાણી, જમણો હાથ ઊંચો કરી ધર્મલાભ કહી આશીર્વાદ આપ્યો એટલે રાજાએ હાથીને ઊભો રાખી આશીર્વાદ આપવાનું કારણ પૂછ્યું. શ્રી સિદ્ધસેને કહ્યું કે-તમોએ મને કરેલા માનસિક વંદનનો મેં આ આશીર્વાદ આપ્યો છે.

આ પ્રમાણેના સિદ્ધસેનના અપૂર્વ જ્ઞાનથી ચકિત થઇ રાજાએ તેના પારિતોષિક તરીકે એક કરોડ સુવર્ણ મહોરનું દાન આપ્યું. સૂરીશ્વરજીએ જણાવ્યું કે-અમે જૈન સાધુઓ અકિંચન જ રહીએ છીએ. પરિગ્રહનો અમારે ત્યાગ હોય છે. ફક્ત માધુકરી કરી, ઘર-ઘરથી ગોચરી લાવી અમે ઉદરપૂર્તિ કરીએ છીએ. અમને દ્રવ્યની સાથે કંઈ પણ પ્રયોજન નથી. જ્ઞાનાભ્યાસ અને ધર્મપ્રચાર એ જ અમારો જીવનવ્યવસાય છે. બાદ રાજાએ સૂરીશ્વરજીનો વિશેષ પરિચય સાધ્યો અને પરિણામે વિક્રમના મન પર સૂરિજીના પ્રભાવની ઊંડી છાપ પડી. ઉજ્જૈનથી સિદ્ધસેનજી અન્ય સ્થળે વિહાર કરી ગયા. તત્પશ્ચાત્ તેઓ ઘણા સમય બાદ ભિક્ષુવેષે પુનઃ ઉજ્જૈનના રાજ્યદરબારમાં પધાર્યા. તેમણે આવીને રાજાની સ્તુતિના ચાર શ્લોકો કહી સંભળાવ્યા, જેનો ભાવાર્થ નીચે મુજબ છે.

(૧) હે રાજન! તમે બધું જ આપો છો, તેવી સ્તુતિ પંડિતો કરે છે તે ખોટું છે, કારણ કે તમો શત્રુઓને પીઠ આપતા નથી અને પરસ્ત્રીને છાતી આપતા નથી.

(૨) હે રાજન! તમારા મુખમાં રહેલ સરસ્વતી અને કરકમળમાં રહેલ લક્ષ્મી જોઈ કીર્તિને ક્રોધ ચઢયો છે. જેથી તે કીર્તિ દેશાંતરોમાં જઈ આપના ગુણાનુવાદ ગાયા કરે છે.

(૩) હે રાજન! તમારી પાસે જે માગણોનો સમૂહ આવે છે. (ભાટ ચારણો વિગેરે) તે આપનું પરાક્રમ અને વીરતા જોઈ દિગ્મૂઢ બને છે. આવી આપની જગતમાં ગવાતી વીરતા અને ધનુર્વિદ્યા આપે કયાં પ્રાપ્ત કરી?

(૪) હે રાજન! તમારા મુખમાં રહેલ સરસ્વતી કે જેનો નાદ જગતને આશ્ચર્યમુગ્ધ કરનારો બને છે, એવા હે સૂર્યવંશી રાજન! તમારા પરાક્રમની અમરતા પ્રાપ્ત કરે એવો તમારો જમણો હાથ એક વિશાળ સમુદ્રમય બનેલ છે. તમારી પડખે રહેલી સેનારૂપી નદી તમને એક ક્ષણ માટે પણ વિખૂટી મૂકતી નથી. આવું તમારૂં સ્વચ્છ માનસ કે જેને માનસ સરોવરની ઉપમા આપું તો પણ ઓછી છે. આવા માનસ સરોવરમાં કોને પાણી પીવાની ઇચ્છા ન થાય?

આ પ્રમાણેના શ્રેષ્ઠ કોટીના ભાવાર્થવાળા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચાર શ્લોકો એક અજાણ્યા ભિક્ષુકે ગુપ્ત જૈનલિંગે કહી સંભળાવ્યા. આવા વિદ્વત્તાવાળા શ્લોકો સિદ્ધસેનજી સિવાય અન્ય કોઈ ન બનાવી શકે તેવો નિરધાર કરી મહારાજાએ સિદ્ધસેનજીને તરત જ ઓળખી કાઢ્યા અને મનવાંછિત માગણી કરવાનું કહ્યું. સિદ્ધસેને પોતાના જૈનાચાર પ્રમાણે પોતાના માટે કંઈ પણ માગણી ન કરતાં જણાવ્યું કે—રાજન્! આપના રાજ્યની પ્રજા ઋણથી ભારોભાર દબાએલ છે તો તેને ઋણમુક્ત કરો.


ભાગ્યયોગે બન્યું એવું કે–તે જ દિવસે રાત્રિના નગરચર્ચા જોતાં મહારાજા વિક્રમાદિત્યને એક ઘાંચીના કુટુંબ સાથે ભેટો થયો. અંધારી રાત્રીના અંધારપટમાં રહેલ રાજવીએ આ ઘાંચીના મુખમાંથી 'માળવા દરિદ્રતામાં ડૂબેલ છે છતાં બલીરાજા જેવા વિક્રમાદિત્યને પૃથ્વીને ઋણમુક્ત કરવાની કેમ પ્રભુ સદ્બુદ્ધિ આપતા નથી?' તેવા શબ્દો સાંભળ્યા. દુઃખના ભારથી પીડાતા ઘાંચીના વાક્યોની અસર પૂરેપૂરી થઇ અને માલવાને ઋણમુક્ત કરવાનો પ્રબંધ કરી વિક્રમે કોષાધ્યક્ષને છૂટા હાથે દાન કરવાનું જણાવ્યું.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




શ્રી સિધ્ધસેન વિક્રમાદિત્યને પૂર્વભવ સંભળાવી પ્રતિબોધ પમાડે છે. (પૃ. ૧૨૧)




અવંતીને ઋણમુક્ત કરવા માટે આચાર્ય શ્રીસિધ્ધસેન
વિક્રમને ભરસભામાં આશીર્વાદ આપે છે. (પૃ. ૧૨૨)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



ગુપ્તવેશમાં રહેલા શ્રી સિધ્ધસેન દિવાકરજી મહાકાળના મંદિરમાં મહાદેવના લિંગ પાસે બેસતાં ક્રોધિત થયેલા વિક્રમાદિત્યે તેમને સજા કરવાની આજ્ઞા આપી. જેમ જેમ સિધ્ધસેનજીના દેહ પર શિક્ષા થતી ગઇ તેમ તેમ રાજાના અંતઃપુરમાં રાણીઓ પર અગમ્ય રીતે પ્રહારો થવા લાગ્યા. (પૃ .૧૬૮)



અંતઃપુરના કોલાહલથી આશ્ચર્ય પામેલા વિક્રમાદિત્ય જાતે મહાકાલ મંદિરમાં આવે છે, અને ગુપ્તવેશમાં રહેલા શ્રી સિધ્ધસેનજીને "મહાકાલ" ની સ્તુતિ કરવા કહે છે. (પૃ. ૧૬૮)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૩ જું

## મહારાજા વિક્રમનો પૂર્વભવ

એક વખત મહારાજા વિક્રમાદિત્યે અતિશય વિનયપૂર્વક શ્રી સિદ્ધસેન દીવાકરજીને નીચેનાં પાંચ પ્રશ્નો પૂછયા.

(૧) હે ગુરુદેવ! કયા પુણ્યથી મને આ રાજ્યગાદીની પ્રાપ્તિ થઈ?

(૨) આ અગ્નિવૈતાલ દેવ પૂર્વ જન્મનાં કયા પુણ્યથી મને દરેક કાર્યોમાં સહાયતા કરે છે?

(૩) આ ભટ્ટમાત્ર પ્રધાન મારા ઉપર કયા કારણોથી બાળપણથી અતિ પ્રીતિ ધરાવે છે.

(૪) મેં અતિ બળવાન એવા ખપ્પર-(ચોર)ને હણ્યો એ બનાવ શાથી બન્યો?

(૫) હું સો વર્ષનો દીર્ઘાયુષી શાથી થયો?

આ પાંચે પ્રશ્નોના ઉત્તરમાં શ્રી સિદ્ધસેન દીવાકરજીએ જણાવ્યું કે-રાજન્! આઘાટપુ નામના શહેરમાં ચંદ્ર નામનો વણિક રહેતો હતો, જેના રામો અને ભીમો નામના બે મિત્રો હતા. આ બંનેનો વણિક ઉપર પૂરતો ભક્તિભાવ હતો અને આખા ગામમાં આ ત્રણેની ભાઈબંધી અને પ્રીતિભાવ વખણાતો. ભાગ્યવશાત્ આ ત્રણે મિત્રો એક સાથે સહિયારા વ્યાપારી બન્યા. કર્મવશાત્ વેપારમાં દ્રવ્ય ખૂટી જવાથી નિર્ધન બનેલ આ ત્રણે મિત્રો આઘાટપુરનો ત્યાગ કરી લક્ષ્મીપુર તરફ ચાલ્યા. રસ્તામાં મધ્યાહ્ન સમયે એક તળાવની પાળ ઉપર ભાતું ખાવાની તૈયારી કરવા લાગ્યા તેવામાં તે ત્રણેનાં પ્રબળ પુણ્યોદયે, જેમનું શરીર તપથી દુર્બળ બન્યું છે એવા બે મહાતપસ્વી મુનિઓ ત્યાં પધાર્યા. તેમને જોતાં જ ચંદ્રે કહ્યું કે-હે મિત્રો! આપણા ભાગ્યોદયે તપસ્વી મુનિરાજોને વહોરાવવાનો લાભ મળ્યો છે, માટે આપણે શુદ્ધ એવું ભાતું વહોરાવી સુપાત્રદાનનો લાભ લેવો જોઈએ.

પ્રાચીન ગ્રંથકારો પણ કહે છે કે:—

नो तेसिं कुवियंव दुक्ख-
मखिलं आलोयए सम्मुहं ।
नो मिल्लेइ घरं कम्मं
कवडिया दासिव्व तेसिं सिरि ॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सोहग्गाइ गुणा चयंति
न गुणा बद्धव्व तेसिं तणुं ।
जे दाणंमि समिहिं
यत्थ जणणे कुव्वंति जत्तं जणा ॥१॥

આ પ્રમાણે ઉચ્ચ કોટીનો ભાવ ધરાવી વણિક મિત્રની પ્રેરણાથી ત્રણે મિત્રોએ બંને મુનિવરોને નમસ્કાર કરી ભાવપૂર્વક નિર્દોષ આહાર વહોરાવી સુપાત્રદાનનો અપૂર્વ લ્હાવો લીધો. બાદ તે કાર્યનું અનુમોદન કરતાં કરતાં તેઓએ અનુક્રમે લક્ષ્મીપુર નગરમાં જઇ અખૂટ દ્રવ્યની પ્રાપ્તિ કરી પુનઃ આઘાટપુરમાં આવ્યા. અહીં વણિક ચંદ્રને વીર નામના એક વેપારી સાથે તકરાર થઇ જેમાં ઉદ્ધત વીરે ચંદ્રને ઘણો જ માર માર્યો જેના યોગે ચંદ્ર મરણ પામી સુપાત્રદાનના પ્રભાવે ગંધર્વસેનના પુત્રપણે તું ઉત્પન્ન થયો.

તું ગર્ભમાં હતો ત્યારે તારી માતાએ સૂર્યનું સ્વપ્ન જોયું તેથી તારા નામ આગળ આદિત્ય શબ્દ જોડી તારા પિતાએ વિક્રમાદિત્ય એવું તારું નામ રાખ્યું.

હે રાજવી! તારા પૂર્વજન્મનાં બે મિત્રો રામ અને ભીમ અનુક્રમે ભટ્ટ માત્ર અને અગ્નિવૈતાલ તરીકે જન્મ્યા. પૂર્વ ભવનાં પુણ્યથી તું બંને ઉપર સ્નેહ રાખે છે અને તેઓ પણ તારા ઉપર તેટલો જ પ્રેમ ધરાવે છે.

પૂર્વજન્મનો વીર નામનો તારો ઘાતક વેપારી ઘણા કાળ સુધી અજ્ઞાન કષ્ટને ભોગવી આ જન્મમાં ખર્પર નામનો પરાક્રમી ચોર થયો. જેને પ્રબળ પુણ્યાઇના યોગે તું હણી શકયો. તે જ માફક પાછલા ભવમાં એક કસાઈ બકરાને મારતો હતો. અણીના સમયે તેં તે બકરાને બચાવ્યો તેના પ્રતાપે તું સો વર્ષનો દીર્ઘ આયુષ્યવાળો બન્યો.

દુઃખી આત્માઓ પોતાના કર્મના પ્રતાપે જ દુઃખી થાય છે, પરન્તુ દયાળુ ભવ્ય જીવો તેવા દુઃખીઆ જીવોને બચાવવાથી લાંબુ આયુષ્ય ભોગવે છે. આરોગ્ય, અપૂર્વ શરીરતેજ, મજબૂત શારીરિક બંધારણ, વિશિષ્ટ બળ, ઉત્તમ સૌભાગ્ય, નિર્મળ યશ, ઉત્તમ ભોગસામગ્રી, અખૂટ લક્ષ્મી અને આજ્ઞાંકિત કુટુંબપરિવાર વિગેરે લાભો દયાધર્મના પાલનથી જ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે સિદ્ધસેન દીવાકરજીના મુખથી પોતના પૂર્વજન્મની હકીકત સાંભળી મહારાજા વિક્રમાદિત્યે પાછલી જિંદગીમાં પરલોકસાધનમાં રક્તબની પુરુષાર્થી પ્રયોગો આદર્યા.

મહારાજા વિક્રમાદિત્ય પ્રૌઢાવસ્થાએ પહોંચ્યા હતા. મન, વચન ને કાયાના યોગોને યથાશક્તિ દબાવી, આત્મદૃષ્ટિ સતેજ કરી તેઓ ધર્માનુષ્ઠાન આચરવા લાગ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ ૪ થું

## સુવર્ણપુરુષ ને પૂતળીની પ્રાપ્તિ.

**भाग्यं फलति सर्वत्र न विद्या न च पौरुषम् ।**

મહારાજા વિક્રમાદિત્ય જેવા ભાગ્યાત્માને સુવર્ણપુરુષની પ્રાપ્તિ કઇ રીતે થઇ તેનું નિવેદન રજૂ કરતાં પ્રાચીન ગ્રંથકાર જણાવે છે કે–

એક વખત ઉજ્જૈનીનો પ્રખ્યાત દાંત નામના શેઠે હાથમાં ભેટણું લઇ, રાજસભામાં આવી વિનયપૂર્વક મહારાજાને જણાવ્યું કે– "હે રાજન! મેં શુભ મુહૂર્તમાં એક મહેલ બંધાવ્યો છે જેમાં મને મને પુષ્કળ દ્રવ્યનો ખર્ચ થયો છે. તેની પાછળ મેં અતિ-પરિશ્રમ કરી તેને રાજ્યમહેલ જેવો જ અતિ વૈભવશાળી બનાવ્યો છે, જેનું શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વાસ્તુ કરી તેમાં હું રહેવા ગયો.

તે મહેલમાં રહેવા જતાં એકાદ બે દિવસ થયા બાદ એક રાત્રે હું પલંગ ઉપર સૂતો હતો તેવામાં મધ્ય રાત્રે " પડું છું, પડું છું " એવો અકસ્માત્ અવાજ થયો. આથી હું જાગ્રત થયો અને મેં ગભરાટમાં જ કહ્યું કે "તું પડીશ મા" આટલું બોલીને જ એકદમ ઊઠી હું ઓરડામાંથી બહાર આવ્યો. આ સમયે મને ભ્રાન્તિ થઇ કે રખે આખો મહેલ મારા ઉપર તૂટી પડે!

આ ગામમાં રહેતા અનેક જોશીઓ અને શિલ્પીઓને અનેક પ્રકારે પૂછવા છતાં તેનું રહસ્ય કોઇ પણ જણાવી શકયા નથી. હે રાજન! ગત રાત્રીએ જ આ બનાવ બનેલ છે. મારા હૃદયની શાંતિ મહાન જ્યોતિર્વિદોથી પણ ન થવાથી મને એમ લાગ્યું કે જરૂર આ મહેલનો ભેદ મહારાજા વિક્રમાદિત્ય સિવાય અન્ય કોઈ ઉકેલી શકશે નહિ; માટે આના ઉકેલ માટે આપની પાસે ખાસ આવવું થયું છે." બુદ્ધિ-શાળી રાજવીએ દાંત શેઠને પૂછયું કે "આ મહેલ પાછળ આપે કેટલો ખર્ચ કર્યો છે?" શેઠે જણાવ્યું કે–"લગભગ ત્રણ લાખ રૂપીઆ તેની પાછળ ખર્ચાયા છે." મહારાજાએ તરત જ ખજાનચીને હુકમ કર્યો કે "આ શેઠને ધવલ-ગૃહની કિંમત રૂપીઆ ત્રણ લાખ ચૂકવી આપો અને હવે પછી હંમેશાં તેમાં નિત્ય સાંજનો આમ દરબાર ભરવાની (ત્યાં) ગોઠવણ કરો."

વિચક્ષણ બુદ્ધિશાળી રાજવીની આજ્ઞાથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ મહેલના તે જ ઓરડામાં તે જ દિવસે દરબાર ભરવામાં આવ્યો કે જયાંથી "પડું છું" એવો અવાજ આવતો હતો. દરબાર બરખાસ્ત થયા પછી દાંત શેઠવાળા પલંગ ઉપર મહારાજા નિરાંતે જઇને સૂતા. બરોબર મધ્યરાત્રીના સમયે "પડું છું" એવો અવાજ મહારાજાને સંભળાયો.

અસાધારણ સાહસિક અને મહાન ભાગ્યવિધાતા મહાન વિક્રમે નિડરતાથી કહ્યું કે "પડું છું, પડું છું" એમ શું કહે છે? પડવું હોય તો તરત જ પડ."

મહારાજા વિક્રમના આટલા શબ્દો બહાર પડતાની સાથે જ તેમની સન્મુખ છાપરા ઉપરથી એક સુવર્ણપુરુષ આવીને ઊભો રહ્યો

આ પ્રમાણે મહારાજા વિક્રમાદિત્યને એવી જાતના સુવર્ણપુરુષની પ્રાપ્તિ થઈ કે તેના જેટલા અવયવો કાપવામાં આવે તેટલા બીજે દિવસે હતા તેવા ને તેવા જ થઈ જાય.

આવા કલ્પવૃક્ષ તુલ્ય સુવર્ણપુરુષની પ્રાપ્તિ બાદ મહારાજાએ સમર્થ શ્રી સિદ્ધસેન દીવાકરજીના ઉપદેશથી માલવ (અવન્તી) પ્રજાને ઋણમુક્ત કરી.

પરદુઃખભંજન મહારાજાએ દાન દેવામાં એટલી બધી ઉદારતા દાખવી કે જેના યોગે ઇતિહાસને પાને આ રાજવીની અમર કૃતિ તુલ્ય **વિક્રમ સંવત્સરની** અમર સ્થાપના થઇ કે જેનું આજે ૨૦૦૨ નું વર્ષ ચાલે છે.

× × ×

એક વખત એક દરિદ્ર માણસ રાજ્યદરબારમાં લોહની બનાવેલ અત્યંત દુબળી "દરિદ્રતાની પુતળી" નામે એક પુતળી લઇને આવ્યો અને વિનયપૂર્વક મહારાજાને નમન કરી જણાવ્યું કે-"હે રાજન ! આપ જેવા દાનેશ્વરીના રાજયમાં દરેક વસ્તુઓ વેચાઇ-ખરીદાઈ જાય છે. આ જાતની ખ્યાતિ ભારતમાં પ્રસરેલ હોવાથી હું ઘણા જ દૂરના પ્રદેશથી આ દરિદ્રતાની પુતળી લઇ ઉજ્જૈનીના ચોરાસી ચૌટામાં વેચવા માટે ભટકયો, પરન્તુ કોઇએ તે ખરીદી નહિ અને ઊલટો મને ધમકાવ્યો કે "જાણી જોઇને દરિદ્રતાને ખરીદે કોણ?

કળાના નમૂના તુલ્ય બનાવેલ આ દરિદ્રતાની પુતળીના વેચાણ અર્થે તેની કદર થશે એમ માની હું ઉત્સાહપૂર્વક ઉજ્જૈનીમાં આવ્યો હતો પણ આપ જેવાના રાજયમાં મારી કદર ન થતી જોઈ હું દુઃખની લાગણી સાથે સ્વદેશ પાછો ફરું છું."

પરદેશી કારીગરની કદર કરતાં મહારાજાએ તેને એક લાખ દીનાર આપી લોઢાની પુતળીને ખજાનામાં મુકાવી. તે જ રાત્રિના સમયે રાજયમહેલમાં સૂતેલા મહારાજા વિક્રમને પહેલા પહોરમાં હાથીઓના અધિષ્ઠાતા દેવોએ પ્રત્યક્ષ આવી કહ્યું કે-"હે રાજન ! આપે દરિદ્રતાની પૂતળી ખરીદેલ હોવાથી અમારે અહીં રહેવું યોગ્ય નથી." તે જ માફક બીજા પ્રહરે ઘોડાઓના અધિષ્ઠાતા દેવતાઓએ તથા ત્રીજા પ્રહરે લક્ષ્મીએ પ્રગટ થઇ ઉપર પ્રમાણે જ કહ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાહસિક નૃપતિએ ત્રણે પ્રહરના દેવ-તાઓ ચાલ્યા ગયા છતાં શાંતિ જાળવી. ચોથા પ્રહરે એક દિવ્ય તેજસ્વી પુરુષ પ્રગટ થયો અને તેણે કહ્યું કે-"હે રાજન્! હું સત્વ નામનો દેવ છું અને તારી સાથે જન્મથી જ મદદગાર તરીકે રહેલ છું, પણ હવે વગરછૂટકે હું જવાની રજા માગું છું, કારણ કે તેં દરિદ્ર-પૂતળીને ગ્રહણ કરી છે."

તેના આટલા શબ્દો સાંભળતાં જ વિક્રમે સાહસિકતાથી મ્યાનમાંથી તલવાર ખેંચી તેના ઉપર ઘા કરવા હાથ ઉગામ્યો. જયાં આ પ્રભાવશાળી દેવતા ઉપર રાજા ઘા કરવા જાય છે ત્યાં સત્વે કહ્યું કે-"હે રાજન્! હું તારા આવા પ્રકારના સત્વથી પ્રસન્ન થયો છું." એમ કહી તે તરત જ અદૃશ્ય થઈ ગયો. તેના અદૃશ્ય થવા બાદ તરતજ હાથી ને અશ્વના અધિષ્ઠાતા વિગેરે ત્રણે દેવતાઓ પાછા આવ્યા અને તેમણે જણાવ્યું કે-"જવાનો સંકેત કરી સત્વે અમોને છેતર્યા છે, અને હવે જયારે સત્વ તમો પ્રત્યે પ્રસન્ન થયા છે ત્યારે હવે અમારાથી જઈ શકાય નહી." આટલું કહી સર્વ સ્વસ્થાને ગયા.

મહારાજાના સત્વની પરીક્ષક દરિદ્રતાની પૂતળી પણ આ સમયે મહારાજામાં રહેલ સત્વના કારણે સુવર્ણની બની ગઇ, અને તેણી પણ મહારાજાને કામધેનુ તુલ્ય ફળદાયક બની રાજવીની દરેક ઇચ્છાઓ પૂર્ણ કરવા લાગી કે જેનાં યોગે મહારાજાએ અવન્તી પ્રાંતની અને ઉજ્જૈન-ની રાજ્યગાદીના સિંહાસનને ઇંદ્રાસનને પણ લજ્જિત કરે તેવી રીતે રત્નમય બત્રીસ પુત-ળીથી અલંકૃત અને પ્રભાવશાળી બનાવ્યું.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પ્રકરણ પાંચમું

### પુરુષાર્થની પરીક્ષા

એક સમયે રાજયસભામાં મહારાજા વિક્રમાદિત્ય અનેક વિદ્વાનો સાથે વિનોદ કરતા બેઠા હતા તેવામાં એક પરદેશી સામુદ્રિક શાસ્ત્રી આવી દાખલ થયો. તેણે વિનયથી મહારાજાને નમન કરી, મહારાજાના સામુદ્રિક લક્ષણો જોઇ પોતાનું મસ્તક ધૂણાવ્યું એટલે મહારાજાએ પંડિતને પૂછયું કે-"હે વિદ્વાન શિરોમણિ! આ પ્રમાણે મસ્તક કંપાવવાનું કારણ શું?"

જવાબમાં શાસ્ત્રીએ જણાવ્યું કે-"હે રાજન્! સત્યવચન કહેનારનો કોઈપણ જાતનો દોષ આપ ન વહોરો તો હું સત્ય હકીકત જણાવું." રાજાએ તેને અભય આપતાં તેણે કહ્યું કે-"આપ સામુદ્રિક શાસ્ત્રના મંતવ્ય પ્રમાણે અપલક્ષણના ભંડારરૂપ છો છતાં છન્નુ દેશોની સામ્રાજયલક્ષ્મી તમો ભોગવો છો. આ જોઇ મને સામુદ્રિકશાસ્ત્ર ઉપર તિરસ્કાર આવ્યો છે. જેના પ્રભાવથી આપ ચક્રવર્તી તુલ્ય રાજ્ય કરો છો એવું કોઈ પણ અંતર્ગત કારણ હું આપનામાં જોતો નથી."

આ પ્રમાણેનું વિદ્વાનનું વચન સાંભળતાં જ સાહસિક મહારાજાએ પોતાના પેટમાં મારવા માટે કટાર ખેંચી અને જયાં તે મારવા જાય છે ત્યાં જ શાસ્ત્રીએ કહ્યું કે-"હે રાજન્! આપ આ શું કરો છો? આ કઈ જાતનું સાહસ?" ત્યારે વિક્રમે કહ્યું કે-"હું પેટ ચીરીને એવું આંતચિન્હ તમને દેખાડું કે જેથી આપને ખાત્રી થાય કે આ ચિન્હ સર્વે લક્ષણો કરતાં અતિ શ્રેષ્ઠ છે."

શાસ્ત્રીએ કહ્યું કે-"રાજન્! બત્રીસ સામુદ્રિક લક્ષણોથી અધિક પરાક્રમી સત્વ લક્ષણ અદ્યાપિ મારામાં જાણવામાં ન હતું કે જે સર્વ લક્ષણો કરતાં ચઢી જાય એવું સર્વોત્તમ છે. તે પરાક્રમી વીરતાનું લક્ષણ આપનામાં છે જેના યોગે આપ મહાન વિક્રમી ગણાયા છો અને નામ પ્રમાણે આપનામાં સર્વે ગુણોનો સમાવેશ થએલો છે."

× × ×

#### પરકાયપ્રવેશ—

એક વખત મહારાજાને પંડિતોની સાથે થયેલ વાદવિવાદો ઉપરથી જણાયું કે પરકાયપ્રવેશની વિદ્યા એ પણ ખરેખર જાણવા જેવી છે અને જયાં સુધી એ વિદ્યાની પ્રાપ્તિ થઈ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી ત્યાંસુધી બધું નકામું છે. આ વિદ્યાની પ્રાપ્તિ અર્થે સાહસિક મહારાજાએ શ્રી* નામનાં પર્વત ઉપર ભૈરવાનંદ નામના યોગી પાસે જઈ લાંબા સમય સુધી તેની સેવા કરી.

મહારાજા વિક્રમની પૂર્વે આ યોગીની સેવામાં ઉપરોક્ત વિદ્યાની પ્રાપ્તિ અર્થે એક બ્રાહ્મણ પણ આવેલ હતો.

એક સમયે આ બ્રહ્મદેવે મહારાજાને જણાવ્યું કે–"હે રાજન્ ! આપની પૂર્વે આ વિદ્યાની પ્રાપ્તિ અર્થે હું ગુરુદેવની સેવા કરી રહ્યો છું, તો તમારે મારા સિવાય ગુરુ પાસેથી આ વિદ્યા પ્રાપ્ત કરવી નહિ."

પરોપકારી અને એકવચની રાજવીએ બ્રહ્મદેવની વિનંતિ સ્વીકારી. જ્યારે ગુરુદેવ વિક્રમને વિદ્યા આપવા તૈયાર થયા ત્યારે વિનયી રાજવીએ ગુરુને જણાવ્યું કે–'હે ગુરૂદેવ ! આપ આ વિદ્યા પ્રથમ આ બ્રાહ્મણને આપો અને ત્યારબાદ મને આપો, કારણ કે તે લાંબા સમયથી આપની સેવામાં ઉપસ્થિત થયેલ છે."

ગુરુએ જણાવ્યું કે–"હે રાજન ! આ બ્રહ્મપુત્ર આ વિદ્યા માટે સર્વથા અયોગ્ય છે, કારણ કે તે સ્વાર્થી ને હલકી વૃત્તિનો છે."

યોગીરાજે મહારાજાને પોતાનો હઠ મૂકી વિદ્યા ગ્રહણ કરવા જણાવ્યું ત્યારે ટેકીલા રાજવીએ તે ન માન્યું. એટલે યોગીરાજે જણાવ્યું કે–"હે રાજન્ ! તારા હઠવાદનું પરિણામ મારી જ્ઞાનશક્તિ પ્રમાણે તને દુઃખદાયક નીવડશે તેનો ખ્યાલ રાખી તને યોગ્ય લાગે તે પ્રમાણે કર." છતાં જ્યારે રાજવીએ પોતાનો હઠ ન મૂક્યો ત્યારે મહારાજાના આગ્રહથી ગુરુએ પરકાયપ્રવેશની વિદ્યા બ્રહ્મપુત્રને આપી અને ત્યારબાદ મહારાજાને આપી

આ પ્રમાણે વિદ્યાની પ્રાપ્તિ થયા બાદ બંને જણાં ઉજ્જૈનીમાં આવ્યા. નગરમાં પ્રવેશતાં જ પોતાના માનીતા પટ્ટહસ્તિના મૃત્યુના સમાચાર મહારાજાને મળ્યા. વિદ્યાનો અનુભવ લેવા માટે રાજાએ પોતાનું શરીર બ્રાહ્મણના રક્ષણમાં રાખ્યું અને પોતે હાથીના શરીરમાં પ્રવેશ કર્યો.

આ પ્રમાણેનો મહારાજા વિક્રમના શરીરના લાભનો દુરુપયોગ પેલા સ્વાર્થી બ્રાહ્મણે કર્યો. બ્રાહ્મણે રાજાના ખોળીયામાં પ્રવેશ કરી પોતાનું શરીર સુવ્યવસ્થિત મૂક્યું. વિક્રમના શરીરમાં પ્રવેશેલ બ્રહ્મદેવ રાજ્યકારભાર ચલાવવા લાગ્યો અને રાણીઓનો પણ તે ઉપભોગી બન્યો.

આ ઘટનાથી રાજા ખૂબ અકળાયો અને તેને પશ્ચાત્તાપ થયો અને ગુરૂના કહેલ શબ્દો વારંવાર યાદ લાવી તે અત્યંત મુંઝાવા લાગ્યો.

સંજોગવશાત્ રણવાસમાં રહેલ એક પોપટનું પોતાની નજર સામે મૃત્યુ થતાં રાજાએ હાથીની કાયામાંથી મુક્તિ મેળવી

*આ પર્વતનો ઉલ્લેખ ભવભૂતિના માલતી-માધવ નામના નાટકમાં મળે છે જેમાં આ પર્વતને યોગીઓના રહેઠાણ તરીકે ગ્રંથકર્તાએ જણાવ્યો છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોપટની કાયામાં પ્રવેશ કર્યો. તત્પશ્ચાત મરેલ ઘીલોડીની કાયામાં પ્રવેશ કર્યો.

પોતાના વહાલા પોપટના મરણથી રાણી અત્યંત શોકાતુર બની. મહારાણીના શોકના નિવારણ અર્થે તેણીના પ્રેમમાં વિષયાંધ બનેલ બ્રાહ્મણે મહારાજાના શરીરનો ત્યાગ કરી પોપટના શરીરમાં પ્રવેશ કરી પોપટને સજીવન કર્યો. અચાનક સાંપડેલ આ તકનો લાભ અને યોગ સાધી તરતજ વિક્રમે ત્યાં પડેલ પોતાના શરીરમાં પ્રવેશ કર્યો અને પોપટને પાંજરામાં બંધ કરી તેને તેના કર્મનું ફળ ભોગવવા દીધું.

આ પ્રમાણે મહારાજા વિક્રમાદિત્યને પ્રથમ ગ્રાસે મક્ષિકાની માફક પરકાય-પ્રવેશ વિદ્યાનો અનુભવ થવાથી તેણે તેનો ઉપયોગ કરવો મૂકી દીધો.


ખાસ લગ્નસરા માટે-

• સુરતનું રેશમી કોટીંગ. શર્ટીંગ તેમજ શેરવાણી માટે સ્પેશ્યલ સીલ્ક

ઉપરાંત

- બનારસી
- જરી જયોર્જેટ
- સીલ્કની

સાડીઓ

બોર્ડરો, બ્રોકેડઝ માટે સંસ્કારી સ્ત્રીપુરૂષોનું શાનદાર ખરીદીસ્થાન

હિન્દ સ્ટોર્સ

કાલબાદેવી રોડ,
ફોન : ૨૭૧૧૮


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રકરણ છઠ્ઠું

## મહારાજા વિક્રમની નગરચર્યા

એક વખત મહારાજા રાત્રીના સમયે મહાકાલ મંદિરમાં થતું નાટ્ય જોવા અંધેર પછેડો ઓઢી છૂપા વેષમાં ગયા હતા ત્યાં જે શ્રેષ્ઠીના પુત્ર તરફથી આ નાટક કરાવાતું હતું તેની સંપત્તિનું વર્ણન સૂત્રધારને મોંએ પ્રસંગોપાત્ત સાંભળી રાજાને તેની સંપત્તિનો લોભ થયો.

અમુક સમય પછી ચાલુ નાટકમાં મહારાજાને તૃષા લાગી એટલે નજદીકમાં રહેતી મુખ્ય રાજ્યગણિકાને ઘેરથી ભટ્ટમાત્ર મારફતે પાણી મંગાવ્યું. આ ગણિકાએ મહારાજાને માટે પાણીને બદલે પોતાના બગીચાની શેરડીનો મીઠો રસ મોકલવાનો નિશ્ચય કર્યો અને રાજાને માટે રસ લેવા તે પોતે વાડીએ ગઈ. શેરડીમાંથી રસ કાઢવાનો પ્રયત્ન કર્યો છતાં તે અડધો પ્યાલો પણ ભરી શકી નહિ. અંતે મહામુશીબતે પ્યાલો ભરી ઘણા સમયે પોતાને મુકામે આવી અને પ્યાલો ભટ્ટમાત્રને આપ્યો. ગુણિકાને ઘેરથી આવેલ શેરડીનો રસ પીધા બાદ રાજાએ વાર લાગવાનું કારણ ભટ્ટમાત્રને પૂછ્યું ત્યારે તેણે ખિન્ન થઈ કહ્યું કે–"હે રાજન્! સાધારણ રીતે એક શેરડીના સાંઠામાંથી મોટું પાત્ર ભરાય છે, છતાં આ સમયે આપને આપવામાં આવેલ પ્યાલો પણ મહામુશીબતે ભરાયો છે, માટે જરૂર આમાં કાંઈ પણ ભેદ જણાય છે."

રાજાએ તેને કહ્યું કે–"તું પણ બુદ્ધિશાળી છો માટે વિચારીને કહે." ત્યારે ભટ્ટમાત્રે ગુણિકાએ કહેલ શબ્દો જણાવતાં કહ્યું કે–"ચકોર ગુણિકાએ જ કહ્યું હતું કે પૃથ્વીપતિનું મન આ સમયે પ્રજાની વિરુદ્ધમાં થયું જણાય છે માટે પૃથ્વીનો રસ પણ ક્ષીણ થયો છે."

રાજાને પણ તેની બુદ્ધિની કુશળતા જોઈ આશ્ચર્ય થયું. બાદ મહેલમાં જઈ પલંગ ઉપર સૂતા સૂતા તેને વિચાર થયો કે પ્રજાને પીડ્યા વગર પણ માત્ર માનસિક વિચારથી પૃથ્વીના રસમાં ક્ષીણતા થઈ માટે હવેથી હું પ્રજાને નહિ પીડું.

આ પ્રમાણે નિશ્ચય કર્યો બાદ સત્ત્વપરીક્ષાર્થે બીજી જ રાત્રે મહારાજા ગુણિકાને ઘેર ગયા. તરત જ આંખના પલકારા માત્રમાં



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આનંદથી રસનો ઘડો ભરી ગુણિકાએ મહારાજાને અર્પણ કર્યો.

આ સમયે શેરડીનો રસ પીતા ભટ્ટમાત્ર તરફ જોઈ ગુણિકાએ કહ્યું કે–"હે પંડિતજી ! હવે રાજાનું મન પ્રજા ઉપર રાજી છે એમ પૃથ્વીનો રસ સૂચવે છે." ગુણિકા પર પ્રસન્ન થઇ રાજાએ તેને મુક્તાહાર બક્ષીસ આપ્યો.

× × ×

એક વખત પૃથ્વીને ઋણમુક્ત કરતા રાજન નગરચર્યા અર્થે અંધેરપછેડો ઓઢી પ્રજા કઇ રીતે દુઃખી છે અને તે કઇ રીતે સુખી થાય તે વિચારોમાં ફરતા હતા. અધિકારી તરફથી પ્રજાને કોઇ પણ જાતની કનડગત થાય છે કે કેમ તેની પણ રાજાને માહિતી મળતી હતી અને ન્યાય બરોબર ચૂકવાતો. આવા પ્રકારની ચર્ચાને બુદ્ધિશાળી પુરુષોએ નગરચર્યા નહિ પરંતુ વીરચર્યાની ઉપમા આપી છે.

એક સમયે રાત્રીના સમયે મહારાજા અંધારપછેડો ઓઢી ચૌટામાં ફરતા હતા. તે સમયે એક જાતનો ઉદારતાનો અહંકાર લાવી તેમણે વિચાર કર્યો કે–હું સવારના જ દાનવીર રાજવી તરીકે કીર્તિસ્થંભ ઊભો કરાવીશ. આ જ સમયે બરોબર સામસામા બે આખલાઓના ત્રાસથી બચવા મહારાજાએ એક દરિદ્ર બ્રાહ્મણની બળદ બાંધવાની ડહેલીના થાંભલાનો આશ્રય લીધો. આ બંને આખલાઓ લડતા લડતા તે જ સમયે અહીં આવી આ ડહેલીના થાંભલાને શીંગડાં મારવા લાગ્યાં.

મહારાજાને પોતાનું જીવન જોખમાતું જણાયું. આ વખતે તે ઘરનો માલિક બ્રાહ્મણ અકસ્માત જાગી ઊઠ્યો અને આકાશમાં શુક્ર અને ગુરુથી ચંદ્રમંડળને ઘેરાએલું જોઇ તેણે પોતાની સ્રીને જગાડી. અને ચંદ્રમંડળની સ્થિતિથી રાજા ઉપર પ્રાણસંકટ આવ્યું જાણી તેની શાંતિ માટે તેણે પોતાની સ્રીને શીઘ્ર હોમવાનાં દ્રવ્યો લાવવા કહ્યું.

આ બધી વાતચીત મહારાજા સાંભળતાં હતાં. ત્યાં તે બ્રાહ્મણ સ્રીએ જવાબ આપ્યો કે "રાજા સમસ્ત માલવને ઋણમુક્ત કરવા તૈયાર થયા છે છતાં મારી સાત દીકરીઓને પરણાવવા દ્રવ્ય જોઇએ છે તે આપતા નથી, તો આ કઈ રીતની દાનવીરતા ?" આટલું બોલ્યા બાદ તે સ્રીએ અંતરના શુભાશીષ દેતાં કહ્યું કે "હે પરમ કૃપાળુ પરમાત્મા ! પરદુઃખભંજન રાજાને દીર્ઘાયુષ આપો." આ પ્રમાણે તે બ્રાહ્મણીએ રાજાને આશીર્વાદ આપી પોતાના પતિદેવને હોમક્રિયામાં સાથ આપ્યો. પરિણામે મહારાજા ઉપરના પ્રાણસંકટનું નિવારણ થયું.

મહારાજાએ તે બ્રાહ્મણ કુટુંબને તેની દીકરીઓના લગ્ન જેટલું દ્રવ્ય સારી રીતે અર્પણ કર્યું એટલું જ નહિ પરન્તુ તેની દરિદ્રતાનું પણ નિવારણ કર્યું.

× × ×

પૃથ્વી પર અનેક શુભ કાર્યો કરી, અખૂટ કીર્તિ પ્રાપ્ત કરી પ્રજાને અતિ રંજિત બનાવી વિક્રમે આર્યાવર્ત પર સુશાસન ચલાવ્યું. આ પ્રમાણે રાજ્ય કરતાં કરતાં જ્યારે તેનું આયુ લગભગ પૂર્ણ થવા આવ્યું ત્યારે તેણે અંતિમ આરાધના અને પરલોક–સાધના માટે ધ્યાનસ્થ દશા પ્રાપ્ત કરી. તેવામાં અકસ્માત પોતાની સમક્ષ દેવીઓને નૃત્ય કરતી જોઈ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહારાજાએ તેમને પૂછ્યું કે "તમો કોણ છો?" જવાબમાં તેણીઓએ જણાવ્યું કે, "અત્યારે લાંબી વાતનો સમય નથી, કારણ કે અત્યારે આપની અંત ઘડીઓ ગણાઇ રહી છે. અમે આપની રજા લેવાને માટે હાજર થઈ છીએ." રાજાએ જણાવ્યું કે–"હે દેવકન્યાઓ! તમો અસાધારણ રૂપવતી હોવા છતાં તમોને નાક નથી એનું કારણ મને જાણવાની જરૂર છે." જવાબમાં તેઓએ જણાવ્યું કે "તમો તમારા દોષોનું અમારામાં શા માટે આરોપણ કરો છો?" રાજાએ પૂછ્યું કે "તમો સ્વર્ગીય અપ્સરાઓ છો. તમારો મેં શો અપરાધ કર્યો તે મને ખબર નથી." એટલે તેઓમાંથી એક મુખ્ય સુંદરીએ કહ્યું કે–"હે રાજન્! પૂર્વજન્મના પુણ્યથી આ સમયે અમો નવે અપ્સરાઓ તમારા મહેલમાં ઉતરી હતી. નવે નિધિઓની અમો અધિષ્ઠાત્રીઓ છીએ. દેવરૂપ તમે જન્મથી આરંભી આજ સુધીમાં મહાદાનો આપવામાં માત્ર એક નિધિમાંથી એટલો જ ભાગ ઓછો કર્યો કે જેથી તમે અમારા નાકનું ટેરવું જોઈ શકતા નથી." આ પ્રમાણે તેઓનું બોલવું સાંભળી વિક્રમે જણાવ્યું કે– "મને ખબર હોત કે મારા મહેલમાં નવ નિધિઓ છે તો હું તેનો યથેચ્છ ઉપયોગ કરત. તમે મને ઠગ્યો છે." નવે અપ્સરાઓએ કહ્યું કે–"હે રાજન! કલિયુગમાં તમે મહાન ઉદાર છો." તત્પશ્ચાત્ તરત જ વિક્રમનો પરલોકવાસ થયો અને તેઓ સદ્ગતિને પ્રાપ્ત થયા.

# પરિશિષ્ટ ૧

## વિક્રમની ખોપરી

[ આમાં વિક્રમના સંબંધમાં પ્રચલિત કથાઓની રજુઆત છે. કેટલા અંશે તે સ્વીકાર્ય કે ગ્રાહ્ય છે તેનો નિર્ણય વિદ્વાનોને જ કરવાનો રહે છે. ]

**વિક્રમ સંવત્સરની સ્થાપનાના સમયકાળે પાલણપુર જીલ્લાના ડીસા કાંપ નજદીક વાયટ નામનું એક ગામડું મહારાજા વિક્રમાદિત્યની દાનલીલાના દર્શનીય પુરાવા તરીકે વિદ્યમાન છે.**

શ્રી જીવદેવસૂરિ નામના જૈનાચાર્ય આ કાળે વિદ્યમાન હતા. તેમના સત્સંગમાં આવેલ લીંબા મંત્રીએ રાજ્ય ખજાનામાંથી અહીંના અતિ જીર્ણ થએલ પ્રભુ મહાવીરસ્વામીના જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો.

વિક્રમ સંવત્સરના છ વર્ષ વ્યતીત થયા બાદ સાતમે વર્ષે શ્રી જીવદેવસૂરિને હસ્તે ધ્વજ અને કુંભની પ્રતિષ્ઠા લીંબા મંત્રીએ કરાવી. આને લગતી મૂળ ગાથાઓ સંસ્કૃતભાષામાં પ્રભાવક ચરિત્રમાં ઉપલબ્ધ થાય છે, જે નીચે મુજબ છે.

" इतः श्रीविक्रमादित्यः,
शास्त्यवंतीं नराधिपः ।
अनृणां पृथिवीं कुर्वन्,
प्रवर्त्तयति वत्सरम् ॥
वायटे प्रेषितोऽमात्यो,
लिम्बाख्यस्तेन भूभुजा ।
जनानृण्याय जीर्णं चाऽ-
पश्यच्छ्रीवीरधाम तत् ॥
उद्धार स्ववंशेन
निजेन सह मंदिरम् ।
अर्हतस्तत्र सौवर्ण-
कुंभदंडध्वजालिभृत् ॥
संवत्सरे प्रवृत्ते स
षट्सु वर्षेसु पूर्वतः ।
गतेषु सप्तमस्यान्तः
प्रतिष्ठां ध्वजकुंभयोः ॥
श्रीजीवदेवसूरिभ्यस्ते-
भ्यस्तत्र व्यधापयत् ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अद्याऽप्यमङ्गस्तत्तीर्थ-
मभूद्दृग्भिः प्रतिष्ठितम् ॥

श्रीप्रभावकचरित्र पृष्ठ ८३

આ શ્રી જીવદેવસૂરિનું જીવનચરિત્ર ઘણું જ પ્રભાવિક અને ઇતિહાસની સમકાલીન ઘટનાઓના ઉલ્લેખ માટે ઘણું જ મહત્ત્વતાભર્યું સંશોધન પૂરું પાડનારું છે.

આ પ્રદેશમાં બ્રાહ્મણો અને જૈનો વચ્ચે ઘણો જ તીવ્ર મતભેદ ચાલતો હતો. અહીં જૈનાચાર્યોને તેમના તરફથી અનેકવિધ પ્રકારની હેરાનગતિ પહોંચતી હતી. જેનો સામનો કરનાર સમર્થ શ્રી જીવદેવસૂરિએ મૃત્યુ પામેલ એક ગાયનો ચમત્કાર બતાવી અહીંના બ્રાહ્મણોને સુવર્ણ જનોઈધારી વિપ્રો બનાવી, તેમની પાસે જૈનધર્મ અંગીકાર કરાવ્યો. આ પ્રમાણે તેમનો અનુયાયી બનનાર અનેક મલિન વિદ્યાનો ધારક એક યોગીરાજ હતો, જેણે અનેક જાતના ચમત્કારોથી વાયડની પ્રજાને મુગ્ધ કરી હતી.

આ યોગી પાસે અનેક મહાપુરુષોની ખોપરીઓનો સંચય હતો, જે ખોપરીઓના યોગે તે ધારેલ કાર્યની સિદ્ધિ કરી શકતો. વળી તેની પાસે સિદ્ધ ગૂટિકાઓનો પણ સંગ્રહ હતો. આવા ચમત્કારિક યોગીએ વયોવૃદ્ધ અવસ્થાએ પહોંચેલ શ્રી જીવદેવસૂરિનું શિષ્યપણું અંગીકાર કર્યું હતું. આમાં તેનો સ્વાર્થ પણ હતો. દવી શક્તિ ધરાવનાર શ્રી જીવદેવસૂરિની ખોપરી પ્રાપ્ત કરવાનો તેનો આશય હતો. આ ઘટના જ્ઞાનબળે શ્રી જીવદેવસૂરિએ જાણી લીધી હતી અને તેથી જ તેઓ આ સ્વાર્થી શિષ્યથી સદૈવ સચેત રહેતા હતા.

એકદા પોતાનો મૃત્યુસમય નજદીક જાણી આચાર્યદેવ શ્રી જીવદેવસૂરિ વાયડ નગરે આવ્યા. અને ત્યાં પોતાની પાટ ઉપર એક સમર્થ શિષ્યને સ્થાપિત કરી પોતાના ગચ્છનો ભાર નૂતન આચાર્યને સુપ્રત કર્યો. આ વખતે ગચ્છપ્રવર્ત્તકને તેમણે ગુપ્ત આદેશ આપ્યો કે "જે સિદ્ધ યોગીને મેં પૂર્વે પરાજિત કર્યો છે તે અનેક સિદ્ધિઓ ધરાવે છે અને તેની પાસે અનેક મહાપુરુષોની ખોપરીઓ મંત્રિત છે. આ યોગીરાજ અત્યારે વાયડની આજુબાજુમાં વિચરે છે છતાં જો આ પાપમતિને મારા મૃત્યુની ખબર પડશે તો તે અવશ્ય મારી ખોપરી પ્રાપ્ત કરવા અનેક જાતના ઉપદ્રવો કરશે; માટે મારા નિર્જીવ બનેલા કલેવરનાં સ્નેહની દરકાર ન કરતાં જેવો મારો આત્મા સ્વર્ગગામી થાય કે તરતજ મારી ખોપરીના તારે ચૂરેચૂરા કરી નાખવા કે જેથી મારા મૃતદેહનો ચહેરો પણ ઓળખી શકાય નહિ. મારી આ પ્રકારની આજ્ઞાનું પાલન કરવામાં જિનશાસનની રક્ષા અને ગૌરવ રહેલ છે, જેથી આ કામ તારે અવશ્ય કરવાનું છે." બાદ શ્રી જીવદેવસૂરિ પંચ પરમેષ્ઠીના ધ્યાનમાં આરાધનપૂર્વક લીન થયા. પછી આ મહાન યોગનિષ્ઠ આત્માએ પવનનો નિરોધ કીધો અને મસ્તક માર્ગે આત્માનું ઊર્ધ્વગતિએ ગમન કરાવતાં આ આત્મા વૈમાનિક દેવની સમૃદ્ધિ પામ્યા.

લબ્ધલક્ષ્ય સાધક શિષ્યે પોતાના ગુરુદેવના મસ્તકને પ્રચંડ દંડથી એવી રીતે ચૂર્ણ કર્યું કે જેનો આકાર પણ સમજી શકાય નહિ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat  www.umaragyanbhandar.com

ગુરુદેવનાં સ્વર્ગવાસથી જનતામાં ઘણો જ શોક ફેલાયો. ગીતાર્થ મુનિઓએ પોતાના ગુરુદેવનાં શરીરને પાલખીમાં ગોઠવ્યું. એવામાં ડમરુ વગાડતો સાધક યોગી ત્યાં આવી ચઢ્યો.

તેણે કપટથી આક્રંદ કરતાં પોતાનાં ગુરુદેવનાં મુખદર્શનની અભિલાષા દર્શાવી. અહીં હાજર રહેલ જૈન જનતા અને શિષ્ય સમુદાય આ યોગીના આશયને જાણી ગએલ હતા એટલે બંને વચ્ચે જીદ્દ થઈ. અંતે હઠધારી અને ક્રોધિત થએલ યોગીને હાજર રહેલ સર્વેએ નમતું આપ્યું અને તેને ગુરુદેવનું ચૂર્ણ થએલ મસ્તક સહિત આખા દેહનું દર્શન કરાવ્યું. ત્યારે તેણે પોતાના બંને હાથ ક્રોધથી ઘસી ગુરુદેવની દીર્ઘદૃષ્ટિની પ્રશંસા કરતાં કહ્યું કે-" વિક્રમાદિત્ય જેવા રાજાની એક ખંડ ખોપરી તો મને સાધનાર્થે મળી પરન્તુ આ પુણ્યવંત અને સર્વ લક્ષણયુક્ત આચાર્યદેવની ખોપરી અથવા તેનો અર્ધભાગ પણ મારા હાથમાં આવ્યો હોત તો તેનો ઉપયોગ મહારાજા વિક્રમાદિત્યની અર્ધ ખંડિત ખોપરીથી સંયુક્ત કરીને મારી ઇચ્છા પરિપૂર્ણ કરી મહાન સિદ્ધિને પ્રાપ્ત કરત; પણ શું કરું કે-"આ નિર્ભાગીને આવું કયાંથી પ્રાપ્ત થાય?" આ ગુરુદેવે મને જીવતાં અને મરતાં પણ હંફાવી હાથ ઘસતો કર્યો. ખરેખર આ મહાન પુણ્યાત્મા ઉચ્ચ કોટીના અપૂર્વ જ્ઞાની હતા એમાં જરા પણ શંકા નથી. ભલે, બનનાર વસ્તુ હવે બની ગઈ છતાં સંઘ મને અનુજ્ઞા આપે તો તેમના દેહનો અગ્નિ-સંસ્કાર અસાધારણ મિત્રતાને લાયક ઉચ્ચ-કોટીનો કરી કાંઈક પુણ્યનો હું ભાગીદાર બનું." હાજર રહેલ સંઘ સમુદાયની અનુજ્ઞા મળવાથી તે યોગીએ આકાશમાર્ગે મલયાચલ જઈ, ઉચ્ચકોટીના ચંદનકાષ્ઠો લાવી, શ્રી જીવદેવસૂરિના શરીરને આડંબરપૂર્વક અગ્નિ-સંસ્કાર કીધો.

× × ×

## વિક્રમાદિત્યનો દાનપ્રભાવ

મહારાજા વિક્રમાદિત્યના ચાલુ અમલમાં ઉજ્જૈનીની નજદીકના એક ગામમાં હળ ખેડતાં એક બ્રાહ્મણને અતિ દિવ્ય તેજસ્વી એક રત્ન પ્રાપ્ત થયું. તેના મૂલ્યની આંકણી અર્થે તે બ્રાહ્મણે ઉજ્જૈનીમાં એક ઝવેરીને આ રત્ન બતાવ્યું.

જવાબમાં ઝવેરીએ કહ્યું કે "હું આ રત્નની કિંમત આંકી શકીશ નહિ કારણ કે પૂર્વે આજ સુધીમાં મેં કદાપિ આવું રત્ન જોયું નથી. આનું મૂલ્ય તો શ્રી વિક્રમાદિત્ય કરી શકે." આથી પેલો બ્રાહ્મણ વિક્રમા-દિત્યની સભામાં ગયો અને રત્ન બતાવ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને જણાવ્યું કે–"હે રાજન! હળ ખેડતાં આ રત્ન મને પ્રાપ્ત થયું છે." રાજાએ કહ્યું કે–"બે દિવસમાં હું એનું મૂલ્ય તમને જણાવીશ."

આ પ્રમાણે કહી, તેનું સન્માન કરી ખેડુત બ્રાહ્મણને રહેવાને આવાસ આપ્યો. બાદ મહારાજા વિક્રમે ઝવેરી બજારમાં જઇ ઝવેરીઓને રત્નની કિંમત સંબંધમાં પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું કે "આ રત્નની પરીક્ષા અમો કરી શકીએ એમ નથી, કારણ કે તે દેવતાઈ છે. આ રત્નની આપે સાચી આંકણી કરાવવી હોય તો આપે બલિરાજા પાસે જવું જોઈએ." વિક્રમાદિત્ય માત્ર કુતૂહલી અને આળસુ ન હતો. એટલે તરત જ તેણે પોતાના સહાયક અગ્નિ વૈતાલને બોલાવ્યો અને પાતાળમાં રહેલા બળીરાજા પાસે પોતાને લઇ જવા કહ્યું. વૈતાલની મદદથી બલિરાજાને દરવાજે પહોંચેલ વિક્રમે દરવાન નારાયણને વંદન કર્યું. નારાયણે પૂછ્યું કે "હે રાજા! અહીં તું શા માટે આવ્યો છો?"

વિક્રમે કહ્યું કે "તમો બલીરાજાને કહો કે રાજા તમોને મળવા માગે છે."

દરવાન નારાયણે બલિને વિક્રમની વિનંતિ જણાવી. બલિએ નિવેદન કર્યું કે, "રાજા હોય તો તે શું યુધિષ્ઠિર છે? તું પૂછી જો." દરવાને જઇ પૂછ્યું કે–"શું તમે યુધિષ્ઠિર છો?" વિક્રમે વિચાર કર્યો કે–બલિરાજા યુધિષ્ઠિર રાજાને માને છે માટે બીજો જવાબ આપવો જોઇએ. એમ વિચારી વિક્રમે કહ્યું કે "જાઓ, માંડલિક આવ્યો છે એમ કહો." તેમણે જઇને બલિને જણાવ્યું કે–"માંડલિક આવ્યો છે."

બલિએ કહ્યું કે "માંડલિક શું રાવણ છે?" કૃષ્ણે આવી વિક્રમને પુનઃ પૂછ્યું કે "તું માંડલિક છે તો શું તું રાવણ છે?" ત્યારે વિક્રમે કહ્યું કે "તું જઇને કહે કે કુમાર આવ્યો છે." તેણે જઇને બલિને તે મુજબ જણાવ્યું.

બલિએ ફરી વાર પૃચ્છા કરી કે–"શું કાર્તિકેય, લક્ષ્મણ, પાતાલમાં રહેનાર નાગ-પુત્ર ધવલચંદ્ર કે વાલિનો પુત્ર અંગદ કે જે રામના દૂત તરીકે પ્રખ્યાત છે તે?" ફરીથી કૃષ્ણની આવજા થઈ. વિક્રમે ફરીથી કૃષ્ણને કહ્યું કે "વંઠ આવ્યો છે" એમ કહો.

કૃષ્ણે જઇને બલિને કહેતાં તેણે કહ્યું કે–"શું તે હનુમાન છે?" ફરીથી કૃષ્ણ વાગરિત થયો ને બલિનો જવાબ વિક્રમને જણાવ્યો. ફરીથી વિક્રમે કહ્યું કે "હે કૃષ્ણ, તમે કહો કે 'તલારક્ષક' આવ્યો છે." તેણે તે મુજબ કહ્યું. બલિ મહાદાનેશ્વરી કહેવાય છે. વિક્રમ પોતાના યુગમાં મહાદાને-શ્વરી હતો. પોતાના સરખા ગુણ વિક્રમને મળવામાં બલિને કોઈ જાતનો પ્રતિબંધ ન હતો, ફક્ત પરીક્ષા અર્થે જ આટલા પ્રશ્નો-ત્તરો થયા હતા. બલિએ કહ્યું કે "શું વિક્રમ છે?" કૃષ્ણે આવીને પૂછ્યું કે "શું તું વિક્રમા-દિત્ય છે?" તેણે હા કહી. બાદ બલિરાજાની આજ્ઞાથી તેને તેમની પાસે લઈ જવામાં આવ્યો.

બલિએ પૂછ્યું કે–"હે વિક્રમ! શું તું રત્નની કિંમત અંકાવવા આવ્યો છે?" વિક્રમા-દિત્યે કહ્યું કે "હા." એટલું કહી તેણે તે રત્ન બલિરાજાને બતાવ્યું.

બલિએ કહ્યું કે "આવા ૮૮૦૦૦ રત્નો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રોજ યુધિષ્ઠિર મૂલ્ય લીધા વિના પાત્રને દાનમાં આપતા જેમાંનું આ એક છે અને તે બ્રહ્મણને મળેલ છે. મોટે ભાગે આ બધા રત્નો પૃથ્વીમાં જ રહેલાં છે. કેમકે કાળ ઘણો થઈ ગયો છે. તે ઉપરથી યુધિષ્ઠિર જ રાજા છે. તું કોણ ?" વિક્રમે કહ્યું કે "હે દેવ ! તે સાચું છે, છતાં હું જાણવા માગું છું કે યુધિષ્ઠિર પાસે આટલી બધી સંપત્તિ કયાંથી આવી ?"

બલિએ કહ્યું કે–"ચારે પાંડવોએ દિગ્વિજય કરી ધન પ્રાપ્ત કર્યું હતું તેને લગતું વૃત્તાંત નીચે પ્રમાણે છે.

પૂર્વે દરિદ્રતામાં મગ્ન હોઈ મરુદત્ત નામના કાપડીએ રુદ્રનું આરાધન કર્યું. તેણે તુષ્ટ થઈ પોતાની ઇચ્છાથી કૈલાસ પાસે જઈ મૂળથી તે શિખર પર્યંત નગર સુવર્ણનું બનાવી આપ્યું. તે નગર કાપડીએ ભોગવ્યું અને તેનું મરણ થતાં પછી ધૂળની વૃષ્ટિ કરી તે નગર ઢાંકી દીધું. ત્યારબાદ જયારે યુધિષ્ઠિરનો નાનો ભાઈ સહદેવ ઉત્તર દિશામાં દિગ્વિજય કરવા નીકળ્યો ત્યારે રુદ્રે તેના ગુણોથી આકર્ષાઇ તે નગર ને સર્વ સુવર્ણાદિ તેને અર્પણ કર્યું. આવી અતુલ રિદ્ધિ–સિદ્ધિ પ્રાપ્ત થતાં યુધિષ્ઠિરને દાન દેવાની ઈચ્છા થઈ તેથી તે જ રાજા છે. માંડલિક તો રાવણ છે, કારણ કે લોકમાં તેનાં જેવાં બળ અને વિદ્યાનાં ગર્વનો યોગ નથી. કુમાર તો ફક્ત કાર્તિકેયને જ કહેવો વ્યાજબી છે કે જેણે સાત દિવસની ઉંમરમાં તારકાસુરને માર્યો. લક્ષ્મણ પણ કુમાર કહેવાય તેમ છે કે જેણે મેઘનાદને માર્યો અને પીહુલિનો પુત્ર ધવલચંદ્ર પણ કુમાર છે કે જે જગત્‌ને ઝેરવડે મારી નાખવા શક્તિમાન છે તેમજ વિષને પણ અમૃતમય બનાવવાને સમર્થ છે. શત્રુની સભામાં જ "દશે મસ્તક (રાવણનાં) ભૂમિ પર આળોટશે." એમ કહેનાર અંગદ પણ કુમાર જ છે. વંઠ તો ખરેખર હનુમાન છે કે જેણે પ્રિયાવિયોગથી પીડાતા રામને ધીરજ આપી અને કહ્યું કે–"હે સ્વામી! હું શું કરું ? હુકમ આપો. શું લંકાને અહીં જ લઈ આવું કે જંબૂદ્વીપને અહીંથી ત્યાં લઈ જાઉં ! સમુદ્રને હું શોષી લઉં કે લીલાથી ઉપાડેલા વિન્ધ્ય, હિમાચલ, મેરુ કે ત્રિકૂટાચલ પર્વતને નાંખવાથી ક્ષોભ પામેલા સમુદ્રને બાંધું ઇત્યાદિ ચમત્કારિક કાર્યની સફળતાને કારણે હનુમાન જ વંઠ છે. "તલારક્ષક" તો તું જ છે માટે તું જા અને બ્રાહ્મણને કહે કે "આ રત્નની કિંમત થાય તેમ નથી."

આ પ્રમાણે બલિરાજાનું કથન સાંભળી વિક્રમ ઉજ્જૈની ગયો અને તે રત્ન બ્રાહ્મણને પાછું આપી બલિએ કહેલો વૃત્તાંત તે બ્રહ્મણને કહી સંભળાવ્યો.

આવી હકીકતો પ્રથમ દૃષ્ટિએ તો કિંવદંતીઓ જેવી જણાય. વિક્રમ સંબંધમાં ઘણીએ લોકકથાઓ પ્રચલિત છે. કેટલીક કિંવદંતીઓને ઐતિહાસિક પુસ્તકોમાં સ્થાન આપવામાં આવ્યું છે. અમે પણ સંગ્રહની દૃષ્ટિએ જ આ હકીકતને સ્થાન આપ્યું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પરિશિષ્ટ ૨

## भारतवर्षना भिन्न भिन्न संवतो

**[ સમ્રાટ વિક્રમાદિત્યને લગતા ઘણાં વૃત્તાંતોમાં ઊલટસુલટ હકીકતો છે. "શ્રી જૈન સત્યપ્રકાશ" [ અમદાવાદ ] માસિકે વિક્રમ-વિશેષાંક દળદાર આકારમાં પ્રકાશિત કર્યો હતો, તેમાંથી કેટલાક ઉપયોગી લખાણો, સુધારા-વધારા સાથે આ પરિશિષ્ટમાં આપવામાં આવ્યા છે. વાચકો તેમાંથી સાર ગ્રહણ કરે એ જ અભિલાષા. ]**

**सौरवर्ष**—આ વર્ષ મેષ આદિ બાર રાશિને સૂર્ય ભોગવી લે ત્યાં સુધીનું એટલે ૩૬૬ દિવસ (સૂર્યસિદ્ધાન્ત પ્રમાણે ૩૬૫ દિન, ૧૫ ઘડી, ૩૧ પલ અને ૩૦ વિપલ અને ઈ. સ. હિસાબે ૩૬૫$\frac{1}{4}$ દિન)નું મનાય છે. તેનો પ્રારંભ મેષ સંક્રાન્તિથી થાય છે. તેનો બારમો ભાગ તે **સૌર માસ** કહેવાય છે, જે ક્રમશઃ મેષાદિના નામથી તેમજ ચૈત્રાદિના નામથી ઓળખાય છે. બંગાલ, પંજાબ અને પહાડી પ્રદેશોમાં આ વર્ષનો વિશેષ પ્રચાર છે. દક્ષિણનો કોલ્લમ્‌સંવત્ પણ સૌરવર્ષવાળો છે. પાંચ સૌરવર્ષના ૬૦ મહિનાઓનો એક યુગસંવત્સર થાય છે.

**चान्द्रवर्ष**—બે પખવાડીયાનો એક મહિનો, એવા બાર મહિનાનું એક ચાંદ્રવર્ષ થાય છે. એનો કાળ ૩૫૪$\frac{11}{12}$ દિવસ (સૂર્યસિદ્ધાન્તને હિસાબે ૩૫૪ દિન, ૨૨ ઘડી, ૧ પલ, ૨૪ વિપલ) પ્રમાણ મનાય છે. તેના માહનાઓ શુદિ એકમથી શરૂ થઈ અમાસે પૂરા થાય છે. અધિક માસ અને ચૈત્રાદિ વર્ષારંભના હિસાબે આ માન્યતા વાસ્તવિક છે. ઉત્તર ભારતમાં મહિનાઓ વદિ ૧ થી ૧૫ સુધીના મનાય છે.

એક યુગસંવત્સરના સૌર માસ ૬૦ થાય, ત્યારે ચાંદ્ર માસ ૬૨ થાય છે. એટલે વધારાના બન્ને મહિનાને અધિક માસ માની તે બન્ને વર્ષને સરખાં કરવામાં આવે છે. એટલે તે યુગના વર્ષારંભમાં સૌર અને ચાંદ્ર એ બન્ને વર્ષો જોડાઈ જાય છે.

હિન્દુઓની ધાર્મિક ક્રિયાઓ આ ચાંદ્ર વર્ષના મહિના અને તિથિઓના હિસાબે આરાધાય છે. આથી સૌર પંચાંગોમાં પણ સૌર દિવસોની સાથે ચાંદ્ર તિથિઓ લખવી પડે છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**બૃહસ્પતિસંવત્સર**—આ સંવત્સર બૃહસ્પતિ સંપૂર્ણ નક્ષત્રચક્રને ભોગવી લે ત્યાં સુધીનો એટલે '૧૨ વર્ષ'નો હોય છે, જેના વર્ષો શ્રાવણ ભાદરવાના નામથી ઓળખાય છે (ચંદપન્નતિ). ખાસ કરીને ગુરુ અસ્ત થયા પછી ઉદય પામે ત્યારે તે કૃતિકા, મૃગશીર્ષ વગેરે જે નક્ષત્ર ઉપર ઊગે છે, તે નક્ષત્રના નામ અનુસારે તે વર્ષ કાર્તિક, માગશર વગેરે નામથી ઓળખાય છે; પરન્તુ આ સંવત્સરનો પ્રચાર આજે દેખાતો નથી.

**શનિસંવત્સર**—આ સંવત્સર શનિ ગ્રહ સંપૂર્ણ નક્ષત્રચક્રને ભોગવી લે ત્યાં સુધીનો એટલે "૨૦ વર્ષ"નો હોય છે (**चंदपन्नत्ति**). આનો પ્રચાર પણ આજે દેખાતો નથી.

**प्रभवादिसंवत्सर**—આ સંવત્સર બે પ્રકારના મળે છે—

૧–બૃહસ્પતિ બાર રાશિ ઉપર ૩૬૧ દિન, ૨ ઘડી અને ૫ પલ સુધી રહે છે એટલે તે સૌર વર્ષથી ૪ દિવસ, ૧૩ ઘડી, ૨૬ પલ અને ૩૦ વિપળ નાનો હોય છે. ૮૫ વર્ષે એક સંવત્સરનો ક્ષય કરવાથી તે બન્નેની સમાનતા થઈ જાય છે અને તેથી જ આ સંવત્સર બૃહસ્પતિની ગતિના આધારે લેવાય છે. આ બૃહસ્પતિ સંવત્સરનું ચક્ર ૬૦ વર્ષે પૂરું થાય છે, જેના નામો **પ્રભવ** સંવત્સર વગેરે મળે છે.

૨–પ્રભવાદિ સંવત્સર સૌરવર્ષ પ્રમાણનો હોય છે, જે પ્રભવ, વિભવ વગેરે ૬૦ નામો વડે ૬૦ વર્ષ પર્યન્ત ચાલે છે. ત્યારબાદ પુનઃ પ્રભવ, વિભવ વગેરે નામોથી તેનું બીજું ચક્ર ગણાય છે. ઇષ્ટગત શકસંવત્સરમાં ૧૨ મેળવી તેને ૬૦ થી ભાંગવાથી શેષમાં રહેલ આંક પ્રમાણે પ્રભવાદિ સંવત્સરનો આંક આવે છે.

**सप्तर्षिसंवत्सर**—સપ્તર્ષિના સાત તારાઓ એકેક નક્ષત્ર સો–સો વર્ષ સુધી ભોગવે છે. એ રીતે ૨૭૦૦ વર્ષ જતાં સપ્તર્ષિઓ એક નક્ષત્રચક્રને પૂરું કરે છે. આ સંવત્સરના એકેક નક્ષત્રના હિસાબે ૧ થી ૧૦૦ સુધીના વર્ષના આંકડાઓ લખાય છે. ૧૦૦ વર્ષ પૂરાં થાય કે ફરી એકથી સંવત્ લખવાની પ્રથા હતી. આ સંવત્સરનો આરંભ ચૈત્રથી ગણાય છે. સપ્તર્ષિ સંવત્માં ૮૧ મેળવવાથી શતાંક વગરનો ગત "ચૈત્રાદિ વિક્રમસંવત્" આવે છે, ૮૦ જોડવાથી ગત "કાર્તિકાદિ વિક્રમસંવત્" ઊભો થાય છે, ૪૬ નાખવાથી ગત શકસંવત્ અને ૨૪ યા ૨૫ જોડવાથી ઈસ્વી સન સંવતનો શતાંક વિનાનો આંકડો આવે છે. આ સંવત્ના બીજાં નામો 'લૌકિકકાળ' 'લૌકિકસંવત્' 'શાસ્ત્રસંવત્' અને 'પહાડી સંવત્' વગેરે છે.

**कलियुगसंवत्**—કલિયુગનો પ્રારંભ થયો ત્યારથી ગણાય છે. વિદ્વાનો આ સંવત્નો પ્રારંભ ઈ. સ. પૂ. ૩૧૦૨ ફેબ્રુઆરીની બીજી તારીખની સવારથી એટલે–ચૈ. શુ. ૧ થી માને છે. ચૈત્રાદિ વિક્રમ સંવત્માં ૩૦૪૪, શકસંવત્માં ૩૧૭૯ અને ઇ. સ. માં ૩૧૦૧ જોડવાથી **કલિસંવત્** આવે છે. એ પણ ઉલ્લેખ મળે છે કે પહેલાં આ સંવત્નો પ્રારંભ મહા શુદિ ૧૫ ના મધ્યાહ્નથી એટલે મહા વદિ ૧ ના પ્રાતઃકાલથી મનાતો હતો. તે જ દિવસે મહાભારત યુદ્ધ સમાપ્ત થયું અને રાજા યુધિષ્ઠિરને રાજ્યપ્રાપ્તિ થઇ, આવી માન્યતા હોવાથી આ સંવત્નાં બીજાં નામો 'ભારતયુદ્ધસંવત્' અને 'યુધિષ્ઠિરસંવત્' પણ મનાય છે.

**युधिष्ठिरसंवत्**—આ સંવત્ માટે વરાહમિહિર લખે છે કે **षड्द्विकपंचद्वियुतः (२५२६) शककालस्तस्य राज्ञश्च** એટલે શકસંવત્માં ૨૫૨૬ ઉમેરવાથી અને ચૈત્રાદિક વિક્રમસંવત્માં ૨૩૯૧ જોડવાથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યુધિષ્ઠિરસંવત્ બને છે. કેટલાક વિદ્વાનો વરાહમિહિરના આ મતને કલ્પિત માને છે અને માત્ર કલિસંવત્‌ને જ યુધિષ્ઠિરસંવત્ માને છે.

**बुद्धनिर्वाणसंवत्**—શાક્યસિંહ ગૌતમ બુદ્ધના નિર્વાણથી આ સંવત્ પ્રવર્ત્યો હોય તેમ મનાય છે, પરન્તુ તેનો ચોક્કસ કાલ આજ સુધી નક્કી થઇ શકયો નથી. સીલોન, બ્રહ્મદેશ, આસામ અને સિયામમાં વિક્રમથી ૪૮૭ વર્ષ પૂર્વે એટલે ઈ. સ. પૂ. ૫૪૪ માં બુદ્ધનિર્વાણ મનાય છે, જ્યારે ભિન્ન ભિન્ન વિદ્વાનો બુદ્ધનિર્વાણનો કાલ ઈ. સ. પૂ. ૩૮૮, ૪૭૧ થી ૪૮૩, ૪૭૭, ૪૭૮, ૪૮૧, ૪૮૨, ૪૮૩, ૪૮૭, ૫૧૮, ૫૪૪, ૬૨૮ અને ૧૦૯૭ માં માને છે.

**वीरनिर्वाणसंवत्**—ભગવાન મહાવીરદેવ આસો માસની અમાસની રાત્રે છેલ્લા બે ઘડી સમય બાકી હતો ત્યારે ૨૯ મા સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં નિર્વાણ પામ્યા ત્યારથી આ સંવત્‌ની શરૂઆત થઈ છે. એટલે આ સંવત્‌નો પ્રારંભ કા. શુ. ૧ ના સવારથી થાય છે. વિક્રમ સં. માં ૪૭૦ વર્ષ મેળવવાથી વીરનિર્વાણસંવત આવે છે. કેમકે દિ. શ્વે. ના દરેક ગ્રન્થોમાં ભગવાન મહાવીરના નિર્વાણ અને વિક્રમના સમય વચ્ચે ૪૭૦ વર્ષનું અંતર આપ્યું છે. આ સંવતના પ્રાચીનમાં પ્રાચીન શિલાલેખો વીરસંવત્ ૨૩ અને ૮૪ના મળે છે,[૧] જે હિન્દભરના શિલાલેખોમાં સૌથી પ્રાચીન છે. વીરનિર્વાણસંવતના ગ્રન્થોના ઉલ્લેખ સૌથી પ્રાચીન કલ્પસૂત્રમાં અને ત્યાર પછી ઐતિહાસિક ગાથાઓ, સ્તોત્રો, પરિશિષ્ટો, ચરિત્રો અને વિચારશ્રેણી વગેરેમાં છે.

---

૧—A (૧) पूर्व छद्मस्थकालेऽर्बुदभुवि यमिनः कुर्वतः सद्विहारं
(२) सप्तत्रिंशे च वर्षे वहति भगवतो जन्मतः कारिताईच्च
(३) श्रीदेवार्यस्य यस्योल्लासदुपलमयी नूर्णराजेन राज्ञा श्रीके
(४) श्री सुप्रतिष्ठः स जयति हि जिनस्तीर्थमुंडस्थलस्थः
(५) .........संवत् वीर जन्म ३७
(६) श्री वीरजन्म ३७ श्री देवा० जार, पुत्र × × धूकारिता

( શ્રી 'જૈન સત્ય પ્રકાશ' ૧૯૯૩ વ. ૨, અં૦ ૪-૫ )

B કચ્છ ભદ્રેશ્વરમાં ભ. મહાવીરસ્વામીનું બાવન જિનાલયનું પ્રાચીન મંદિર છે, જેમાં ભ. પાર્શ્વનાથની પ્રતિમા છે. આ મંદિરનો વિ. સં. ૧૯૩૯માં જીર્ણોદ્ધાર થયો ત્યારે એક પ્રાચીન તામ્રપત્ર નીકળ્યું છે, જેમાં લખ્યું છે કે-૧ देवचंद्रीय श्री पार्श्वनाथदेवस्येतो २३ ॥ ડૉ. એ. ડબલ્યુ રૂડોલ્ફ હોર્નલ કહે છે કે આ લેખ પ્રાચીન ખરોષ્ટ્રી લિપિમાં લખાયેલ છે. પૂ. પા. આત્મારામજી મહારાજ લખે છે કે—આ મંદિરના જીરણ ખરડા-નોંધરૂપ પુસ્તકમાં અને કચ્છની ભૂગોળમાં લખ્યું છે કે—वीरात् २३ वर्षे इदं चत्यं संजातं

આ તામ્રપત્ર ભુજપરના યતિ સુંદરલાલજી કે તેમના શિષ્ય પાસે છે એમ સંભળાય છે. એમ પણ કહેવાય છે કે આ લેખની દેવનાગરી લિપિવાળી નકલ મંદિરની દિવાલમાં પણ લગાવેલ છે.—(જૈન સત્ય પ્રકાશ, વ. ૪, અં. ૧-૨)

C (१) वीर[T]य भगव[त]......य......चतुरासितिव [स]......
(२) काये साळिमालिनि......रं मिविठमाझिमिके

( વડાલી ગામથી પ્રાપ્ત ખરોષ્ટ્રી લિપિનો શિલાલેખ )

—( શ્રી. ગો. હી. ઓઝાકૃત ભારતીય પ્રાચીન લિપિમાલા )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**विक्रमसंवत्**—વીરસંવત્ ૪૭૧ કા૦ શુ૦ ૧[૨] તદનુસાર ઈ. સ. પૂર્વે ૫૭(૫૬)ના ઑક્ટોબરથી વિક્રમસંવત્ શરૂ થયો છે. જો કે આ સંવત્નો પ્રારંભ હાલ કેટલાએક પ્રદેશોમાં ચૈત્ર, અષાડ અને શ્રાવણથી પણ કરાય છે, પણ એ માન્યતા પછીથી શરૂ થએલ છે. આ સંવત્ના જૂનામાં જૂના શિલાલેખો વિ. સં. ૭૯૪,૮૧૧ તથા ૮૯૮ અને પ્રશસ્તિ લેખો વિ. સં. ૯૮૯ ઇત્યાદિ મળે છે. વિદ્વાનો માને છે કે 'કૃત' અને 'માલવ' સંવત્ એ આ સંવત્ના જ બીજાં નામો છે.[3]

**ઈસ્વીસન**—ઈ. સ. પૂર્વે ૭૫૩ થી 'રોમનસંવત્' શરૂ થયો હતો, જે શરૂમાં ૧૦ મહિના અને ૩૦૪ દિવસનો જ હતો. ઈ. સ. પૂર્વે ૭૧૫થી૬૭૨ ના વચગાળામાં રાજા 'નુના પાપિલિયસે' તેમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી એ બે મહિના વધાર્યા. વળી ઈ. સ. પૂ. ૪૬માં 'જૂલીયસ સીઝરે' તેમાં ૯૦ દિવસનો ઉમેરો કર્યો અને 'કિવન્કિલીસ'ને બદલે 'જુલાઈ' માસ દાખલ કર્યો. એ જ રીતે રોમના પ્રથમ બાદશાહ 'અગષ્ટે' સેકસ્ટાઈલીસને સ્થાને 'ઑગષ્ટ' માસ દાખલ કર્યો, અને અંતે તેરમા પોપ ગ્રેગરીએ તા. ૨-૨-૧૫૮૨માં એવું ફરમાન કાઢ્યું કે આગામી તા. ૫-૧૦-૧૫૮૨ને તા. ૧૫-૧૦-૮૨ તરીકે માનવી અને તે જ હિસાબે આગળની તારીખો લેવી તથા વર્ષારંભ તા. ૧ જાન્યુઆરીથી માનવો. જો કે શરૂમાં તો આ ફરમાનનો સ્વીકાર રોમન કેથોલિક દેશોએ જ કર્યો હતો, પરન્તુ બીજા ૨૦૦-૩૦૦ વર્ષ જતાં તો આખા યુરોપે એ ફરમાનને અપનાવી લીધું છે.

ઈસ્વીસન આ રોમન સંવતના[4] ધોરણે જ ચાલુ થયો છે. રોમ નગરના પાદરી 'ડાયોનિસિઅસે'

---

समणस्स भगवओ महावीरस्स जाव सव्वदुक्खप्पहीणस्स णववाससयाइं वइक्कंताइ दसमस्स य वाससयस्स अयं असीइमे संवच्छरे काले गच्छइ, वायणंतरं पुण अयं तेणउए संवच्छरे काले गच्छइ, इति दीसइ.—( કલ્પસૂત્રના છઠ્ઠા વ્યાખ્યાનનો છેલ્લો મૂળપાઠ ).

चउदस सोलस वासा चउदस विसुत्तराय दुन्निसया । अट्ठावीसा य दुवे पंचसया चेव चउयाला ॥
पंचसया चुलसीया छ च्चेव सया नवुत्तरा हुंति । पंचसया चोयाला तइया सिद्धिगयस्स वीरस्स ॥
पुरिमंतरंजियाए तेरासिया दिठ्ठि उप्पन्ना ॥ —( आवश्यक सूत्र ).

विक्कमरज्जारंभा परओ सिरि वीर निव्वुई भणिया । सुन्न-मुणि-वेय-जुत्तो-विक्कमकालाउ जिणकालो ॥
विक्रमकालाज्जिनस्य वीरस्य कालो जिनकालः शून्य (०) मुनि (७) वेद (४) युक्तः चत्वारिशतानि सप्तत्यधिकवर्षाणि (४७०)श्रीमहावीरविक्रमादित्ययोरन्तरमित्यर्थः । ( आ० मेरुतुंगसूरिविरचितविचारश्रेणि )

२—A सुन्न-मुणि-वेद ४७० जुत्तो, विक्कमकालाओ जिगकालो ॥–( વિચારશ્રેણી-પ્રાચીન ગાથા )

B પ્રો. હર્મન જેકોબી તથા જાર્લ ચાર્પેન્ટિયર તો માને છે કે-વીર સં. અને વિક્રમ સં. નું આંતરું ૪૭૦ ને બદલે (પાલકના ૬૦ વર્ષ ઘટાડીને) ૪૧૦ વર્ષનું છે.

–( ઇન્ડિયન એન્ટિકવેરી, જૂન-જુલાઇ-ઑગષ્ટ સને ૧૯૧૪)

૩. A ડો. ત્રિ. લ. શાહ માલવસંવત્ની શરૂઆત ઈ. સ. ૫૩૧-૩૩ એટલે વિ. સં. ૫૮૭-૫૮૯ માં હૂણોને હરાવ્યા ત્યારથી બતાવે છે.—( પ્રાચીન ભારતવર્ષ ભા. ૪ પૃ. ૧૦૬ )

B ડો. ભાઉ દાજી જણાવે છે કે-વિક્રમસંવત્ જૈનોએ દાખલ કર્યો છે.

—( જ. બો. બ્રેંચ, રૉ. એ. સો. પુ. ૮, પૃ. ૨૩૩; પ્રા. ભા. વ. ભા. ૪ પૃ. ૪૩ )

૪ હિંદ બહારના કેટલાએક સંવતો આ પ્રમાણે છે. સૃષ્ટિ સં. ઇ. સ. પૂ. ૧, ૯૭, ૨૯, ૪૭, ૮૦૧ માં; ચીની સં. ઈ. સ. પૂર્વે ૯, ૬૦, ૦૦, ૪૯૯માં; ગ્રોક પૃથ્વી સં. ઇ. સ. પૂર્વે ૪૦૭૮માં અને ઓલિંપિયડ ઈ. સ. પૂ. ૭૭૬ માં શરૂ થએલ છે.

—( ગંગા જાન્યુઆરી ૧૯૩૩ નો પુરાતત્ત્વાંક )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઈસુ સંવત્ ચલાવવાનો મનસૂબો કર્યો અને તા. ૨૫ માર્ચથી હિસાબ લગાવી ઈસુથી પોતાના સુધીના વર્ષો ગણી ઈસ્વી સનની ઇ. સ. ૫૨૭માં મર્યાદા નક્કી કરી છે. ઈસ્વી સન આ રીતે શરૂ થયો છે.

વર્ષારંભ તો પોપ ગ્રેગરીના સમયથી જાન્યુઆરીની પહેલી તારીખથી જ શરૂ મનાય છે. આજના વિદ્વાનો માને છે કે ઈ. સ. નો પ્રારંભકાળ તો વાસ્તવિક રીતે વિ. સં. નો પોષ મહિનો અને ઇસુ ક્રાઇસ્ટના જન્મથી ૩। વર્ષ જતાં તા. ૧ ની મધ્ય રાત્રિ છે.

આ સંવત્ યુરોપમાં વપરાય છે અને અંગ્રેજી રાજ્ય આવ્યા પછી હિન્દુસ્તાનમાં પણ વપરાય છે.

**मौर्यसंवत्**—મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તે વિ. સં. પૂર્વે ૩૧૫ અને પાશ્ચાત્યમતે ૨૬૫ના કા. શુ. ૧ થી પોતાના રાજ્યાભિષેકની સાલથી આ સંવત્ શરુ કર્યો છે. જૈન સમ્રાટ ખારવેલના હાથીગુફાના શિલાલેખમાં મૌ. સં. ૧૬૫ ખોદાયેલ છે.[૫]

**सेल्युकससन**—યુનાની બાદશાહ સિકંદરના સેનાપતિ સેલ્યુકસે તા. ૧–૧૦ ઈ. સ. પૂર્વે ૩૧૨ એટલે વિ. પૂર્વે ૨૫૬થી આ સંવત્ શરૂ કર્યો છે, જેનો ઉલ્લેખ સિક્કાઓમાં મળે છે.

**पार्थियनसन**—વિ. સં. પૂર્વે ૧૯૦, ઈ. સ. પૂ. ૨૪૭ના એપ્રીલથી આ સંવત્ શરૂ થયેલ છે. તખ્તીવહી(પંજાબ)ના રાજા ગાંડો ફ્રરાસના રાજ્ય વર્ષ ૨૬ ના શિલાલેખમાં સં. ૧૦૩ નો ઉલ્લેખ છે. આ સંવત્ ખાસ કરીને બૌદ્ધ ગ્રંથોમાં વપરાયો છે.

**कनिष्कसंवत्**—જેને કુશાનવંશી શાહી કનિષ્કે શરૂ કરેલ છે. મથુરાની જૈન મૂર્તિઓની ગાદીમાં આ સંવત્ મળે છે, જેનો સમય વિક્રમ પૂર્વેનો મનાય છે[૬].

**शाकसंवत**—વી. નિ. સં. ૬૦૫ અને ૫ મહિના તથા વિ. સં. ૧૩૫ અને પાંચ મહિના જતાં શાકસંવત્ શરુ થયો છે[૭].

---

૫. पनंतरीय सठि वस सते राजमुरिय काले ।

( પં. ભગવાનદાસજીનું ' હાથી ગુફા એન્ડ થ્રી અધર ઇન્સ્ક્રીપ્શન્સ, ભારતીય પ્રાચીન લિપિમાલા. )

૬. षाहि कणिष्कस्य सं. ૭ —( મથુરાના શિલાલેખો ).

ડૉ. ત્રિ. લ. શાહ ક્ષહરાટ સં. ને ઇ. સ. પૂ. ૧૫૯ માં અને કનિષ્ક સં. ને ઈ. સ. ૭૮ ( વિ. સં. ૧૩૫ )માં મૂકે છે. —( પ્રા. ભા. વ. ભા. ૪, પૃ. ૧૦૬ )

એક વિદ્વાન કનિષ્કથી શાકેનો અને રમેશચંદ્ર મજુમદાર કનિષ્કથી ત્રૈકુટક સં. નો પ્રારંભ માને છે. —( ભારતીય પ્રાચીન લિપિમાલા પૃ. ૧૭૨–૧૭૩ )

૭, सेसं पुण पणतीससयं विक्कमकालम्मि पविट्ठं

टीका—शेषं पंचत्रिंशदधिकं शतं १३५ विक्रमकाले प्रविष्टम् ।

विक्रमादित्यांकितसंवत्सरात् शाकसंवत्सरं यावद्‌ः कालः स विक्रमकालः। स च पूर्वोक्तयुक्त्या १३५ वर्षमानः ।

श्रीवीरनिर्वृतेर्वर्षैः षड्भिः पंचोत्तरैः शतैः । शाकसंवत्सरस्यैषा प्रवृत्तिर्भरतेऽभवत् ॥

इत्थय पणहिय छसएसु ६०५ सागसंवच्छरुपत्ति ॥ टीका-अत्र च ६०५ वर्षेषु शाकसंवत्सरोत्पत्तिः ॥

—( આ. મેરુતુંગસૂરિકૃત, વિચારશ્રેણિ )

छहिं वाससएहिं पंचहिं वासेहिं पंचममासेहिं ।
मम निव्वाणगयस्स उ उप्पज्जिस्सइ सगो राया । —( महावीरचरियं )
पणछस्सय ६०५ वरिसं पणमासजुरं गमइ वीरनिव्वुइदो सगराओ ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રચલિત પંચાંગોમાં વિ. સં. અને શક સં. નું અંતર ૧૩૫ વર્ષનું લેવાય છે.[૮]

શક વર્ષના શિલાલેખો સં. ૫૨ અને ગ્રંથોલ્લેખો પંચસિદ્ધાંતિકામાં સં. ૪૨૭ ઇત્યાદિ મળે છે. શક સં. ની પહેલા "શાલિવાહન" શબ્દ પણ જોડાએલ છે જેના ઉલ્લેખો કે લેખો સાકે ૧૨૦૦ પછીના મળે છે.

આ સંવત્ વિશેષતઃ દક્ષિણ પ્રદેશમાં [૯] વપરાય છે, જેના બે નામો છેઃ ૧. શકસંવત્, ૨ શાલિવાહન સંવત્.

**ગાથાસંવત્**—વિ. સં. ૧૩૫ થી શરૂ

**વાલીસંવત્**—વિ. સં. ૧૩૮ થી શરૂ

**ચેદીસંવત્**—વિ. સં. ૩૦૫ ના આસો સુદિ ૧ તદનુસાર તા. ૨૬-૮-૨૪૯ થી શરૂ થયો છે, જેનો ત્રૈ. સં. ૨૪૫ નો પ્રથમ લેખ મલ્યો છે. આના ૧ ત્રૈકુટક, ૨ કલચુરી અને ૩ ચેદી એમ ત્રણ નામો છે. [૧૦]

---

टीका—श्रीवीरनाथनिवृत्तेः सकाशात् पञ्चोत्तरषट्छतवर्षाणि पंचमासयुतानि गत्वा पश्चात् विक्रमाङ्कशकराजोऽजायत-( त्रिलोकसार श्लोक—८४८ ).

દિગમ્બર ગ્રંથોમાં બીજા પણ ૩ શક રાજાઓનો પરિચય મળે છે—

वीरजिणं सिद्धिगदे चउसदइगिसट्ठि ४६१ वासपरिमाणे ।
कालम्मि अदिक्कंते उप्पण्णो एत्थ सगराओ ॥
अहवा वीरे सिद्धे सहस्स णवकंम्मि सतसयम्महिए ।
पणसीदिम्मि ९७८५ अतीदे पणमासे सगणिओ जादो ॥
चोदस सहस्स सतसय तिणवदि १४७९३ वासकालविच्छेदे ।
वीरेसरसिद्धिदो उप्पण्णो सगणिओ अहवा ॥ ( दि.आ.यतिवृषभकृत-तिलोयपन्नत्ति )

અહીં જે ૪૬૧ વર્ષે શક બતાવ્યો છે તે ગર્દભીલ્લ–દર્પણનો ઉચ્છેદ કરવા માટે આવેલ શાહિ રાજા છે. તેણે આ સાલમાં સૌરાષ્ટ્રમાં પગ મૂકયો હશે અને પ્રથમ શક રાજ્યની સ્થાપના કરી હશે. વી. સં. ૯૭૮૫ અને ૧૪૭૯૩ માં શક બતાવ્યા છે જે ભવિષ્યમાં થનાર શક રાજાઓનું સૂચન છે એમ સમજવું.

૮ શકસંવત્માં એક વર્ષનો ફેરફાર પણ જોવાય છે—

ज्या शकवर्षास शकाचें १८१८ वर्ष म्हंटलें आहे त्यास तामील तेलंगी आणि म्हैसुरांतील कानडी लिपींत छापलेल्या काही पंचांगांत १८१९ वे वर्ष म्हंटलें आहे । —( भारतीय ज्योतिषशास्त्राचा इतिहास, पृ. ३७२ ).

९—A सातवाहनोऽपि क्रमेण दक्षिणापथमनृणं विधाय, तापीतीरपर्यन्तं चोत्तरापथं साधयित्वा, स्वकीयसंवत्सरं प्रावीवृतत् । जनश्च समजनि ॥ —( विविधतीर्थकल्प, प्रबन्धकोश ).

B नृपशालिवाहनशक १२७६ (डो. लि. इं. स. इं. पृ. ७८ लेखांक ४५५)

૧૦ ડો. ત્રિ. લ. શાહ તો માને છે કે–પ્રાચીન ચેદી સં. ઈ. સ. પૂર્વે ૫૫૮, ૫૫૬, કે ૪૭૫ માં શરૂ થયો હતો. નંદ સં. ઈ. સ. પૂર્વે ૪૭૧ માં શરૂ થયો હતો.

( પ્રા. ભા. વ. ભા. ૧, પૃ. ૧૬૮, ૩૩૦, ૩૪૯, ૩૫૦ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**गुप्तसंवत् : वल्लभीसंवत्**—ગુપ્તસમ્રાટ દ્વિતીય ચંદ્રગુપ્તે પોતાના વડદાદા ઘટોત્કચના કે પોતાના દાદા પ્રથમ ચંદ્રગુપ્તના રાજ્યાભિષેક કાળથી એટલે વિ. સં. ૩૭૬ ના કા. શુ. ૧ થી આ સંવત્ ચલાવ્યા છે, પછી વલ્લભી રાજાઓએ પણ માત્ર વલ્લભીસંવત્ એવું નામ બદલી આ સંવતને જ જારી રાખેલ છે. આ સંવત સિક્કાઓ, તામ્રપત્રો, શિલાલેખો અને ગ્રંથોમાં ઘણા મળે છે.[૧૧] દ્વિતીય ચંદ્રગુપ્તના સં. ૮૨ અને ૯૩ ના શિલાલેખો મળે છે.

**गांगेयसंवत्**—ગંગવંશના રાજાએ ઈ. સ. ૫૭૨માં ચલાવ્યો છે, જેનો પ્રથમ શિલાલેખ ગં. સં. ૮૭નો મળે છે.

**फसलीसन**—વિ. સં. ૬૪૯ ભા. વ. ૧ (ગુજરાતી) અને બીજી રીતે કન્યાસંક્રાન્તિના પહેલા દિવસથી આ સંવતનો પ્રારંભ લેખાય છે. આ ચાંદ્ર-સૌર વર્ષ છે. આના બીજાં નામો વિલાયતી સન અને અમલીસન છે. વિશેષતા એ છે કે-અમલીસન ઉડિસાના રાજા ઇંદ્રદ્યુમ્નના જન્મદિવસ ભા. શુ. ૧૨ થી શરૂ મનાય છે. આ સંવત્ બાદશાહ અકબરે વિ. સં. ૧૬૨૦ થી બંગાલમાં નવો જ ચલાવ્યો છે.

**बंगालसन**—જે ફસલીસનથી સાતમે મહિને એટલે વિ. સં. ૬૫૦ ના મેષ સંક્રાન્તિના પહેલા દિવસથી શરૂ થયો લેખાય છે; જેમાં ૧, ૨, ૩ એમ તારીખોનો વ્યવહાર છે, પક્ષ અને તિથિઓ નથી.

**अरबीसन**—આ સન વિ. સં. ૬૫૬ થી અને બીજી રીતે ગુ. વિ. સં. ૧૪૦૦ જે. શુ. ૨ તા. ૧ મુહરંમ હિ. સં. ૭૪૫ થી શરૂ થયો મનાય છે. જે સૌર વર્ષ સાથે બંધબેસતો આવે છે. જેમાં મોરમ અને મહિનાનો મેળ મળી રહે છે. આનાં બીજાં નામો શાહુરસન, સુરસન અને શાહ સંવત પણ છે.

**हर्षसंवत्**—કનોજના રાજા હર્ષવર્ધન શિલાદિત્યે પોતાના રાજ્યાભિષેકની સાલથી એટલે વિ. સં. ૭૬૪ થી આ સંવત્ શરૂ કર્યો હતો, જેના સં. ૨૨ અને ૨૫ના શિલાલેખો મળે છે.

**हिजरीसन**—હજરત મહમ્મદ પયગંબરે વિ. સં. ૬૭૮ શ્રા. શુ. ૨ ગુરુવારની સાંજે તા. ૧૫-૭-૬૨૨ માં મક્કા છોડયું : (હીજરત કરી) ત્યારથી આ સન શરૂ થયો છે, આ ૩૫૪ કે ૩૫૫ દિવસનું ચાંદ્ર વર્ષ છે, જેમાં અધિક મહિનો આવતો નથી અને મહિના તથા મોરમનો સંબંધ જોડાતો નથી. આ મુસલમાનોનો મજહબી સંવત્ છે.

**मारिकसंवत्**—આ સંવત્ વિ. સં. ૬૭૯ થી શરૂ થયો છે.

**पारसीसंवत्**—પારસીસંવત્ શરૂમાં ૧૨ મહિનાના ૩૬૦ દિવસ અને છેલ્લા વધારાના ૫ દિવસો એમ કુલ ૩૬૫ દિવસનો હતો અને મેષાર્કથી શરૂ થતો હતો. પછી યજદીગર્દને હિન્દી વિ. સં. ૬૮૯ માં તેને નવું રૂપ આપ્યું છે. જેમાં ૩૬૫ દિવસનું ૧ વર્ષ બને છે અને દર ચોથે વર્ષે ૧ દિવસ વધારાય છે. આનું બીજું નામ "ઈરાનીસંવત્" પણ છે.

**मगिसन**—વિ. સં. ૬૯૪ ની મેષ સંક્રાન્તિથી અને બંગાલી સન ૪૫ જતાં શરૂ થયો હતો.

---

૧૧ रसूलमहंमदसंवत् ६६२ तथा नृपविक्रम सं. १३२० तथा श्रीमद्वल्लभी सं. ९४५ तथा श्री सिंह सं. १५१ वर्षे आषाढ वदि १३ रवौ ॥

—(સોલંકી અર્જૂનદેવના રાજ્યકાળનો વેરાવળનો શિલાલેખ. ભા. પ્રા. લિપિમાલા પૃ. ૧૭૫)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat   www.umaragyanbhandar.com

**कोल्लमसंवत्**—જે વિ. સં. ૮૮૧ ના ભાદરવામાં ચીંગમ ( સિંહ ) સંક્રાન્તિથી શરૂ મનાય છે. આ સૌર વર્ષ છે, જેનો સં. ૧૪૯ નો શિલાલેખ મળે છે, જેના બીજાં નામો કોલંબસંવત્ અને પરશુરામસંવત્ પણ છે.

**नेपालसंवत**—જેને નેપાલના રાજા અભયમલ્લના પુત્રે વિ. સં. ૯૩૬ ના કા. શુ. ૧ તા. ૨૦-૧૦-૮૭૯ થી શરૂ કરેલ છે.

**चौलुक्यसंवत्**—કલ્યાણ નગરના સોલંકી રાજા વીર વિક્રમાદિત્યે ગુજરાતી વિ. સં. ૧૧૩૨ ના ચૈ. શુ. માં આ સંવત્ ચલાવ્યો છે, જેનો સં. ૯૪ નો શિલાલેખ મળે છે.

**जलालसंवत्**—ખુરાસાનના બાદશાહ સુલતાન જલાલુદ્દીન મલિકે પારસીસંવત્ના મહિનાઓ અને ઋતુઓનો મેળ સાધવા માટે હિન્દી વિ. સં. ૧૧૪૬ થી જલાલી સંવત્ શરૂ કર્યો છે, જે પારસી સમાજમાં પ્રચલિત છે.

**सिंहसंवत्**—ગુજરાતના રાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહે ( કર્નલ જેમ્સના મતે શિવસિંહે અને ડૉ. વિજયશંકર ગૌરીશંકર ઓઝાના મતે સૌરાષ્ટ્રના મંડલેશ્વર સિંહે ) વિ. સં. ૧૧૭૧ કા. શુ. ૧ થી આ સંવત્ ચલાવ્યો છે, જેનો પહેલો શિલાલેખ સં. ૩૨ નો મળે છે.[૧૨] ગુજરાતના સોલંકી ભીમદેવ-(બીજા)ના દાનપત્રમાં પણ સં. ૯૬ મા. શુ. ૧૪ અને ગુરુવારનો ઉલ્લેખ છે.

**लक्ष्मणसेनसंवत्**—બંગાલના સેનવંશી રાજા બલ્લાલસેનના પુત્ર લક્ષ્મણસેને ગુ. વિ. સં. ૧૧૭૬ ના કા. શુ. ૧ થી શરૂ કરેલ છે, જે આજે મિથિલાદેશમાં પ્રચલિત છે.

**सिद्धहेमकुमारसंवत्**—આ સંવત્ ગુજરાતના રાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહના ઉત્તરાધિકારી અને ક. સ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરના ઉપાસક પરમાર્હત્ ગુર્જરેશ્વર કુમારપાળે વિ. સં. ૧૧૯૯ અથવા વિ. સં. ૧૨૧૬ થી શરૂ કરેલ છે, જેનો શિલાલેખ સં. ૪નો મળે છે અને તત્કાલીન ગ્રંથોલ્લેખ પણ મળે છે.[૧૩]

**आदिलशाहीसन**—બીજાપુર(દક્ષિણ)ના બાદશાહ શિયા સમ્પ્રદાયના યુસુફ આદિલશાહે વિ. સં. ૧૩૧૩ થી શરૂ કર્યો હતો.

**पुडुवेप्पुसंवत्**—વિ. સં. ૧૩૯૭ માં કોચીનની ઉત્તરમાં "બીપીન" ટાપુ નીકળ્યો છે જેની યાદ-ગીરીમાં પુડુવેપ્પ (નવી-વસ્તી) સંવત્ શરૂ થયો હતો. કોચીન રાજ્ય અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સંધિપત્રોમાં "પુડુવેપ્પુ સં. ૩૨૨ મીનમ્" (તા. ૨૨-૩-૧૬૬૩) લખેલ છે.

**कपिलसंवत्**—ઉત્કલના રાજા કપિલેશ્વરદેવે વિ. સં. ૧૪૯૧-૯૨ ઈ. સ. ૧૪૩૫ થી આ સંવત્ ચલાવ્યો હતો.

---

૧૨ श्रीमद्विक्रमसंवत् १२०२ श्रीसिंहसंवत् ३२ आश्वीन बदि १३ सोमे ।
(માંગરોલની સોઢડી વાવનો શિલાલેખ, ગુજરાત ઐતિહાસિક લેખો ભા. ૨, નં. ૧૪૫)

૧૩ જુઓ "શ્રી જૈન સત્ય પ્રકાશ" ક્રમાંક ૯૩, ૯૪ તથા ૯૮

ક. સ. શ્રી હેમચંદ્રાચાર્ય 'અભિધાન ચિંતામણિ' કોષ કાં. ૬ શ્લોક ૧૭૧ ની ટીકામાં લખે છે. यथा-विक्रमसंवत्, सिद्धहेमकुमारसंवतादिति ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ईलाहीसंवत्**—મોગલ સમ્રાટ બાદશાહ અકબર વિ. સં. ૧૬૧૨ ના મહા વદ ૪ તા. ૧૪-૨-૧૫૫૬ શુક્રવાર તા. ૨ રબી ઉસ્સાની હી. સં. ૯૯૨માં ગાદીએ બેઠો ત્યાર પછી ૨૫મો દિવસ એટલે વિ. સં. ૧૬૧૨ ફા૦ વ૦ અમાસ તા. ૧૧-૩-૧૫૫૬ તા. ૨૮ રબી ઉસ્સાની હી૦ ૯૯૨થી 'તારીખ-ઈ-ઈલાહી' સંવત્‌નો પ્રારંભ ગણાય છે. બાદશાહ અકબરે 'દીન-ઈ-ઈલાહી' ધર્મ ચલાવ્યા પછી એટલે પોતાના ગાદીનશીન થયાના દિવસો ગણીને રાજ્ય વર્ષ ૨૯માં આ સંવત્‌ને વ્યવસ્થિત રૂપ આપ્યું છે, જે સૌર વર્ષ છે, જેમાં ઇરાની નામોવાળા ૧૨ મહિના અને ૧થી ૩૨ સુધીની તારીખો રાખેલ છે. જેનો પ્રારંભ સાયન મેષથી છે. ઘણી જિનપ્રતિમાઓના પરિકર અને ગાદી નીચે પણ આ સંવત્ નોંધાયેલો મળે છે.

**शिवराजोशक**—મરાઠા રાજ્યના પ્રતિષ્ઠાપક મહારાજા શિવાજીનો. ગુ૦ વિ૦ સં. ૧૭૩૦ના જેઠ શુદિ ૧૩ ( તા.૪-૬-૧૬૭૪ )ના દિવસે રાજ્યાભિષેક થયો છે, તેની યાદગીરીમાં આ સંવત્ શરૂ થયો છે; જેના બીજાં નામો ' શિવસંવત્ ' અને ' રાજ્યાભિષેકસંવત્ ' પણ છે.

આ ઉપરાંત વિ૦ સં. ૧૬૯૯ થી તુલસી સં. ૧૯૪૦ કા૦ શુ૦ ૧ થી દયાનન્દાબ્દ, ૧૯૫૨ પ્ર૦ જે૦ ૮ થી આત્મ સં. ૧૯૭૪ આ૦ વ૦ ૧૦ થી કમલચારિત્ર સં. અને ૧૯૬૮ ના ભાદરવા શુદ ૧૪ થી ધર્મસંવત ઈત્યાદિ સાંપ્રદાયિક સંવતો શરૂ થયા છે અને કોઇ કોઇ સ્થાને નાના વર્તુલોમાં પ્રચલિત છે.

લેખક-**મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી મહારાજ**

(શ્રી વિક્રમ-વિશેષાંક) શ્રી જૈન સત્ય પ્રકાશ-અમદાવાદ.

**તમારી લાયબ્રેરીની શોભા વધારો !**

**અમારાં પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| સમ્રાટ સંપ્રતિ | ૫-૦-૦ | શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર અને મંત્રસંગ્રહ | ૪-૮-૦ |
| શ્રીપાળ ચરિત્ર (બીજી આવૃત્તિ) | ૩-૮-૦ | સતી ચરિત્રો ( સેટ ) સુંદર પેકેટ | ૫-૪-૦ |
| શ્રીપાળ રાસ (સચિત્ર) | ૩-૦-૦ | | |

**વિશેષ માહિતી માટે સૂચિપત્ર મંગાવો.**

લખો :—

**મંગળદાસ ત્રિકમદાસ ઝવેરી**

**સ્થાપક-પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય,**

**ટેંબી નાકા-થાણા.**

# विक्रमादित्य संबंधी जैन साहित्य

## (१) संस्कृत (मौलिक) ग्रन्थ

| रचनासमय | ग्रन्थनाम | रचयिता | प्राप्ति एवं प्रकाशनस्थान |
|---|---|---|---|
| १ सं. १२९०-९४ | पंचदंडात्मक विक्रमचरित्र | अज्ञात | हीरालाल हंसराज जामनगर (उ. जै. सा. सं. इ.) |
| २ १३ वीं या १५ वीं शताब्दी | सिंहासनद्वात्रिंशिका[1] | क्षेमंकर | प्र. उ. लाहौरके सूचिपत्रमें |
| ३ सं. १४७१ के लगभग | विक्रमचरित्र[2] | कासहृदगच्छीय उ. देवमूर्ति | सं. १४९६ लिखित प्रति लींबडी भं. |
| ४ सं. १४९० माघ शुदि १४ रवि खंभात | विक्रमचरित्र (पंचदंड) ग्रं. २५०० | साधुपूर्णिमा रामचंद्रसूरि | ज्ञानसागर भंडार बीकानेर |
| ५ सं. १४९० माघ शुदि १४ रवि दर्भिकाग्राम | विक्रमचरित्र (सिंहासन द्वात्रिंशिका)[3] | ,, | उ. जै. सा सं. इ. |

१ कई विद्वान इसे १३ वीं शताब्दीका बतलाते हैं। घटपुरुषचरित्रके कर्ता क्षेमंकर १५ वीं शताब्दीमें हुए हैं। इस सिंहासनद्वात्रिंशिकामें इसका आधार महाराष्ट्री भाषाका उक्त कथानक बतलाया है पर वह अभी अज्ञात है।

" श्रीविक्रमादित्यनरेश्वरस्य चरित्रमेतत् कविभिर्निबद्धैः। पुरा महाराष्ट्रवरिष्टभाषामयं महाश्चर्यकरं नराणाम् ॥
क्षेमंकरेण मुनिना वरं गद्यपद्यबंधेन युक्तिकृतसंस्कृतबंधुरेण। विश्वोपकारविलसद्गुणकीर्तिनायं चक्रे चिरामरपंडितहर्षहेतुः॥"

बीकानेर स्टेट लायब्रेरीमें २, बृहद्भंडारमें २, हमारे संग्रहमें भी इसकी १ अपूर्ण प्रति है।

२ इसके १४ सर्गोंके नाम इस प्रकार हैं—विक्रमोत्पत्ति, राज्यप्राप्ति, सुवर्णपुरुषलाभ, पंचदंडछत्रप्राप्ति, द्वादशावर्तवन्दनकफलसूचककौतुक नयवीक्षि, देवपूजाफलसूची, राज्यागमन, विक्रमप्रतिबोध, जिनधर्मप्रभावसूचक हंसावलीविवाह, विनयप्रभाव, नमस्कारप्रभाव, सत्त्वाधिककथाकोष, दानधर्मप्रभाव, स्वर्गारोहण, सिंहासनद्वात्रिंशिका।-( जै. सा. सं. इ. पृ. ४६८ )

इस ग्रंथकी एक और प्रति सं. १४८२ लिखित बम्बई रो. ए. सो. के नं. १७७३ में है।

३ इसका गुजराती अनुवाद (स्व. मणिलाल नभुभाईका) बडोदेके केलवणी खातासे सं. १९९१ में प्रकाशित हुआ है।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat
www.umaragyanbhandar.com

| | | | |
|---|---|---|---|
| ६ सं. १४९९ | विक्रमचरित्र[4] ग्रं. ६७१२ | तपागच्छीय शुभशील | प्र. हेमचंद्राचार्य ग्रं. अमदाबाद |
| ७ सं. १५३४ के लगभग | सिंहासनद्वात्रिंशिका[5] | धर्मघोषगच्छीय राजवल्लभ | प्रति–गोविंद पुस्तकालय सं. १६१२ लि. बीकानेर |
| ८ | विक्रमचरित्र पद्य ३६ | राजमेरु | जीरा (पंजाब) भंडार |
| ९ | " | इंद्रसूरि | उ. जैन ग्रंथावली पृ. २९९ |
| १० | " पंचदंडप्रबंध | पूर्णचंद्र | " " १६० |

(२) प्रबंधसंग्रहोंके अन्तर्गत सामग्री

| | | | |
|---|---|---|---|
| १ सं. १३३४ चै. शु. ७ | प्रभावकचरित्र | प्रभाचंद्रसूरि | वृद्धवादिप्रबंध |
| २ सं १३६१ वै. शु. १५ वर्धमानपुर | प्रबंधचिंतामणि | मेरुतुंगसूरि | विक्रमार्कप्रबंध |
| ३ सं. १४०५ दिल्ली | प्रबंध कोष (चतुर्विंशति प्रबंध) | राजशेखरसूरि | विक्रमादित्यप्रबंध<br>सिद्धसेनप्रबंध |
| ४ १३ वीं से १५ वीं शताब्दी | पुरातन प्रबंध संग्रह | अज्ञात | विविधविक्रमार्कप्रबंध |

५ अज्ञातकर्तृक कई प्रबंध एवं चरित्र जैन भंडारोंमें प्राप्त हैं। (नं. १ से ४ ग्रंथ सिंघी जैन ग्रन्थमालासे प्रकाशित है)

४ इसकी प्रति बीकानेरके जयचंद्रजीके भंडारमें भी है। इसके १२ सर्गोंके नाम इस प्रकार हैं–अग्निवेतालोत्पत्ति, सुकोमला-पाणिग्रहण, खर्परचोरोत्पत्तिनिग्रह, विक्रमचरित्रजन्म, अवदातकरण--पितृमिलन, शुभमतिरूपमतीपाणिग्रहण, विक्रमचरित्र कनकश्रीनाम, सिद्धसेनप्रबोध–वसुधाअनृणीकरण–कीर्तिस्तंभविरचन, शत्रुंजयोद्धार, पंचदंडवर्णन, कालीदासोत्पत्ति, सौभाग्यसुन्दरीपरिणयन–तत्परीक्षाकारणाद्यघटकुमारमिलन, विक्रमादित्यस्वर्गगमन, चतुश्चामरहारिणीवर्णन विक्रमचरित्रराज्योपवेशन यात्राकरण स्वर्गगमन।

५ इसकी यह एक ही प्रति पत्र ४८ की बीकानेरके गोविंदपुस्तकालयमें मिली है। इसमें इससे पूर्व सिद्धसेनरचित उक्त कथाका उल्लेख है, जैसे–" पूर्वं श्रीसिद्धसेनेन विक्रमादित्यकीर्तनम्। कृतं सिंहासनस्थानं जगजनमनोहरम् ॥ १ ॥"

अंतमें कर्ताने अपना परिचय एवं गद्यबंधसे उक्त पद्यबंध कथा रचनेका निर्देश इस प्रकार किया है—

गच्छः श्रीधर्मघोषस्तदनु सुविहितश्रक्रचूडामणित्वं वादीन्द्रो धर्मसूरिर्नृपवरतिलको बोधको वीसलस्य।

जित्वा वादान्यनेकविविधगुणगणा शासने चोन्नतिं यः यस्य श्रीमूलपट्टे त्रिजगजयकरो श्रीयशोभद्रसूरिः ॥ ७२ ॥

श्रीविक्रमार्कगुणवर्णनगद्यबंधात् पद्ये कृता सुगमता जनकौतुकाय। सूरेन्द्रशिष्यमहिचन्द्रगुणाधिकेन श्रीराजवल्लभकृता वरपाठकेन ॥७३॥



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat
www.umaragyanbhandar.com

## (३) लोकभाषामें[६] विक्रमविषयक जैन साहित्य

| | | | |
|---|---|---|---|
| १ सं. १४९९ | विक्रमचरित्र कुमाररास | वडतपागच्छीय साधुकीर्ति | ड. ज. गु. क. भा. १ पृ. ३५ |
| २ सं. १५६५ जे. शु. | विक्रमसेन चौपइ | पूर्णिमागच्छीय उदयभानु | ,, ११३ |
| ३ सं. १५९६ के लगभग | विक्रमरास | तपागच्छीय धर्मसिंह | ,, १६५ |
| ४ सं. १६३८ मा. सु. ७ र. उज्जयिनी | विक्रमरास[७] | आगम बिडालंब गच्छीय मंगलमाणिक्य | ,, २४७ |
| ५ सं. १७२२? पों. सु. ८ बु खेमतानगर | विक्रमादित्यचरित्र | तपागच्छीय मानविजय | अभयसिंह भंडार |
| ६ सं. १७१४ काती कुडेनगर | विक्रमसेन[८] चौपइ | तपागच्छीय मानसागर | वर्द्धमान भंडार |
| ७ सं १७२४ पो. ब. १० गढवाडा | विक्रमादित्यरास | तपागच्छीय परमसागर | ड. जै. गु. भा. ३[९] पृ. १२२८ |
| ८ सं. १७३७ के लगभग | ,, | खरतर दयातिलक | अपूर्ण बीकानेर |

६ जैन मुनिके लिये चतुर्मासके अतिरिक्त एक स्थानपर एक महिनेसे अधिक नहीं रहनेका विधान होनेसे वे हर समय भ्रमणशील रहते हैं। इसीसे उनकी भाषामें कई भाषाओंका थोडा बहुत संमिश्रण हो जाता है। अतः हमने उक्त तालिकाके ग्रंथोंको गुजराती हिन्दी राजस्थानी भाषाके अलग अलग न रखकर लोकभाषा शीर्षकके नीचे दे दिये हैं। फिर भी ईनमें सबसे अधिक गुजराती, उससे कम राजस्थानी एवं कुछ ग्रंथोंमें हिन्दीका संमिश्रण रूप हैं।

७ इसमें सिंहासन बत्तीसी, वैतालपचीसी, पंचदंडछत्र, लीलावती, परकायप्रवेश, शीलमतीं, खापराचोर आदि विक्रम संबंधी कथाओंका उल्लेख हैं।

८ इस नामका इससे भिन्न अन्य जैन चौपइका आदिपत्र हमारे संग्रहमें है।

९ जै. श्वे. को. बम्बईसे इसके २ भाग प्रकाशित हुए हैं, तीसरा अभी छप रहा है। ये तीनों भाग जैन भाषासाहित्यको जानकारीके लिये एवं संस्कृत–प्राकृत श्वे. ग्रंथोंकी जानकारीके लिये और यहींसे प्रकाशित जैन साहित्यनो संक्षिप्त इतिहास-ये चारों ग्रन्थ अपूर्व हैं। इन चारोंके सम्पादक-संग्राहक श्रीमोहनलाल दलीचंद देसाई हैं।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## (४) विभिन्न कथाओंको लेकर रचित स्वतंत्र लोकभाषाकी कृतियाँ

### (क) बैताल पचीशी

| समय | कर्ता | स्थल |
|---|---|---|
| १ सं. १५९३ आ. व. ९ गु रत्नागरपुर | सोरठगच्छीय ज्ञानचंद्र | उ. जै. गु क. भा. ३ पृ. ५४५ |
| २ सं. १६१९ द्वि. आ. व. ९ र. वडग्रामे | तपागच्छीय देवशील | प्रति-वर्धमान भंडार, गोविंद स्टेट लायब्रेरी |
| ३ सं. १६४६ इंद्रोत्सव दिन | खरतर हेमाणंद | प्रति ,, ,, ,, |
| ४ सं. १६५० के लगभग | वडगच्छीय मुनि माल | प्रति गोविंद पुस्तकालय |
| ५ सं. १६७२ पो. सु. २ र. | तपागच्छीय सिंहप्रमोद | प्रति भांडारकर ओ. इं. पूना |
| ६ | अज्ञात | उ पंचदंड वार्ता पृ. १२६ |

### (ख) पंचदंड चौपई

| समय | कर्ता | स्थल |
|---|---|---|
| १ सं. १५१६ वै. शु. २ | अज्ञात[१०] | उ अ. गु. क भा. १ पृ. ९९<br>प्र. बुद्धिप्रकाश वर्ष ७९ अं. २-३ |
| २ सं. १५६० | सिंहकुशल | उ. फार्बस प्रकाशित पंचदंड वार्ता |
| ३ सं. १५८३ | विनयसमुद्र | प्रति पनेचंदजी सिंघी सुजानगढ पत्र २१ |
| ४ सं. १६५० के लगभग | वडगच्छीय मुनि मालदेव | प्रति जयचंद्रजी भंडार |
| ५ सं. १७२८ का. सु. ५ जारबदेसर | खरतर लक्ष्मीवल्लभ | प्रति हमारे संग्रहमें |
| ६ सं. १७३३ फागुन | खरतर लाभवर्धन | प्रति सेठिया लायब्रेरी |
| ७ सं. १८३० जे. सु. १० र. औरंगाबाद | तपा भाणविजय | प्रति अभयसिंह भंडार |

### (ग) सिंहासनबत्तीसी चौपई

| समय | कर्ता | स्थल |
|---|---|---|
| १ सं. १५१९ | पूर्णिमागच्छीय मलयचंद्र | प्रति सें. ला. बडौदा, लींबडी भंडार |
| २ सं. १५९८ भा. सु. १० गु. | ज्ञानचंद्र | प्रति अभयसिंह भंडार |

१० हिन्दी विद्यापीठ उदयपुरसे प्रकाशित रा. हिं. हस्त. ग्रंथोंकी खोज भा. १ में कर्ताका नाम सिद्धसेन लिखा है, पर इसका आधार अज्ञात है।



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat
www.umaragyanbhandar.com

| | | |
|---|---|---|
| ३ सं. १६११ | उपकेशगच्छीय विनयसमुद्र | प्रति बीकानेर स्टेट लायब्रेरी |
| ४ सं. १६१६ वै. ब. ३ र. बारेजा | विवंदनीकगच्छीय सिद्धसूरि | उ. ज. गु. क. भा. १ पृ. २०५ |
| ५ सं. १६३९ आ. ब. २ मेडता | खरतर हीरकलश | प्रति हमारे भंडारमें, वर्धमान भंडार, गोविंद पुस्तकालय |
| ६ सं. १६७८ | तपा संघविजय | प्र. 'साहित्य' १९३३ अप्रेलसे दिसंबर के अंकोंमें |
| ७ सं. १७४८ आ. ब. ७ फलौधी | खरतर विनयलाभ | प्रति हमारे भंडारमें, श्रीपूज्यजी भंडार |
| ८ सं. १६७१ | अज्ञात (ग्रं. २८०० गा. २४७८) | प्रति महिमाभक्ति भं. बं. नं. ३६ |

(घ) विक्रम-खापराचोर चौपई

| | | |
|---|---|---|
| १ सं. १५६३ जे. सु. ७ चीतोड | खरतर राजशील | प्रति जयचंद्रजी भंडार |
| २ सं. १७१३ ज्ये. सीरोही | „ अभयसोम | प्रति हमारे संग्रहमें |
| ३ सं. १७२७ नयतारण | „ लाभवर्धन | „ „ |

(ङ) विक्रम-चौबोली चौपई

| | | |
|---|---|---|
| १ सं. १७२४ आषाढ ब. १० | खरतर अभयसोम | प्रति श्रीपूज्यजी भंडार |
| २ सं. १७६२ | „ कीर्तिसुंदर | प्रति „ |
| ३ सं. १७७० से पूर्व | पल्लीवालगच्छीय हीरानंद | प्रति कृपाचंद्रसूरि |

(च) विक्रम-लीलावती चौपई

| | | |
|---|---|---|
| १ सं. १५९६ वै. सु १४ बु. | ककसूरिशिष्य | उ. जै. गु. क. भा. ३ पृ. ६२३ |
| २ सं. १७२८ | खरतर कुशलधीर | |

(छ) विक्रम-कनकावती चौपई

| | | |
|---|---|---|
| १ सं. १७६४ मि. सु. १० राधनपुर | तपा कांतिविमल | उ. जै. गु क. भा. २ पृ ४६९ |

(ज) विक्रम-शनिश्चर रास

| | | |
|---|---|---|
| १ सं. १६८८? का. ब. ७ गु. | तपा संघविजय | उ. जै. गु. क. भा. ३ पृ. ९६३ |
| २ सं. १७३६ के लगभग राधनपुर | धर्मसी | उ. जै. गु. क. भा. २ |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat
www.umaragyanbhandar.com

उपर्युक्त सभी रचनाएं पद्यमें हैं। गद्यमें भी एतद् विषयक कई ग्रंथ जैन भंडारोंमें पाये जाते हैं, पर इनके रचयिताओंके जैन होनेका निश्चित नहीं कहा जा सकता।

इस प्रकार यथाज्ञात विक्रमादित्य संबंधी श्वे. जै. साहित्यके ५५ ग्रंथोंकी सूची यहाँ प्रकाशित की जारही है। विशेष खोज करने पर और भी अनेकों ग्रन्थ मिलनेका संभव है। इनमेंसे कई ग्रंथोंकी अनेकों प्रतियां बीकानेरके अनेक संग्रहालयोंमें हैं[११]। यहां स्थानाभावसे केवल एक-दो स्थानोंका ही निर्देश किया गया है।

इसके अतिरिक्त जैन कवि कुशललाभविरचित माधवानलकामकंदला चौपाई ( सं. १६१६ फागुण शुदि १३ जैसलमेर ) में भी विक्रमादित्यके परदुःखभंजनकी कथा आती है। उक्त चोपई, राजस्थानीमें कवि गणपति ( सं. १५८४ श्रा. सु. ७ आमुद्दरि ) एवं गुजरातीमें दामोदर ( सं. १७३७ पूर्व ) रचित इसी नामाधली रचनाओंके साथ, बडोदा ओरियन्टल सीरीझसे प्रकाशित है। इसी प्रकार रूपमुनिरचित अंबडरास ( सं. १८८० जे. सु. ३० बु. अझीमगंज ) आदिमें विक्रमके पंचदंड आदि कथानक पाये जाते हैं।

आश्चार्यकी बात है कि श्वेतांबर जैनोंने जब कि विक्रमादित्यके सम्बन्धमें ५५ ग्रन्थ बनाये हैं, दिगम्बर समाजके केवल एक ही विक्रमचरित्र (श्रुतसागररचित १६ वीं शताब्दी) का उल्लेख मात्र आरा जैन सिद्धान्त भवनसे प्रकाशित प्रशस्तिसंग्रहमें पाया जाता है। श्वे. जैनोंके इतने विशाल साहित्यनिर्माणके दो प्रधान कारण हैं: १ उन्होंने लोकसाहित्यके सर्जनमें एवं संरक्षणमें सदासे बडी दिलचस्पी ली है, इसके प्रमाणस्वरूप विक्रमकथाओंके अतिरिक्त अन्य अनेक कथाओं पर रचित उनके ग्रन्थ है ( देखें-जैन साहित्यनो संक्षिप्त इतिहास पृ. ६०८, ६६१, ६७९ ): और २ सिद्धसेन दिवाकर नामक श्वे. विद्वानका विक्रमादित्यसे घनिष्ट संबंध ( यहां तक कि उनके उपदेशसे विक्रमादित्यके जैनी होने तकका कहा गया है, उसने शत्रुंजयकी यात्रा भी की थी )।

महान् गौरवशाली विक्रमादित्यी सच्ची श्रद्धांजली यही हो सकती है कि हम उनके चरित्रमय ग्रंथोंमेंसे विविध दृष्टियोंसे उपयोगी ग्रन्थरत्नोंको चुनचुन कर प्रकाशित करें और उनकी कथाओंकी गहरी छानबीन कर उनके विशुद्ध इतिहासको प्रकाशमें लावें। आशा ही नहीं, पूरा विश्वास है कि इस लेखका अध्ययन कर हमारे विद्वान उक्त कार्यमें शीघ्र ही अग्रसर होंगे।

लेखक—श्रीयुत् अगरचंद नाहटा

( विक्रम-विशेषांक-श्री जैन सत्य प्रकाश-अमदावाद )

---

११. इस लेखमें उल्लिखित दानसागर भंडार, वर्धमान भं., जयचंद्र भं. अभयसिंह भं., कृपाचंद्रसूरि भं., श्री पूज्यजी भं., महिमाभक्ति भं., गोविंदपुस्तकालय, सेठिया लाईब्रेरी, हमारा संग्रह, बीकानेर स्टेट लायब्रेरी- ये सभी बीकानेरमें ही अवस्थित हैं। बीकानेरके जैन भंडारोंमें हस्तलिखित लगभग ५० हजार प्रतियां हैं। ईन भंडारोंका परिचय मैंने अपने स्वतंत्र लेखमें दिया है, जो शीघ्र ही प्रकाशित होगा।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# विक्रमादित्य अने जैन साहित्य

અત્યારે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે શું સંવત્ સાથે સંકલિત વિક્રમ નામનો એ કે ઉપાધિવાળો કોઈ રાજા બે હજાર વર્ષ ઉપર થઈ ગયો છે તેમ એવો પ્રશ્ન કેટલાંક વર્ષો ઉપર વિદ્વાનોને સ્ફુર્યો હતો અને એને લઈને 'લગભગ બે હજાર વર્ષ ઉપર હિન્દમાં એવો કોઈ પરાક્રમી વીર પુરુષ થઈ ગયો છે કે કેમ' તેની તેમણે ગવેષણા શરૂ કરી હતી. આનું ફળ શું આવ્યું એ આપણે નોંધીએ તે પૂર્વે ભારતવર્ષની એ સમયની–ઈ. સ. પૂર્વની પહેલી સદીની ઐતિહાસિક પરિસ્થિતિ આપણે વિચારીશું.

The Cambridge History of India (vol. I)માં પ્રો. રૅપ્સને કહ્યું કે–જો સિક્કાઓનો પુરાવો સાચો સમજાય તો આ પરિસ્થિતિ એવી જણાય છે કે આન્ધ્રોએ વચલો મુલક કબજે કરી ઘણું કરીને 'શુંગ' વંશના મુખ્ય પુરુષ [1]પુષ્યમિત્ર પાસેથી ઉજ્જૈનનું રાજ્ય જીતી લીધું. એટલે ઈ. સ. પૂ. ૯૦ની આસપાસમાં ઉજ્જૈનની ઉત્તરે [2]યવનોનું, પૂર્વમાં શુંગોનું, અને દક્ષિણમાં [3]આન્ધ્રોનું જોર હતું અને કોઈ વિરુદ્ધ પુરાવો જણાતો નહિ હોવાથી ઉજ્જૈન આન્ધ્રોના હાથમાં હશે એમ લાગે છે. પછી લગભગ ઈ. સ. પૂર્વે ૭૫માં પશ્ચિમમાં [4]શકોનું જોર વધ્યું. શકદ્વીપના આ શકો છેક ઉજ્જૈન સુધી વધ્યા હોવાનો સંભવ છે અને એ હકીકતનું સ્મરણ કાલકસૂરિની કથામાં સચવાઈ રહ્યું હોય એમ જણાય છે.[5]

વિક્રમસંવત્ના પ્રવર્તક તરીકે ઓળખાતા વિક્રમાદિત્યના સંબંધમાં જે અનેક પ્રશ્નો ઉપસ્થિત

---

૧. તિત્થોગાલી (ગા. ૬૨૧)માં આ પુષ્યમિત્રનું રાજ્ય ૩૫ વર્ષનું ગણાવાયેલું છે, પુરાણોમાં ૩૬ વર્ષનું ગણાવાયું છે અને જિનપ્રભસૂરિએ વિવિધતીર્થકલ્પમાં ત્રીસ વર્ષનું ગણાવ્યું છે. પ્રો. કેશવલાલ હિં. કામદારે હિન્દુસ્તાનનો ઇતિહાસ જે રચ્યો છે તેના ૫૯મા પૃષ્ઠમાં (ઇ. સ. ૧૯૪૧, દશમી આવૃત્તિ) પુષ્યમિત્ર માટે ઈ. સ. પૂર્વ ૧૮૫–૧૪૯ એવો ઉલ્લેખ કર્યો છે. વિશેષ માટે જુઓ વીરનિર્વાણસંવત્ ઔર જૈન કાળગણના (પૃ. ૩૦, ૪૯ અને ૫૨)

૨. આ નામની ઉત્પત્તિ માટે જુઓ ઉપર્યુક્ત હિંદુસ્તાનનો ઇતિહાસ (પૃ. ૪૯).

૩. આન્ધ્ર એટલે તેલુગુ પ્રદેશ, તૈલંગણ, આન્ધ્ર, રાજા શાલિવાહને ઈ. સ. ૭૮માં શક લોકોને હરાવ્યા. એથી દક્ષ્ખણમાં શાલિવાહનનો શક ચાલે છે. એ શકનું નવું વર્ષ ચૈત્ર શુક્લ પ્રતિપદાથી શરૂ થાય છે.

૪. આ લોકો ભારતના વાયવ્ય (ઉત્તર–પશ્ચિમ) ખૂણામાંથી આ દેશમાં લગભગ ઈ. સ. પૂર્વે ૧૫૦ વર્ષ ઉપર દાખલ થયા હતા. એમના સંબંધી કેટલીક માહિતી શ્રી. વિજયેન્દ્રસૂરિએ મહાક્ષત્રપ રાજા રુદ્રદામા (પૃ. ૪–૨૭,માં આપી છે. પંન્યાસ શ્રી. કલ્યાણવિજયના મતે વિક્રમની પાંચમી સદીમાં રચાયેલી તિત્થોગાલી નામની પાઈય કૃતિની ૬૨૩ મી ગાથામાં એવો ઉલ્લેખ છે કે વીરનિર્વાણને ૬૦૫ વર્ષ અને પાંચ માસ વીત્યા ત્યારે શક રાજા થયો. ૬૨૪ મી ગાથામાં એમ સૂચવાયું છે કે શક વંશને ૧૩૨૪ વર્ષ થશે ત્યારે કુસુમપુરમાં દુષ્ટ બુદ્ધિ (કલ્કી) થશે. નેમિચન્દ્રસૂરિકૃત મહાવીરચરિયમાં તેમજ દિગંબરીય નેમિચન્દ્રકૃત તિલોયસારમાં પણ શક રાજાનો ઉત્પત્તિ–સમય ઉપર મુજબ જ અપાયેલ છે, પરંતુ તિલોયસારના ટીકાકાર માધવચન્દ્ર શકને વિક્રમ સમજ્યા એટલે એમના પછી થયેલા કેટલાક દિગંબરોએ વિક્રમસંવત્ ૬૦૫ "(શક સંવત ૪૭૦)" વર્ષપૂર્વે વીરનિર્વાણ માન્યું છે. તિલોયપણ્ણત્તિમાં અન્ય પ્રકારે ગણના કરાયેલી છે. જુઓ ભારતીય પ્રાચીન લિપિમાલા (પૃ. ૧૬૩).

૫. આ હકીકત માટે જુઓ પ્રબન્ધચિન્તામણીનું ગુજરાતી ભાષાન્તર (પૃ. ૨૫.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરાયા છે તેમાંનો એક એ છે કે 'વિક્રમાદિત્ય' એ શું કોઈ રાજાનું નામ છે અને જો એમ હોય તો કોનું? આના ઉત્તર ભિન્ન ભિન્ન રીતે અપાયા છે:

(૧) શાસ્ત્રી રેવાશંકર મે. પુરોહિત કહે છે કે ઈ. સ. પૂર્વેની પહેલી શતાબ્દીમાં શકોનો પરાજય કરનાર અને એથી કરીને 'શકારિ' એ નામથી પ્રસિદ્ધિ પામનારો રાજા તે જ પ્રસ્તુત વિક્રમાદિત્ય છે અને એ રાજાએ પ્રવર્તાવેલો સંવત્ આજે ચાલે છે. એનો આરંભ ઈ. સ. પૂર્વે ૫૭ માં તા. ૧૮ મી સપ્ટેમ્બર ને ગુરુવારે થયો છે.[૬] વિશેષમાં એમણે એમ કહ્યું કે "[૭]અલ્બેરુની(૧૦૨૫)એ પોતાના 'તહકી કે હિન્દ' નામના ગ્રંથમાં સાફ લખ્યું છે કે 'શકારિ વિક્રમે મુલતાન પાસેના કારુર ગામમાં શકોનો સંપૂર્ણ પરાજય કર્યો હતો.' ચંદ્રગુપ્ત જ સાચો વિક્રમાદિત્ય હોત તો તેનું નામ તેણે લખ્યું હોત.[૮]

(૨) વિન્સન્ટ સ્મિથના મત પ્રમાણે ઈ. સ. ૬૮ માં વિદ્યમાન હાલે ગાહાસત્તસઈ રચી છે.[૯] એના પાંચમા શતકની ૬૪ મી ગાથામાં નિર્દેશેલ 'વિક્કમાઇત્ત' તે પ્રસ્તુત વિક્રમાદિત્ય છે. એમાં એ રાજાએ નોકરને લાખ આપ્યાનો ઉલ્લેખ છે. આ રહી એ ગાથા:

" संवाहणसुहरसतोसिएण देन्तेण तुह करे लक्खं ।
चलणेण विक्कमाइत्तचरिअं अणुसिक्खिअं तिस्सा ॥ ६४ ॥ "

સુબન્ધુએ રચેલ વાસવદત્તાના નિમ્નલિખિત પદ્યમાં વિક્રમાદિત્યના મૃત્યુનો ઉલ્લેખ છે:

" सारसवत्ता विहता नवका विलसन्ति चरति नो कङ्कः ।
सरसीव कीर्तिशेषं गतवति भुवि विक्रमादित्ये ॥ "

આ પદ્યમાંના नवकाः દ્વારા શું વિક્રમાદિત્યનાં નવ રત્નોનું ગર્ભિત સૂચન છે?

(૩) દિગંબર અમિતગતિએ વિ. સં. ૧૦૫૦ માં સુભાષિતરત્નસન્દોહ રચેલ છે. એમાં 'વિક્રમ' શબ્દ વપરાયેલો છે. એ 'વિક્રમાદિત્ય' રાજાનો વાચક છે એ વાત ચોક્કસ છે. [૧૦]અમિતગતિની પહેલાં

---

૬ જુઓ ચિત્રમયજગત્ (વ. ૨૯, અં. ૯)માં પ્રસિદ્ધ થયેલો એમનો લેખ નામે "વિક્રમસંવત્ ૨૦૦૦ના પ્રવર્તક શકારિ રાજા વિક્રમાદિત્ય જ હતા."

૭ અલ્બેરુનીએ કહ્યું છે કે જેઓ વિક્રમાદિત્યના સંવતનો ઉપયોગ કરે છે તેઓ હિન્દના દક્ષિણ અને પશ્ચિમ ભાગોમાં વસે છે....મહાદેવકૃત સૂધવ નામના ગ્રંથમાં હું એનું નામ ચન્દ્રબીજ આપેલું જોઉં છું. (E. C. Sachau's edition pp. 5-6). આ સંબંધમાં એસ. કે. દીક્ષિત પૃ. ૧૯૩માં એમ કહે છે કે આ ચન્દ્રબીજ તે ચંદ્રગુપ્તનું અપભ્રષ્ટ રૂપ હશે અને 'બીજ' એ દ્વિતીયનું હશે.

૮ જુઓ ચિત્રમયજગત્ (પૃ. ૨૦૧)

૯ જુઓ The Early History of India (p. 196; બીજી આવૃત્તિ).

૧૦ " समारूढे पूतत्रिदशवसतिं विक्रमनृपे सहस्रे वर्षाणां प्रभवति हि पञ्चाशदधिके ।
समाप्ते पञ्चम्यामवति धरणीं मुञ्जनृपतौ सिते पक्षे पौषे बुधहितमिदं शास्त्रमनघम् ॥९२२॥ "



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થઈ ગયેલા—વિક્રમની દસમી સદીમાં થઈ ગયેલા દેવસેને (દિગંબરે) પોતાની કૃતિ દંસણુસારમાં સંવત્‌ની સાથે વિક્રમનો ઉલ્લેખ કર્યો છે. એ પ્રસ્તુત 'વિક્રમાદિત્ય' છે.

(૪) એચ. સી. શેઠ(Seth)નું કહેવું એ છે કે ખારવેલ એ જ ગર્દભિલ્લ છે. વળી વકદેપસિરિ ઉર્ફે શ્રી વક્રદેવ જેનો ઉલ્લેખ મંચપુરીના શિલાલેખમાં છે અને જેને સામાન્ય રીતે ખારવેલનો પુત્ર માનવામાં આવે છે તે 'શકારિ' વિક્રમાદિત્ય છે અને એણે ઈ. સ. પૂર્વે ૫૭–૫૮ માં [૧૧]માલવસંવત્ સ્થાપ્યો હતો.[૧૨]

(૫) ડૉ. ત્રિભોવનદાસ લ. શાહ એમ કહે છે કે [૧૩]ગર્દભિલ્લ રાજા એ જ પ્રસ્તુત વિક્રમાદિત્ય છે.[૧૪]

(૬) પંન્યાસ કલ્યાણવિજયજીનું કહેવું એ છે કે શકોની સહાયતા મેળવી જે [૧૫]કાલકસૂરિએ ગર્દભિલ્લ રાજાને હરાવ્યો એ સૂરિના ભાણેજ અને [૧૬]લાટ દેશના રાજા બલમિત્ર તે જ વિક્રમાદિત્ય છે. 'બલ' અને 'વિક્રમ' એકાર્થક છે. એવી રીતે 'મિત્ર' અને 'આદિત્ય' પણ એક જ અર્થના વાચક છે એટલે બલમિત્ર એ વિક્રમાદિત્યનો પર્યાય ગણાય. આમ એમણે પૃ. ૧૪૧માં સૂચવ્યું છે.

(૭) વીરનિર્વાણને ૬૮૩ વર્ષ વીત્યાં ત્યારે વિક્રમ રાજાનો જન્મ થયો એમ કેટલાક દિગંબરો માને છે.

---

૧૧ ઉત્કીર્ણ લેખો ઉપરથી એ વાત નિર્વિવાદપણે કહી શકાય તેમ છે કે ઈ. સ.ની પાંચમી સદીથી તો માળવા તેમજ એના આસપાસના પ્રદેશમાં આ માલવસંવત્ પ્રચલિત હતો. આ માલવસંવત્‌ને કૃત સંવત્ તેમજ માલવગણસંવત્ પણ કહેલ છે. જુઓ વીરનિર્વાણસંવત્ ઔર જૈન કાલગણના (પૃ.૫૯).

૧૨ જુઓ The Indian Historical Quarterly (Vol. XIX. No. 3).–ના પૃ. ૨૯૫–૨૯૬. એમાં સેઠનો "Kharavela and Gardabhill" નામનો લેખ જે Nagpur University Journal No. 8 (December 1942)માં પ્રસિદ્ધ થયો છે તેની સંક્ષિપ્ત નોંધ છે અને એ ઉપરથી મેં અહીં આ નિર્દેશ કર્યો છે. મૂળ લેખ મારા જોવામાં આવ્યો નથી.

૧૩ અભિધાનરાજેન્દ્ર (ભા. ૫., પૃ. ૧૨૮૯)માં ગર્દભિલ્લનો સમય વીરસંવત્ ૪૫૬–૪૬૬ નો દર્શાવાયો છે. વિ. સં. ૮૫૦ માં વિદ્યમાન દિગંબરાચાર્ય જિનસેને રાસભનો સમય વીરસંવત્ ૩૪૫–૪૪૫ નો સૂચવ્યો છે.

૧૪ જુઓ પ્રાચીન ભારતવર્ષ (ભા. ૪, પૃ. ૮૨).

૧૫ એમનો સમય વીરસંવત્ ૪૫૩ ની આસપાસનો છે. એમની બેન સાધ્વી સરસ્વતીને 'ગર્દભિલ્લ' વંશના રાજા દર્પણે જબરજસ્તીથી અંતઃપુરમાં દાખલ કરી દીધી હતી એમ જૈન ગ્રંથકારો કહે છે. આ દર્પણ રાજાનો સમય વીરસંવત્ ૪૫૩–૪૬૬ સુધીનો સૂચવાય છે.

૧૬ ભરુચની આસપાસનો પ્રદેશ. આ લાટની રાજધાની ભરુકક્ષ(ભરુચ)માં બલમિત્રનો રાજ્યાભિષેક થયો ત્યારે પુષ્યમિત્રની આખર અવસ્થા હતી. જુઓ વીરનિર્વાણસંવત્ ઔર જૈન કાલગણના (પૃ. ૫૨).

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૮) મેરુતુંગસૂરિ વગેરેનું કહેવું એ છે કે સિદ્ધસેન દિવાકરે જે રાજાને પ્રતિબોધ પમાડ્યો હતો અને જેણે પૃથ્વીને અનૃણી બનાવી પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો હતો તે જ વિક્રમાદિત્ય છે અને એનો જ સંવત્ આજે પ્રચલિત છે.

(૯) શુભશીલગણિના મત મુજબ ગંધર્વસેનને મદનરેખાથી થયેલો પુત્ર તે વિક્રમાદિત્ય છે. જુઓ એમણે રચેલું વિક્રમાદિત્યચરિત્ર.

(૧૦) વિક્રમસેનના પિતા તે વિક્રમાદિત્ય છે એમ રાજશેખરસૂરિએ કહ્યું છે. જુઓ ચતુર્વિંશતિપ્રબન્ધ.

(૧૧) સોમદેવભટ્ટે ઈ. સ. ૧૦૭૦માં રચેલ કથાસરિત્સાગર પ્રમાણે શિવના ભક્ત મહેન્દ્રાદિત્યનો પુત્ર વિક્રમાદિત્ય તે જ પ્રસ્તુત 'વિક્રમાદિત્ય' છે. એનું બીજું નામ ત્યાં [૧૭]વિષમશીલ સૂચવાયું છે અને એણે વિક્રમસંવત્ પ્રવર્તાવ્યો છે.

(૧૨) જેના દરબારમાં ધન્વંતરિ, ક્ષપણક, વરાહમિહિર વગેરે નવ રત્નો હતાં તે વિક્રમાદિત્ય છે. આ નવ રત્નોનો ઉલ્લેખ[૧૮] કલિસંવત્ [૧૯]૩૦૬૮માં રચાયેલા મનાતા જ્યોતિર્વિદાભરણ(૧૦-૨૨)માં છે. વિશેષમાં એમાં ૧૮-૪૩ માં એવો નિર્દેશ છે કે શકોનો નાશ કરી વિક્રમાદિત્યે દેશભરમાં ખૂબ મંદિરો બનાવ્યાં.

(૧૩) કલ્હણે શકસંવત્ ૧૦૭૦-૭૧ માં એટલે કે ઈ. સ. ૧૧૪૮ માં રચેલી રાજતરંગિણીમાં સૂચવાયું છે કે રણાદિત્યને જે વિક્રમાદિત્ય નામે પુત્ર હતો. એણે કાશ્મીરમાં ૪૨ વર્ષ સુધી—લગભગ ઈ. સ. ૫૧૭ થી ઈ. સ. ૫૫૮ સુધી રાજ્ય કર્યું છે. (જુઓ ગઉડવહની પ્રસ્તાવનાનાં પૃ. ૭૪ અને ૭૬). આને કેટલાક પ્રસ્તુત વિક્રમાદિત્ય ગણે છે.

(૧૪) બિલ્હણે વિ. સં. ૧૦૮૦ ની આસપાસમાં વિક્રમાંકદેવચરિત રચ્યું છે. એમાં એણે વિક્રમાદિત્યનું વર્ણન કર્યું છે, પણ એ તો કલ્યાણનો ત્રિભુવનમલ્લ છે કે જેનું બીજું નામ વિક્રમાદિત્ય હતું.

(૧૫) સોમપ્રભસૂરિએ વિ. સં. ૧૨૪૧ માં કુમારપાલપડિબોહ રચેલ છે. એના પહેલા પ્રસ્તાવમાં મૂલરાજની કથા છે. એ મૂલરાજનું વિક્રમરાજ એવું નામ ત્યાં નોંધાયેલ છે. જુઓ પૃ. ૧૪.

---

૧૭ જેઓ વિક્રમાદિત્યને ચંદ્રગુપ્ત બીજા તરીકે માને છે તેમાંના કેટલાક આ વિષમશિલને પણ એનું અન્ય નામ ગણે છે અને એ નામની સાન્વર્થતા માટે ચન્દ્રગુપ્ત બીજાએ પોતાના મોટા ભાઈની ગાદી લઈ લીધી હતી તેમજ તેની પત્ની ધ્રુવદેવી સાથે લગ્ન કર્યું હતું એ હકીકતો રજૂ કરે છે.

૧૮ A Peep into the Early History of India(પૃ. ૬૦)માં વરાહમિહિર ઈ. સ. ૫૮૭માં પંચત્વ પામ્યાનું લખ્યું છે. વિશેષમાં ત્યાં શક ૪૨૭ (ઈ. સ. ૫૦૫)માં વરાહમિહિરે પંચસિદ્ધાંતિકા રચ્યાનો ઉલ્લેખ છે. આ ઉપરાંત ત્યાં એમ પણ સૂચવાયું છે કે નવ રત્નોમાંથી કેટલાંક અને કદાચ કાલિદાસ પણ ચન્દ્રગુપ્ત બીજાના રાજ્યમાં થયેલ હોય.

૧૯ જ્યોતિર્વિદોના મત પ્રમાણે કલિસંવતનો પ્રારંભ ઈ. સ. પૂર્વે ૩૧૦૨ થી છે. એ હિસાબે જ્યોતિર્વિદાભરણ ઈ. સ. પૂર્વે ૩૫ માં પૂર્ણ થયેલ ગણાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સર જોન માર્શલ અને પ્રો. રેપ્સનના મત મુજબ વિક્રમ સંવત્‌ના પ્રવર્તક એઝીઝ (Azes) છે. [20]આ મતનું ડૉ. સ્ટેન કોનોએ Historical Introduction to Corpus Inscriptonum Indicarum ( Vol. II, pt. I )માં ખંડન કર્યાનું મેં વાંચ્યું છે. પણ એ મૂળ લખાણ મારા જોવામાં આવ્યું નથી.

એસ. કે. દીક્ષિત "Chandra-gupta II, Sahasamka alias Vikramaditya and the Nine Jewels" નામના [21]લેખ (પૃ. ૧૯૭)માં કહે છે કે એઝીઝ પહેલો વિક્રમસંવત્‌નો પ્રવર્તક છે એ જાતની સર જૉન માર્શલની સુંદર અટકળની વિરુદ્ધ કશો પૂરાવો હું જોતો નથી. હું એ સંવત્‌ને ઉજ્જેનના શકોના નાશ કર્યા બાદ ઈ. સ. ૪૦૫ માં સ્થપાયેલા સાહસાંક સાથે જોડું છું. આ સાહસાંક-સંવત્ માળવાની રાજધાનીમાં પ્રવર્તાવાયો. એથી કરીને માલવસંવત્ જે પહેલાં એઝીઝ-સંવત્ તરીકે જાણીતો હતો તેને અને આને એક માનવાની ભૂલ ઊભી થઈ[22] અને એનું આ નામ, માલવગણે એનો ઉપયોગ કર્યો તેથી પડ્યું. સૌથી પ્રથમ એઝીઝ-સંવત્ તરીકે, પછી કૃત-સંવત્ તરીકે, પછી કૃત-માલવ-સંવત્ તરીકે, પછી માલવગણ-સંવત્ તરીકે અને છેવટે માલવોના અથવા તો માળવાના રાજાઓના સંવત્ તરીકે એમ વિવિધ કક્ષાઓમાંથી આ સંવત્ પસાર થયો.

વિશેષમાં દીક્ષિતે ૧૯૭મા પૃષ્ઠમાં કહ્યું છે કે ડૉ. સ્ટેન કોનો જે હોફ્મનની પેઠે એઝીઝ પહેલાને, એઝિલિસિઝ (Azilises)ને અને એઝીઝ બીજાને અભિન્ન ગણે છે અને જે એઝીઝને સંવત્ સાથે સાંકેતિક રીતે (symbolically) સંબદ્ધ માને છે તેની સાથે હું એકમત થઈ શકતો નથી.

૧૯૪મા પૃષ્ઠમાં તેમણે કહ્યું છે કે વિક્રમસંવત્‌ને બદલે સાહસાંક-સંવત્‌ના ઉલ્લેખવાળા ઓછામાં ઓછા બે શિલાલેખ છેઃ (૧) મહોબા-કિલ્લાની દિવાલ ઉપરનો અને (૨) રાજા પ્રતાપના સમયમાં રોહતાસ્ગઢ ખડગ ઉપર કોતરાયેલો.

(૭) ડૉ. ફ્લીટ એમ કહે છે કે [23]કનિષ્ક વિક્રમસંવત્‌નો પ્રવર્તક છે.[24]

---

૨૦ જુઓ Journal of the Royal Asiatic Society ( 1914 p. 973 ). એઝીઝ પહેલા તેમજ બીજા વિષે C H I ( પૃ. ૫૮૧ )માં પણ ઉલ્લેખો છે. પહેલાના નામની સાથે કૌંસમાં ઈ. સ. પૂર્વે ૫૮ એમ લખાયેલું છે (જુઓ પૃ. ૫૫૪). એઝીઝ બીજાનું રાજ્ય ઇ. સ. ૧૯માં પૂરું થયું. (જુઓ પૃ. ૫૭૩).

૨૧ આ લેખ The Indian Culture (Vol. VI)માં પ્રસિદ્ધ થયેલો છે.

૨૨ એજન, પૃ. ૧૯૨.

૨૩ ઈ. સ. ના પહેલા સૈકામાં કેડ્‌ફિસિઝ (Kadphises) નામે રાજા થયો. એનો પુત્ર એના જ જેવો પરાક્રમી રાજા થયો. એના પછી કનિષ્ક ગાદીએ આવ્યો. એ બૌદ્ધ ધર્મના 'મહાયાન' પંથનો આશ્રયદાતા હતો. જુઓ હિન્દુસ્તાનનો ઇતિહાસ (પૃ. ૬૨-૬૩). કનિષ્કે ઇ. સ. ૭૮માં નવો સંવત્સર ચલાવ્યો. જુઓ C H I ( p 583 ).

૨૪ જુઓ Imperial Gazetteer of India (Vol. II, pp. 4-5 fn.).

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat                    www.umaragyanbhandar.com

(૮) કેટલાક પુરાતત્ત્વજ્ઞોનું કહેવું એ છે કે કોઈ કારણસર ઇ. સ. પૂર્વે ૫૭માં માલવસંવત્ શરૂ થયો. પછી ચન્દ્રગુપ્ત બીજાએ ઇ. સ. ૪૦૦ની આસપાસમાં શકોને હરાવી પશ્ચિમ હિન્દ સર કર્યું ત્યારે આના સ્મરણાર્થે માળવાના લોકોએ એ ચન્દ્રગુપ્તની 'વિક્રમાદિત્ય' નામની જે પદવી હતી એ ઉપરથી માલવસંવત્નું નામ વિક્રમસંવત્ પાડ્યું.

(૯) યશોવર્મન ઉર્ફે હર્ષવર્ધન નામના રાજાએ લગભગ ઇ. સ. ૫૩૨–૩૩માં હુણોના રાજા [25]મહિરકુલને હરાવ્યો. એ વિજયની યાદગીરી તરીકે એણે 'વિક્રમાદિત્ય'ની ઉપાધિ ધારણ કરી એટલું જ નહિ પણ માલવસંવત્નું વિક્રમસંવત્ એવું નામ પાડ્યું અને પોતાનો આ સંવત્સર પ્રવર્તાવ્યો, આમ ડૉ. કીલહોર્ન માને છે.

(૧૦) સર કનિંગહામે Book of Indian Eras (પૃ. ૮)માં એમ સૂચવ્યું છે કે વિક્રમ-સંવત્સરની શરૂઆત ઈ. સ. પૂર્વે ૫૭ કે ૫૬॥ થી થઈ નથી, પણ ૫૬ થી થઈ છે. આમ ચિત્રમય-જગત્માંના લેખ(પૃ. ૨૦૨)માં ઉલ્લેખ છે. પ્રાચીન ભારતવર્ષ(ભા. ૪, પૃ. ૯૬)માં આ પુસ્તકનું નામ ઉપર પ્રમાણે નથી, પણ એમાં Indian ને બદલે Ancient છે.

(૧૧) પેશાવરની ઉત્તર–પૂર્વે આવેલ[26] "તખ્ત–ઈ–બહી"માંથી એક ઉત્કીર્ણ લેખ મળ્યો છે અને તે પહ્લવ (પાર્થિયન) રાજા [27]ગોંડોફર્નેસ (Gondopharnes)ના રાજ્યના ૨૬મા વર્ષનો છે. એમાં વૈશાખ સુદ પાંચમ ને સાલ ૧૦૩ નો ઉલ્લેખ છે. એ સાલ વિક્રમસંવત્ની છે એમ રેપ્સન [28]કહે છે. ડૉ. ફ્લીટ અને વિન્સન્ટ સ્મિથ પણ એમ જ માને છે. ડૉ. ભાંડારકરે આ સાલ જો શકની હોય અને જો એ ઈ. સ. ૧૮૧ની બરાબર હોય તો ગોંડોફર્નેસે ઇ. સ. ૧૫૫માં રાજ્ય કરવા માંડ્યું એવો એમણે "A Peep into the Early History of India" (પૃ. ૩૭)માં ઉલ્લેખ કર્યો છે.

શિલાલેખ—જે શિલાલેખમાં વિક્રમસંવત્નો સ્પષ્ટ ઉલ્લેખ હોય અને સાથે સાથે જે આજથી ઓછામાં ઓછો સાડી બારસો (૧૨૫૦) વર્ષ પૂર્વેનો હોય એવો એક શિલાલેખ જણાતો નથી. વિ. સં. ૮૧૧, ૮૨૬ અને ૮૯૭ની સાલવાળા શિલાલેખ[29] છે. એ અત્યારે તો સૌથી પ્રાચીન ગણી શકાય;

---

૨૫ આને મિહિરગુલ પણ કહે છે. એ ઈ. સ. ૫૪૨માં મરી ગયો. જુઓ હિન્દુસ્તાનનો ઇતિહાસ (પૃ. ૭૮). અહીં આપેલી સાલ ડૉ. ફ્લીટના સૂચવ્યા મુજબની છે. Kalidas a Study માં એ ઈ. સ. ૫૪૪ની નોંધાયેલી છે.

૨૬ આને કેટલાક તખ્તેવાહી "(તક્ષશિલા ૧)" કહે છે.

૨૭ આને બદલે ગુડૂફર્સ એવું નામ પણ સૂચવાય છે. આ રાજાએ ઇ. સ. ૧૯માં રાજ્ય કરવા માંડ્યું અને ઈ. સ. ૪૫માં પણ એનું રાજ્ય ચાલુ હતું.

૨૮ જુઓ C H I (પ્રકરણ ૩૩).

૨૯ જુઓ ચિત્રમયજગત્ગત લેખ (પૃ. ૨૦૩). ભારતીય પ્રાચીન લિપિમાલા (પૃ. ૧૬૫–૧૬૬)માં તો આ ત્રણને બદલે વિક્રમસંવત્ ૮૯૮ ના શિલાલેખનો ઉલ્લેખ છે. વિશેષમાં એના ૧૬૬મા પૃષ્ઠમાં વિક્રમસંવત્ ૭૯૪ના દાનપાત્રની નોંધ છે, પરન્તુ એની સાથે નોંધેલ તિથિ, વાર, નક્ષત્ર અને ગ્રહણનો મેળ ખાતો ન હોવાથી તેમજ એની લિપિ એટલી પ્રાચીન નહિ જણાવાથી એને ડૉ. ફ્લીટ અને કીલહોર્ન ગલત માને છે એમ એમાં સુચવાયું છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સિવાય કે કાઠિયાવાડના કોઈ લેખમાં વિ. સં. ૭૯૪ની સાલ છે એ સાલ સાચી મનાય. પ્રાચીન ભારતવર્ષ (ભા. ૪ પૃ. ૯૬)માં 'વિક્રમશક' એવા ઉલ્લેખવાળો એક શિલાલેખ હોવાનું જણાવ્યું છે, પણ તે ક્યારનો છે તે દર્શાવાયું નથી. અહીં 'શક'નો અર્થ સંવત્સર છે.

મહાક્ષત્રપ શોડાસનો સમય કનિંગહામે ઈ. પૂર્વે ૮૦થી ૫૭નો ધાર્યો છે અને મથુરાના બીજા ક્ષત્રપ રાજુબલ કે રંજુબલનો પુત્ર માન્યો છે. શોડાસ રાજાના ૪૨ મા વર્ષનો અને શિયાળાના બીજા માસનો એક શિલાલેખ છે. એના સંવત્ વિષે મતભેદ છે. ડૉ. કોનો એને વિક્રમસંવતની સાલ ગણે છે. એ હિસાબે એ શિલાલેખ ઈ. સ. પૂર્વે ૧૬–૧૫ નો ગણાય. જુઓ ઉત્તર હિંદુસ્તાનમાં જૈન ધર્મ (પૃ. ૧૭૮).

## વિક્રમાદિત્યનું જીવનવૃત્તાન્ત

જેને આર્થરની ઉપમા આપી શકાય એવા વિક્રમાદિત્ય યાને વિક્રમાર્કના જીવન ઉપર પ્રકાશ પાડનાર સ્વતંત્ર ગ્રન્થ છે કે કેમ અને હોય તો તે કઈ કઈ ભાષામાં છે એ હકીકત આપણે હવે વિચારીશું. 'સૂચીકટાહ' ન્યાય અનુસાર સૌથી પ્રથમ અજૈન સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરશું તો જણાશે કે એવો કોઈ અતિપ્રાચીન ગ્રન્થ સંસ્કૃતમાં જણાતો નથી. વિક્રમાદિત્યના જીવન સાથે સંકળાયેલી હકીકતો કેટલાક ગ્રન્થોમાં નજરે પડે છે. ઉદાહરણાર્થે હું બે સંસ્કૃત ગ્રન્થો નોંધું છું:

(૧) સોમદેવભટ્ટે ઈ. સ. ૧૦૭૦માં રચેલ કથાસરિત્સાગર (લંબક ૧૮, અને નામે વિષમશીલ).

(૨) અનંતરાજ (ઈ. સ. ૧૦૨૮–૧૦૮૦) ના રાજ્યમાં થઈ ગયેલા કાશ્મીરના મહાકવિ ક્ષેમેન્દ્રે રચેલી બૃહત્કથામંજરી. આના અંતમાં ૧૧ મા પૃષ્ઠમાં વિક્રમાદિત્યનો આ કૃતિમાં જ્યાં જ્યાં નિર્દેશ છે તેની નોંધ છે. વિશેષમાં આ કૃતિમાં વિક્રમાદિત્યે ભૂતવેતાલ ઉપર વિજય મેળવ્યાની હકીકત છે.

ઉદ્દ્યોતનસૂરિ ઉર્ફે દાક્ષિણ્યચિહ્નસૂરિએ શકસંવત્ ૭૦૦માં એક દિન ઓછો હતો ત્યારે કુવલયમાલા પૂર્ણ કરી. આ કૃતિમાં એમણે ઈ. સ. ની પહેલી સદીમાં થઈ ગયેલા ગુણાઢ્યની પ્રશંસા કરી હતી. આ ગુણાઢ્યે પેસાઈ (પૈશાચી) ભાષામાં, સંસ્કૃતજ્ઞે દ્વારા બૃહત્કથા એ નામથી ઓળખાવતો ગ્રન્થ રચ્યો છે. બૃહત્કથામંજરી અને કથાસરિત્સાગર આ કૃતિના સંસ્કૃત અનુવાદો છે. વળી કાદંબરી, રત્નાવલી ઈત્યાદિ આ બૃહત્કથાના અંશો છે.[૩૦] એટલે આ લુપ્ત બનેલી બૃહત્કથામાં વિક્રમાદિત્ય વિષે હકીકત હોવા સંભવ છે.

વિ. સં. ૧૫૧૭ માં ભોજપ્રબંધ યાને પ્રબન્ધરાજ રચનારા રત્નમંડનગણિએ ઉપદેશતરંગિણી રચી છે એમાં વિક્રમાદિત્ય સંબંધી છૂટીછવાઈ હકીકતો છે. જુઓ પત્ર ૪૪, ૪૯, ૫૦, ૫૪, ૫૫, ૫૮ અને ૨૨૩. તેમાં ૪૪મા પત્રમાં અજાદેવતાએ વિક્રમને વરદાન આપ્યાની વાત છે.

દુઃષમગંડિકાના અને યુગપ્રધાનગંડિકાના સારરૂપ એક પુસ્તકમાં એવી મતલબનો ઉલ્લેખ છે કે કેટલાય સમય પછી શકોના એ વંશને ઉખેડીને માલવનો રાજા નામે વિક્રમાદિત્ય થશે. એ વિક્રમ ૬૭ વર્ષ રાજ્ય કરશે અને એ પોતાનો સંવત્સર પ્રવર્તાવશે.[૩]

---

૩૦ જુઓ પાઇયસદ્દમહણ્ણવનો ઉપોદ્ઘાત (પૃ. ૧૫).

૩૧ જુઓ વીરનિર્વાણસંવત્ ઔર જૈન કાલગણના (પૃ. ૩૧ની પાદનોંધ).

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જૈન ગુજરાતી કૃતિઓમાં વિક્રમાદિત્યના જીવન સાથે સંબંધ ધરાવનારી હકીકતો જોવાય છે. એમાંની કેટલીક નીચે મુજબ છે:—

| નામ | કર્તા | રચના-સમય |
|---|---|---|
| વિક્રમચરિત્રકુમારરાસ | ? | વિ. સં. ૧૪૯૯ |
| વિક્રમાદિત્યખાપરારાસ | ઉપાધ્યાય રાજશીલ | વિ. સં. ૧૫૬૩ |
| વિક્રમસેનરાસ | ઉદયભાનુ | વિ. સં. ૧૫૬૫ |
| વિક્રમરાસ | ધર્મસિંહ | વિ. સં. ૧૫૯૬ |
| વિક્રમપંચદંડરાસ | જિનહર | વિ. સં. ૧૫૯૯ની આસપાસ |
| વિક્રમાદિત્યચરિત્ર | માનવિજય | વિ. સં.૧૭૨૨-૨૩ |
| વિક્રમચરિત્રખાપરાચોપાઈ | અભયસોમ | વિ. સં. ૧૭૨૩ (?) |
| વિક્રમચોપાઇ[૩૨] | લાભવર્ધન ઉર્ફે લાલચંદ | વિ. સં. ૧૭૨૩ |
| વિક્રમાદિત્યરાસ | પરમસાગર | વિ. સં. ૧૭૨૪ |
| વિક્રમચરિત્ર-લીલાવતી ચોપાઇ | અભયસોમ | વિ. સં. ૧૭૨૪ |
| વિક્રમસેનરાસ[૩૩] | માનસાગર | વિ. સં. ૧૭૨૪ |
| વિક્રમાદિત્યપંચદંડરાસ | લક્ષ્મીવલ્લભ | વિ. સં. ૧૭૨૭ |
| શનિશ્ચરવિક્રમચોપાઈ | ધર્મવર્ધન | વિ. સં. ૧૭૩૬ની આસપાસ |
| વિક્રમકનકાવતીરાસ | કાન્તિવિમળ | વિ. સં. ૧૭૬૭ |
| વિક્રમપંચદંડરાસ | ભાણુવિજય | વિ. સં. ૧૮૩૦ |

લેખક—**હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.**

વિક્રમ-વિશેષાંક (શ્રી જૈન સત્યપ્રકાશ-અમદાવાદ)

૩૨. ૯૦૦ કન્યા, ખાપરા ચોર અને પાંચ દંડ વિષે આમાં ઉલ્લેખ છે.

૩૩. આ રાસમાં વિક્રમસેનને વિક્રમાદિત્યનો પુત્ર ગણ્યો છે.

# શ્રી વિક્રમાદિત્યની યશોગાથા.

## [ બત્રીશ પૂતળીઓની કથાઓનો સંક્ષેપ. ]

શ્રી રામચંદ્રસૂરિકૃત 'વિક્રમચરિત્ર'માં બત્રીશ પૂતળીઓએ ધારાપતિ ભોજને સિંહાસન પર બેસવાની ના પાડી અને વિક્રમાદિત્યના જેવા થવા જણાવ્યું છે. હવે વિક્રમાદિત્ય કેવો ગુણસંપન્ન છે તે વર્ણવવા સાથે ક્યાંક ક્યાંક ઇતિહાસ અને ભૂગોળ ઉપર પ્રકાશ ફેંકનારી વાતો પણ જણાવી છે, જે અતિ-સંક્ષેપમાં અનુક્રમે પૂતળીવાર રજુ કરવામાં આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat　　www.umaragyanbhandar.com

૧. **પહેલી પૂતળી**—આનું નામ જયા છે. તે રાજા ભોજને કહે છે કે–"આ સિંહાસનનાં અમે સર્વ અધિષ્ઠાતા છીએ, માટે દેવાધિષ્ઠિત આ સિંહાસન પર તમારે બેસવું યુક્ત નથી. "કોઈ સામાન્ય રાજા કિંચિત્ ભાગ્યયુક્ત હોય, કે એકાદ દેશની પ્રભૂતાવાળો હોય તે અત્ર એક શિયાળ જેવો હોઈ બેસવા યોગ્ય નથી." આ પછી ભોજરાજા પોતાની પ્રશંસા કરી યોગ્યતા જણાવે છે ત્યારે પુનઃ આ પૂતળી કહે છેઃ "આ તારું ઔદાર્ય કશા કામનું નથી. તારા ગુણનું તું પોતે જ વર્ણન કરે છે? જે જગતમાં પોતાના ગુણનું પોતાના મુખે વર્ણન કરે તેના કરતાં વધારે નિંદાપાત્ર કોણ?" પછી ભોજરાજાને શિખામણ આપી દાનગુણની મહત્તા કહે છે. છેવટે ભોજરાજા લજ્જાથી વિનમ્ર બની આ સિંહાસન ઉપર કોણ બેસતું તે પૂછે છે, જેના જવાબમાં આખું વિક્રમચરિત્ર કહે છે અને રાજાની દાનશીલતા, પરોપકારિતા, પરદુઃખભંજનપણાનાં દૃષ્ટાન્તો આપે છે. આ સાંભળી પહેલે દિવસે રાજા સિંહાસન પર બેસવાનું બંધ રાખે છે.

૨. **બીજી પૂતળી**—રાજા ભોજ બીજા સારા દિવસે શુભ મુહૂર્તે સિંહાસન પર બેસવા જાય છે ત્યારે બીજી વિજયા નામની પૂતળી ના પાડે છે અને કહે છેઃ "જ્યારે તમે શ્રી વિક્રમાદિત્યના જેવા થશો ત્યારે આ પવિત્ર સિંહાસનને તમે યોગ્ય થશો. વિક્રમાદિત્ય રાજા, જે ઔદાર્ય ગુણનો ભંડાર હતો અને જેણે આખા ભૂમંડલનું દારિદ્ર ફેડયું તેની વાત કયાં?" ત્યારપછી ભોજના કહેવાથી વિજયા રાજા વિક્રમાદિત્યે જગતનાં આશ્ચર્ય જોવા ચાર પુરુષોને મોકલ્યા છે, તેમાં સુભદ્ર નામનો વિદ્વાન છ મહીને ફરીને આવ્યો છે ને તે કયા કયા દેશો જોયા તેનું વર્ણન કરતાં અન્તરીક્ષ પાર્શ્વનાથનું તીર્થ, ગજપદતીર્થ, કલિકુંડતીર્થ, તીર્થાધિરાજ શત્રુંજય, મહાતીર્થ દેવપત્તન, મંગલપુર(માંગરોળ), ગિરનાર, નાગાહ્રદ અને ચિત્રકૂટનું રસમય વર્ણન કરે છે.

૩ **ત્રીજી પૂતળી**—રાજા ભોજ ફરી એક વાર સિંહાસન પર બેસવા જાય છે તે વખતે ત્રીજી પૂતળી જયંતી ના પાડે છે, અને કહે છે "હે માલવાધીશ! તમે આ સિંહાસન પર બેસવા યોગ્ય નથી. જો વિક્રમ ભૂપતિના જેવું સત્ત્વ અને ઔદાર્ય તમારામાં હોય તો આ સિંહાસને બેસો." રાજા ભોજ પૂતળીને કહે છે–વિક્રમાદિત્યમાં કેવું ઔદાર્ય હતું તે કહે. ત્યારે તે પૂતળી કહેવા લાગીઃ વિક્રમ ભૂપાલ સ્વરૂપથી અને સ્વગુણથી શોભતો હતો, અને સત્કારથી દાન આપી સ્વર્ગનો માર્ગ સાધતો હતો. સત્ત્વ, સાહસ, સદ્‌બુદ્ધિ, બલ, વીર્ય–એ બધાં શ્રી વિક્રમમાં એવાં હતાં કે તેનાથી દેવ પણ ડરતા હતા. વિક્રમાદિત્યે સુંદર જિનમંદિરો બંધાવ્યાં. બ્રાહ્મણ મંદિરો, મઠો બંધાવ્યાં અને દેવતાઓને પણ સન્માન્યા અને એ રીતે સર્વધર્મસમભાવ દેખાડયો. છએ દર્શનને વસ્ત્ર, અન્ન, જલ, ઔષધ, પુસ્તક, આશ્રમશાલા ઇત્યાદિ એ દાનેશ્વરી રાજાએ આપ્યાં. બીજા લોકોના પણ અઢાર જાતના કર કાઢી નાખવાનો તેણે હુકમ કર્યો. વનમાં રહેનાર જીવોને માટે ફાંસલા ઘલાતા બંધ કરાવ્યા અને તેવા ધંધાથી જીવનારને અન્નજલ આપવા માંડયું. સર્વ જલાશયોમાં માછલાં મારવાં બંધ કરાવ્યાં ને પક્ષીઓ ઉપર જાળ નંખાતી અટકાવી. જૈન ધર્મી રાજા સિવાય આવી અહિંસા અમારી કોણ ફેલાવે? ધન્ય છે તેની ધર્મભાવનાને અને અહિંસાની ઉપાસનાને! પછી રત્નાકર દેવ આવે છે તેની આરાધના કરવા બ્રાહ્મણને મોકલે છે. દેવે ચાર રત્ન આપ્યાં છે. વિક્રમાદિત્ય છેવટે ચારે રત્ન બ્રાહ્મણને આપી દે છે. આ તેની દાનશૂરતા વર્ણવે છે, જે સાંભળી રાજા ભોજ ઘેર જાય છે.

૪ **ચોથી પૂતળી**—અપરાજિતા પૂતળી પણ ભોજને સિંહાસન પર બેસવાની ના પાડતાં કહે છેઃ "સત્ત્વવાનનો શિરોમણિ એવો વિક્રમાધીશ દાનેશ્વરી, પ્રતાપથી સ્વર્ગપર્યંત પ્રસિદ્ધિ પામેલો અવંતીમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજ્ય કરતો હતો. તે ધર્મીનો સોમ, દુષ્ટનો યમ, કરુણાબ્ધિનો વરુણ, અર્થીનો કુબેર જેવો હતો. અહીં કથામાં એક બ્રાહ્મણે રાજા ઉપર ઉપકાર કર્યો હતો, તેના બદલામાં રાજાએ પાંચસો ગામ વગેરે આપ્યાં, પરંતુ બ્રાહ્મણ રાજાની પરીક્ષા માટે રાજપુત્રનો વધ કર્યાનું જુઠાણું ફેલાવી રાજાના પરોપકાર ગુણની પરીક્ષા કરે છે. રાજા પુત્રનો ખૂની બ્રાહ્મણ છે એમ જાણવા છતાં તેને જીવિતદાન આપી પોતાની પરોપકારિતા બતાવે છે. આખરે બ્રાહ્મણ સત્ય વાત જાહેર કરે છે. આ સાંભળી ભોજરાજ રાજમહેલમાં જાય છે.

૫ પાંચમી પૂતળી—પણ ભોજરાજને વિક્રમના સિંહાસને બેસવાની ના પાડતાં કહે છે, "હે ભોજરાજ આ સિંહાસને બેસશો નહિ. એ તો ફક્ત શ્રી વિક્રમને યોગ્ય છે, તમારે યોગ્ય નથી. નામથી તો તમે પણ રાજા છો ને વિક્રમ પણ રાજા હતો, પણ રાજા તો વિક્રમ વિના બીજો નથી થયો. તેથી જો શ્રી વિક્રમની બરાબર થાઓ તો આ સિંહાસન પર બેસો." રાજા ભોજ વિક્રમાદિત્યનું ગાંભીર્ય કેવું હતું તે પૂછે છે. જવાબમાં પાંચમી પૂતળી એક વણિકની ઉપદેશાત્મક કથા કહે છે અને રાજા ભોજ મહેલે જાય છે.

૬ છઠ્ઠી પૂતળી—રાજા ભોજને છઠ્ઠી પૂતળી સિંહાસન પર બેસવાની ના પાડતાં કહે છે. 'તમે તે કોઈ મુગ્ધ છો, મોહિત છો, આવો માનભંગ થતાં પણ લજવાતા નથી. જે જ્વરિત છે તેને ખાંડવાળો પાયસ કેમ પથ્ય થાય? એક તપસ્વીને રાજા વિક્રમે આખું જ નગર દાન આપી દીધું. તમારામાં એવું ઔદાર્ય હોય તો આ સિંહાસન પર બેસો.'

૭ સાતમી પૂતળી—લીલાવતી પૂતળી ઉચ્ચરે છે—"અમે જેના નિરંતર અધિષ્ઠાતા છીએ તે આ સિંહાસન પર વિક્રમાદિત્ય જેવો સાહસી, ઉદાર અને પ્રાણથી પણ પરનું રક્ષણ કરનાર હોય તે જ બેસી શકે. વિક્રમે એક સ્ત્રીપુરુષના યુગલને જીવિતદાન આપતાં પોતાના પ્રાણની પરવા નહોતી કરી." એ કથા કહેતાં ગોમટસ્વામી, કુલ્પાકજી, નાગહૃદ, કરહેડા, આબૂ, સત્યપુર, લઘુકાશ્મીર, પંચાસર, શંખેશ્વર, તીર્થાધિરાજ શત્રુંજય, ગિરનાર, સોપારક વગેરે તીર્થોનું વર્ણન કરે છે, જે સાંભળી રાજા ભોજ સિંહાસન પર બેસ્યા વગર જ પાછો જાય છે.

૮ આઠમી પૂતળી—ફરી રાજા ભોજ એ સિંહાસન પર બેસવા જાય છે ત્યારે આઠમી પૂતળી જયવંતી કહે છે, "હે રાજા! તું વૃથા પ્રયાસ ન કર! રાજા વિક્રમના જેવું પરાક્રમી અને પરોપકારી અત્યારે કોઈ નથી કે જેણે એક સરોવરમાં પાણી લાવવા માટે બત્રીસ લક્ષણા પુરુષના બલિદાનની જરૂર લાગતાં પોતાનું માથું આપ્યું. આથી દેવી પ્રસન્ન થાય છે, પાણી સરોવરમાં ભરાઈ જાય છે અને વિક્રમ જીવંત થઈ ચાલ્યો જાય છે." આ સાંભળી ભોજ રાજા મહેલે ચાલ્યો જાય છે.

૯ નવમી પૂતળી—સિંહાસને બેસવાની ના પાડતાં જયસેના કહે છે, "હે ભોજરાજ! જેનામાં વિક્રમાદિત્યના જેવો ગાંભીર્ય ગુણ હોય તે પુરુષ અત્રે સુખે બેસે." તે વિક્રમ મંત્રીપુત્રની ઇચ્છિત કન્યાને પોતાના સાહસથી રાક્ષસથી બચાવી મંત્રીપુત્ર સાથે પરણાવે છે.

૧૦ દસમી પૂતળી—રાજા ભોજને મદનસેના કહે છે-"હે રાજા! જેનો ગાંભીર્યગુણ વિક્રમ જેવો હોય તે જ અહીં બેસી શકે. વિક્રમે એક રોગીને પોતાના સાહસથી અમૃતફળ મેળવી આપી જીવિતદાન આપ્યું હતું. હે રાજા! તમારામાં આવું સાહસ હોય તો આ સિંહાસને બેસો." આ સાંભળી ભોજરાજા મહેલે સિધાવે છે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**૧૧ અગિયારમી પૂતળી**—એક વાર મદનમંજરી ભોજરાજાને સિંહાસને બેસવાની ના પાડતાં કહે છે, "વિક્રમના જેવું ઔદાર્ય, અનન્ય પરાક્રમ ક્યાંય થયું નથી કે થવાનું નથી." અહીં કથામાં રાજાના એક શુકરાજ(પોપટ)નું વર્ણન આપ્યું છે. રાજા તેને દેશપરદેશ જવા મોકલે છે, તેના કથનથી એક રાજકન્યા પરણે છે અને એક ભારંડ પક્ષીના દુઃખની કથા સાંભળી તેના ભાઈને રાક્ષસના પંજામાંથી છોડાવી અભયદાન આપે છે. કથા સાંભળી ભોજરાજ પાછો ચાલ્યો જાય છે.

**૧૨ બારમી પૂતળી**—રોજની જેમ આજે પણ રાજા ભોજ સિંહાસન પર બેસવા આવ્યા છે, ને શૃંગારતિલકા તેને ના પાડતાં કહે છે કે, "હે રાજન્! કોઈ વેશ બદલવા માત્રથી યોગ્ય થઈ શકતો નથી. જેનું ઔદાર્ય વિક્રમના જેવું હોય તે જ આ સિંહાસન પર સુખે બેસે." એક વણિક પુત્રના કહેવાથી રાક્ષસથી ક્રીડિત એક સ્ત્રીને રાજાએ બચાવી અને એ સ્ત્રીએ આપેલો સુવર્ણકુંભ રાજાએ વણિકપુત્રને આપી દીધો. એવું ઔદાર્ય તારામાં છે? રાજા ભોજ આ સાંભળી રાજભુવનમાં ચાલ્યો જાય છે.

**૧૩ તેરમી પૂતળી**—રતિપ્રિયા રાજા ભોજને સિંહાસન પર બેસવાની ના પાડતી કહે છે કે, "જો વિક્રમાદિત્યના જેવી દાનશીલતા હોય તો આ સિંહાસને વિરાજો." રાજા વિક્રમાદિત્ય એક વિદ્યાધર અને વિદ્યાધરીને બચાવવા પોતાનું માથું આપવા પણ તૈયાર થયા હતા. દેવીએ આપેલ અપૂર્વ ઔષધમય મૂળીયું અને વિદ્યાધરે આપેલ દિવ્ય પ્રભાવમય વેલડી પણ રાજાએ દાનમાં આપી દીધાં હતાં." આ સાંભળી ભોજરાજ પાછો ચાલ્યો જાય છે.

**૧૪ ચૌદમી પૂતળી**—રાજા ભોજને ના પાડતાં નરમોહિની કહે છે, "હે રાજન્! આ સિંહાસન તો તારે દર્શન અને પૂજન કરવા લાયક છે. તેના ઉપર બેસવું કે તે માટે પ્રયત્ન કરવો ઉચિત નથી. વિક્રમાર્ક જેવું ઔદાર્ય હોય તેણે જ બેસવું ઠીક છે. વિક્રમને એક યોગીએ ચિન્તામણિ રત્ન આપ્યું, પરન્તુ રસ્તામાં એક રોગી મહાદરિદ્રી યાચક ઔષધીની યાચના કરવા આવ્યો, એટલે એ દયાળુ દાનવીર રાજાએ પોતે મહામુશ્કેલીથી પ્રાપ્ત કરેલ રત્ન આપી દીધું." આ સાંભળી ભોજ ચાલ્યો ગયો.

**૧૫ પંદરમી પૂતળી**—ભોગનિધિ પૂતળી રાજા ભોજને ના પાડતાં કહે છેઃ "હે ભોજ! તમારે આ સિંહાસનની પાસે પણ આવવું નહિ. તમારા સંસર્ગના દોષથી એ મલિન થાય છે. વિક્રમાદિત્યે પોતાના મિત્ર સુમિત્રને એક દિવ્ય કન્યા અપાવવા ઉકળતા તેલની કડાઈમાં પોતાનો દેહ હોમી દીધો હતો. પછી દિવ્ય પ્રભાવથી તે બચી ગયો." આ સાંભળી ભોજ રાજા ચાલ્યો ગયો.

**૧૬ સોળમી પૂતળી**—પ્રભાવતી પૂતળી ભોજને સિંહાસન પર બેસવાની ના પાડતાં કહે છેઃ "તમારે આ સિંહાસન પર બેસવું ઠીક નથી. રાજા વિક્રમની દાનશૂરતા તમારામાં ક્યાંથી આવે? એક દરિદ્રી પંડિતે રાજસભામાં રાજાની સ્તુતિ સંભળાવી. રાજાએ કહ્યુંઃ એ તો ઠીક, પણ વૈરાગ્યરસ પોષક કંઈક કહો. એટલે બ્રાહ્મણ કહે છે; "રાજ્ય, ધન, દેહનાં આભૂષણ, ધાન્યસંચય, પાંડિત્ય, ભુજબલ, વક્તૃત્વ, કુલ અને ઉત્તમ ગુણ એ બધાં શા કામનાં જો સંસારરૂપી કારાગૃહમાંથી આત્માને છોડાવ્યો નહિ તો?" આ સાંભળી રાજા વિરાગ પામે છે અને પંડિતને પાંચસો ગામ અને સોળ કોટી સુવર્ણ દાનમાં આપે છે. આ સાંભળી ભોજ રાજા ચકિત થઈ રાજમહેલે ગયો.

**૧૭ સત્તરમી પૂતળી**—એક વાર રાજા ભોજ છાનોમાનો સિંહાસને બેસવા જાય છે ત્યારે પ્રભાવતી નામની પૂતળી કહે છે—"હે માલવાધીશ! આજે ચોરની પેઠે કેમ આવ્યો છે?" આમ કહી એક ધૂર્ત વણિકની, દેવોને પણ ઠગવાની, રસપ્રદ કથા કહે છે. પછી રાજા વિક્રમે એક ભાટને અદ્ભુત દાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપ્યું તે કથા કહે છે. આ ભાટ પૃથ્વી માત્રનું ઋણ છેદનાર, દારિદ્રયનો તાપ ઓલવનાર, પોતાના જીવનને પણ આપી દેનાર, શત્રુને પણ સમૃદ્ધિ આપનાર વિક્રમ રાજાની સ્તુતિ ચંદ્રશેખર રાજા પાસે કરે છે. ચંદ્રશેખર રાજા દેવીને આરાધી વિક્રમ જેવા થવાનું વરદાન મેળવે છે. દેવી તેને એક શરતે વચન આપે છે કે તારે રોજ અગ્નિમાં બળવું. રાજા વિક્રમ પોતાના પ્રતિસ્પર્દ્ધિની આ વાત સાંભળી પોતે આવી અગ્નિમાં બળવાનું દેવી પાસે બંધ કરાવે છે અને પ્રતિસ્પર્દ્ધિને પણ ગુણી બનવામાં સહાયક થાય છે. હે રાજા ભોજ! આવો ગુણ તારામાં છે?" આ સાંભળી ભોજરાજ ચાલ્યો જાય છે.

૧૮ અઢારમી પૂતળી—આ ચંદ્રમુખી નામની પૂતળી પણ રાજા ભોજને સિંહાસન પર બેસવાની મના કરતાં કહે છે કે—"હે માલવ ભૂપાલ! તારે આ આસનને તો અડકવું પણ નહિ." પછી પૂતળી રાજા વિક્રમે એક અદ્‌ભૂત સરોવરમાં જઈ, સૂર્યના સ્થંભ ઉપર ચઢી તેની પ્રસન્નતાથી મળેલા બે ઉત્તમ કુંડલ, કે જેમાંથી રોજ બે ભાર સુવર્ણ મલે તેમ હતું, એવાં ઉત્તમ કુંડલો પણ યાચકને આપી દીધાં, એ કથા કહે છે. એ સાંભળી ભોજરાજા મહેલમાં જાય છે.

૧૯ ઓગણીશમી પૂતળી—અનંગધ્વજા રાજા ભોજને ના પાડતાં કહે છે—"વિક્રમાદિત્ય જેવા ગુણ તમારામાં હોય તો બેસો. વિક્રમ રાજા મહાપરાક્રમી, સત્યવક્તા, ધર્મનિષ્ઠ અને દાતા હતો. તેના રાજ્યમાં પાત્રને દાન, દીનને મદદ અને અતિથિને સત્કાર મળતો. સર્વત્ર દારિદ્રયનો નાશ થઈ ગયો હતો. એક વાર એક મહર્ષિ રાજા પાસે આવી કહે છે કે એક વરાહ અમારા આશ્રમો, યજ્ઞકુંડો, ઉદ્યાનનો નાશ કરે છે તેથી અમારું રક્ષણ કર. રાજા આ સાંભળી ત્યાં જાય છે. વરાહ નાસે છે. ત્યાં બધા દેવો મળે છે. છેલ્લે બલિરાજા મળે છે. વિક્રમને ઓળખી પોતાના અર્ધ સિંહાસન પર બેસાડી હર્ષથી તેની ખૂબ પ્રશંસા કરી તેને શીઘ્રરસાયનરૂપ રસ, જેનાથી સુવર્ણ અને નિરોગતા થાય તે આપે છે. રાજા આ લઈ પાછો આવે છે. રસ્તામાં યાચકને જોઈ આ અણમૂલ વસ્તુ યાચકને આપી દઈ પ્રસન્ન મને ઘેર આવે છે." રાજા ભોજ વિક્રમાદિત્યનું આ સાહસ અને દાનગુણ સાંભળી પાછો આવે છે.

૨૦ વીસમી પૂતળી—રાજા ભોજને કુરંગનયના પૂતળી કહે છે—"હે સ્વામિન્! આ સિંહાસન પર તારે બેસવું યોગ્ય નથી. વિક્રમાર્ક ભૂપાલને ઈન્દ્રે આ સર્વતોભદ્ર નામનું આસન આપેલું છે. આ સિંહાસન ઉપર વિક્રમાદિત્ય વિના અન્ય શોભે તેમ નથી. વિક્રમાદિત્ય એક શ્લોક સાંભળી વિદેશમાં જાય છે. ત્યાં અદ્‌ભુત આશ્ચર્ય અને અનેક તીર્થો જોતો પદ્મપુરનગરમાં જાય છે. ત્યાંના જિન-મંદિરમાં વર્ધમાન જિનને નમી રંગમંડપમાં જાય છે. ત્યારે ત્યાં ચાર કાર્પટિકો, ચારે ચાર દિશાઓમાં ફરીને આવ્યા છે તે દરેક પોતપોતાનાં આશ્ચર્ય કહે છે. તેમાં ચોથો કહે છે—એક અદ્‌ભુત યોગીંદ્ર છે, પણ હું તેમની પાસે જઈ શકયો નહિ, ત્યાં જવામાં બહુ કષ્ટ છે. રાજા વિક્રમ ત્યાં જાય છે અને યોગીરાજને નમન કરે છે. આથી યોગીરાજ વિક્રમ ઉપર પ્રસન્ન થઈ અદ્‌ભુત શક્તિવાળા સિદ્ધદંડ, કંથા અને ચાખડી આપે છે. રાજા એ લઈ અવંતીમાં આવે છે. રસ્તામાં એક રાજવીને મૃત્યુ પામતો જોઈ તેને બચાવી રાજ્ય મેળવવા ઉપર્યુક્ત ત્રણે વસ્તુઓ દાનમાં આપી દે છે. ધન્ય છે તેની દાનવીરતાને!" આ સાંભળી ભોજરાજ પોતાના મહેલે જાય છે.

૨૧ એકવીસમી પૂતળી—લાવણ્યવતી રાજા ભોજને વિક્રમના સિંહાસન પર બેસવાની ના પાડતાં કહે છે—"જો વિક્રમાદિત્યના જેવો ઔદાર્ય ગુણ હોય તો આ આસને બેસો. રાજા વિક્રમ મંત્રીપુત્રના કહેવાથી એક જિનમંદિરમાં જાય છે. ત્યાં અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, ઈશિત્વ, વશિત્વ, પ્રાકામ્ય અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રભુતા નામની આઠ મહાસિદ્ધિ દેવીઓ દર્શને આવે છે. વિક્રમ પણ તેમની પાછળ જઈ ઉકળતા તેલની કઢાઈમાં દેવીઓની પાછળ પડે છે. ત્યાં તો દેવતા હાજર થાય છે. દેવીઓ પ્રસન્ન થઈ રાજાને મહા-પ્રભાવશાલી આઠ રત્નો આપે છે. રાજા તે લઈ અવંતી તરફ આવે છે. રસ્તામાં એક દારિદ્રશેખર પંડિત, દારિદ્રયના તાપથી તાપિત થઈ ઘર બહાર નીકળ્યો છે. તે રાજાને મલે છે. રાજા એ આઠ રત્નો તેને ભેટ આપી દે છે." આ સાંભળી રાજા ભોજ જતો રહે છે.

૨૨ બાવીસમી પૂતળી—સૌભાગ્યમંજરી પૂતળી રાજાને કહે છે, "તમે જો વિક્રમાદિત્ય જેવા હો તો સુખે આ સિંહાસન પર બેસો. રાજા વિક્રમાદિત્ય ભ્રમણ કરતો એક દિવસ ઋષભદેવ પ્રભુના મંદિરમાં ગયો છે. ત્યાં એને એક પરદેશી મિત્ર મલે છે, જે એક રાજા છે. બન્નેનો પરિચય થાય છે. પરદેશી રાજા વિક્રમને કામાખ્ય દેવીની કથા કહે છે અને ત્યાં રહેલ રસકૂપિકા લેવા પોતે ગયાની અને તે પ્રાપ્ત ન થઇ તે વાત જણાવે છે. વિક્રમ તે માટે ત્યાં જાય છે અને પોતાનું બલિદાન આપવા તત્પર થાય છે. છેવટે દેવી પ્રસન્ન થાય છે, અને રસસિદ્ધિ પોતાના મિત્રને અપાવે છે." ભોજરાજ આ સાંભળી ચાલ્યા જાય છે.


૨૩ તેવીસમી પૂતળી—ચંદ્રિકા કહે છે—"હે ભોજ રાજા! તમારે અહીં બેસવું યોગ્ય નથી. રાજા વિક્રમ જૈનધર્મનો પરમ ઉપાસક બન્યો છે, નિરંતર જિનપૂજા, તત્ત્વશ્રવણ, સાધુસંગ, દાન, દયા આદિ કરે છે. એક વાર સુરેંદ્ર તેની પ્રશંસા કરતાં કહે "ત્રણ જગતમાં વિક્રમ જેવો સાહસી, પરાક્રમી, દાનેશ્વરી, ધર્મપરાયણ બીજા કોઈ નથી." ઇન્દ્રનું આવું વચન સાંભળી એક દેવ તેની પરીક્ષા કરવા નીચે આવે છે. રાજાને દુઃસ્વપ્ન આપે છે. રાજા રાજભંડારનું દાન કરે છે અને છેવટે રાજ્ય પણ બીજાને આપી પોતે ચાલી નીકળે છે. દેવતા રાજાનું આ સાહસ જોઈ પ્રસન્ન થઈ રાજાને તેનું રાજ્ય પાછું આપે છે." આ સાંભળી ભોજરાજ મહેલે ચાલ્યો જાય છે.

૨૪ ચોવીસમી પૂતળી—હંસગમના ભોજરાજાને સિંહાસને બેસવાની ના પાડતાં કહે છે-"આ સિંહાસન તો સિંહની ગુફા જાણવું. એના ઉપર તો રાજા વિક્રમ જ શોભે. પછી પૂતળી શાલિવાહનની કથા કહે છે. રાજા વિક્રમ શાલિવાહનને બોલાવવા દૂત મોકલે છે, શાલિવાહન નથી જતો, આખરે પ્રતિષ્ઠાનપુરના રાજા પાસે તેની માગણી થાય છે, છતાંયે તે નથી જતો એટલે વિક્રમાદિત્ય સૈન્ય લઇને આવે છે. શાલિવાહનને દેવતા સહાય કરે છે અને તેથી એ વિક્રમના સૈન્યને મૂર્છિત કરી દે છે. વિક્રમ રાજા વાસુકી નાગનું આરાધન કરે છે. નાગરાજ પ્રત્યક્ષ થાય છે અને તેને અમૃતકુંપ દેવા પાતાલમાં લઈ જાય છે. વિક્રમ અમૃતકુંપ લઇને આવે છે. ત્યાં રસ્તામાં શાલિવાહને મોકલેલા બે ચાકરો અમૃત-કુંપની યાચના કરે છે. મહાપરોપકારી વિક્રમ પોતાના મૂર્છિત સૈન્યની પણ પરવા કર્યા વગર યાચકોને અમૃતકુંપ આપે છે. વાસુકીનાગ વિક્રમની આ દાનશૂરતા જોઇ બીજો અમૃતકુંપ આપે છે. વિક્રમાર્કનું સૈન્ય જીવિત થાય છે અને શાલિવાહન રાજા પણ વિક્રમાદિત્યનું ઔદાર્ય જોઈ તેની પાસે આવીને નમે છે." આ કથા સાંભળી ભોજરાજા નિરાશ થઈ પાછો જાય છે.

આ પચીસમી કથામાં જરૂરી જ્યોતિષ જ્ઞાન ગ્રંથકારે આપ્યું છે. સંક્ષેપમાં બહુ જ ઉત્તમ વસ્તુ રજૂ કરી છે, જેથી ગ્રંથકાર ઉત્તમ જ્યોતિષી હશે એમ સિદ્ધ થાય છે.


૨૫ પચીસમી પૂતળી—વિદ્યુત્પ્રભા કહે છે "જે વિક્રમાદિત્ય જેવો હોય તે અહીં બેસે. એક વાર એક અપૂર્વ જ્યોતિષૂવિદ પંડિતે વિક્રમ રાજાને કહ્યું, અમુક યોગોથી બાર વર્ષનો ભયંકર અકાલ માલવ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



શ્રી સિદ્ધસેન દિવાકરજીએ સ્તુતિ કરતાં જ મંદિરમાં ધૂમાડાના ગોટે ગોટા નીકળવા લાગ્યા ને શ્રી કલ્યાણમંદિર સ્તોત્રનો અગિયારમો શ્લોક બોલતાં જ મહાકાળના લિંગને સ્થાને શ્રી અવંતીપાર્શ્વનાથની પ્રભાવિક પ્રતિમા પ્રગટ થઇ. (પૃ. ૧૯૮)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com




Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat
www.umaragyanbhandar.com

દેશમાં પડશે. ચોમાસું આવે છે. વરસાદનું ટીપુંયે પડતું નથી. પ્રજામાં હાહાકાર મચી રહ્યો છે. દાન પૂજા આદિ થયાં. આખરે એક દેવે કહ્યું, પર્જન્યદેવને બત્રીસાનું બલિદાન આપવામાં આવે તો તે પ્રસન્ન થઈ વરસાદ વરસાવે. વિક્રમરાજા પર્જન્યદેવને આરાધી પોતાનું બલિદાન આપવા જાય છે. ત્યાં દેવતા પ્રસન્ન થઈ વરસાદ વરસાવે છે, કુયોગ લોપ થાય છે અને પૃથ્વી આખી જલમય થઈ સુકાળ થાય છે." આ સાંભળી ભોજરાજ મહેલે જતો રહે છે.

૨૬ છવ્વીસમી પૂતળી—આનંદપ્રભા ભોજરાજાને ના પાડતાં કહે છે: "જો વિક્રમાદિત્ય જેવું સાહસ હોય તો હે માલવેશ્વર! આ સિંહાસને સુખે બેસો. એક વાર ઇંદ્રે વિક્રમાદિત્યના સાહસની પ્રશંસા કરી. બે દેવ તેની પરીક્ષા કરવા આવે છે. નગર બહાર વૃદ્ધ ગાયનું સ્વરૂપ બતાવે છે. ઠંડી સખત પડે છે. સિંહગર્જના સામે થઈ રહી છે. ગાયને બચાવવા વિક્રમાદિત્ય ઊભો રહે છે. ઠંડીમાં પોતાનાં વસ્ત્ર ગાયને ઓઢાડે છે અને સિંહથી ગાયની રક્ષા કરે છે. આ વખતે એક શુક આવી રાજાને કહે છે, એક ગાયને માટે તારું અમૂલ્ય જીવન શા માટે આપે છે? વિક્રમ કહે છે, શુકરાજ તમે તમારા સ્થાને જાઓ. આ ગાયની રક્ષા માટે મારા પ્રાણ આપીશ. છેવટે દેવતા પ્રસન્ન થઇ કામદુધા ગાય વિક્રમને ભેટ આપે છે. વિક્રમ કામદુધા લઈ મહેલે જાય છે. ત્યાં રસ્તામાં એક ગરીબ બ્રાહ્મણ યાચના કરે છે અને દયાળુ વિક્રમ એ ગાય બ્રાહ્મણને દાનમાં આપી દે છે." ભોજરાજ વિક્રમનું આ ઔદાર્ય સાંભળી મહેલે ચાલ્યો જાય છે.

૨૭ સત્તાવીશમી પૂતળી—ચંદ્રકાંતા ભોજને ના પાડતાં વિક્રમની પ્રશંસા કરે છે. વિક્રમાદિત્ય એક દ્યૂતકારની ઇચ્છા પૂર્ણ કરવા સાહસ કરી બે પહાડની વચ્ચેથી જળ લાવી પોતાના શિરનું બલિદાન આપી, દેવીને પ્રસન્ન કરી દ્યૂતકારને વરદાન અપાવે છે. આ સાંભળી રાજા ભોજ પોતાના મહેલે ગયો.

૨૮ અઠ્ઠાવીસમી પૂતળી—રૂપકાંતા ભોજને સિંહાસને બેસવાની ના પાડતાં કહેવા લાગી, "આ સિંહાસન પર બેસવાની ઇચ્છા જ હોય તો વિક્રમાદિત્ય જેવા થાઓ." એક વખત વિક્રમે દેવીના મંદિરમાં બળાત્કારે બલિદાન માટે લઈ જવાયેલા મનુષ્યને બદલે પોતે જ બલિદાન માટે હાજર થઇ તે મનુષ્યને બચાવ્યો. દેવી પ્રસન્ન થતાં સર્વ જીવો માટે અભયદાનની માંગણી કરી. દેવીએ એને સ્વીકારી. છેવટે વરદાન આપવા માંડયું તો પોતાની સાથેના ચાર માનવીને વરદાન અપાવી સુખી કર્યા."

૨૯ ઓગણત્રીસમી પૂતળી—સુરપ્રિયા ભોજરાજને ના પાડતાં કહે છે, "એના ઉપર તો વિક્રમાદિત્ય જ શોભે, અન્ય નહિ. એક વાર એક જ્યોતિષી સામુદ્રિકશાસ્ત્ર ભણીને આવ્યો. અવંતી બહાર તેણે એક બત્રીશલક્ષણા પુરુષને દુઃખી અને લાકડાંનો ભારો ઉપાડતાં જોયો. સામુદ્રિકે અવન્તીમાં આવી રાજાના અંગે સામુદ્રિક જોવા માંડયું તો એકે લક્ષણ જ જણાયું નહિ. તેને થયું બત્રીશલક્ષણો દુઃખી છે અને આ નિર્લક્ષણી રાજા છે. સામુદ્રિક શાસ્ત્ર જ ખોટું છે. પછી તેને રાજાએ પૂછ્યું, ભાઈ, શું વિચાર કરે છે? તેણે વાત કરી. રાજા કહે છે સામાન્ય શાસ્ત્ર કરતાં વિશેષ બળવાન્ હોય છે. પછી સામુદ્રિકે શોધી કાઢયું કે બત્રીશલક્ષણા પુરુષને તાલવામાં કાક ચિહ્ન હોય તો તે દરિદ્ર રહે છે અને લક્ષણ રહિતના આંતરડાં કાબરચિતરાં હોય તો તે સુખી હોય. પેલા દરિદ્રીની પરીક્ષા કરી તો તે પ્રમાણે જ હતું. હવે રાજા પોતાની પરીક્ષા ખાતર આંતરડાં કાઢવા તૈયાર થાય છે. કુખ છેદી એટલે જ્યોતિષીએ ના પાડી અને કહ્યું આપનાં આંતરડા કાબરચિત્રાં જ છે." ભોજરાજ આ સાંભળી ચાલ્યો ગયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૩૦ ત્રીસમી પૂતળી—દેવાંગના ભોજરાજને સિંહાસને બેસતાં અટકાવી કહે છે–"આ સિંહાસન પર ઇંદ્ર કે વિક્રમ સિવાય બીજો કોઈ બેસી શકે નહિ. એક વાર એક જ્યોતિષી રાજાને ભવિષ્યવાણી કહેતાં કહે છે કે હમણાં મહાભય થશે. આ વખતે એક વિદ્યાધર આવી પોતાની સ્વરૂપવતી સ્ત્રી રાજાને ભળાવીને જાય છે. આકાશમાં માયાથી બે વિદ્યાધરોના યુદ્ધમાં એ સ્ત્રીના પતિનાં અંગોપાંગ કપાય છે. પેલી સ્ત્રી સતી થાય છે, પાછો વિદ્યાધર આવે છે અને સ્ત્રી માગે છે. બધી હકીકત જાણ્યા છતાં વિદ્યાધર કહે છે–મારી પત્ની તારા અંતઃપુરમાં છે. રાજા કહે છે એમ બને તો હું માથું આપું, વિદ્યાધર માયાથી સ્ત્રીને લાવે છે. વિક્રમાદિત્ય માથું આપે છે. બસ ત્યાં તો દેવતા સાહસ ઉપર આફીન પોકારી પુષ્પવૃષ્ટિ કરે છે." આ સાંભળી ભોજરાજ ચાલ્યો જાય છે.

૩૧ એકત્રીસમી પૂતળી—પદ્માવતી રાજા ભોજને કહે છે–"હે રાજેન્દ્ર, આ સિંહાસને બેસો નહીં. એક ગૃહસ્થ પોતાનું મકાન નવું બંધાવી જિનમંદિરાદિથી વિભૂષિત બનાવે છે. શુભ મુહૂર્તે તેમાં જાય છે, પણ ત્યાં રોજ–કંઈક પડુ પડુ એવો અવાજ થાય છે. પોતે રાજા પાસે ફરિયાદે જાય છે. રાજા તે ખરીદી લ્યે છે. પછી રાજા જ પોતે સૂવા જાય છે. તેને પડુ પડુ એવો અવાજ સંભળાય છે. રાજા કહે છે ભલે પડ ! એટલે એક સુવર્ણ પુરુષ પડે છે. પણ તે શેઠને આપતાં કહે છે આ તમારા ભાગ્યનો છે. શેઠ ના પાડે છે અને સાથે જ પોતાની પદ્મિની કન્યા પણ પરણાવે છે. "આ સાંભળી ભોજરાજ પોતાના મહેલે જાય છે.

૩૨ બત્રીસમી–છેલ્લી પૂતળી—પદ્મિની ભોજરાજાને સિંહાસને બેસવાની ના પાડતાં કહે છે–'ભોજરાજ, વિક્રમના જેવો કોઈ થયો નથી ને થનાર નથી. તેમણે રાજ્ય તજ્યું, દેશ તજ્યો, સામંત, કોશ, અશ્વ, પદાતિ, હસ્તિ આદિ તજ્યાં, રાણીઓ, પુત્રવૃંદ ને દેહ સુદ્ધાં તજ્યા પણ સત્ત્વ કદાપિ તજ્યું નહિ. અવન્તીમાં જે માલ આવતો તે પ્રજા ખરીદી લેતી, પરંતુ કોઇ ન લ્યે ત્યારે રાજા પોતે તે ખરીદાવી લેતો. એક વાર એક શ્રીમંત મનુષ્ય દારિદ્ર્ય નામની લોહ પૂતળી વેચવા અવન્તીમાં આવે છે. એને કોઈ ખરીદતું નથી. રાજાને ખબર પડે છે એટલે એક હજાર દીનાર ઠરાવી રાજા તે ખરીદી લ્યે છે, અને ભંડારમાં મુકાવે છે. રાત્રે તેની રાજ્યલક્ષ્મી જતી જતી કહેતી જાય છે કે દારિદ્ર્યને રજા આપો. રાજા ના પાડે છે. રાજ્યલક્ષ્મી જતાં વિવેક, લજ્જા, શાંતિ, કીર્તિ, સત્ય, સુખ, યશ એ બધાં જવા માંડે છે. છેલ્લે સત્ત્વ જાય છે. રાજા તેને ના પાડે છે અને તરવાર લઈ મરવા ઉદ્યુક્ત થાય છે એટલે સત્ત્વ રહી જાય છે. સત્ત્વ રહેતા બધા ગુણો પાછા આવે છે, અને દારિદ્ર્ય પોતાની મેળે શત્રુને ત્યાં ચાલ્યું જાય છે. હે ભોજરાજ ! આવાં ત્યાગ, સાહસ અને ઔદાર્ય તારામાં છે ખરાં ?" વિક્રમાદિત્યના સત્ત્વની આ કથા સાંભળી ભોજરાજ પોતાના મહેલે જાય છે.

આ રીતે આ બત્રીસ પૂતળીઓની કથાઓ પૂર્ણ થતાં આચાર્યશ્રી રામચંદ્રસૂરિજી કહે છે કે ક્ષેમંકર મુનિએ રચેલું ચરિત્ર જોઈ સ્મરણ રહે તે માટે મેં આ આખું ચરિત્ર પદ્યમાં રચ્યું છે. વિ. સં. ૧૪૯૦માં આ ચરિત્ર બનાવ્યું. જ્યાં સુધી પૃથ્વી, મેરુ, ચંદ્ર, તારા, સૂર્ય, ધ્રુવ, દિવસ અને રાત્રિ એટલાં પ્રમાણ છે ત્યાં સુધી આ વિક્રમ ચરિત્ર પૃથ્વી ઉપર વંચાઓ અને વિજય પામો !

મુનિરાજશ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

વિક્રમ–વિશેષાંક (શ્રી જૈન સત્યપ્રકાશ–અમદાવાદ.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પરિશિષ્ટ ૩ જું

## श्री अवंती पार्श्वनाथनुं प्रकटीकरण

એકદા શ્રી સિદ્ધસેન દિવાકરજીને વિચાર ઉદ્ભવ્યો કે 'તીર્થંકર ભગવંતોએ અર્થરૂપે પ્રરૂપેલાં અને પૂજ્ય ગણધર ભગવંતોએ સૂત્રરૂપે અર્ધમાગધી ભાષામાં ગુંથેલા આગમોને સંસ્કૃત ભાષામાં બનાવી દઉં તો, તે આગમોનું કેટલું બધું મહત્ત્વ વધે? આ કાર્ય સંઘની અનુમતિ લઈને કરાય તો સારું, એમ વિચારી સંઘ સમક્ષ સિદ્ધસેન દિવાકરે પોતાના વિચારો જણાવ્યા કે—આપણા પરમ પવિત્ર આગમો પ્રાકૃતભાષામાં છે તેને પૂર્વાન્તરગત '**नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः**'ની માફક સંસ્કૃતમાં કરી નાખવાની મારી ભાવના છે. હું આ માટે શ્રીસંઘની અનુમતિ ચાહું છું. સિદ્ધસેનજીનું આ કથન સાંભળી શ્રમણસંઘ એકદમ ચોંકી ઊઠયો. લોકલાગણી ઉશ્કેરાઈ ગઈ અને દિવાકરજી પ્રત્યે સૌને અણગમો ઉત્પન્ન થયો. અને તેમને સ્પષ્ટ સંભળાવી દીધું કે: દિવાકરજી! આપના આ વિચારો સાથે અમે લેશમાત્ર સમ્મત થતા નથી. આ અકર્તવ્ય વિચારને આપના અંતઃકરણમાં સ્થાન આપી આપે તીર્થંકર ભગવંતોની, ગણધરોની અને જિનપ્રવચનની ઘોર આશાતના કરી છે. તીર્થંકર ભગવંતોએ અને ગણધરાદિએ જે કાંઈ કર્યું છે તે ઉચિત જ કર્યું છે. તેમાં એક અક્ષર પણ આપણાથી ફેરફાર થઈ શકે નહીં. આપના આ વિચારોથી અમને બહુ જ ખેદ થાય છે. આપના જેવા આવું કરશે તો ભવિષ્યમાં બીજાઓ પણ આનું અનુકરણ કરશે, માટે આ બાબતનું આપને મોટું પ્રાયશ્ચિત્ત કરવું પડશે. અને તે માટે શાસ્ત્રાનુસાર આપ 'સંઘબાહ્ય'ની મોટી શિક્ષાને પાત્ર થયા છો. સંઘનું આવું વક્તવ્ય સાંભળી સિદ્ધસેનસૂરિ તો આભા જ બની ગયા. પોતાના સરલ વિચારથી પણ સંઘને આટલી બધી અપ્રીતિ થઈ, તેથી તેમને બહુ દુઃખ થયું. તેમણે સંઘ સમક્ષ ક્ષમાપ્રાર્થના કરી અને 'જે પ્રાયશ્ચિત્ત આપો તે સ્વીકારવા હું તૈયાર છું' એમ જણાવ્યું. સંઘે સ્થવિરને પૂછ્યું કે આનું શું પ્રાયશ્ચિત્ત હોઈ શકે? સ્થવિરે જણાવ્યું કે—જો બાર વર્ષ સુધી ગચ્છનો ત્યાગ કરી, ગુપ્ત જૈનલિંગે રહી, દુષ્કર તપ તપે–, એ પારાંચિક પ્રાયશ્ચિત્તથી જ મહાદોષથી દૂષિત થયેલ એવા આ મુનિવર શુદ્ધ થાય તેમ છે, બીજી રીતે તો નહીં જ. એમાં એટલો અપવાદ છે કે તે દરમ્યાનમાં જો શાસનની કોઈ મહાન્ પ્રભાવના કરે તો તેટલાં વર્ષની અંદર પણ પોતાનું પદ પામી શકે. સિદ્ધસેન દિવાકરે આ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કર્યો, અને સંઘની અનુજ્ઞા લઈ સાત્ત્વિકશિરોમણિ સિદ્ધસેન ગચ્છનો ત્યાગ કરી પ્રાયશ્ચિત્તની પૂર્ણાહુતિ કરવા ત્યાંથી ગુપ્તવેશમાં ચાલી નીકળ્યા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com


ગુપ્ત વેશમાં સિદ્ધસેન જંગલોમાં દિવસો વ્યતીત કરી રહ્યા છે. આજકાલ જતાં સાત યા બાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. જગત તો સિદ્ધસેન દિવાકર છે કે નહીં એ જ જાણે ભૂલી ગયું. સિદ્ધસેન દિવાકર હવે વિક્રમાદિત્યને પ્રતિબોધવા એક દિવસ અવધૂતના વેશમાં ઉજ્જયિનીના મહાકાળેશ્વર મંદિરમાં આવી મહાદેવની સન્મુખ પગ કરી પોતાનો અડ્ડો જમાવી બેઠા છે. પ્રભાતનો સમય એટલે લોકો મહાકાળેશ્વરના દર્શનાર્થે આવી રહ્યાં છે. મંદિરમાં એક અવધૂતને આ રીતે જોઈને જાણે હાહાકાર મચી રહ્યો. મંદિરના પૂજારીઓ જાણે બ્હાવરા જ બની ગયા. આખી ઉજ્જયિનીમાં વાત પ્રસરી ગઈ કે કોઈ અવધૂત મહાકાળેશ્વરના મંદિરમાં આવી મહાદેવના સન્મુખ પગ કરી બેઠો છે; નથી તેને મહાદેવનો ભય કે નથી તેને વિક્રમ રાજાનો ભય. પૂજારીએ આવીને કહ્યું: અલ્યા જોગીડા! ઊઠ, આમ સામા પગ કરીને કેમ સુતો છે? આ મહાદેવ કોપશે તો જેમ કામદેવને ભસ્મીભૂત કરી નાખ્યો તેમ તને પણ બાળીને ભસ્મીભૂત કરી નાખશે. પણ સાંભળે છે જ કોણ? એ તો ધ્યાનમાં મગ્ન હોય તેમ સ્થિર જ રહ્યા. એટલે નિરુપાય પૂજારીએ રાજદ્વારે જઈને ખબર આપી. રાજસેવકો ત્યાં આવી પહોંચ્યા. તેમણે બાવાને ઉઠાડવા માટે ઘણી ઘણી મહેનત કરી, પણ તેમાં તે ફાવ્યા નહીં. ત્યારે રાજસેવકો ચાબુકનો માર મારવા માંડયા. અહીં જ્યાં ચાબુક મારે છે કે તે વિક્રમરાજાના અંતઃપુરમાં રાણીઓને લાગે છે. રાણીવાસમાં કોળાહળ મચી રહે છે, અંતઃપુરના રક્ષકો આવીને ચારે તરફ તપાસ કરે છે, પણ કોઈ દેખાતું નથી. છેવટે ખુદ વિક્રમ રાજા ત્યાં આવ્યા. તપાસ કરતાં માલૂમ પડયું કે મહાકાળેશ્વરના મંદિરમાં કોઈ જટાધારી બાવાને સેવકો ચાબુકના માર મારે છે તે અહીં રાણીઓના બરડામાં વાગે છે. એટલે વિક્રમાદિત્ય મંત્રીમંડલ સહિત મહાકાળેશ્વરના મંદિરે આવી પહોંચ્યો, અને અવધૂતને કહેવા લાગ્યો: યોગિરાજ! આ સર્વસંકટહારી મહાદેવનાં દર્શન કરવાને બદલે આપ ઉલટા સામા પગ કરીને આવું અનુચિત કાર્ય કેમ કરો છો? ઉઠો, આપ મહાદેવને નમસ્કાર કરો અને ક્ષમા પ્રાર્થો. ત્યારે સિદ્ધસેને કહ્યું: રાજન્! આ મહાદેવ મારો નમસ્કાર સહન નહીં કરી શકે. રાજાએ કહ્યું: ભલે ગમે તે થાય. એટલે રાજાની આગ્રહભરી વિનંતીથી સિદ્ધસેને સંસ્કૃત શ્લોકથી સ્તુતિ કરવા માંડી. સ્તુતિની શરૂઆત કરી કે તેમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા. સૌના મનને એમ થયું કે મહાદેવજી ખૂબ કોપ્યા છે. હમણાં જ આ બાવાને ભસ્મીભૂત કરી નાખશે. સિદ્ધસેન વસંતતિલકા છંદમાં કલ્યાણમંદિરસ્તોત્ર રચતા ગયા અને બોલતા ગયા. અને જ્યાં અગિયારમા શ્લોક–

'यस्मिन् हरप्रभृतयोऽपि हतप्रभावाः सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ॥
विध्यापिता हुतभुजः पयसाथ येन पीतं न किं तदपि दुर्धरवाडवेन ? ॥ ११ ॥'

નું ઉચ્ચારણ કરવા લાગ્યા કે એકદમ મહાદેવનું લિંગ ફાટયું, મોટો ગગનભેદી અવાજ થયો અને ઝગઝગાયમાન કરતી અવંતી પાર્શ્વનાથ પ્રભુની અદ્ભુત મૂર્તિ પ્રગટ થઈ. પછી કલ્યાણમંદિર સ્તોત્રની પૂર્ણાહૂતિ કરી અને અવંતીપાર્શ્વનાથની મૂર્તિનો ટૂંક હેવાલ સર્વ સમક્ષ કહી સંભળાવ્યો, જે સાંભળી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. વિક્રમાદિત્ય રાજા પણ પ્રતિબોધ પામ્યો. આ રીતે જૈનશાસનની મહાન્ પ્રભાવના સિદ્ધસેન દિવાકરે કરી.

એક સમયે વિક્રમાદિત્યે સિદ્ધસેનજીને પૂછયું–ગુરુવર્ય! મારા જેવો ભવિષ્યમાં કોઈ જૈન રાજા થશે કે કેમ? ગુરુમહારાજે પ્રત્યુત્તરમાં જણાવ્યું હે રાજન્! તારા સંવત્સરથી ૧૧૯૯ વર્ષે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



મહારાજા વિક્રમાદિત્ય શ્રીશત્રુંજયની યાત્રાર્થે સંઘ સહિત પધારતાં
સૌરાષ્ટ્રની પ્રજા તેમનું શાહી સ્વાગત કરે છે. ( પૃ. ૧૬૯ )



શાલિવાહનની ચઢાઈના સમાચાર દૂત
મહારાજા વિક્રમને આપે છે. (પૃ. ૧૬૯)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



નર્મદાને કાંઠે શાલિવાહન ને વિક્રમ વચ્ચે ઘોર યુદ્ધ. ( પૃ. ૧૬૯ )



પ્રતિષ્ઠાનપુરના રાજવી શાલિવાહન સાથે સંધી
કર્યાં બાદ વિક્રમનો નગરપ્રવેશ. ( પૃ. ૧૬૯ )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુમારપાલ નામે રાજા તારા જેવો થશે. આ રીતે ગુરુજીના મુખથી ભવિષ્યકથન સાંભળી વિક્રમાદિત્યને ખૂબ આનંદ થયો, એટલું જ નહીં પણ મહાકાલના પ્રાસાદમાં ગુરુમહારાજે કહેલા શબ્દો કોતરાવી કુમારપાલનું નામ અમર કર્યું. એકદા દિવાકરજીએ વિક્રમાદિત્ય આગળ શત્રુંજય મહાતીર્થનું મહાત્મ્ય વર્ણવ્યું. આ સાંભળી મહારાજાને તીર્થાધિરાજ શત્રુંજયનો સંઘ કાઢવાના કોડ જાગ્યા. ગુરુભગવંતને પોતાની ભાવના જણાવી શુભ મુહૂર્તે સંઘ સાથે વિક્રમાદિત્યે યાત્રાર્થે પ્રયાણ કર્યું. સંઘમાં ચૌદ મુકુટબંધી રાજાઓ, સીતેર લાખ શ્રાવકોનાં કુટુંબો, સિદ્ધસેનદિવાકર આદિ પાંચસો આચાર્યભગવંતો, ૧૬૯ સુવર્ણનાં જિનમંદિરો, ૩૦૦ ચાંદીના જિનમંદિરો, ૫૦૦ હાથીદાંતના દેવાલયો, અઢારસો સુગંધમય કાષ્ઠનાં પ્રભુમંદિરો, એક ક્રોડ રથો, ૭ હજાર હાથીઓ અને અઢાર લાખથી વધારે અશ્વો હતા. આ સિવાય બીજાં અનેક પુરુષો અને સ્ત્રીઓની સંખ્યાનો તેમજ ગાડાંઓનો પાર જ ન હતો. આવી વિશાળ સંપત્તિથી શોભતો વિક્રમાદિત્યનો સંઘ શત્રુંજય આવી પહોંચ્યો અને યુગાદિદેવનાં દર્શન કર્યાં. પરમ ભક્તિભાવથી યાત્રા કરી, અને સૂરીશ્વરજીના સદુપદેશથી ત્યાં જીર્ણોદ્ધાર કર્યો. બાદ સંઘે ગિરનાર જઈ નેમિનાથ પ્રભુનાં દર્શનાદિ કર્યાં, અને છેવટે સંઘપતિ વિક્રમાદિત્યનો આ સંઘ જૈન ધર્મની પ્રભાવના કરતો ઉજ્જયિની પાછો આવી પહોંચ્યો.

## શાલિવાહન સાથે સંધિ

ઘણા વિદ્વાનોનો એવો મત છે કે વિક્રમે ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું અને મરણ વખતે તેની ઉમર ૭૮ વર્ષની હતી. પણ પંડિત ભુજબળી શાસ્ત્રી અને પ્રોફેસર શ્રી દેવસહાય ત્રિવેદી એમ. એ. એવો મત ધરાવે છે કે વિક્રમે ૯૩ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું અને મરણ વખતે તેની ઉમર ૧૧૧ વર્ષની હતી. જ્યારે વિક્રમની ઉમર નેવું વર્ષથી વધુ થઇ ત્યારે દક્ષિણ મહારાષ્ટ્રમાં સુપ્રતિષ્ઠાન નગરમાં શાલિવાહનનો જન્મ થયો અને તે બાદ તે પોતાના પરાક્રમથી પ્રસિદ્ધિ પામ્યો. ચક્રવર્તી વિક્રમ રાજાએ શાલિવાહન વિષે જ્યોતિષીઓને પૂછતાં, તેઓએ જણાવ્યું કે શાલિવાહન તમારું રાજ્ય પડાવી લે એવો બળવાન છે અને તે સુપ્રતિષ્ઠાન નગરમાં છે. આથી રાજા વિક્રમે એકદમ લશ્કર તૈયાર કરી સુપ્રતિષ્ઠાન નગર પર ચડાઈ કરી. સામે શાલિવાહન પણ લશ્કર સાથે આવ્યો અને એવી વીરતાથી લડયો કે વિક્રમનું ઘણું સૈન્ય માર્યું ગયું અને વિક્રમ તાપી નદીના ઉત્તર કિનારા સુધી હઠી ગયો. વિક્રમને એ વખતે વિચાર આવ્યો કે શાલિવાહન સાથે લડતાં જો તેની (વિક્રમની) હાર થશે તો તેણે મેળવેલી કીર્તિ નાશ પામશે. આથી તેને શાલિવાહન સાથે સુલેહ-સંધી કરી અને એવા કરાર કર્યા કે તાપી નદીના ઉત્તરના પ્રદેશમાં વિક્રમની સત્તા રહે અને દક્ષિણના ભાગમાં શાલિવાહનની સત્તા રહે. એ પ્રમાણે કરાર થતાં શાલિવાહન સુપ્રતિષ્ઠાન નગરમાં ગયો ને ત્યાં તેણે પોતાની ગાદી સ્થાપી. એ શાલિવાહને પોતાનો શક લાંબે કાળે પ્રવર્તાવ્યો.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com


New
sari clips
Chimanlal Manchand & Co.
NEW QUEEN'S ROAD. OPP. OPERA HOUSE, BOMBAY. PHONE: 30321

# ઓછામાં ઓછા ખર્ચે
# વધુમાં વધુ રક્ષણ

અને

૧૦૦ ટકા સલામતી માટે

# ક્રાઉન લાઇફ

માં

તમારો વિમો ઉતરાવો

ચાલુ વિમાઃ—

## રૂા. ૧,૦૦,૦૦,૦૦,૦૦૦

થી વધુ

હિંદના વડા એજન્ટ ટી. ડબલ્યુ, બ્રફ
હિંદના ડે. વડા એજન્ટ સી. ટી. શાહ.

CROWN LIFE
INSURANCE CO.
OF CANADA

હિંદની વડી ઓફીસ: ફલોરા ફાઉન્ટન, કોટ, મુંબઈ.

ટેકનીક નુતન સ્વરૂપ ધારણ કરે એવી

—ફોટોગ્રાફી માટે.

આંખને ઉડીને વળગે એવા ફીનીશ્ડ

—એન્લાર્જમેન્ટ માટે.

હમણાંજ બોલશે એવા ભાવવાહી

—પેન્ટીંગ માટે.

આકર્ષક વોટરપ્રૂફ રંગીન ને સાદા

(મખમલના કેસ સાથે)—મેડાલીયન માટે.

સદાયે મીઠા સ્મરણો જાગ્રત કરે તેવા

—લોકેટો માટે.

મનગમતી ડીઝાઈન માટે.

કેલેન્ડરો માટેના આકર્ષક પોઝો માટે

જનનો સ્ટુડીઓ:—

# ફોરવર્ડ સ્ટુડીઓ.

ધુતપાપેશ્વર પ્રાસાદ, મંગલવાડી, ગીરગામ, મુંબઇ નં. ૪.

**દેશનેતાઓના પેન્ટીંગોના ખાસ સસ્તા ભાવો.**

ટે. નં. ૩૩૩૧૪.


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ધી નેપચ્યુન ઍસ્યુરન્સ કું લી.

( સ્થા. ૧૯૩૦ )

| | | |
|---|---|---|
| ચાલુ કામકાજ | રૂા. | ૩,૦૦૦,૦૦૦૦ |
| અસ્કયામત | રૂા. | ૬૦,૦૦૦,૦૦ |
| લાઈફ ફંડ | રૂા. | ૪૫,૦૦૦,૦૦ |
| ચુકાવેલા દાવા | રૂા. | ૨૦,૦૦૦,૦૦ |

પ્રેસીડન્ટ–શેઠ અમૃતલાલ કાળીદાસ

વાઇસ પ્રેસીડન્ટ–શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.

જૈનોની લોકપ્રિય વિમા કંપની

નેપચુન એશ્યુરન્સ કુંપની લી.

નેપચુન બીલ્ડીંગ, હોર્નબી રોડ, કોટ–મુંબઇ

# ધી યુનિયન પ્રોવીડન્ટ સોસાયટી લી.

રુપિયા પાંચસો અને તેનાથી નાની રકમની

પોલીસી ઈસ્યુ કરતી લોકપ્રિય સોસાયટી

## યુનિયન પ્રોવીડન્ટ સોસાયટી લી.

નેપચુન બીલ્ડીંગ, હોર્નબી રોડ, કોટ–મુંબઇ.


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિક્રમ સંવત ૨૦૦૪નું પ્રા. સા. સં. કાર્યાલયનું ભાવવાહી
ઐતિહાસિક તેમજ શાસ્ત્રોક્ત સચિત્ર પ્રકાશન

# મગધની મહારાણી
અને
# આધ્યાત્મિક પ્રભુ મહાવીર

આ ગ્રંથમાં આપને મહારાજા શ્રેણિકના રાજકુળને અંગે મહાત્મા ગૌતમ બુદ્ધ, સાંખ્યમત, બૌદ્ધમત, તેમજ આ કાલીન ભારતની ધાર્મિક પરિસ્થિતિ અને 'અહિંસા ધર્મ'ની કેવી સ્થિતિ હતી તેનો આશ્ચર્યજનક ચિતાર સમજવા મળશે.

સાથોસાથ મહાત્મા બુદ્ધ અને પ્રભુ મહાવીરની તપશ્ચર્યા અને બન્નેના ધર્મપ્રચાર અને આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનને અંગે ઘણું જ જાણવાનું મળશે.

પ્રભુ મહાવીર, મહાત્મા બુદ્ધ તેમજ મહારાજા શ્રેણિકનો બાલ્યજીવનનો નિકટનો સંબંધ અને તેમના ભાવવાહી પ્રસંગોનું અદ્ભુતતાથી દિવ્ય દર્શન અને વેધક વાંચન પાને પાને મળી રહેશે.

ઝવેરી મંગળદાસનું રસવાહી, એકધારૂં આ સર્જન જરૂર આપને સમ્રાટ સંપ્રતિ તેમજ અન્ય પ્રકાશનો જેટલું જ વેધક અને મહત્ત્વતાભર્યું સંશોધન પૂરું પાડશે.

આજે જ આ ગ્રંથ

પ્રા. સા. સં. કાર્યાલય થાણા
મેઘરાજ જૈન પુસ્તક ભંડાર. પાયધુની-મુંબઇ
અમદાવાદમાં શા. નાગરદાસ પ્રાગજી તેમજ
પંડિત ભુરાલાલ
ભાવનગરમાં શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા
પાસેથી મેળવો.

મૂલ્ય રૂા. સવા પાંચ, પોસ્ટેજ જુદું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ટેલીફોન નં. ૨૭૫૨૩

સર્વોત્તમ ઉત્તમ મગજ તથા સંધીવા વગેરે માટે અકસીર ઇલાજ

અત્યંત ઠંડક આપનાર

# તપસી આરામ બામ વાપરો

## તથા

દેવમંદિરોમાં પૂજામાં વપરાતી હરેક જાતની સર્વોત્તમ સગવડ

પવિત્ર વસ્તુઓ કયાંથી ખરીદ કરશો !

**નોંધી લ્યો કે:— જુના અને જાણીતા જૈન વ્યાપારી**

# શા. શાંતીલાલ ઓધવજીની કું.

૩૧૭, જુમા મસ્જીદ, મુંબઇ નં. ૨.

| | | | | |
|---|---|---|---|---|
| કેસર | કસ્તુરી | અંબર | બરસ કપુર | ધુપ |

| | | |
|---|---|---|
| ગૌચંદન | અખુટ શક્તિ આપનાર કસ્તુરી અંબર મીશ્રીત | સોના ચાંદીના |
| શીલાજીત | શાન્તી ટોનીક પીલ્સ | વરખ |
| ખાપરીયું | | બાદલુ કટોરી |
| મોટી હરડે | દમ, ખાંસી, નબળાઈ, હિસ્ટીરિયા વગેરે દરદો ઉપર રામબાણ ઇલાજ. | અગરબત્તી |
| અગર | તપસ્વીઓને તથા મગજની ઠંડક માટે વાપરો- | સુખડ |
| અત્તર | તપસી આરામ | વાસક્ષેપ |
| સુખડનું તેલ | બામ | વગેરે જાતનું કરીયાણું મળશે. |



# પ્રજાની પ્રાર્થના-

લાખોના પૂજ્ય-જગવિખ્યાત-
યોગીક પ્રેડીકટર એન્ડ પ્રેકટીશનર

જૈન યોગીશ્રીજી-એમ. એમ. મુનિમહારાજ 'અધ્યાત્મીક વિદ્યાબળથી'-ભવિષ્યવેત્તાઓમાં અજોડ છે. જીંદગીના અહેવાલ-ભાગ્યોદયની આગાહીઓ અને અગમચેતી ભવિષ્ય-તદ્દન સાચા-સચોટ અને આદર્શ છે, પુરૂષ સ્ત્રીઓના દેહ રોગો માટે-પ્રખર વિજ્ઞાની છે. સેંકડોના જુના-જીવલેણ-હઠીલા રોગો અજબ રીતે નાબુદ કર્યા છે. કલ્પતરૂ જૈન મંત્ર વીદ્યાઓના-મહાન નિષ્ણાત-ચમત્કારી પુરા સાધનાસિધ્ધ છે. રાજદરબાર, વેપાર, લગ્ન, નોકરી આદી અનેક મુંઝવણોના દુઃખો ટાળવામાં અદભુત છે. સેંકડોના વાંઝીયાપણા ટાળ્યા, થઈ મરી જતાં બાળકો જીવાડ્યાં, નડતર ભુતપ્રેત અને હીસ્ટીરીયા વીજળીવેગે ભગાડયા છે. અબોલા પતી પત્નીઓમાં સુમેળ કર્યા, પસંદી પ્રેમી અને અને પ્રેમીણીઓને સૌભાગી કર્યા. અનેક વીદ્યાર્થી તથા વીદ્યાર્થીઓને ફેલ થતા પરીક્ષામાં પાસ કર્યાં છે. અનેકોથી નીરાશ થયેલાની ઇચ્છાસિદ્ધિ કરનાર સમર્થ છે. અનેકોની ફના થતી આબરૂ રાખનાર છે. સેંકડોને આપઘાતથી ઉગારનાર છે. શ્રધ્ધાવાન ભકતોને સુખી અને સંપત્તિવાન કરનાર વિશ્વપ્રેમી છે. વિશ્વની મહાનવિભુતી છે. આ અનુભવ ઉપકારોની પ્રાર્થના સરવે વંદીને ચરણે ધરીએ છીએ. પૂજ્ય યોગીશ્રીજીનો મુલાકાત ટાઈમ ૧ થી ૬ છે. મુલાકાત કે લખાણ ખાનગી રહે છે. જવાબ માટે પોષ્ટ ટીકીટ બીડો. રીઝર્વ્ડ મળવા ટાઈમ માગો કે લખોઃ-
યોગમંદીર, ઠે૦ વડાલા પોષ્ટ ઓફીસના બીજે માળે, બ્લોક નં. ૯, મુંબઇ નં. ૧૪
નોંધઃ-દાદર ટ્રામ તબેલાથી ત્રણ મીનીટના રસ્તે, કાત્રક રોડ, વડાલા પોષ્ટ મારકીટ જોડે. (સ્ટેશનો દાદર અને વડાલા રોડ તદ્દન નજીક છે) જીવન આબાદીનો લાભ લેવા આવો યોગ દુર્લભ જડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com